શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ–૨

સંસ્કાર ગ્રંથાવલિ

પુસ્તક સડસઠમું

# દીવડી

રમણલાલ વ. દેસાઈ

આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

* સંપુટ–૧

## નવલકથાઓ

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાજોગણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

* સંપુટ–૨

## નવલિકાસંગ્રહો

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

* સંપુટ–૩

## કાવ્યસંગ્રહો

નિહારિકા ★ શમણાં

## નાટ્યસંગ્રહો

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ અંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બૈજુ બહાવરો ★ વિદેહી ★ સંયુક્તા

* સંપુટ–૪

## પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧–૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ અભિનંદન–ગ્રંથ ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવ-સૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

## ચિંતનમાળા

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી – પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા – સાહિત્ય – સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંગત – હું લેખક કેમ થયો?

મારા પરમ મિત્ર

ડૉક્ટર શ્રી ઈન્દુલાલ સેવકલાલ દવેને

રમણલાલ વ. દેસાઈ

DESAI, Ramanlal V.
DIVDI, Short Stories
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891·473

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ–મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૪૯–૫૦

**પ્રકાશક**

ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ * અમદાવાદ ૩૮૦ ૦૦૧

**મુદ્રક**

પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪૨૫૦

# પ્રસ્તાવના

ચાર પ્રસિદ્ધ થઈ ચૂકેલા નવલિકાસંગ્રહોમાં ‘દીવડી’ નામનો મારો પાંચમો નવલિકાસંગ્રહ બહાર પડે છે.

નોકરીમાંથી નિવૃત્ત થયા પછી વાંચવા-લખવામાં પસાર થતો મારો સમય મારી પાસે વધારે પ્રમાણમાં લખાવે છે એ માટે મારે સહુની ક્ષમા માગવાની રહી.

વાચકોને એ નવલિકાઓ વાંચવી ગમે તો સારું.

કૈલાસ, મદનઝાંપા રોડ, **રમણલાલ વ. દેસાઈ**
વડોદરા

# દીવડી

રમણલાલ વ. દેસાઈ

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| દીવડી | ૧ | ડુંગરિયે દવ | ૧૨૭ |
| સત્ય અને કલ્પના | ૧૬ | સ્ત્રીની કિંમત કેટલી? | ૧૪૩ |
| પાઘડી વગરનું ઘર | ૨૯ | મંદિરનું રક્ષણ | ૧૫૭ |
| આદર્શ ઘર્ષણ | ૪૪ | અણધાર્યો હરીફ | ૧૬૮ |
| માંદગી કે પાપ? | ૫૨ | સુવર્ણાક્ષર | ૧૮૦ |
| પ્રેમની ચિતા | ૬૦ | સનાતન દર્દી | ૧૯૦ |
| મારું અપરાધનિવેદન | ૬૭ | બાજી પટેલ | ૨૦૬ |
| વરાળની દુનિયા | ૭૭ | ચોરી—શાની? | ૨૧૮ |
| લોહીની ખંડણી | ૯૨ | પાપનું મૂળ | ૨૨૮ |
| વિચિત્ર વેચાણ | ૧૦૬ | હું ફરી કેમ ન પરણ્યો? | ૨૪૦ |
| જાતશત્રુ | ૧૧૭ | | |



મુદ્રણો

પુનર્મુદ્રણ : જૂન ૧૯૭૭

પુનર્મુદ્રણ : ઑગસ્ટ ૧૯૮૬

ત્રીજું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ : મે ૧૯૯૨

પ્રત : ૧૬૫૦

# દીવડી

## ૧

પૈસાદાર કુટુંબનાં સંતાનોની તબિયત બગડે તો તેમને માટે વૈદ્ય, ડૉકટર, દવા અને હવાની પૂર્ણ સગવડ થઈ શકે છે. રસિક એક ધનિક કુટુંબનો નબીરો હતો. 'નબીરો' શબ્દે ગુજરાતી ભાષામાં માનવંતપણું ધારણ કરવા માંડ્યું છે. ગરીબ, શુદ્ર કુટુંબનો પુત્ર 'નબીરો' મનાતો નથી—કહેવાતો નથી. એ ધનિક કુટુંબના નબીરાએ ભાવિ માટે ભવ્ય આશાઓ ઉપજાવી હતી. એ ચબરાક હતો; સારું ભણતો અને બુદ્ધિચાપલ્ય પણ એવું દાખવતો કે વડીલોની મિલકત એ બમણી તો બનાવશે જ એવી પિતાને ખાતરી પણ થઈ ચૂકી હતી.

હવે, કદી કદી, ધનિક પુત્રો સારું ભણે છે; એટલું જ નહિ તેમને કલા તથા સાહિત્યનો પણ શોખ વળગતો જાય છે. ભણતાં ભણતાં, આગળ વધતાં રસિકના હૃદયમાં સાહિત્ય તથા કલાનો શોખ જાગૃત થયો. સાહિત્ય અને કલાનો શોખ એટલે સૌંદર્યનો શોખ. અને પુરુષ-દૃષ્ટિને તો આદ્યિયુગથી સ્ત્રીમાં સકલ સૌંદર્ય સંક્રાન્ત થતું લાગે છે! રસિકે પ્રેમની કવિતા અને વિયોગની વાર્તાઓ પણ લખવા માંડી.

તથા કૉલેજમાં આવતાં બરાબર તેની કવિતા અને વાર્તા માસિકોમાં પ્રસિદ્ધ પણ થવા માંડી. ધનિક પુત્રને લેખનનો નાદ બહુ લાગતો નથી; પરંતુ એ નાદ જ્યારે લાગે છે ત્યારે તેને લેખપ્રસિદ્ધિ પણ ઝડપથી મળી રહે છે, છબી સાથે રસિકની કવિતા કે વાર્તા કોઈ માસિકમાં પ્રગટ થતી ત્યારે રસિકને તો ઘણો આનંદ થાય જ; સાથે સાથે આખા કુટુંબને આનંદ થતો, અને કુટુંબીજનો એમ જ માનતાં કે રસિક એ ધનિક કુટુંબનો કોહિનૂર છે.'

માત્ર આ કોહિનૂરનો એક જ પહેલ જરા ઝાંખો હતો. રસિકની તંદુરસ્તી જોઈએ એટલી સારી રહેતી નહિ. ક્રિકેટ, ટેનિસ અને અખાડાની પૂરી સગવડ મળી શકે એટલાં સાધનો કુટુંબ પાસે હતાં. અને કદી કદી રસિક તેનો ઉપયોગ કરતો પણ ખરો. પરંતુ એ ઉપયોગ ઘણું ખરું છબી પડાવવા પૂરતો જ થતો. શારીરિક મહેનતની રસિકને બિલકુલ જરૂર રહેતી નહિ, અનેજરૂર ન હોવાથી તે મહેનતને જતી કરવા જેટલો સમજદાર પણ હતો. વળી તેની તબિયત બહુ મહેનત સહન કરે એવી નથી એવો નિશ્ચય કુટુંબમાં દૃઢ થઈ ગયો. શારીરિક મહેનત ઘણે ભાગે દવાની ગરજ સારે છે. એ સત્ય સુખી કુટુંબોમાં વીસરાઈ જાય છે. અને મહેનતનું સ્થાન દવાની શીશીઓ અને આરામને મળે છે. રસિકને વધારામાં વાચન-લેખન પણ મળતું. જેને વાચન અને લેખનનો શોખ લાગે એ બીજાં સર્વ કાર્યોમાંથી રસ ગુમાવવાનો હક્ક ધરાવે છે. રસિક વાંચતો અને લખતો ન હોય ત્યારે એ તબિયતની—નાદુરસ્તીની ભ્રમણામાં રહેતો.

મોટે ભાગે કવિઓ અને સાહિત્યકારો તંદુરસ્તીમાં બહુ માનતા હોય એમ લાગતું નથી. કલ્પનાસૃષ્ટિ રચવી અને તેને શબ્દોમાં, રંગમાં, રાગમાં કે જીવનમાં ઉતારવી એ થકવી નાખનારી મહેનત ગણાય. રસિકની તો કલ્પના પણ થકવી નાખે એવી હતી. ગરીબ કલાકાર કરતાં ધનિક કલાકારનું ઉડ્ડયન બહુ ઊંચું! ગરીબકલા-

કારને તો જડ સૃષ્ટિ ક્ષણે ક્ષણે વાગ્યા કરવાની; જ્યારે ધનિક કલાકાર કલ્પનામાં બઢે ત્યારે જડ સૃષ્ટિ પણ મીણ જેવી સુકોમળ બની કલ્પનાને ઊંચે અને ઊંચે ઊડવા દે !

ધનિક યુવકો બનતાં સુધી પ્રેમની ખટપટમાં બહુ પડતા નથી. સરળતાપૂર્વક જ્યાં લગ્ન થાય ત્યાં થવા દેવું અને પછી પ્રેમને તોળવા જેટલો પૈસો ખર્ચી પ્રેમ મળે ત્યાંથી, મળે એટલો મેળવી લેવો એવું તેમનું વ્યવહારકૌશલ્ય કે ફિલસૂફી તેમને અનેક સરળતાઓ કરી આપે છે. તેઓ પ્રેમને રણશિંગાં ફૂંકવા જેવું મહત્ત્વ ઓઢાડતા નથી. પરંતુ રસિક તો કલાપ્રિય-સાહિત્યપ્રિય યુવાન હતો. ધનવાન હોવા છતાં ! કલાકારો, કવિઓ અને સાહિત્યકારો સરળતાપૂર્વક પોતાનાં લગ્ન ન જ થવા દે; એ તેમની વિશિષ્ટતા રસિકે સાચવી રાખી અને બેત્રણ કિશોરીઓનાં આવેલાં માગાં તેણે મુલતવી રાખ્યાં. એની કલ્પનાએ ઊભી કરેલી યુવતી સાથે તેને લગ્ન કરવું હતું, અને એ ત્રણે કિશોરીઓ તેના કલ્પનાબીબામાં બેસતી આવી ન હતી.

આવા ધનિક અને કલાપ્રિય યુવકને હવાફેરની વારંવાર જરૂર પડે એ સ્વાભાવિક કહેવાય. આબુ ન ફાવે તો માથેરાન, અને માથેરાન ન ફાવે ત્યારે મસૂરી જવાની સલાહ ડૉક્ટરો આપી શકતા. દરિયાની હવા ઠંડી પડે તો ડુંગરની હવા અજમાવી શકાતી; અને ડુંગરનાં પાણી ભારે પડતાં ત્યારે તેને માટે સપાટ મેદાનની જગા જોઈએ એટલી મળી આવતી.

કૉલેજના છેલ્લા વર્ષમાં તે આવ્યો ત્યારે તેણે બે સુંદર નવલકથાઓ અને એક કવિતાસંગ્રહ પ્રસિદ્ધ કરી પ્રશંસા પ્રાપ્ત કરી હતી; પરંતુ ડૉક્ટરોએ એકાએક તેને માટે અભિપ્રાય આપ્યો કે તેનું લેખન અને ભણતર એકદમ એક વર્ષ માટે બંધ કરી દેવું ! એટલું જ નહિ; લેખન–વાચન અને અભ્યાસના વાતાવરણથી દૂર જઈ કોઈ શાંત, સારી હવાવાળા, મજબૂત પાણીવાળા ગામડામાં જઈને રસિકે રહેવું. તેમ નહિ થાય તો રસિકના જીવને જોખમ

છે એમ પણ ડૉક્ટરોએ સ્પષ્ટ કહી દીધું. અતિ ઊર્મિલ, અતિ કવિત્વમય, અતિ રસપ્રિય યુવકોને વ્યાધિ ઝડપથી પકડી લે છે. સાચાખોટા પ્રેમનિસાસા નાખતા યુવક યુવતીનાં ફેફસાં જોતજોતામાં ખવાઈ જાય છે. પ્રેમ–પ્રેમ, રસ–રસ, સાહિત્ય–સાહિત્ય, કરતા યુવક રસિકને માટે પણ સહુએ ફેફસાંની સંભાળ ઉપર ભાર મૂક્યો. શરીર અને હૃદય કેટલાં નિકટનાં હશે ?

૨

માંદો રસિક ઉત્તર ગુજરાતના એક ગામડાંમાં રહેવા ગયો. એ ગામડાંમાં તેના પિતાએ એક સુંદર શિવાલય અને એક સગવડ-વાળી ધર્મશાળા વર્ષો પૂર્વે બંધાવી હતી; પરંતુ હજી સુધી તેમને કે તેમના કોઈ કુટુંબીને એ ધર્મશાળામાં રહેવાનો કદી પ્રસંગ આવ્યો નહોતો. વર્ષો વીત્યે એ પ્રસંગ રસિકને આવ્યો. મહેનત ઓછામાં ઓછી કરવાની હતી; સગવડ સર્વ તરેહની થઈ શકી હતી. કારણ કે રસિકની સાથે એક નોકર અને રસોઇઓ રાખવામાં આવ્યા હતા. એક નાનકડું પુસ્તકાલય પણ તેની સાથે મોકલવામાં આવ્યું હતું અને નાનકડા ગામડામાં પણ રાજમહેલનો એક ટુકડો ઉતાર્યો હોય એમ ધર્મશાળા બદલાઈ ગઈ હતી. રસિકને ડૉક્ટરોએ તો પગે ચાલીને ફરવા જવાની સલાહ આપી હતી, છતાં અડચણ ટાળવા માટે શહેરમાંથી ખેંચીને એક ઊંચી જાતની મોટરકાર પણ લઈ જઈ ધર્મશાળામાં રાખવામાં આવી હતી. સવાર-સાંજ ખેત-રોમાં ફરવું, અતિમહેનત ન કરવી, મનની ઉગ્રતા ન વધે એટલું જ વાંચવું, ઘી-દૂધ-માખણનો ખોરાક વધારે રાખવો, મન ઉપર કશું ભારણ ન પડવા દેવું, ગામડિયા લોકો સાથે હળવું–મળવું અને પોતાની વિદ્વત્તા અને પોતાનાં ધનથી તેમને મેળવી લેવા, એવી એવી સૂચનાઓ અને કલ્પનાઓ સાથે રસિકે તબિયત સુધારવા ગામડાંની ધર્મશાળામાં રહેવા માંડ્યું.

ગામડાંમાં એને ગમ્યું ખરું. નવીન ગામનું વાતાવરણ શરૂઆતમાં તો સહુને ગમે. તેમાં યે શિવાલય અને ધર્મશાળા ગામને છેવાડે આવેલાં હોવાથી ગામની ગંદકીનો પણ સ્પર્શ તેને થાય તેવો સંભવ ન હતો. પાસે એક નાનકડી નદી વહેતી હતી, જેમાં રેતીનો પટ વધારે અને પાણી વધારેમાં વધારે ઘૂંટણસમાં જ રહેતાં. ફરતાં ફરતાં તેને આશ્ચર્યસહ એ પણ સમજાયું કે શહેરમાં ન દેખાતાં પક્ષીઓ પણ ગામડામાં દેખાય છે અને પશુઓ પણ. સંધ્યાકાળે ચમકતી આંખવાળી શિયાળ, દોડતા દીવા સરખું સસલું કે કોઈ ઝાડને ખૂણે ભરાયેલી શસ્ત્રસજ્જ શાહુડીને જોઈ રસિકને બહુ આનંદ થતો. ઉંદરના વિકરાળ સ્વરૂપ સરખો કોળ બિલાડી અને કૂતરાની સામે થઈ શકે છે તે તેણે જાણ્યું ત્યારે તેને ઉંદરના વીરત્વ ઉપર કવિતા લખવાનું મન થયું, અને ધર્મશાળાની બારીએ એક અંધારી રાત્રે વણિયરની આંખો ચમકતી જોઈત્યારે જાનવરોના જાસૂસી ઉપયોગ સંબંધી એક ભેદી નવલકથા લખવાનું મન તેને થઈ આવ્યું. પરંતુ કવિતા-વાર્તા લખવાની તેને સખ્ત મનાઈ હતી એટલે સાહિત્ય પ્રેરતા સંસ્કારો અને ઊર્મિઓ તે માત્ર ભવિષ્યને માટે સંગ્રહી રાખતો.

ગામડાંનું સૃષ્ટિસૌંદર્ય તો તેને ખૂબ ગમ્યું. માનવસૌંદર્ય તેને ગમ્યું ખરું; પરંતુ થોડા દિવસ સુધી તેને એમ લાગ્યું કે ગામડાંનું સૌંદર્ય શહેરની આંખને ગમે એવું વિકસે તે પહેલાં વધારે પહેલ પાડવાને પાત્ર છે. કપડાં, વાણી અને કેળવણી એ ત્રણ શહેરને શોભાવતાં લક્ષણો ગામડામાં તેને જરા ઘટતાં લાગ્યાં. એ કેમ વધારાય? રસિક એમાં શો હિસ્સો આપી શકે?

એક પ્રભાતે તે ફરવા નીકળતો હતો, અને ધર્મશાળાના આંગણામાં જ માથે દૂધની તાંબડી લઈ એક કિશોરી ગોવાલણીને આવતી તેણે જોઈ. રસિકની સૌંદર્યભાવના એકાએક ચમકી ગઈ અને તેની આંખ તે સૌંદર્ય ટુકડા ઉપર જ ચોંટી ગઈ. કિશોરી જરા શરમાઈ,

સહજ રસિકની સામે જોઈ રહી અને મુખ હસતું કરી બોલી :

'ભાઈ ! કેમ છે હવે ?'

'સારું છે...પણ તું કોણ ?' રસિકથી પુછાઈ ગયું. હજી તેની આંખ ગોવાલણી ઉપરથી ખસી ન હતી.

'હું ? હું તો આપના રબારીની દીકરી. દૂધ-માખણ રોજ હું જ લાવું છું.' કહી તે ધર્મશાળાની અંદર ચાલી ગઈ અને રસિક બહાર નીકળી પગપાળો આગળ વધ્યો. તેના પગ આગળ ચાલતા હતા; પરંતુ તેની આંખ સામે પેલી રબારણ કન્યા જ રમી રહી હતી.

શું એ કન્યા હતી ! કિશોરી હતી ? નહિ, નહિ; પૂર્ણયૌવનભર દેહને કન્યાનો કે કિશોરીનો દેહ કહીને આંખને છેતરી શકાય એમ હતું જ નહિ. શહેરમાં તેણે ઘણી ઘણી યુવતીઓ જોઈહતી. તેનીસાથે ભણતી, તેની આગળ ભણી ચૂકેલી અને તે સિવાયની પણ, પરંતુ આવું સર્વાંગ સૌંદર્ય એણે કોનામાં જોયું હશે એની સ્મૃતિ રસિક ઉથલાવતો ચાલ્યો. જયશ્રી, તિલોત્તમા, અનુરાધા, વિશાખા...એક નીચી વધારે, એક દૂબળી વધારે, એકનો ઠઠારો બહુ ભારે અને બીજીની તોછડાઈ ભારે ! એમાંની એકે આ રબારણ કન્યા જેવી સરળ અને સર્વાંગ સુંદર લાગી નહિ. ચમક સાથે તેને એ પણ વિચાર આવ્યો કે આ રબારણ કન્યા કોઈ પણ કાશ્મીરી, નામ્બુદ્રી કે યુરોપિયન બાઈ જેટલી જ ગોરી હતી ! ગામડાંમાં આટલું ગોરાપણું એણે કદી કલ્પ્યું ન હતું

પરંતુ વસ્ત્રકલા અને સુઘડ આભૂષણ-સજાવટ તો શહેરની જ ! નહિ ? રબારણ કન્યાના પગ ઉઘાડા હતા, શહેરની સુંદરીઓ આમ ઉઘાડા પગે ન ફરે; પરંતુ એ રબારણ કન્યાના ઉઘાડા પગની આંગળીઓ ગુલાબ-મોગરાની કળીઓ સરખી તેને કેમ લાગી ? એ આંગળીઓએ જે અસર કરી તે ચંપલ કે બૂટમાં ઢંકાયલી આંગળીઓ કરી શકે ખરી ?

નદીકિનારે આવતાં તો તેણે શહેર અને ગામડાંની વસ્ત્ર-

મીમાંસા પણ ઉકેલવા માંડી. શહેરી યુવતીઓનાં વસ્ત્ર સુઘડ અને છટાદાર ખરાં એમાં જરાં યે શક નહિ; પરંતુ એ છટાદાર વસ્ત્રોમાં ઢંકાયલા મુખ સામે જોવાનો પ્રસંગ આવતાં ઘણી વખત મુખછટા અને વસ્ત્રછટા વચ્ચેનો વિરોધ શું આગળ તરી આવતો ન હતો? અને ગામડિયાં વસ્ત્રો રબારણ યુવતીને જરા પણ કઢંગી બનાવતાં ન હતાં. રંગબેરંગી ઓઢણી, ઘેર પડતો ચણિયો અને ચમક ચમક થતી ચોળી...રસિકે સ્ત્રી-વસ્ત્રાભૂષણની યાદદાસ્ત તાજી કરવાને બદલે વિચારને જબરદસ્ત મરોડ આપ્યો અને નદીના વાંક—વળાંક તરફ ધ્યાન દેવા માંડ્યું. રૂપસ્મૃતિ એ સતત ઇષ્ટચિંતન બની રહેતી નથી અને તેમાં ય ખાસ કરીને તબિયત નાદુરસ્ત હોય ત્યારે તો નહિ જ. સૂર્ય તપવા માંડ્યો અને રસિક ફરી લઈ પાછો ધર્મશાળામાં આવ્યો. સૂર્ય સામે તેણે સહજ નજર કરી. એની આંખે તેજનાં ઝાંઝવાં વળ્યાં. રબારણની ઓઢણી તથા ચણિયામાં ભરેલાં આભલાંનો ખ્યાલ તેને કેમ આવ્યો? આભલાંમાંથી તેને રબારણ પાછી કેમ સાંભરી? તેણે માખણ અને દવા મંગાવ્યાં. માખણ પણ એ જ છોકરી આપી જતી હતી, નહિ? માખણનો અને છોકરીનો રંગ પણ એક જ...અને બંનેનો દેખાવ પણ સરખો તંદુરસ્ત! માખણનો પિંડ કેવો પુષ્ટ લાગતો હતો! અને રસિક પોતે? તેણે ઊઠીને આયનામાં જોયું અને પોતાના પ્રત્યે એક પ્રકારનો તિરસ્કાર અનુભવ્યો. રંગ, રૂપ અને પુષ્ટિમાં રબારણથી રસિક ઘણી નીચી કક્ષાએ આવતો હતો.

૩

બેપાંચ દિવસમાં તો રસિકની અને દૂધ-માખણ આપવા આવતી રબારણ કિશોરીની વચ્ચે એક પ્રકારની મૈત્રી બંધાઈ. છોકરીનું નામ દીવડી હતું અને દૂધ, માખણ અને દવાનો પ્રયોગ રસિક હવે દીવડીની હાજરીમાં જ કરવા લાગ્યો. દીવડી તાજું દૂધ

અને તાજું માખણ લાવે નહિ ત્યાં સુધી રસિક ફરવા ન જાય. રસિકે એક દિવસ દીવડીને ચા પીવાનો આગ્રહ કર્યો. શરમાતાં શરમાતાં પણ દીવડીને એ આગ્રહ માન્ય કરવો પડ્યો; પરંતુ અર્ધ કાળા, ઓછા દૂધવાળા, તુરાશની છાંટવાળા ગરમ ગરમ પીણામાં તેને કંઈ સ્વાદ લાગ્યો નહિ અને સામી તેણે સલાહ આપી :

'ભાઈ! આ કડૂચો ઉકાળો છોડી તાજું દૂધ વધારે પીઓ ને?'

'તું શહેરી નથી એટલે તને ચાનો સ્વાદ સમજાતો નથી. તું એક વાર શહેરમાં આવે તો ચા જિંદગીભર ગળે વળગે.' રસિકે હસતાં હસતાં કહ્યું.

'એવા શહેરમાં આવીને કરવું યે શું? હેં, ભાઈ! તમારા શહેરમાં શું હશે?'

પ્રથમ તો આ પ્રશ્ન સાંભળી રસિક ખૂબ જ હસ્યો. 'હજી હિંદમાં એક મોટી વસ્તી એવી છે કે જેણે હિંદનું એકે શહેર જોયું નથી!' હસતાં હસતાં રસિકે કહ્યું :

'તું શહેરમાં આવે તો પહેલવહેલી તો ચક્તિ જ થઈ જાય —ઘેલી ન થઈ જાય તો! આખા આ ગામનાં ઝૂંપડાં ભેગાં કરીએ, એમાં આપણું આ મંદિર અને ધર્મશાળા ઉમેરીએ, તો ય શહેરના એક મકાનની બરોબરીએ એ આવે નહિ, માળ ઉપર માળ અને તેની ઉપર માળ!'

'તે ભાઈ! માળ ઉપર ઢોરઢાંકને ચઢાવો શી રીતે? ઘરમાં ખડિયાટ બાંધતાં હશે?—'

'શહેરના ઘરમાં?'

રસિકને ફરી હસવું આવ્યું. આ છોકરીને શહેરનાં બાંધકામનો જરા યે ખ્યાલ હોય એમ દેખાયું નહિ. મુંબઈનાં મકાનોને ચોથે પાંચમે માળે ગાયો ભેંસો ચઢાવવાનો ખ્યાલ કોઈ પણ શહેરીને હાસ્ય પ્રેરે. હસતાં હસતાં તેણે કહ્યું :

'નહિ, નહિ. તમારાં ગામડાં માફક અમારાં શહેરોમાં માનવી અને ઢોર સાથે રહી શકે જ નહિ. એમને માટે જુદા વસવાટ અને શહેરથી ગાઉના ગાઉ દૂર.'

'એ તો બહુ ખોટું કહેવાય. ગાયભેંશનું દૂધ જોઈએ અને એમને રાખવાં ત્યારે ગાઉનાં ગાઉ દૂર! તમારા શહેરનાં માનવી બહુ સારાં નહિ!' દીવડીએ કહ્યું.

'શહેરનાં માનવી તો બહુ સારાં. મોટા મોટા રસ્તા! રસ્તામાં જરા યે ધૂળ નહિ. ચોખ્ખાં ચંદન જેવાં ઘર. ચકચકતી ગાડીઓ અને મારી મોટરકાર જેવી તો કંઈક મોટરગાડીઓ ત્યાં ફરે.'

'ભાઈ! આપણને તો ભાન વગરની એ ગાડીમાં બીક લાગે. જીવ વગરની એ ગાડી! એને આપણો જીવતો દેહ કેમ સોંપાય?'

'હું તને એક વખત મારી એ વગર જીવની ગાડીમાં ઊંચકીને શહેરમાં લઈ જવાનો છું; પછી તને સમજાશે કે શહેર એ શું છે!' રસિકે હસતાં હસતાં કહ્યું. શહેરની સુલક્ષણી યુવતીઓ સાથે વાત ન થઈ શકે એટલી છૂટથી વાત એક ગામડિયણ છોકરી સાથે રસિક કરતો હતો, અને તેમાં તેને નવાઈ પણ લાગી. જોકે દીવડીને મન એ એક માંદા, કાળજી અને સંભાળ લેવાપાત્ર, શહેરી યુવાનની અર્થહીન વાત જ હતી. સામે હસીને તેણે જવાબ આપ્યો:

'મને ઊંચકીને જાઓ એવા થાઓ તો ખરા! પછી વાત.' કહીને દીવડી તાંબડી ઉઠાવી માથે મૂકી લટકભેર ધર્મશાળામાંથી ચાલી ગઈ. રસિક દૂર દૂર સુધી દીવડીને જોતો રહ્યો. ખરેખર, આ શહેરી યુવાનથી આ મજબૂત ગામડાંની ગોરીને ઊંચકાય એમ હતું જ નહિ. યુવતીને ઊંચકી ન શકાય ત્યાં સુધી સાચોસાચ તેને જીતી ન જ શકાય. એક લહેરી, ભણેલો, સાહિત્યવિલાસી યુવક ગ્રામ સુંદરીના સૌંદર્યને ઊંચકવામાં અશક્ત-પરાજિત નીવડતો હતો. દીવડી આગળ ને આગળ ચાલી જતી હતી. સાચું જીવતું સૌંદર્ય આગળ ને આગળ વહ્યે જતું હતું. રસિકને કવિતા સ્ફુરી; પરંતુ

કવિતા લખ્યે સૌંદર્ય કે યૌવન મળે એમ તેને લાગ્યું નહિ. છતાં તેણે ફરી આવીને એક કવિતા તો લખી જ. સાથે સાથે તેને એક સુંદર કલ્પના પણ આવી. રસિકના પોતાના જ સંસ્કાર, બુદ્ધિ, ઝમક શું આ ગ્રામ્યસૌંદર્યને ન જીતી શકે? એકલું જંગલી શરીરબળ એ જ વિજયની ચાવી ન હોઈ શકે?

બીજે દિવસે દીવડી આવી તે વખતે રસિક પોતાની આસપાસ મોટા ગ્રંથોના ઢગલા કરી બેઠો હતો. તેણે દીવડીને પૂછ્યું :

'દીવડી! તને વાંચતાં લખતાં આવડે કે?'

'ના રે, ભાઈ! ભણવાનું કામ પડે તો કોઈ મોટા ગામમાંથી બામણને બોલાવી લાવીએ. તમે તો બહુ ભણ્યા લાગો છો, ભાઈ?'

'હા દીવડી! હું તો બ્રાહ્મણનું ભણતર ભણ્યો છું અને ગોરા સાહેબનું ભણતર પણ ભણ્યો છું.'

'ભાઈ! ભણીને કરશો શું? આ બધાં ચોપડાં...લોકો વાત કરે છે કે તમે આખો દહાડો અને રાત વાંચ્યા કરો છો...તમારે કામ શું કરવાનું?'

'વાંચનારની, લખનારની બુદ્ધિ બહુ વધે અને અભણ કરતાં દુનિયામાં એ બહુ આગળ વધે.'

'ક્યાં આગળ વધે? ભણી ભણીને તમે આવ્યા તો અમારે ગામડે ને?'

'જો, દીવડી! મેં નિશ્ચય કર્યો છે કે ગામડેથી તંદુરસ્તી મેળવી હું પાછો જાઉં એટલે સૌથી પહેલાં તને ઊંચકી મારી મોટરકારમાં બેસાડવી, પછી તને શહેરમાં લઈ જવી, મારે ત્યાં રાખવી અને મારા જેટલું જ તને ભણાવવી.'

'ઓય બાપ! તમે...ભાઈ, ખરા છો! શહેરનાં માનવી સારાં દેખાતાં નથી. પછી મારાં ઢોરઢાંકનું શું થાય? મારાં માબાપ, ભાઈભાંડું એ બધાંનું શું થાય? અને...?' કહી જરા ઓઢણી માથા ઉપર આગળ ઓઢી દીવડી સહેજ હસી.

'કેમ અટકી ગઈ? તારા બાપને અમે બધાં ઓળખીએ છીએ. હું એને કહીશ તો જરૂર એ તને મારી સાથે મોકલશે, અને તું ભણી રહીશ ત્યાર પછી આ બધાં ગામડિયાં તારે પગે પડે એવાં થઈ જશે.'

'ના રેભાઈ! એવું અભણને પગે પડાવતું ભણતર શા કામનું? આવજો.' કહી દૂધ-માખણ આપી દીવડી ચાલતી થઈ.

રસિકે નિત્ય નિયમ પ્રમાણે જતી દીવડીના દેહસૌંદર્ય તરફ અનિમેષ નિહાળ્યા કર્યું. દીવડી ગામડિયણ હતી; અભણ હતી; તુચ્છ ગણાતી કોમની કન્યા હતી; અને છતાં એનું દેહસૌંદર્ય કોઈ પણ ભણેલી યુવતી કરતાં; કોઈ પણ નગરનિવાસી યુવતી કરતાં વધારે આકર્ષક કેમ હતું? દીવડીની લંબગોળ ગોરી ચિબુક ઉપરનું ભુરાશ પડતું છૂંદણું...! ગાલના તલ ઉપર સમરકંદ બુખારા જેવા આબાદ શહેરો ન્યોછાવર કરવાની ભાવના કવિને કેમ ઉત્પન્ન થઈ હશે તેનો રસિકને ખ્યાલ આવી ચૂક્યો. સૌંદર્ય તો દીવડીનું જ! મેળવવા-પાત્ર સૌંદર્ય પણ દીવડીનું જ! એને જ ભણાવી હોય તો? શહેરી સજાવટથી શણગારી હોય તો? નવી ઢબનું વાક્ચાતુર્ય તેને શીખવી દીધું હોય તો?...આખું શહેર એની પાછળ ઘેલું ન થાય શું? રસિકનું દેહસામર્થ્ય દીવડીને ઊંચકી શકે એવું ન હતું. રસિકનું બુદ્ધિચાપલ્ય કદાચ તેને સહાય કરે; પરંતુ તે શંકાસ્પદ! રસિકના પિતાનું ધન દીવડીને–દીવડીના સૌંદર્યને જીતી ન શકે શું? એ વિચાર આવતાં જ તેને કમકમી આવી. પૈસાને જોરે જિતાતું સૌંદર્ય? રસિકની કવિતાએ જુગુપ્સા અનુભવી. અન્ય ધનિક પુત્રો સરખો એ અસંસ્કારી ન હતો.

૪

હવા ખાતાં ખાતાં ચોમાસું આવ્યું અને પિતાએ શહેરમાં પાછા ફરવા તેને આમંત્રણ આપ્યું; પરંતુ દીવડીને સવાર-સાંજ જોવાની

પડેલી ટેવ રસિકને વ્યસનરૂપ બની ગઈ હતી; એટલે તેણે પિતાને લખી દીધું કે તબિયત સુધરતી જતી હોવાને કારણે તે આખું ચોમાસું ગામડામાં ગાળનાર છે. તબિયત સુધરતી જતી હતી એ વાત પણ સાચી. નદીકિનારે રસિક ફરવા જતો તે હવે નદીને સામે પાર જઈ આગળની વૃક્ષઘટાઓમાં પણ ફરતો થઈ ગયો. ફરતાં ફરતાં પણ તેને દીવડીના જ વિચારો આવ્યા કરતા હતા, અને કોઈક કોઈક વાર એવી વૃક્ષકુંજોમાં લાકડાં વીણવા આવેલી કે ઘાસભારો ઉઠાવી જતી દીવડી મળી જતી ત્યારે રસિકના આનંદનો પાર રહેતો નહિ. અને દીવડી પણ ત્યાં જ ભારો નાખી દઈ રસિક સાથે શહેરની જાદુઈ વાતોમાં આનંદપૂર્વક વગર સંકોચે રોકાતી. રસિકની વાત સાંભળી સાંભળીને દીવડીને પોતાને પણ કોઈક વાર મન થતું કે તે શહેરમાં જાય અને શહેરના જાદુ નિહાળી આંખને તૃપ્ત કરે!

એક સંધ્યાએ વર્ષાનાં વાદળાં ઘેરાઈ રહ્યાં હતાં. દૂર દૂર ચમકતી વીજળી હસતી રમતી પાસે આવી રસિકને ચમકાવવાનો પ્રયત્ન કરી રહી હતી. વૃક્ષઘટામાં રમતા મયૂરો મેઘાડંબરને જવાબ આપતા હતા અને પક્ષીઓ ઊડી ઊડીને વૃક્ષડાળીઓમાં સંતાઈ જતાં હતાં. સુસવાટા લેતા મરુતનું દળ આખું અને આખું ઊલટી પડતું હતું. અને મેઘ ક્ષણમાં તૂટી પડશે એવો પૂર્ણ ભાસ થઈ રહ્યો હતો. ત્યારે રસિક એ જ વૃક્ષકુંજોમાં ફરતો ફરતો દીવડીના સૌંદર્યનું પૃથક્કરણ કરતો હતો. અને ખરેખર, સામેથી તેણે દીવડીને જ આવતી જોઈ, આશ્ચર્ય ચક્તિનયને રસિક દીવડીને જોઈ રહ્યો.

'હજી અહીં છો,-ભાઈ? ભાગો ભાગો!' કહી દીવડીએ રસિકનો હાથ પકડી ખેંચ્યો. રસિક કવિતામાં ડૂબી ગયો. તેના પગ ચાલતા ન હતા. દીવડી સામે જોઈ રસિકે પૂછ્યું :

'દીવડી! તું ક્યાંથી? વીજળીમાંથી ઊતરી આવી શું?'

'અરે વીજળી પડશે તો હું અને તમે બન્ને બળીને ભસ્મ થઈ જઈશું. પગ ઉપાડો, નહીં તો મર્યાં સમજો નદીમાં ઘોડાપૂર

આવે છે.' દીવડીએ કહ્યું અને રસિકને વધારે બળથી ખેંચ્યો. ઘોડાપૂર એટલે શું એની રસિકને ખબર ન હતી. ઘોડાપૂરે રસિકને લગ્નોત્સવની યાદ આપી. વર્ષાના એકાન્તમાં રસિકની કવિતા ઘોડાપૂરમાં વહી રહી હતી અને તેનાથી એકાએક પુછાઈ ગયું :

'દીવડી ! તું મને પરણે ખરી ?' સંસ્કારી, સાત્ત્વિક સાહિત્યકારોથી પણ આવું આવું કદી પુછાઈ જાય છે.

'હવે, વાત છોડો. નદીમાંથી જીવતાં ઘેર પહોંચીએ ત્યાર પછી એ પૂછજો...થયું...પાણી ઊભરાયાં...તરતાં આવડે છે, ભાઈ ?' દીવડીએ નદીકિનારે રસિકને ઘસડી લાવી પૂછ્યું. ખરેખર નદીમાં પાણી આવી ગયાં હતાં અને પાછળ આવતા પાણીના ટેકરા નદીને દુસ્તર બનાવી દેતા હતા. રસિકે જવાબ આપ્યો :

'સ્વીમિંગ બાથમાં થોડું તર્યો છું. નદીમાં તો...ન તરાય.'

નદીને સામે પારથી એક બૂમ પડી.

'દીવડી ! દોડી ! આવ ! તરી આવ ! હજી તરાશે.'

'હું તો હમણાં તરી આવું; પણ આ ભાઈ એકલા શું કરશે ? એમને તરતાં આવડતું નથી. તું જરા એક ડૂબકી લઈ લે ને ? આ બાજુએથી.' દીવડીએ સ્ત્રીશોભન માધુર્યભર્યા ટહુકારથી બૂમ પાડી. માધુર્ય રસિકને લાગ્યું પણ મધુર ટહુકો એવો નિર્બળ ન હતો કે સામે પાર ન સંભળાય. બૂમ મારતાં જ સામે પારથી એક મજબૂત યુવકે દોડતાં, ભરાતાં, ઊભરાતાં, ઊછળતાં પાણીમાં કૂદકો માર્યો અને જોતજોતામાં તે સામે નીકળી આવ્યો. મહામુશ્કેલીએ કિનારે ચઢી એ યુવકે દીવડીને પૂછ્યું :

'ભાન નથી ? આ વરસાદ અને પૂરમાં એકલાં એકલાં ફરો છો તે ? ચાલ ઝંપલાવ, હું સાથમાં છું.'

વરસાદ તે વખતે તૂટી પડ્યો હતો. દીવડીએ કહ્યું :

'હું તો ઝંપલાવું; પણ આ ભાઈ કેમ આવશે ?'

'એમને હું લાવું; ઊંચો જીવ ન કરીશ. કૂદી પડ. હું પાસે

જ છું.'

કછોટો મારી દીવડી પાણીના વમળોમાં કૂદી પડી અને શું કરવું – વર્ષા અને દીવડીના સૌંદર્યની સરખામણી કરવી કે કેમ? – કાંચનજંઘા દીવડીની જાંઘ ઉપરથી નામ પડયું હશે કે કેમ?— એનો વિચાર કરતા રસિકને એક ભયંકર ધક્કો વાગ્યો. ભાન આવે કે જાય તે પહેલાં ભયંકર વમળોથી ભરપૂર વાંસજાળ પાણીમાં તે ઊંડો ઊતરી ગયો. મરણનો ભય અને ગૂંગળામણ તેણે ક્ષણ બે-ક્ષણ માટે અનુભવ્યાં; શ્વાસ લેતાં તેણે પાણીમાં ત્રણચાર હડસેલા ખાધા અને એકાએક જમીન ઉપરથી દીવડી તેને ખેંચી લેતી હોય તેવો તેને ભાસ થયો. તેની પાછળ જ તેને ધકેલી, તેને ખસેડી, તેને સલામત લાવેલો, દીવડી કરતાં વધારે ઊંચો અને મજબૂત યુવાન ચીકણી, ભીની જમીન ઉપર આવ્યો અને બોલ્યો :

'ચાલ, ભાઈ ભાઈ કરતી હતી તે. ભાઈ બચ્યા તો ખરા!'

રસિક વરસતે વરસાદે બન્નેની સાથે ધર્મશાળામાં ગયો. કપડાં બદલ્યાં. વરસાદ બંધ રહ્યો અને થોડે દિવસે શહેરમાં જવા જેવી પરિસ્થિતિ ઊભી થઈ એટલે ધર્મશાળા છોડી તે શહેરમાં પાછો ગયો.

શહેરમાં પાછા જઈને તેણે ભારે ખર્ચ કરી, ભારે આગ્રહ સાથે દીવડીને શહેરમાં બોલાવી મંગાવી.

પરંતુ તે એકલી દીવડીને નહિ: પરણેલી દીવડીને! અને તે તેના વર સાથે! એ જ યુવક દીવડીનો વર હતો કે જેણે રસિકને અત્યંત ભયાનક પૂરમાંથી જીવના જોખમે બચાવ્યો હતો. નદીમાંથી ઘેર પાછાં આવતાં દીવડીએ એકલો રસિક સાંભળે એમ રસિકને ક્યારનું યે કહ્યું હતું :

'હું કોને પરણીશ તે તમે જાણો છો?'

'કોને?' સહજ આશ્ચર્યચકિત રસિકે ત્યારે પૂછ્યું. જોખમ ખેડી આવેલા જીવને એ પ્રશ્ન ચમકાવનારો નીવડે ખરો.

'કહું કોને? આને...પણ કોઈને હમણાં કહેશો નહિ.' દીવડીએ

પેલા યુવક તરફ આંખ દોરી શરમાતાં શરમાતાં કહ્યું.

ત્યારથી રસિકે નિશ્ચય કર્યો હતો કે એ બન્ને પરણી જાય એટલે તત્કાલ એ બંનેને પોતાના શહેરમાં બોલાવી મહેમાન બનાવવાં.

રસિકને સૌંદર્ય જડ્યું કે નહિ એ કોણ જાણે! પણ તેણે પોતાનો નિશ્ચય પાર પાડ્યો અને દીવડી સાથે દીવડીના વરને પણ શહેરમાં બોલાવી મહેમાન બનાવ્યો.

પરંતુ એ બન્નેને શહેરમાં ઊભરાતાં માનવી, શહેરનાં ચમકતાં વાહનો અને હોટલ-સિનેમા ગમ્યાં લાગ્યાં નહિ. દીવડીને એની ગાયો અને ભેંશો, ઘાસના ભારા અને દૂધની તાંબડીઓ યાદ આવતાં દીવડીના વરને ખભે ડાંગ નાખી ધસમસતી નદીને કિનારે રખડતા યૌવનનું સ્વપ્ન વારંવાર આવ્યા કરતું હતું.

# સત્ય અને કલ્પના

૧

સત્ય અને કલ્પના પરસ્પરથી કેટલાં વેગળાં રહે?

સામાન્ય ખ્યાલ એવો છે કે સત્ય ઢાંકણ વગરનું, નવસ્ત્રું, નગ્ન હોય. સત્યની સાથે નગ્ન શબ્દ વાપરવાની ગુજરાતને ઠીકઠીક ટેવ પડી છે!

કલ્પના એટલે ઢાંકી, ઢબૂરી, રંગીન તથા કસબી વસ્ત્રો અને ઝાકઝમાળ અલંકારોથી રૂપાળી બનાવેલી આપણને ગમતી આપણી કોઈ વિચાર-ઢીંગલી. કદાચ એ ઢીંગલી નગ્ન હોય તો ય એ આપણે કલ્પેલી નગ્નતા. રંગરેખા આપણે પૂરેલાં. સત્ય અને કલ્પના બન્ને હાથ ન મિલાવે એવી આપણી આ માન્યતા. હાથ ન મિલાવે તો બંને એકરૂપ તો ક્યાંથી જ બની શકે?

Musical chair- ગીતબેઠકની રમત આપણે ત્યાં હવે જાણીતી બની ગઈ છે. મોટે ભાગે સ્ત્રીઓ જ એ રમત રમે છે! નહિ? જીવનમાં સત્ય અને કલ્પનાની એ બેઠકહરીફાઈ જાણે સતત ચાલતી હોય એમ લાગ્યા જ કરે છે! સંગીત ધીમું, ઉતાવળું, મધુર, કર્કશ વાગ્યા કરે છે. એક ખુરશીની આસપાસ સત્ય અને

કલ્પના દોડયાં કરે છે. ઘડીમાં સત્ય ખુરશી ઉપર બેસી જાય છે; ઘડીમાં કલ્પના.

૨

અચલ કવિ હતો – કહો કે સાહિત્યકાર હતો. કવિઓને હવે એકલી કવિતા લખ્યે પરવડતું નથી. સત્ય એ કે એનો દેહ હતો હાડમાંસનું જ માળખું. પરંતુ એ કવિતા લખતો, વાર્તા લખતો; લેખ લખતો; એટલે એના નામની આસપાસ, એના દેહની આસપાસ, એના મુખની આસપાસ વાચકજનતાએ કલ્પનાના અનેક રંગો રંગી, અચલ જાણે એક મેઘધનુષ્યની કણુકમાંથી બનાવેલો માનવી હોય એમ ધારી લેવા માંડયું, અને એમાંથી સોના નામની એક કિશોરી કે યુવતીએ તો એ રંગીન કવિ અચલને પોતાનું જીવન સમર્પી દીધું.

જીવનસમર્પણનો અર્થ પત્ની બનવું! નહિ? પત્ની બન્યા વગર સ્ત્રીથી જીવનસમર્પણ થાય જ નહિ એવી સૃજનજૂની માન્યતા હજી છેક જૂની બની ગઈ નથી. અચલને પણ એમાં કશી હરકત દેખાઈ નહિ. કવિની આંખને સ્ત્રી માત્ર સારી દેખાય છે, એટલે એ બિચારા કોઈ કોઈ વાર વગોવાય છે પણ ખરા; અને સ્ત્રી, આંખને દેખાય છે એવી જ સારી છે કે કેમ એની ખાતરી કરવા પોતાના પ્રત્યે આકર્ષાયલી કોઈ પણ સ્ત્રીને સંકેત–અવલંબનરૂપે વળગી તેનું પતિત્વ કવિઓ પણ સ્વીકારી લે છે.

આમ અચલ અને સોના પતિપત્ની બની ગયાં. બીજાઓ તો તેમને અભિનંદન આપે જ. શા માટે નહિ? જ્યારે જિંદગી જ જુગાર છે ત્યારે જિંદગીનાં મુખ્ય તત્ત્વો પણ જુગારનાં જ પગલાં હોય ને? તેમાંયે લગ્ન સરખો રોમાંચક જુગાર બીજો એકે ન જ હોય. લગ્નજીવનમાં સત્ય અને કલ્પના એકબીજાંની પાછળ ખૂબ ઝડપથી દોડે છે, વાદ્ય પણ ઊંચામાં ઊંચા સપ્તકે પહોંચી વાગે છે,

અને સત્ય તથા કલ્પના એકબીજાંની સાથે ઝઘડી ઊઠી, અંચઈનો આરોપ પરસ્પર મૂકી એકબીજાંને ખુરશી ઉપરથી ઉઠાડી મૂકવાની ખેંચાખેંચી પણ કરે છે. લગ્નમાં કાન ફાડે એવાં વાજાં વગાડવાનો વર્તમાન રિવાજ બહુ જ ઉચિત – સૂચક છે. લગ્નમાં બનતું ઘણું ઘણું જોવા-સાંભળવા લાયક ન પણ હોય.

લગ્ન પછી થોડા માસ તો દંપતીજીવનમાં સ્વર્ગ ઊતરી આવે છે. પછી એ સ્વર્ગ નિત્યનું બની જાય છે, એટલે ચાલુ સ્વર્ગના ફરનિચર–કાટમાળમાં સુધારોવધારો અને ફેરફાર જરૂરી બની જાય છે. એક દિવસ સોનાએ પૂછ્યું :

'અચલ! તું મારું નામ કેમ બદલતો નથી?' ઘણી પત્નીઓ લગ્ન પછી પતિ પાસે પોતાનું નામ બદલાવવા ઇચ્છે છે.

'શા માટે બદલું? આવું સરસ નામ છે ને? અચલે કહ્યું.

'શું સરસ? સોના તે કાંઈ નામ છે? જૂનું પુરાણું...'

'સોનેરી શરીર, સોનેરી સ્વચ્છતા, સોનેરી ચમક. નામ કોઈને પણ શોભતું હોય તો તેને જ શોભે છે. સોના...! બોલતાં જ હૈયું હલી જાય છે.' અચલે કહ્યું.

'મારા મનમાં કે તું કવિ કે લેખક છે એટલે મારું નવું નામ પાડીશ. અલકનંદા, બકુલાવલી, ઉન્મેષા, પદ્મજા... કે એવું કાંઈ...'

'નહિ, નહિ, નહિ. બે અક્ષરનું નામ હોય તે કોઈએ બદલવું જ નહિ. કાદંબરીના આખા વાક્ય જેવડું નામ હોય તો ય અંતે તેને બે અક્ષરી જ બનાવવું પડે. મારું જ નામ તું કેવું બગાડી મૂકે છે?...બે અક્ષરમાં લાવવા માટે?'

સોનાનું નામ સોના જ રહ્યું : પતિ કવિ અને લેખક હોવા છતાં!

દિવસો તો વહ્યા જ જાય! સમય સર્જાયો જ છે પસાર થવા માટે. એમાં બને ઘણું ઘણું; પણ આપણને બનાવોની ખબર જ ઓછી પડે. કવિતા લખવા છતાં કવિઓ પિતા પણ બની શકે છે એ ભૂલવા સરખું નથી.અચલ એક પુત્રીનો પિતા પણ બની ચૂક્યો,

અને પિતા તરીકેના ભાવને સુંદર શબ્દોમાં ઉતારતું એક કાવ્ય પણ તેણે લખી નાખ્યું, જેની ચારે પાસ પ્રશંસા થઈ. પ્રશંસાના પત્રો વાંચતાં વાંચતાં સોનાએ હસીને કહ્યું :

'અચલ! તેં છોકરીની તો કવિતા લખી. પણ...'

'પણ શું? તને ન ગમી, સોના?'

'મને બહુ ગમી. જાણે મારું જ મન તેં શબ્દમાં ઉતાર્યું. પણ...તેં મારા ઉપર એકે કવિતા ન લખી! એમ કેમ?'

'તારા ઉપર? કવિતા? મેં જે પ્રેમકવિતાઓ લખી છે, જે પ્રેમમૂર્તિઓ મેં સર્જી છે, એમાં કાંઈ ને કાંઈ તારી ઝાંખી તો ખરી જ.'

'મને સારું લગાડવા જૂઠું બોલવાની જરૂર નથી.'

'તો સાચી વાત કહું? તારે માટે, તને ઉદ્દેશીને મેં એકે કવિતા ન લખી એનું સાચું કારણ...'

'કહે, અટકે છે કેમ?'

'તું, તારું સૌંદર્ય અને તારા પ્રત્યેની મારી ઊર્મિ, શબ્દોથી—કવિતાથી પણ પર છે. તને જોઉં, તને યાદ કરું, એ જ તારી કવિતા.'

સોનાને અચલની દલીલ બહુ ગોઠી નહિ. પતિ પાસે કાવ્યરૂપી ખંડણી તેને જોઈતી હતી.

૩

કવિ કવિતા લખે, સાહિત્યકાર લેખો લખે. તેમના પ્રત્યે લોકોને એક પ્રકારનો સદ્‌ભાવ થાય એ બધું ઠીક છે. તેમની કૃતિઓની પ્રશંસા થાય તે કવિપત્નીને ગમે પણ ખરી. ભારતમાં કવિઓ અને સાહિત્યકારો પ્રતિષ્ઠા કદાચ પામે, પણ સંપત્તિ પામતા નથી એ જાણતી વાત છે. ધનપતિના બંગલા અને મોટરકાર, અમલદારની આસપાસ ઊડતા સત્તાના ફુવારા અને પ્રધાનોની આસપાસ ફરી વળતાં માનવટોળાંના જયપોકાર સાહિત્યકારનું નહિ, તોય તેની

પત્નીનું ધ્યાન જરૂર ખેંચે છે.

'અચલ! આજ ભાષણ કરવા પગે ચાલીને જવાનો હોઈશ, ખરું ને?' અચલને વ્યાખ્યાનો આપવા માટે ઘણાં આમંત્રણો મળતાં એવું એકાદ આમંત્રણ સોનાના ધ્યાનમાં આવતાં તે હસીને પૂછતી.

કોઈ કોઈ વાર અચલને તેડવા માટે મોટરકાર આવતી : પણ તે કોઈ શેઠિયાની મિલમાંની ગાંસડીઓ ભરી જવા માટેની, હૉર્ન વગરની. ચાર જગાએ વિશ્રામ પામતી મોટરકાર મોટે ભાગે હોય. કદાચ ગાડી આવે તો પગે ખોડવાળા ઘોડાથી દોરાતી, પૈડાંના અડધા રબરને લટકાવતી, ફાનસ વગરની હોય. ઘણું ખરું સાહિત્યકારો માટે પગે ચાલવું જ સલામતી ભરેલું હોય છે.

'રાહ જોઉં છું. કોઈ વાહન નહિ આવે તો પગે ચાલતો જઈશ.' અચલે જવાબ આપ્યો.

અચલની ટપાલ ઘણી ભારે હતી. વર્તમાનપત્રો. માસિકો, વાર્ષિકોના થોકડા તો આવી પડતા હોય જ; ઉપરાંત, લેખ લખવા માટેના આગ્રહભર્યા પત્રો પણ સારા પ્રમાણમાં આવતા. વળી, તેના સાહિત્યની ચર્ચા કરતા પત્રો પણ સારા પ્રમાણમાં આવતા. અચલના પાત્રનું સ્ખલન એ એના પોતાના જીવનનો પડઘો છે કે કેમ? અમુક સ્ત્રીપાત્રને તેના પ્રેમી સાથે ન પરણાવી હોત તો વધારે ન્યાય-સર થાત કે નહિ? તેના વિચારો પ્રગતિશીલ ગણાય કે નહિ? આવા આવા ચર્ચા માગતા પત્રો પણ તેના ઉપર આવતા. કોઈ પ્રાથમિક પ્રયત્ન કરતો લેખક સૂચના અને આશીર્વાદ પણ માગે. લગ્ન-ઉત્સુક વાચકો તેની પાસે મંગલાષ્ટકોની માગણીઓ કરતા, અને કેટલાક પત્રો લેખ નહિ તો પ્રેરણાત્મક સંદેશા પણ માગતા.

'આજની ટપાલ તો ઘણી જ ભારે છે, અચલ!' પત્રો વાંચવામાં મશગૂલ બનેલા અચલને સોના કહેતી.

'હા.' સોનાના કથનમાં રહેલા કટાક્ષને સમજી અચલ એકાક્ષરી ઉત્તર આપતો.

'પણ એમાં એકે ચેક નહિ હોય.'

'આ મહિને તો લગભગ સો રૂપિયાના ચેક આવી ગયા છે.'

'ઘણી ભારે રકમ મળી, ખરું ?'

'જે જીવનમાર્ગ લીધો એનાં સુખદુઃખ સ્વીકારવાં જ રહ્યાં ને ?'

'સુખ અને દુઃખ હોય તો સ્વીકારવા હરકત નહિ; પણ આ તો એકલું...'

'દુઃખ છે, એમ ને ? સોના ! મેં તને કેટલી ના કહી હતી કે તું મારી સાથે લગ્ન ન કરીશ ? કવિઓ અને લેખકોનાં જીવન મૃગજળ સરખાં હોય છે.'

'મૃગજળ તો આંખે દેખાય પણ ખરું !'

'સોના ! મંથન કરું છું. મજૂરી કરું છું. ઉજાગરા પણ કરું છું. આ સાહિત્યજીવનમાં સમૃદ્ધિ હોતી જ નથી. હવે ચીલો બદલવા માટે પણ તક નથી, સોના !'

'દુઃખ ન કરીશ. અચલ ! હું તો અમસ્તી જ કહું છું, હસવા માટે.' સોનાએ વાત ફેરવી. બોલ વાગે છે એમ એ જાણતી હતી. વધારે સુખ, ચમક અને સગવડ મળે એમ એ ઇચ્છતી હતી જરૂર. સાહિત્ય આપે તો માત્ર પ્રતિષ્ઠા : એનો અર્થ પૂરેપૂરો એ લગ્ન પહેલાં સમજી શકી ન હતી. હવે એણે અર્થ ઉકેલ્યો; પણ એ ગમ્યો નહિ, સાહિત્ય, ધન અને સત્તા ત્રણેનો ત્રિભેટ જેનામાં હોય એવો પુરુષ આદર્શ પતિ બની શકે એવી અસ્પષ્ટ કલ્પનાને એ સતત દબાવી રાખતી હતી.

૪

જીવંત માનવીનું વય કાળ જરૂર વધાર્યે જાય છે. સોના, અચલ અને એની પુત્રી મોટાં થયે જતાં હતાં હતાં. અચલની લખેલી કવિતાઓ અને વાર્તાઓ પણ વધતી જતી હતી, પરંતુ એમાંથી એવું ધન મળતું નહિ કે જે બંગલાની, મોટરકારની અને પહેલા

વર્ગની મુસાફરીની સગવડ આપી શકે. તુલના કરતાં સોનાના હૃદયમાં સતત પ્રશ્ન ઊઠતો : શું સારું ? સાહિત્યપ્રતિષ્ઠા કે સગવડભર્યું વાતાવરણ ? ગરીબી કે ધન ? ધનની તરફેણમાં ઘણી વાર તુલા નીચે નમતી. સફળ સાહિત્યકારને પતિ તરીકે સ્વીકારવાને બદલે એક સફળ ધનપતિને કે એક સફળ અમલદારને તે પરણી હોત તો વધારે સારું થાત એમ ઝાંખી, ભૂંસી નાખવાપાત્ર ભાવના કોઈ કોઈ વાર તેના હૃદયમાં તરી આવતી ખરી.

અચલે એક વીરરસભરી વાર્તા લખી. વાચકો એ વાર્તા ઉપર ફિદા થઈ ગયા. યુવતીઓએ તેના ફોટોગ્રાફ મંગાવ્યા, હસ્તાક્ષરો માગ્યા અને અનેક યુવકો અચલ તરફ આંગળી ચીંધી તેને ઓળખવા-ઓળખાવવા લાગ્યા. વિવેચકોએ પ્રશંસા વર્ષાવી અને એક સંસ્થાએ અચલને ઇનામ પણ આપ્યું—જેની કિંમતમાંથી ચાર માસની ચા પણ ન નીકળે! સાહિત્યકારોને મળતાં ઇનામો માત્ર સંકેત રૂપ જ હોય છે.

સોનાને આ પ્રતિષ્ઠા ગમી ખરી; પરંતુ એ પ્રતિષ્ઠા તેને ભાગ્યે જ દુનિયાની એકાદ સગવડ પણ આપતી હોય. અચલની પત્ની તરીકે તેને નમસ્કાર ઠીકઠીક મળતા, સભાઓમાં આગળ બેસવાનો આગ્રહ પણ તેને થતો. ત્રીજા વર્ગની મુસાફરીમાં કોઈ ભણેલી, અર્ધભણેલી અચલના નામને ઓળખતી સ્ત્રી હોય તો બેસવાની જગા કરી આપે. કદી યુવકયુવતીવૃંદ અચલની પત્ની તરીકે આશ્ચર્યભાવથી તેને નિહાળી પણ રહે તેથી વધારે સાહિત્યકારની પત્નીને શું મળી શકે?

સોના ખરેખર એક સત્પત્ની હતી. સાહિત્યકાર પતિની આસપાસ એણે ઊભી કરેલી કલ્પનાના રંગ ફટકી જતા હતા: અને સત્ય એટલે સાહિત્ય તથા સાહિત્યકાર માટે તિરસ્કાર કે અણગમો તો નહિ; પરંતુ એક પ્રકારનું ઓછાપણું—લઘુતાગ્રંથિ તેના હૃદયને કોર્યા કરતી હતી એમાં જરા ય સંદેહ નહિ. છતાં અચલને તે દુ:ખ દેતી હતી એમ કહેવું સોનાને અન્યાય કરવા બરાબર ગણાય. માત્ર

પોતાની કલ્પનાના ખીબામાં દિવસે દિવસે અચલ નાનો પડતો જતો હતો, અને કોઈ કોઈ વાર એ સત્ય તેની પાસે એવાં વાક્યો ઉચ્ચારાવતું કે જે સોનાના માનસને અચલ આગળ પૂર્ણ રૂપે પ્રતિબિંબિત કરતું.

'તારી છેલ્લી વાર્તા બહુ વખણાઈ, અચલ !' સોનાએ કહ્યું.

'હા.' અચલે કહ્યું. ઘણી વાર અચલ સોના સાથે લંબાણથી વાતચીત કરતો નહિ, અને ઘરમાં પોતાની અવરજવર પણ અનિયમિત બનાવવાનું અચલે શરૂ કર્યું હતું.

'વખાણ સર્વથા સાચાં હોય ખરાં ?'

'ના, જરા ય નહિ.'

સોના સહજ હસી. એના હાસ્યમાં કોઈ ગૂઢ પ્રશ્ન હતો. કદાચ અચલ એ પ્રશ્ન સમજી પણ ગયો હોય; પરંતુ એણે પ્રશ્ન કે ઉત્તરનું સૂચન ન કરતાં પોતાની નવી વાર્તા શરૂ કરી. પતિપત્નીના સંબંધ કોઈ કોઈ વાર હરીફાઈના સંબંધ બની જાય છે, અને એ હરીફાઈ માનસિક કે શારીરિક યુદ્ધે ચડે ત્યારે સમાજ છૂટાછેડા પુકારે છે. બહુ ઓછું બોલતા કટાક્ષને ન ગણકારતા, કલ્પનાના બધા રંગોમાં બંધ બેસતા ન આવતા, પ્રશ્નોત્તરીમાં ઊતરી પત્નીનો વિજય ન સ્વીકારતા પતિને આર ઘોંચી ઉશ્કેરવાનું મન કોઈ પણ પત્નીને થાય એમાં નવાઈ નહિ. સોનાએ પૂછ્યું.

'વખાણ સાચાં નહિ તેમ વાર્તા પણ સાચી નહિ; ખરું ?'

'એટલે ?'

'તેં જે વીરરસભર્યાં પાત્રો સર્જ્યાં છે એ સાચાં નહિ જ ને ?'

'જૂઠાં તો નહિ જ.'

'મને એમ કહે ને કે તેં જે વીરતા વર્ણવી છે એમાંની તું કયી વીરતા બતાવી શકે ?'

'સોના ! તારું કહેવું સાચું હશે. લેખક તરીકે તેં મારી ચીતરેલી છબી કરતાં હું વધારે કદરૂપો નીવડ્યો છું...પણ વિચાર, ભાવના,

કલ્પના જ સત્યને ઘડે છે એવી મારી તો ખાતરી થઈ ગઈ છે...' સૌમ્યતા અને બળ વચ્ચે ઝોલાં ખાતા અચલે કહ્યું.

'ખોટું લાગ્યું ? વાતવાતમાં આવો રિસાળ કેમ બની બેસે છે?'

'ખોટું મને તારા ઉપર નહિ, મારા ઉપર લાગે છે. તું માગે છે એવો હું કેમ બની શકતો નથી?'

'તારા ઉપર કશું લઈ લઈશ નહિ. હું તો માત્ર એ જ જોયા કરું છું કે સત્ય વિચારને, ભાવનાને અને કલ્પનાને મરડી મચડી કદરૂપાં બનાવી દે ખરાં...અને કલ્પનાએ ચીસ પાડી શું? આવડી મોટી?...' સોનાની વાત અટકાવતી પુત્રીની ચીસ સાંભળી અચલ અને સોના બન્ને ક્ષણભર કંપી ઊઠયાં. પુત્રીનું નામ સોનાએ કલ્પના પાડયું હતું, અને નામનવીનતાનો પોતાનો શોખ પુત્રીમાં પૂર્ણ કર્યો હતો.

## ૫

ચીસની પાછળ આખા ઘરમાં ઝબકારો ફેલાવતો પ્રકાશ વ્યાપી ગયો. ઘર ઘણું નાનું હતું. મહેલાતોનાં વર્ણન આપતાં લેખકોનાં ઘર હથેલી કરતાં મોટાં હોતાં નથી, એક ઓરડી મૂકી બીજા ખંડમાં દોડીને પ્રવેશ કરવા માગતાં પતિપત્નીએ જોયું કે બાળકી કલ્પના એક અગ્નિભડકામાં ઘેરાઈ ગઈ હતી. શાથી આગ લાગી એનો વિચાર કરવાનો સમય જ નહોતો. અગ્નિભડકામાં પેસી શકાય કે કેમ એનું નિરાકરણ કરવા માટે એક ક્ષણ પણ મળે એવી નહોતી. દોડીને અગ્નિમાં કૂદવા જતી સોનાને હાથ વડે રોકી અગ્નિચક્રમાં અચલે પ્રવેશ કર્યો. બળતી કલ્પનાને ઊંચકી પોતાના દેહ સાથે ચાંપી, ઢાંકી, એ વીજળીની ઝડપે બહાર આવ્યો. પાસે પડેલા ગોદડાંવડે એણે કલ્પનાનાં બળતાં કપડાં હોલવી નાખ્યાં. તેનાં પોતાનાં સળગેલાં કપડાં, હોલવવા મથતી સોનાને દૂર ખસેડી તેને ખેંચી કલ્પનાને લઈ તે બહારના ખંડમાં દોડી આવ્યો, અને આવતાં બરોબર બેભાન

બની જમીન પર પટકાઈ પડચો. પડતે પડતે એણે જોયું કે કલ્પનાની આંખમાં જીવન છે અને અનેક માણસો ખંડમાં ભેગાં થઈ ગયાં છે. સોનાને પણ તેની આંખે ખોળી કાઢી અને અનેક માણસોને સચેત બનાવતો આ લેખક ભાનવિહીન બની ગયો. એનું સત્ય અને એની કલ્પના બન્ને એની ભાવવિહીનનામાં ડૂબી ગયાં.

એ જાગ્યો ત્યારે મોટા દવાખાનાના એક ખાટલામાં પોતે સૂતો હતો એમ તેને ભાસ થયો. ડૉક્ટર, નર્સ અને સોનાની આંખો તેના મુખ પર ત્રાટક કરી રહેલી એણે જોઈ.

'સોના ! કલ્પના ક્યાં? હું અહીં ક્યાંથી?' અચલે બહુ જ ધીમેથી પૂછ્યું.

અને સોનાની આંખોમાંથી શ્રાવણ ભાદરવો રેલાયા. એકાએક અચલને ખ્યાલ આવ્યો કે તે તો કલ્પનાને દાઝતી બચાવતાં દાઝચો હતો.

'કલ્પનાને લાવો...નહિ તો જિવાશે નહિ.' અચલે કહ્યું. દાઝેલી કલ્પનાને લઈ સોના આવી. અચલે તેને પાસે લેવા ઇચ્છા કરી. ન હાથ ઊપડચો, ન પગ ઊપડચા, ન શરીર ઊંચકાયું. અચલ પોતે કેટલી ભયંકર ઈજા પામ્યો હતો તેનો એને સોનાને હવે ખ્યાલ આવ્યો. કલ્પનાને આંખથી જ સ્પર્શી અચલે આંખ મીંચી દીધી. ભાન ભૂલતાં ભૂલતાં તેણે ડૉક્ટરનો પુરુષકંઠ સાંભળ્યો :

'હવે કહી શકાય કે એ ભયમુક્ત છે.'

'એમ? ચોક્કસ?' સોનાનો અવાજ સંભળાયો.

'સોએ સો ટકા. અચલકુમારની પાછળ તમને અમારાથી બળવા દેવાય?' ડૉક્ટરે હસીને કહ્યું.

અચલને સારું નહિ થાય તો પોતે તેની પાછળ આપઘાત કરશે એવી સોનાની ધમકી ડૉક્ટરે યાદ કરી.

હવે અચલ નિત્ય જાગવા માંડચો—વધારે અને વધારે સમય સુધી. દાઝી ગયેલા તેના હાથ, પગ, છાતી અને મુખ તેને બહુ

જ પીડા કરતાં હતાં. અસહ્ય પીડા સહન કરવાની શક્તિ કુદરત દર્દીને આપી દે છે; પરંતુ દર્દીની સારવાર કરનારની આંખે એ પીડા સહી જતી નથી. સોનાને રોજ ચોધાર આંસુએ રોવું પડતું.

'સોના ! આમ રડી રડીને તું કેવી દૂબળી પડી ગઈ છે?' અચલ કહેતો.

'તારી પીડા મારા ઉપર પડો એવું હું રોજ પ્રભુ પાસે માગું છું.' સોનાએ કહ્યું.

'કારણ ? એ શી ઘેલછા ?'

'અચલ મને પ્રાણ કરતાં પણ વધારે વહાલો છે માટે.'

અચલ થોડી વાર આંખ મીંચીને સૂઈ રહ્યો. જરી વાર રહી તેણે આંખ ઉઘાડી. હાથેપગે તો પાટા હજી બાંધેલા જ હતા. થોડા ભાગ ઉપર આછું દઝાયાથી રૂઝ આવી ગઈ હતી. પાટો છૂટ્યો હતો છતાં ધોળાશભર્યાં ચાઠાં દેહ ઉપર દેખી શકાય એવાં હતાં. આંખ ઉઘાડતાં તેની આંખ એવાં એકબે ચાઠાં ઉપર પડી અને અચલની આંખમાં તિરસ્કાર અને મુખ ઉપર તિરસ્કારભર્યું સ્મિત સોનાએ નિહાળ્યાં.

'કોને હસે છે તું?' સોનાએ જરા આશ્ચર્યથી પૂછ્યું.

'અચલના દેહને ! અને દેહના બચાવનારને !' અચલે કહ્યું.

'બચાવનારને ભલે તું હસે ! મારા અચલના દેહને કોઈ હસશે તે હું સાંખીશ નહિ.' સોના બોલી.

'હું જાતે મને હસું તો ય નહિ ?' અચલે પૂછ્યું.

'ના; અને તારામાં હસવા જેવું છે શું ?'

'અગ્નિએ દેહ ઉપર કેટલાં ય કદરૂપાં ચાઠાં પાડ્યાં હશે !'

'કદરૂપાં ચાઠાં ? અચલ ! માનવી તને કાંઈ આપી શક્યો નહિ, એટલે કુદરતે તને સોનારૂપાના ચાંદથી ભરી દીધો. મને બહુ ગમે છે...'

'કોણ ? હું કે ચાઠાં ?'

'તું, ચાઠાં સાથે!'

'દીકરીને દાઝતી બચાવી એ વીરત્વ માટે ?'

'હા. અને એ સિવાયના કૈંક અજાણ્યા વીરત્વ માટે.'

'મને ખબર નથી મારું બીજું વીરત્વ.'

'દવાખાનામાંથી આપણે ઘેર જઈએ એટલી જ વાર છે. પછી હું તને તારી બધી વાર્તાઓ કહી સંભળાવીશ.'

'મારી વાર્તા ? એકાદ-બે તો કહે ?'

'તને જોવા આવનાર સેંકડો માણસો તારી સેંકડો વીરવાર્તા મને કહી ગયા છે. તારી સારવાર કરનાર ડૉક્ટરને તેં જીવને જોખમે ડૂબતા બચાવ્યા હતા.'

'એમ ?' અચલે અજ્ઞાન દર્શાવ્યું.

'અને પેલાં નર્સ બહેન શું કહેતાં હતાં ? એક વર્ષ સુધીના તારા એક ટંક ભોજનનો ખર્ચ એ એમના ભણતરની કિંમત...'

'ઓહો ! મને ખબર નથી...'

'અચલ ! તારી સાચી ખબર મને જ ન હતી. હવે હું કદી નહિ પૂછું કે તું તારી વાર્તાનો એકાદ વીર પ્રસંગ જીવી શકે કે નહિ!'

'સોના ! મને ભય છે કે આ અપંગ બનેલા હાથે હવે મારાથી એકે વાર્તા લખાશે નહિ. બન્ને જૂઠા પડી જતા લાગે છે.' શોકની છાયા અચલના મુખ ઉપર ફરી વળી.

'મારા હાથ કોને માટે છે ? તું બોલજે, અને હું લખીશ.' દઢતાપૂર્વક સોના બોલી.

'મને લાગે છે...સોના ! ...કે વૈશ્વાનરે* મારી કલ્પનાને પણ બાળી મૂકી હોય...' અચલ બોલ્યો. ગર્જના કરતા મેઘની ચમક મેઘમંડલમાં જ સમાઈ જતી હોય એવું નિષ્ફળતાસૂચક ખાલીપણું અચલની વાણીમાં અવતર્યું.

* વૈશ્વાનર અગ્નિ

'તો ય શું ? તારી માંદગીમાં તારા વીરત્વની મેં એટએટલી વાતો સાંભળી કે હું જીવનભર અચલ બનીને તારી જ વાર્તાઓ લખીશ તો યે ખૂટશે નહિ.'

'તું અચલ બનીશ ?...પછી હું શું બનીશ ?' સહજ હસી અચલ બોલ્યો.

'હું તને મારી સોના બનાવી મારા હાથમાં રાખી ફરીશ... જેમ તેં મને રાખી છે તેમ...'

'સોના !...' અચલની આંખમાં કદી ન દેખાયેલાં અશ્રુઆકાર ધારણ કરી રહ્યાં.

અચલથી તો પોતાને હાથે અશ્રુ પણ લુછાય એમ ન હતું. સોનાએ અચલનાં અશ્રુ લૂછતાં લૂછતાં પોતાનાં અશ્રુ પણ મુખફેરવી લૂછી નાખ્યાં.

પડદા પાછળથી ડોકિયું કરતાં ડૉકટરે કહ્યું :

'જે સારવાર કરનાર દર્દીને રડાવે એને દર્દી પાસે બેસાડાય નહિ.'

'મારી ભૂલ થઈ, ડૉકટર !' સોનાએ કહ્યું અને પોતાના મુખને પી જતી અચલની આંખોમાં સોનાએ પોતાની દૃષ્ટિ ઢાળી દીધી.

કલ્પના અને સત્ય એક બની જાય એવી એ ક્ષણ હતી. એ ક્ષણોને લંબાવતાં આવડે તો આખું જીવન કલ્પના અને સત્યની હરીફાઈ મટી તદ્રૂપ છાયો બની જાય.

અચલની આંખો બોલી ઊઠી :

'સોના ! તારા ભેગાં જીવી શકાશે– હું અપંગ હોઈશ તો ય.'

સોનાનું હૃદય ગર્વથી ફૂલ્યું. એણે પતિની પસંદગીમાં ભૂલ કરી ન હતી. એના કલ્પનાવર્તુલ કરતાં પણ સત્ય અચલ વધારે મોટો લાગ્યો– તે ધનિક કે સત્તાધીશ ન હતો છતાં !

# પાઘડી વગરનું ઘર

## ૧

કિશોરની બદલી મુંબઈ થઈ.

મુંબઈનું મહત્ત્વ બહુ વધારે. મુંબઈમાં રહેતાં આપોઆપ બીજા સર્વ કરતાં વધારે ચબરાક થાય જ એમ મુંબઈમાં રહેનાર તો માને જ; પરંતુ મુંબઈમાં ન રહેનાર પણ માને છે! મુંબઈનો શેઠ મુંબઈમાં ન રહેતા કોઈ પણ શેઠ કરતાં વધારે મોટો હોવો જ જોઈએ. એટલે ઘણા ઘણા ધનિકો જરૂર હોય કે ન હોય તો ય મુંબઈનિવાસ કરે જ છે. મુંબઈમાં કામ કરતો અમલદાર હિંદમાં બીજે કામ કરનાર કોઈ પણ અમલદાર કરતાં વધારે બાહોશ હોવો જ જોઈએ. મુંબઈનો વિદ્યાર્થી એટલે બીજા કોઈ પણ સ્થળના વિદ્યાર્થી કરતાં વધારે પ્રગતિશીલ–વસ્ત્રાભૂષણમાં, અભ્યાસમાં અને સમાજમાં પણ! મુંબઈમાં વસતી સન્નારી દેશમાં બીજે કોઈ પણ સ્થળે વસતી લલના કરતાં વધારે જ મોહક હોય! મુંબઈનો ઘોડાગાડીવાળો, શોફર કે રસોઈયો બીજા કોઈ પણ સ્થળના ગાડી ચલાવનાર, શોફર કે રસોઈયા કરતાં વધારે કાબેલ હોવાના જ. પછી મુંબઈનો જુગારી, ખિસ્સાકાતરુ, ઠગ કે લૂંટારો આખા હિંદના સમવ્યવસાયી

એમાં ગુરુપદને પામ્યો હોય એમાં નવાઈ જ શી? અરે મુંબઈનો વકીલ, ડૉકટર, પત્રકાર, ભિખારી અને કમ્યુનિસ્ટ પણ પોતાને અન્યની સરખામણીમાં શ્રેષ્ઠ સ્થાને મૂકે છે, અને મુંબઈ બહારની દુનિયા એ શ્રેષ્ઠતા નમ્રતાપૂર્વક બે હાથ જોડીને કબૂલ પણ રાખે છે.

એ મહાન મુંબઈમાં કિશોર આવ્યો. સરકારી નોકરીમાં નોકરને જ્યાં મોકલે ત્યાં જવું પડે. પછાત દેશી રાજ્યોની પ્રજાને મુંબઈગરા વહીવટની શ્રેષ્ઠતાનો સ્વાદ ચખાડતી મુંબઈની શ્રેષ્ઠ સરકાર, અંધકારભર્યા દેશી રાજ્યોના અમલદાર કે નોકરોના પછાતપણાને ખંખેરી નાખવા તેમની મુંબઈ બદલી કરે એમાં વાંધો કાઢી શકાય એમ છે જ નહિ. મુંબઈની મુશ્કેલીનો વિચાર કરી એ દક્ષ સરકાર ઘરભાડું નોકરને આપી પોતાના અંતઃકરણને સ્વચ્છ રાખે છે. નોકરને એટલા ભાડામાં ઘર મળે છે કે નહિ એ જુદો પ્રશ્ન છે

કિશોરને પણ મુંબઈમાં થયેલી નિમણૂક ગમી. દરિયો, ચોપાટી, જૂહુ, સિનેમા, હોટેલ અને હેન્ગિન્ગ ગાર્ડન્સ જેવાં આકર્ષણ મુંબઈનું નામ દેતાં બરોબર આંખ આગળ ખડાં થાય છે—બીજાં આકર્ષણ બાદ કરીએ તો ય. કિશોરે મુંબઈ તળમાં તેમ જ પરામાં રહેતા બેત્રણ મિત્રોને અને બેત્રણ સગાંસંબંધીઓને પત્રો લખ્યા અને પોતાના આગમનની ગાડી તથા સમય પણ જણાવ્યાં.

મુંબઈમાં મહેમાનના સમાચાર અને મોતના સમાચાર સરખા ગણાય છે એની પૂરી ખબર કિશોરને ન હતી. ઘેરથી નીકળતી વખતે એને ત્રણચાર તાર મળ્યા—જેનો ઉદ્દેશ એક જ હતો કે કિશોરનો સમાવેશ એ મિત્રો કે સગાંના મકાનમાં થઈ શકે એમ ન હતું. કાં તો મિત્રની સ્ત્રી માંદી પડી ગઈ હોય, સંબંધીનાં મા-બાપ અને ભાઈભત્રીજા એકાએક આવી પહોંચ્યાં હોય, મુંબઈ જરૂરી કારણસર તેને છોડવું પડ્યું હોય કે કાં તો સુધરાઈએ તેનું ઘર ખોદી નાખવા માંડ્યું હોય! છતાં નોકરી સાથે રમત તો ન જ થાય. હિંમત ધારણ કરી તે એક નાનકડી બૅગ લઈ નીકળ્યો. હજી

એક સંબંધી મિત્ર તેને હા કે ના જણાવતો પત્ર કે તાર મોકલ્યો ન હતો એટલે તત્કાળ એને ઘેર ગોઠવણ કરી બીજા મકાનમાં ચાલ્યા જવાશે એમ તેને ખાતરી હતી. એ મિત્રનું સરનામું પણ કિશોર જાણતો હતો અને તેનું ઘર પણ તેણે જોયું હતું.

મુંબઈમાં નોકરી કરવી, કેમ રહેવું, કેમં ઘર શોધવું, નોકરીમાં તેમ જ સમાજમાં આગળ કેમ વધવું, ઘરમાં ફર્નિચર કેટલું ક્યારે ક્યારે વસાવવું, હાલમાં જ થયેલાં લગ્નને પરિણામે મળેલી પત્નીને ટૂંકામાં ટૂંકા સમયમાં કેમ બોલાવવી, એવા એવા અનેક રસિક વિષયોમાં મનને પરોવી આનંદની ઊર્મિએ ઊડતો કિશોર રાત્રિના દીવા થતાં બરોબર મુંબઈ આવી પહોંચ્યો. નવાઈની વાત તો એ હતી કે જે સંબંધી મિત્રે તેને જવાબ આપ્યો ન હતો તે એને લેવા માટે સ્ટેશન ઉપર હાજર હતો. તેણે આ મિત્ર માટે રાખેલી ખાતરી સાચી પડી. એકાદ મિત્ર પણ સાચો ન નીવડે એટલી બધી દુનિયા હજી ખરાબ થઈ ગઈ નથી!

આનંદપૂર્વક બન્ને મિત્રો મળ્યા, ખબરઅંતર પૂછી અને સ્ટેશનની બહાર બન્ને જણે આવી એક 'ટૅક્સી' ભાડે કરી લીધી. મુંબઈમાં રહેવાની પાત્રતા મેળવવી હોય તો 'ટૅક્સી'માં બેસવાનો આગ્રહ જરૂર રાખવો.

'સારું કર્યું તું સામાન વધારે ન લાવ્યો તે.' મિત્રે કિશોરને કહ્યું.

'ધીમે ધીમે લવાશે. શી ઉતાવળ છે?' કિશોરે કહ્યું.

'સરસામાનની ઘેલછા આપણા લોકોમાં જેટલી છે એટલી બીજે ક્યાંયે નથી.' મિત્રે કહ્યું.

'પણ આ ટૅક્સી આમ કેમ લે છે?' કિશોરે જોયું કે ટૅક્સી મિત્રના ઘરની બાજુએ જવાને બદલે સામી બાજુએ વેગપૂર્વક વળી જતી હતી.

'તારે માટે મેં ખાસ સારી સગવડ કરી છે.' મિત્રે કહ્યું.

અને જોતજોતામાં કિશોરને ખબર પણ પડી ગઈ કે એ સારી સગવડ એક ઠીક ઠીક મોંઘા વિશ્રાંતિગૃહમાં કરેલી હતી ! મહા-મુસીબતે રહેવા માટે મળેલી દોઢ ઓરડીમાં એકાએક પાંચછ મહેમાનો આવી ચઢ્યા હતા એટલે સાતમા મહેમાન કિશોરનું શરીર તો શું પણ તેનો શ્વાસ સુધ્ધાં મિત્રની ઓરડીમાં પ્રવેશી શકે એવી સ્થિતિ ન હોવાથી કિશોરનું સુખ વિચારી કિશોરને અને મુંબઈને શોભે એવાં વિશ્રાંતિગૃહમાં, મહામુશ્કેલીએ, જગા ન હોવા છતાં પોતાની લાગવગ વાપરી કિશોરને રહેવા માટે મિત્રે સ્થાન મેળવ્યું હતું.

મહિને જમવા-રહેવાનો ખર્ચ માત્ર દોઢસો રૂપિયા જ હતો !

અને કિશોરનો પગાર પણ માસિક દોઢસો રૂપિયાનો હતો ! ઘરભાડું અને મુંબઈનિવાસનું ભથ્થું વધારાનું !

એટલે કિશોરમાં આવડત હોય તો એ રકમ બચાવી શકાય. પરંતુ મુંબઈના ઉચ્ચ જીવનધોરણમાં એથી ચારગણી રકમ મળતી હોય તો ય તે બચાવી શકાય એમ ન હતું. છતાં ઉદાર મિત્રે તેને માટે કરેલી સગવડનો તાત્કાલિક લાભ લીધા વગર તેને ચાલે એમ ન હતું. વિશ્રાંતિગૃહમાં રહેતાં રહેતાં તેણે મુંબઈનાં લંબાણો ટ્રામ, બસ અને અંતે પગથી માપવા માંડ્યાં. દૂર દૂર આવેલી કચેરીમાં કામ કરવા માંડ્યું. જે કામ મુંબઈની અતિ દક્ષ કચેરીઓના મહાનિષ્ણાત પ્રધાનોની ચાંપતી દેખરેખ નીચે છ કલાકને બદલે કદી કદી દસ કલાક જેટલું પણ લંબાઈ શકતું હતું—અને તેમાંથી મળતા સમયમાં તેણે ઘર શોધવાનો ભગીરથ પ્રયાસ શરૂ કર્યો.

૨

મુંબઈમાં ઈશ્વર શોધવો અને ઘર શોધવું એ બન્ને સરખાં મુશ્કેલ લાગે છે. કદાચ મુંબઈમાં માનવીને ઈશ્વર મળે—જેના ઉપર ગીરો-વેચાણની રમત પણ થાય અને સટ્ટો પણ રમાય—પરંતુ ઘર મળે તો જાણવું કે તેને ઈશ્વર કરતાં પણ મોટી સિદ્ધિ પ્રાપ્ત થઈ.

એનો અર્થ એમ નહિ કે મુંબઈમાં ખાલી મકાનો, બંગલાઓ, મહેલો કે ઓરડા ઓછા છે; પણ તે મેળવવાનું કામ સ્વરાજ્ય મેળવવા કરતાં પણ અઘરું છે. મહેલ કે બંગલા તો કિશોરે બાદ જ કરવાના રહ્યા. માત્ર મહેલ જેવા દેખાતા માળાઓનાં કબૂતરખાનામાં જ તેણે એકાદ ઓરડી કે છજું શોધી કાઢવાનું હતું.

અને તેને સદ્‌ભાગ્યે ભારે ચઢઊતરને અંતે એક ઘર મળ્યું પણ ખરું. એક મકાનના પાંચમા માળની ઉપર આવેલી અગાશીમાં જવાની સીડીને છેડે થોડા પડદા ગોઠવી ખુલ્લી જગામાં ઓરડીની સીનસિનેરી કોઈ દયાળુ મહેતાજીએ ઊભી કરી હતી; અને તે તકલાદી બનાવટી ઓરડી મહામુસીબતે ભાડે આપવા તૈયાર થયો. ઘરહીન ભટકતા યુવાનો પ્રત્યે તેને ઘણી દયા ઊપજતી હતી એટલે, અને માળાની આખી વ્યવસ્થા, તેના હાથમાં હોવાને લીધે આટલી સગવડ એ વધારી શકચો હતો એ ઓરડીનું ભાડું મહિનાની શરૂઆતમાં જ પચાસ રૂપિયા જેટલું હળવું લેવાનું હતું. માત્ર એ ઓરડીમાં રહેવાની સગવડ કરી આપવા માટે મહેતાજીને ખુશાલખ્તીમાં રૂપિયા પાંચસો એકની પાઘડી આપવાની શરત એમાં પહેલી જ રાખવામાં આવી હતી.

વિશ્રાંતિગૃહ કરતાં આર્થિક દૃષ્ટિએ આ પડદાપોશ ઓરડીમાં વધારે વિશ્રાંતિ મળે એવો કિશોરને સંભવ લાગ્યો. ખુલ્લી અગાશી તો પાસે હતી જ. અને ઓરડી જોકે ઘણી નાની કહેવાય, છતાં પતિપત્નીની એકતા નાની ઓરડીઓમાં જ વધારે સિદ્ધિ પામે એમ તેને દેખાયું. લલિતજીએ એક કાવ્ય લખ્યું છે જેમાં આપેલી એક સાખી જાણે મુંબઈના માળાનો અનુભવ લઈ લખી હોય એમ લાગે છે :

"સોહં સોહં સતી રટે, સાહં, સાહં કંથ."

મુંબઈના માળાઓમાં રહેતી સતીઓના શ્વાસમાં બે સીઢી ચઢતાં 'સોહં સોહં' ના પરમ પવિત્ર શ્વાસોચ્છ્‌વાસ આપોઆપ

ઊછળી આવે છે, અને તેમના કેસરભીના કંઠો તો પહેલા જ માસથી 'સોહં સોહં'નો મંત્ર જપતા ચાલે છે; એક માત્રાનો ભાર પણ તેમનાથી સહન થઈ શકતો નથી!

પતિપત્નીની એકતા એટલે સાચો આર્ય આદર્શ! જેમ ઓરડી નાની તેમ પતિપત્નીની એકતા વધારે ગાઢ બનતી જાય છે: તે એટલે સુધી કે ઘણી વાર ટુકડી ઓરડીમાં રહેતાં પતિપત્નીની ચર્યા અર્ધ નારી-નટેશ્વરની કલા-કલ્પનાને આકાર પણ આપી રહે છે! મુંબઈના માળાઓ રચી ધનિકોએ આર્ય આદર્શને સાચો પાડવા કરેલો સત્પ્રયત્ન ઐતિહાસિક ગણાવો જોઈએ.

કિશોરને પત્ની વગર રહેવું બહુદુઃખભર્યું લાગતું હતું, એટલે તેણે પત્નીની સંમતિ પત્ર દ્વારા માગી અને સંમતિ ઉપરાંત પાઘડીની રકમ તેની પાસે ભેગી થયેલી ન હોવાથી પલ્લાની રકમમાંથી એ સગવડ કરી આપવા તેણે વિનતિ કરી – જે ટૂંક સમયમાં કિશોર ભરપાઈ કરી આપવાને ઇન્તેજાર હતો! લગ્નના પ્રથમ વર્ષમાં પતિ-પત્નીને પરસ્પરમાં એટલો વિશ્વાસ અને એટલી શ્રદ્ધા હોય છે કે તેઓ એકબીજાં માટે જીવ પણ આપવાની તૈયારી બતાવી શકે છે; વર્ષો થાય તેમ તેમ વિશ્વાસ ઘટતો જાય છે એ જુદો પ્રશ્ન છે. કિશોરની પત્નીએ નાની તો નાની પણ સ્વતંત્ર કહી શકાય એવી ઓરડી તત્કાળ લઈ લેવા સંમતિ આપી, પાઘડીના પાંચસો એક રૂપિયા પોતાના પલ્લાની રકમમાંથી ઉપાડી તત્કાળ મોકલ્યા અને મુંબઈ આવી પતિ સાથે રહેવાનાં સ્વપ્ન તેણે સેવવાં શરૂ કર્યાં.

રૂપિયા હાથમાં આવતાં બરોબર તે માળાના મહેતાજીને મળ્યો. મહેતાજીએ કહ્યું:

'ભાડાની રકમ પહેલી લાવો, એટલે ઓરડી તમારી. સામાન બહુ તો નથી ને?'

'ના ના, હમણાં તો એક નાની બૅગ લઈને જ હું મુંબઈ આવ્યો છું.' કિશોરે કહ્યું.

'હરકત નહિ. નાનું ગોદડું વસાવો ત્યાં સુધી હું તમને પાથરણું આપીશ. મુંબઈમાં ગભરાવું નહિ, સારા શેઠ ! અને... પાઘડી વગર માળામાં પેસાશે નહિ. મહેરબાન ! સાચી વાત કહી દઉં !' છેલ્લાં વાક્યો બહુ જ ધીમેથી પણ અત્યંત મક્કમપણે મહેતાજીએ કહ્યાં.

'એ તો હું લઈને જ આવું છું. આજ રાત્રે અહીં જ સૂવાનું ! મહેતાજી !' કહી ઉત્સાહભર્યો કિશોર પોતાના વિશ્રાંતિ-ગૃહમાં ગયો. પૂરો મહિનો હજી થયો ન હતો. છતાં મિત્રે કરેલી સગવડ અનુસાર મહિનાનું પૂરું ભાડું અને ખોરાકખર્ચ કિશોરે આપી દીધાં, અને વિશ્રાંતિગૃહના માલિકને તેણે કહી દીધું કે આજની રાતથી તે બીજે સ્થળે રહેવા જવાનો છે...માલિકને એમાં જરા ય હરકત ન હતી. કિશોરના દેખતાં તેની ઓરડીનો ખાટલો તેણે બીજા અરજદારને આપી દીધો.

બૅગ હાથમાં લઈ તેણે નવી ઓરડી તરફ જવા માંડ્યું. રાત્રિનો સમય હતો. એકાદ ટ્રામ, એકાદ બસ, એકાદ લોકલ પકડતાં પકડતાં તે પોતાને માટે ચૂંટી કાઢેલી ઓરડીઓવાળા માળામાં આવી પહોંચ્યો. રસ્તામાં એક સાદડીઓ વેચતા મોપલા પાસેથી એક ચટાઈ પણ તેણે ખરીદી ઘર માંડવાની શુભ શરૂઆત કરી દીધી હતી. હાથમાં બૅગ, બગલમાં ચટાઈ અને વિલાયતના પ્રધાનને શોભે એવો પોશાક એ ત્રણેનું મિલનદશ્ય મુંબઈમાં અશક્ય નથી

'શું મારા મહેરબાન ! હવે આવો છો તે?' મુનીમની ઓરડીમાં જતા બરોબર કિશોરને મુનીમે ધમકાવ્યો.

'કેમ એમ ? કહ્યા પ્રમાણે રાત્રે આવ્યો છું.' જરા ચમકી કિશોરે કહ્યું.

'રાત હમણાં પડી લાગે છે તમને ? મુંબઈમાં એમ ન ચાલે, શેઠિયા ! એ તો એક પલાંઠીએ સોદા કરીને ઊઠીએ તો જ સોદા સાચો. તમારી કેટલી રાહ જોઈ ! પછી હું ક્યાં સુધી ખોટી થાઉં ?'

'પણ તમે કહેવા શું માગો છો, મહેતાજી? તમારું ભાડું તમે પહેલાં લેતા પરવારો...અને તમારી પાઘડી પણ...'

'પાઘડીની બૂમ પાડશો તેથી મુંબઈનો કોઈ ઘરમાલિક ગભરાશે નહિ. તમે તો પાંચસો એક આપવાના હતા...પણ મને છસોં એક આપનાર મળ્યો. ઓરડીનો કબજો પણ અપાઈ ગયો.' મુનીમે સમાચાર કહ્યા.

'તમે માગ્યા હોત તો હું તમને છસો એક આપત.'

'માગવા તાગવાની વાત આપણી પાસે નહિ. તમારી રાહ તો જોઈ...પણ...હવે બીજી ઓરડી ખાલી થાય ત્યારે વાત.' મુનીમે સહજ પણ સંકોચ વગર કહ્યું.

'પણ મારે હવે અત્યારે શું રરવું?'

'જ્યાંથી આવ્યા. ત્યાં પાછા જાઓ.'

'એ જગા ખાલી કરીને હું આવ્યો, અને મારા દેખતાં જ એ અપાઈ ગઈ. હવે જવું ક્યાં?'

'અરે, આખું મુંબઈ પડ્યું છે! સિનેમાનાટક જુઓ, જરા દરિયે ફરો...' કહી મુનીમ હસ્યો.

કિશોરને અત્યંત ક્રોધ ચડ્યો...મુનીમને પીંખી નાખવાની તેને ઇચ્છા થઈ. એના તરફ બૅગ છૂટી ફેંકવાની તેના હાથે તૈયારી કરી પણ એમાંની એક ઇચ્છા એ પૂર્ણ કરી શક્યો નહિ. એને બદલે બગલમાં લીધેલી ચટાઈ કિશોરે જમીન ઉપર પટકી અને તે મુનીમની ઓરડી બહાર નીકળ્યો. એની જ સાથે બહાર નીકળેલા એક માણસે તેને આશ્વાસન આપ્યું:

'તમારું નસીબ સારું માનો કે તમારી પાઘડીની રકમ હજી રહી છે. નહિ તો એ પણ જાત અને ઓરડી પણ જાત... આ તો મુંબઈ છે!'

૩

મશ્કરીભર્યું આશ્વાસન આપનારને ધોલ લગાવી દેવા ઊપડેલા હાથને અટકાવી કાંઈ પણ બોલ્યા વગર તેણે આગળ ડગલાં ભર્યાં.

'આ મુંબઈ?' તેના હૃદયમાં આખા મુંબઈ માટે સખત તિરસ્કારની જ્વાલા પ્રગટી ઊઠી. એની નજરે પડતું એકેએક ઘર તેને તોડી પાડવા યોગ્ય લાગ્યું. ક્રોધે એના ભાનને પણ ભુલાવ્યું. એના પગ ઊપડતા ઊપડતા ક્યાં જતા હતા તેનું પણ એને જ્ઞાન રહ્યું નહિ. હવે તેને યાદ આવ્યું કે મુંબઈમાં હજારો માનવીઓ સડક ઉપરના પગરસ્તા ઉપર પડી રહે છે એમ તેણે ઘણી વાર વાંચ્યું હતું. વાંચતી વખતે એ હકીકત વાંચીને ભૂલી જવા જેવી લાગી હતી. આજ એ સત્ય તેને હસતું તેની સામે ઊભું રહ્યું... અને તે એની નજર આગળથી ખસતું ન હતું.

નોકરી છોડી મુંબઈની બહાર ભાગી જવાની તેને વૃત્તિ થઈ આવી. પરંતુ ભણેલા ગરીબો અને મધ્યમવર્ગીય યુવકો નોકરી છોડે તો બીજું કરી શું શકે? બીજાઓના આપેલા કે બીજાઓએ ટેકવેલા પગ ઉપર ઊભા રહેનાર સ્વસ્થ અને સુખી માનવીઓ સારી રીતે કહી શકે કે યુવકોએ પોતાના પગ ઉપર ઊભાં રહેતાં શીખવું જોઈએ. એ કહેનારાઓ કિશોરની સ્થિતિમાં મુકાય તો? આખા મુંબઈના મહેલો, માળાઓ, બંગલાઓ, વીલાઓ, ફ્લૅટો, ફ્લૅટો અને કુટિરોને ફૂંકી સળગાવી મૂકવામાં આવે તો ઘર વગર ફરનારની હાલતનો સહુને ખ્યાલ ન આવે? એ સમાજરચના કેવી કે જેમાં માનવીને ઘર ન મળે? એ સમાજના ઘડવૈયા કેવા કે જે માનવીને એક ખૂણો પણ રહેવા માટે આપી શકતા નથી? એ વહીવટદારો અને અમલદારો જે પારકાં ઘર પડાવીને પણ રહેવાની સગવડ મેળવી શકે છે તેમને એક એક અઠવાડિયું જ ઘર વગર રહેવાની સજા કરી હોય તો મુંબઈની ઘરસમસ્યા જરા વહેલી ન ઊકલે?

પરંતુ કિશોરને સૂઝી આવતા ઇલાજોને અમલમાં મૂકવાની તેનામાં સત્તા પણ ન હતી અને આવડત પણ ન હતી. કોણ જાણે કેમ તેના પગ તેને એક સાર્વજનિક બગીચામાં લઈ આવ્યા હતા; જ્યાં ઓરડીવિહીનોની સ્થિતિ કેમ સુધરે તેની અનેકાનેક યોજનાઓ ઘડતો કિશોર થાકીને ઊંઘરેટો બની પગ લંબાવી રહ્યો હતો

એટલામાં એક પોલીસ સિપાઈએ સૂતેલા કિશોરનો ખભો થાબડ્યો અને કહ્યું :

'ઊઠો જવાન ! હવે અહીં નહિ સુવાય.'

કિશોરે કાંઈ પણ જવાબ ન આપતાં પાસું ફેરવ્યું; પરંતુ પોલીસે બીજો ખભો વધારે જોરથી હલાવી કહ્યું :

'ચલ, ભાઈ ! ચલ; જલદી કર.'

'નહીં ઊઠતા ' કિશોરનો ગુસ્સો આકાર લઈ રહ્યો. પોલીસ-સિપાઈએ મજબૂત રીતે કિશોરને બેઠો કરી દીધો, તેને હલાવી નાખ્યો અને કહ્યું :

'જલદી ઘરભેગો થઈ જા.'

'ઘર હોય તો ને ? ઘર બતાવ ! પછી જાઉં.' કિશોરે કહ્યું અને તેના અત્યંત શ્રમિત દેહે ઊંઘમાં ડૂબકી મારવા ઝોલો લીધો.

'દારૂબંધી છતાં છાકટાપણું ન ગયું ! ચાલ, ઘર બતાવું.' કહી પોલીસ-સિપાઈએ કિશોરને બળપૂર્વક ઊભો કરી દીધો, અને તેને આગળ ઘસડ્યો.

'કોને છાકટો કહે છે ? ' કિશોરને બહુ ખોટું લાગ્યું. દવામાં પણ તેણે હજી સુધી દારૂનું ટીપું પીધું ન હતું, પરંતુ ઊંઘ, થાક, માનસિક ઉગ્રતા અને લાચારી ભેગાં મળતાં માનવીને દારૂડિયા જેવો જ બનાવી મૂકે છે.

'તને નહિ, દોસ્ત ! ' કહી પોલીસે તેને વધારે બળથી આગળ ઘસડ્યો. દારૂ પીનાર માણસ દારૂ પીધા પછી પોતે પીધેલો નથી એમ પુરવાર કરવા ભગીરથ પ્રયત્નો કરે છે એની સિપાઈને ખબર

હતી. બાગના દરવાજા પાસે કિશોરને લાવી સિપાઈને તેને ઠીકઠીક ધક્કો લગાવ્યો અને બાગની બહાર કાઢી તે બોલ્યો :

'ભામટો !'

લથડિયું ખાઈ ગયેલા કિશોરને વિચાર આવ્યો કે તે કોઈ સ્વપ્નમાં તો નથી? તેની બૅગ તેની પાસે જ હતી. અંધકારમાં અજવાળાનાં ધાબાં પાડતી રાત્રિ તેના આખા સંસારને સ્વપ્નનું સ્વરૂપ આપતી હતી. ઘરવિહીન બન્યો. છાકટો મનાયો અને ભામટાનું સંશોધન પામ્યો ! સ્વપ્ન હોય તો ય સારું ન જ કહેવાય.

તેણે આગળ પગલાં ભર્યાં. માણસોની અવરજવર અત્યાર ઘણી ઓછી હતી. કોઈ ખૂણામાંથી દેશભક્ત નેતાનાં દેશી ઢબનાં પણ સરસ કપડાં પહેરેલો એક મજબૂત માણસ તેની પાસે આવ્યો અને અત્યંત લળીને, ખુશામિજાજપૂર્વક સુંદર સ્મિત કરતાં તેણે કિશોરને સુંદર હિંદુસ્તાની આઘાત સહ પૂછ્યું :

'આપકો...નુમાઈશ ચાહીએ ?'

'એટલે ? મારે તો આજની રાત સૂવા માટે સ્થાન જોઈએ.' નુમાઈશનો અર્થ ભોમિયો થાય છે એટલું પણ હિંદુસ્તાની જાણનાર કિશોરે નેતા સરખા ગૃહસ્થને કહ્યું.

'જરૂર, જરૂર ! એવું સ્થાન શોધી આપું કે આપ આપના ઘરને પણ ભૂલી જાઓ !' ભોમિયાએ કહ્યું અને ખિસ્સામાંથી એક સુંદર સિગારેટપેટી કાઢી કિશોર સામે ધરી.

'હું પીતો નથી.' કિશોરે કંટાળીને કહ્યું.

'અચ્છા? નવાઈ જેવી વાત ! વારુ ખિસ્સામાં...રકમનું જોખમ તો...છે ને? બહુ વધારે સલૂકાઈથી – સ્મિતને વધારે સ્પષ્ટ કરી તેણે પૂછ્યું.

'અત્યારે તો ખિસ્સામાં પાંચસો એક રૂપિયા...' ઘેનમાં પડેલો બેભાન, ઊંઘમાં આવેલો સુસ્ત અને કંટાળેલો માનવી બહુ સાચું બોલી નાખે છે !

'વાહ, વાહ! શાબાશ! ખેલદિલ જુવાન લાગો છો! શરતમાં જીત્યા?' ભોમિયાએ માર્ગદર્શન કરાવતાં પૂછ્યું.

'હું શરતોમાં રમતો નથી.'

'શી દિલ્લગી કરો છો, મહેરબાન! ચાલો, આપણે આવી ગયા.' કહી ભોમિયાએ તેને એક સુંદર મકાનના એક માળ ઉપર ચઢાવ્યો. મધ્ય રાત્રિ વીતી જવા આવી હતી. મકાનમાં દીવા ધીમે ધીમે ઝાંખા બનતા જતા હતા. ભોમિયાએ એક બારણા ઉપર હળવો ટકોરો માર્યો, બારણું ઊઘડ્યું, ભોમિયો અંદર ગયો. પાછો બહાર આવ્યો, અને કિશોર સામે સ્મિત કરી અત્યંત અદબથી ખુલ્લા બારણા તરફ હાથ દર્શાવી બોલ્યો:

'આઈયે!'

અને કિશોરનો દ્વારપ્રવેશ થતાં જ તેણે બહારથી બારણું બંધ કર્યું અને અદૃશ્ય થઈ ગયો. બહારથી 'ઉલ્લુ' જેવા સંબોધનનો ભણકાર ક્યાંથી આવ્યો? બાગવાળા સિપાઈનો એ બોલ ન હોય! એકાએક કિશોરની આંખ ચમકી ગઈ. ભોમિયો, કોઈ સેવાભાવી મહાનુભાવ હોવો જોઈએ! નહિ તો ઘર વગરના આશ્રયહીન માનવીઓને શોધતો રસ્તે મધરાત સુધી ઊભો રહી તેમને માટે આવા સુંદર ગૃહની સગવડ કરી આપે ખરો?

અને...આ લક્ષ્મી જેવી કોણ સ્ત્રી તેની પાસે આવતી હતી? લક્ષ્મી કરતાં પણ એને ઊર્વશી કહીએ તો વર્ણન વધારે સાર્થક લાગે! પોતાની પાસે જ બેસી કાંઈ પીવાનો આગ્રહ કરતી એ સઘન સ્ત્રી દયાની દેવી હોવી જોઈએ! કિશોરે તો ચા માગી. દયાની દેવી ચમકી કેમ? હસી કેમ? ચાની કિશોરને જરૂર લાગી. ભોંય ઉપર પટકાઈને પણ નિદ્રા માગતો દેહ અને મન ચાથી જરા જાગૃત અને સાવધ બની સ્વચ્છ નિદ્રા લઈ શકે એમ તેણે ધાર્યું.

યુવતી કેટલી વિવેકી! કિશોરની સાથે તે પણ ચા પીતી હતી. કિશોરની પાસે પાંચસો રૂપિયા હતા એ યુવતીએ ક્યાંથી જાણ્યું?

પેલા ભોમિયાએ કદાચ કહ્યું હોય ! દેહ સાથે ધનનાં જતન પણ આ દેવી કરતી દેખાય છે ! હિંદમાં પણ આવો ‘ મિશનરી ’ સરખો સેવાભાવ આવતો જાય એ હિંદનું જરૂર સદ્‌ભાગ્ય કહેવાય !

‘ હા, મારી પાસે પાંચસો રૂપિયા છે. અહીં કશું જોખમ તો ન જ હોય. ’ કિશોરે કહ્યું.

દયાની દેવીએ હસીને કહ્યું :

‘ જોખમ તો બધે ખરું. આ જિંદગી પણ જોખમ જ છે ને ? ’

‘ તો આપની પાસે આટલી રકમ સાચવી રાખો. હું સવારે ઘર શોધવા નીકળીશ ત્યારે માગી લઈશ. ’ કિશોરે પોણી મિચાયલી આંખો સહ કહ્યું, નિદ્રા માટે માનસિક બાથોડિયું માર્યું, અને યુવતીના હાથમાં પૈસા મૂકી દીધા.

‘ ઘર શોધવા ? આ પૈસા ક્યાંથી લાવ્યા ? ’ ઊર્વશી સરખી યુવતીએ જરા ચમકીને પૂછ્યું.

‘ મારી પત્નીએ મોકલ્યા...એના પલ્લામાંથી ! ’ અને ઘર શોધવાનો પ્રસંગ કેમ ઉપસ્થિત થયો તે તેણે કહેવા માંડ્યું. પરંતુ પૂરી વાત કરતાં પહેલાં તે સોફા ઉપર ઢળી પડ્યો, અને તેના દેહ ઉપર કોઈએ વસ્ત્ર ઓઢાડ્યું એટલું જ તેને સ્મરણ રહ્યું.

પ્રભાતમાં તે ઊઠ્યો. અજબ અજબ સ્વપ્નો આવી ગયાં હોય એમ તેને લાગ્યું. પ્રથમ તો તેને હમણાના નિત્ય સહવાસમાં આવેલા વિશ્રાંતિગૃહનો ભાસ થયો; પરંતુ વિશ્રાંતિગૃહ આટલું સુંદર તો ન હતું !...અને પાઘડી આપી ભાડે રાખેલી આ ઓરડી પણ ન હોય ! મુનીમે કરેલા દગાને પરિણામે તેને રાત્રે ભટકવું પડ્યું. પોલીસના ધક્કા ખાવા પડ્યા અને...હા...પેલા સેવાભાવી ભોમિયાના માર્ગદર્શન વડે કિશોરે કોઈ સેવાશ્રમના સુખભર્યા, વૈભવભર્યા સ્થાનમાં નિદ્રા મેળવી હતી. એ જ આ આશ્રમ !

તેની પાસે કોઈ નાનો છોકરો ચા મૂકી ગયો. ચા પૂરી કરી

રહેતામાં પેલી દયાની દેવીએ ખંડમાં પ્રવેશ કર્યો.

'સારી રીતે સૂતા ! નહિ ?' યુવતીએ પૂછ્યું. યુવતી અત્યારે પરી સરખી દેખાતી ન હતી. વસ્ત્રોમાં ઝગમગાટ ન હતો; પરંતુ યુવતી એ જ હતી !

'હા જી. આપની ભારે કૃપા થઈ. એક ઘરવિહીનને...'

'આપની આ રકમ. ગણી લો.' યુવતીએ કહ્યું.

'ગણવાની જરૂર નથી.'

'હું કહું તેમ કરો. ગણીને લો.'

કિશોરે ઝડપથી રકમ ગણી લીધી. પાંચસો ને એક રૂપિયાની નોટો બરાબર થઈ રહી.

'બરાબર છે.' કિશોરે કહ્યું.

'વારુ. હવે ઘર જોવા આપ જઈ શકો છો.'

'અને ઘર ન મળ્યું તો?' કિશોરે પૂછ્યું.

'બેવકૂફનો સરદાર ! આવજે, ઘર ન મળે તો ! સારું થયું કે તું એક કુલીન ઘરમાં આવ્યો ! નહિ તો આ તારા પાંચસો રૂપિયા મફત ચાલ્યા જાત.' અત્યંત હસીને પેલી સ્ત્રી બોલી.

કિશોરને એ સ્ત્રીનું હાસ્ય બહુ ન ગમ્યું. એમાં કિશોરની મૂર્ખાઈ પ્રત્યે હાસ્ય હતું; પરંતુ કિશોરે એવી કઈ મૂર્ખાઈ કરી હતી?

'તો...હું કોના સેવાશ્રમમાં આવ્યો છું ?' કિશોરે પૂછ્યું

'નીચે જઈ કોઈને પૂછી જોજે.' યુવતીએ કહ્યું.

—અને ખરે ! નીચે ઊતરતાં જ તેને તેનો એક સંબંધી મિત્ર મળ્યો—જેણે તાર કરી પોતાને ત્યાં કિશોરને ઉતારવાની અશક્તિ જણાવી દીધી હતી. બીજાની નૈતિક સુધારણા માટે માનવજાતને ભારે કાળજી રહે છે. આશ્ચર્યપૂર્વક મિત્રે પૂછ્યું :

'તું ? કિશોર ? અહીં ક્યાંથી ?'

'હું ? આ ઉપરના માળેથી આવ્યો !' કિશોરે જવાબ આપ્યો.

'એ તો વેશ્યાગૃહ છે ! તને ખબર નથી ? એ નીચ...'

'મને એટલી ખબર પડી કે મુંબઈના ઘરમાલિકો કરતાં વેશ્યાઓ ઓછી નીચ છે.'

'એટલે ?'

'એટલે એમ કે માલિકોની માફક વેશ્યાઓ ગૃહપ્રવેશમાં પાઘડી નથી માગતી.' કિશોરે કહ્યું અને આગળ ચાલવા માંડયું. એને કહેવાનું મન થયું ખરું કે મિત્રો કરતાં એ નીચ વર્ગ ઊંચો તો છે જ; પરંતુ એટલું કથન એણે હજી મુલતવી રાખ્યું છે.

કારણ, મિત્રના સૂચને તેને ગઈ રાત્રિના અનુભવોનો ઉકેલ આપ્યો. અને એ ઉકેલમાં ગણિકાના મુખેથી ઉચ્ચારાયલો 'કુલીન' શબ્દ અર્થ સાથે તેને સમજાયો. કુલીનતા રહી હોય તો તે ગણિકાઓના જ વર્ગમાં; બીજે બધેથી એ લુપ્ત થઈ ગઈ છે.

# આદર્શઘર્ષણ

૧

દાદી હરિકુંવર બહુ જૂના જમાનાનાં હતાં, એટલે કે તેઓ ધર્મચુસ્ત હતાં, ઈશ્વર તેમ જ હિંદુ ધર્મે આગળ કરેલાં બધાં જ દેવદેવીઓને માનતાં હતાં, ભૂતપ્રેતના અસ્તિત્વમાં તેમને શ્રદ્ધા હતી, કથાશ્રવણ અને દેવદર્શનમાં તેઓ મહાપુણ્યકર્મ નિહાળતાં અને યાત્રા, વ્રત, શ્રાદ્ધ, સંવત્સરી એ સર્વ આવશ્યક ધર્મકાર્યો ગણી તેનું બરાબર પાલન કરતાં.

તેમનો પૌત્ર રમેશ સારું ભણીગણી એક અમલદાર બન્યો. એને ઈશ્વરમાં શ્રદ્ધા ન હતી. દેવદર્શનમાં તે માનતો નહિ અને કર્મકાણ્ડ પ્રત્યે તેને બિલકુલ આસ્થા ન હતી; છતાં સત્ય અને પ્રામાણિકપણા માટે તેનો જબરદસ્ત આગ્રહ હતો.

એ ભણતો હતો ત્યારે ગાંધીયુગે તેના ઉપર ખૂબ અસર કરી હતી. ગાંધીજીની ધાર્મિકતા પણ તેમના અનુયાયીઓને મૂર્તિપૂજનને સ્થાને વ્યાપક ઈશ્વરી તત્ત્વને માનવા તરફ વધારે વાળતી હતી. રમેશમાં એ ગાંધીવાદી ધાર્મિકતા પ્રત્યે ઉદાસીનતા પ્રવર્તતી; જોકે સત્ય અને પ્રામાણિકપણાનો તેનો આગ્રહ વધતો ચાલ્યોને દાદીએ તે

ઉછેરેલો હતો, કારણ કે તેની બાલ્યાવસ્થામાં જ તેનાં માતાપિતા ગત થયાં હતાં.

રમેશને પોતાની દાદી પ્રત્યે અત્યંત સદ્‌ભાવ હતો અને રમેશ દાદીને મન આંખની કીકી કરતાં પણ વધારે કિંમતી હતો. રમેશને ભણાવવામાં તેમ જ તેને પરણાવવામાં દાદી હરકુંવર એકલાંની જ સહાય હતી. રમેશ નવા યુગનો હતો એ વાત ખરી, પરંતુ તેને નવી ઢબના પ્રેમી બનવાનું મહત્ત્વ પ્રાપ્ત થયું ન હતું.

માબાપ વગરના છોકરાનો વિવાહ હરિકુંવરે બાળપણથી કરી નાખ્યો હતો, અને સારું ભણતર ભણતા રમેશની સાથે વિવાહિત કન્યાનાં લગ્ન કરવામાં કન્યાનાં માબાપને કશો વાંધો પણ ન હતો. એટલે વગરહરકતે જૂની ઢબે, હરિકુંવરના અત્યંત આનંદ વચ્ચે રમેશનાં લગ્ન પણ થઈ ગયાં. એ લગ્નપ્રસંગે હરિકુંવરની આંખોમાંથી પડેલાં હર્ષ અને શોકનાં અશ્રુ રમેશ કદી ભૂલી શક્યો ન હતો.

રમેશ ભણતો હતો ત્યારથી તેને દાદી સાથે વિચારભેદ તો રહ્યા જ કરતો હતો. દાદીની ચોખ્ખાઈનો આગ્રહ તેને માન્ય હતો; પરંતુ એ ચોખ્ખાઈમાં મુક્તિ અને ઈશ્વર મળવાના સંભવો તેને બહુ દેખાતા નહિ, અને દાદીની કડક અંબોળમાં તેની બુદ્ધિ બહુ કામ કરતી નહિ. જમતાં પહેલાં નહાવું એ સમજી શકાય; પરંતુ નહાયા પછી સુતરને તાંતણે અડકાય તો કપડાં સાથેનો આખો દેહ કયા કારણે ભ્રષ્ટ બની જાય એ તેના ખ્યાલમાં આવતું નહિ. શાળામાં તે મુસલમાન અને અંત્યજ બધાંને અડકતો; પરંતુ અંત્યજને અડક્યાની તેણે દાદીને વાત કરી, અને દાદીએ તેને માથાબોળ કપડાં સાથે નવરાવ્યો ત્યારે એ સ્નાનથી કાયમની વિશુદ્ધિ મળી જાય અને અંત્યજને અડકીને ફરીથી નહાવું નહીં, એવી ઇચ્છા તેના મનમાં થઈ આવી !

નહાવાનું તો ચલાવી લેવાય; પરંતુ દાદીએ મુસલમાન અને ઢેડનો સાથે બેસાડતા શિક્ષકો, શાળાઓ અને શાળાઓ ચલાવતી

સરકારને ગાળોના વરસાદથી નવાજ્યાં ત્યારે રમેશને દાદીનું એ વલણ બહુ ગમ્યું તો નહિ. તેના મનમાં એક વિચાર તો જરૂર આવ્યો કે અંત્યજનો સ્પર્શ આટલી બધી ગાળોને પાત્ર તો ન જ હોવો જોઈએ.

રમેશ મોટો થતો ગયો તેમ તેમ તેણે દાદીથી અણગમતી વાતો છુપાવવા માંડી. પારસી કે મુસલમાનને અડકી તે પાણી પીતો ત્યારે તે ઘેર આવીને દાદીને વાત કરતો નહિ. એક અંત્યજ વિદ્યાર્થી તેની સાથે ક્રિકેટ ટીમમાં રમતો હતો એ વાત રમેશના કોઈ શુભેચ્છકે તેની દાદીને કરી ત્યારે કૉલેજમાં ભણતા રમેશની ખબર દાદીએ લઈ નાખી. ઘરમાં પ્રવેશ કરતાં બરાબર હરિકુંવરે જરા સખ્તાઈથી કહ્યું :

'જરા ઊભો રહે. કપડાં સોતો નાહી નાખ અને પછી ઘરમાં આવ.'

'કાંઈ કારણ, મોટી મા ? સ્નાનસૂતક તો નથી ને ?'

'હોય તો યે તમારે ક્યાં પાળવું છે ? તમે બધાંય થઈ જાવ ખ્રિસ્તી, મુસલમાન અને ઢેડ. એટલે દુનિયા જાય રસાતાળ !'

'એવું કાંઈ બન્યું નથી, મોટી મા !'

'મારા આગળ તું જૂઠું ન બોલીશ. તું એક ઢેડના છોકરા સાથે દડીમાર રમ્યો છે તે મેં બરાબર જાણ્યું છે. ધર્મની બાબતમાં તું મને ન છેતરીશ; બીજું ફાવે તે કરજે.'

રમેશને નહાવું પડ્યું. જોકે તેણે દાદીને સમજાવ્યાં કે એની સાથે રમનાર કોઈ ઢેડ હતો જ નહિ; પરંતુ એ છોકરાનો બાપ અંત્યજોમાં લેણદેણ કરતો હતો માટે તે જાતે ઢેડ કહેવાતો હતો એટલું જ – અને તેણે આગળ દલીલ પણ કરી :

'મોટી મા ! કયા શાસ્ત્રમાં અંત્યજને ન અડકાય એવું કહ્યું છે ?'

'તે શાસ્ત્રમાં લખ્યા સિવાય આ બધા આચાર બંધાયા હશે, ખરું ને ? આપણા પૂર્વજો ઘેલા ન હતા !'

'હું કબૂલ કરું છું પણ આપણા પૂર્વજોએ કોઈ શાસ્ત્રમાં લખ્યું નથી કે અંત્યજોને અડકવું નહિ. તમે, મોટી મા ! પેલા ચંડાલ અને શંકરાચાર્ય વચ્ચેનો સંવાદ દરરોજ સંસ્કૃતમાં બોલો છો ને... !'

'મારે જીભાજોડી ન જોઈએ.એ ચાંડાલ તો ધર્મરાજા હતા !' હરિકુંવરે દલીલ અટકાવી રમેશને કહ્યું. ત્યાર પછી રમેશ દાદીને ચીઢવવા પણ દલીલ કરતો નહિ. આચારની બાબતમાં એ પોતાને માર્ગે જતો; ફક્ત દાદીને લાગતી આચારભ્રષ્ટતા એ દાદીને જાણવા દેતો નહિ. મોંઘા પૌત્રને દાદી પણ દિવસે દિવસે ધર્મની બાબતમાં ઓછું ડરાવતાં પહેરવામાં, ઓઢવામાં, જમવામાં, સ્પર્શાસ્પર્શમાં તેમણે પૌત્રને માટે અજબ ઉદારતા ધારણ કરવા માંડી અને રમેશનાં આચારસ્ખલનોમાં તેમણે પૌત્રના દોષ કરતાં સમયનો વધારે દોષ જોવા માંડ્યો. છતાં કોઈક કોઈક વાર બન્ને વચ્ચે આચારઘર્ષણ થઈ જતાં ખરાં.

૨

તેમાં યે જ્યારે રમેશ ઠીક ઠીક નોકરીમાં દાખલ થઈ ગયો ત્યારે આચારભિન્નતાના પ્રસંગો વધવા લાગ્યા. મોટા ભાગના ભણેલાઓના ભાગ્યમાં મોટે ભાગે નોકરી લખાયલી હોય છે, અને રમેશ એમાં અપવાદરૂપ ન હતો. નોકરીમાં મુસલમાનને મળવું પડે અને ઢેડને પણ મળવું પડે.

હરિકુંવરની નવા યુગ સાથે મોટામાં મોટી તકરાર એ પ્રકારની હતી. છોકરાઓ દેવસેવા ન કરે, ટીલાંટપકાં ન તાણે, અંઘોળ બહુ ન પાળે તે ચલાવી લેવાય એવી ક્ષતિઓ હતી; પરંતુ સ્પર્શાસ્પર્શ અને ભેળસેળ ભોજન એ હરિકુંવરને મન મહાપાપરૂપ હતાં, જે પાપની ક્ષમા ઈશ્વર કદી આપશે કે નહિ એ વિષે હરિકુંવરને બહુ ઊંચો જીવ રહેતો. તેઓ ઘણી વાર કહેતાં :

'દીકરા ? આમ તો તું મારા ઘરનું રતન છો; પણ આ બધો ભ્રષ્ટાચાર... અંગ્રેજોએ તો બધું ઊંધું વાળ્યું જ હતું; પરંતુ આ તમારા ગાંધી મહાત્માએ તો ધર્મનું સત્યાનાશ વાળ્યું છે!'

'મોટી મા ! રોહીદાસ ચમાર હતા, દામાજી મહાર હતા...'

'તું વાત ન કરીશ. ગધેડાને તાવ આવે એવી. એ બધાય મહાત્માઓને આપણે પગે લાગીએ. એમણે ભગવાનને ભજવાનું કહ્યું છે, કાંઈ ઢેડ ભેગા બેસીને જમવાનું કહ્યું નથી.'

આવી વાતોચીતો, આવી દલીલો અને આવા વાદવિવાદ કદી કદી દાદી અને પૌત્ર વચ્ચે ચાલ્યા કરતા; પરંતુ એકંદરે આવા પ્રશ્નો ન જાગે એવી કાળજી વૃદ્ધ તથા યુવાન બંને પક્ષ તરફથી રહેતી.

બંનેના મનમાં એક જ ચણચણાટ રહી જતો :

'દાદી આટલાં સમજણાં છે તો પછી આ સ્પર્શાસ્પર્શ અને ભક્ષ્યાભક્ષ્યમાં ઉદાર કેમ થઈ શકતાં નહિ હોય ?'

અને દાદીને એમ વિચાર વારંવાર આવ્યા કરતો હતો કે 'દીકરો આવો સુશીલ, ભણેલો અને સંસ્કૃતના શ્લોકો કડકડાટ બોલે એવો, છતાં એને સ્પર્શાસ્પર્શ અને ભક્ષ્યાભક્ષ્યની જરા યે છોછ કેમ રહેતી નથી ?'

અનાજની માપબંધીએ આ મતભેદ વધારવામાં એક પ્રસંગે ભયંકર ભાગ ભજવ્યો. અનાજને પડીકે બંધાવનાર મહાસભાની ગાંધીવાદી સરકાર માત્ર હરિકુંવરની જ નહિ; પરંતુ તે સિવાયના કંઈકની ગાળો ખાય એ સ્વાભાવિક છે. હરિકુંવર અન્નદાનને મહાદાન ગણતાં, અને આતિથ્ય ભાવનામાં પૂરાં ઝબકોળાયેલાં રહેતાં.

'ભાઈ ! દુકાળના પણ દિવસો જોયા અને જૂના દુકાળની વાત પણ સાંભળી. પણ મૂઠી અનાજ દાન ન આપશો એવું તો કોઈ જુલમગારે પણ કહ્યું નથી.'

'મોટી મા ! જુઓ ને આજનો સમય બહુ પલટાયો છે. પરદેશથી અનાજ આવતું નથી, અને આપણા લોકો પૂરું પકવતા

નથી...' કહી તેણે ભારતવર્ષના આધુનિક અર્થશાસ્ત્ર વિષે ન સમજાય એવા કેટલાક સિદ્ધાંતો સમજાવવા માંડચા. વૃદ્ધ પિતામહીએ આમાંથી એક જ સિદ્ધાંત તારવ્યો :

'સો વાતની એક વાત...આપણા લોકોને રાજ ચલાવતાં જ આવડતું નથી.

સરકારી નોકરી કરતા રમેશને એ વાત સાચી લાગતી હોય તોપણ એ કથનની 'હા' પડાય એમ ન હતું. ઉદારતાપૂર્વક હરિકુંવરે પણ દાનધર્મ કરવાં ઘટાડી દીધાં. એટલું જ નહિ; પરંતુ તેમણે પોતાનાં વ્રત પણ વધારી દીધાં. એક દિવસ તેઓ ઘઉં બચાવે, બીજે દિવસે ખાંડ વગરની ચા પીએ અને ત્રીજે દિવસે ઘી વગરનું લૂખું ખાય. ક્યાંય સુધી તો તેમણે ચોખા વગર ચલાવ્યું ! અને એક દિવસ રમેશને દાદીના ભોજનસંકોચની ખબર પડી. તેણે કહ્યું :

'મોટી મા ! તમે હમણાં બરાબર જમતાં કેમ નથી ?'

'જમું છું ને ભાઈ ! જે જમાય છે તે !'

'ના ના, મને ખબર પડી છે કે તમે વચમાં વચમાં ચોખા મૂકી દો છો, ઘઉં મૂકી દો છો, ઘી લેતાં નથી અને ખાંડ વગર ચલાવો છો. આપણા જેટલા માણસોનું પૂરું થાય એટલું અનાજ તો મળે છે; પછી આનું શું કારણ ?'

'કારણ કોઈક દહાડો કહીશું.' કહી પૌત્રને હરિકુંવરે હસી કાઢયો. જોકે કારણ જાણવાનો પ્રસંગ રમેશને બહુ વહેલો આવી ગયો. શ્રાદ્ધપક્ષના દિવસો આવ્યા અને હરિકુંવરે રમેશને બોલાવી કહ્યું :

'જો, આ પિતૃપક્ષમાં બીજને દિવસે પાંચ બ્રાહ્મણ, ચોથને દિવસ છ બ્રાહ્મણ, નવમીને દિવસે બ્રહ્મકન્યાઓને જમાડવાં પડશે.'

'મોટી મા ! એ તો ન બને; કાયદો ના પાડે છે. વધારાનું અનાજ કોઈ આપે જ નહિ !'

'પરંતુ ભૂખી રહીને મેં અનાજ બચાવ્યું હોય તો ય કોઈને જમાડાય નહિ ?' દાદીએ કહ્યું.

'જુઓ ને મોટી મા! આપણે સરકારી નોકર રહ્યા. જમણ-વાર કરીએ તો ખરીખોટી અરજીઓ પણ લોકો કરે. શું કરવાને એવી આફતમાં આપણે ઊતરવું?'

'વારુ; ત્યારે તમારા રામરાજ્યમાં ખોટી અરજીઓ થાય ખરી?' કહી દાદીએ વાત પડતી મૂકી; પરંતુ પિતૃપક્ષના દિવસો આવતાં રમેશને ખબર પડી કે દાદીએ બ્રાહ્મણોને બોલાવી તેમને સીધાં આપી દીધાં હતાં. રમેશે એ બદલ વાત શરૂ કરી ત્યારે હરિકુંવરે તેને સાંભળવાની ધસીને ના પાડી.

'પિતૃઓને અતૃપ્ત રાખી મારે તારા કાયદા પાળવા નથી. હું દાનધર્મ નહિ કરું; પરંતુ પિતૃનું ઋણ તો માથે રખાય જ નહિ. અને હું બ્રહ્મભોજન માટે વધારાનું અનાજ ક્યાં તારી – સરકારની પાસે માગું છું? એ તો મેં ભૂખી રહીને બચાવેલું અનાજ છે!'

'પણ મોટી મા! એ ન ચાલે. જે બ્રાહ્મણોએ આપણું અનાજ લીધું એ બ્રાહ્મણોએ કાયદેસર રીતે તે દિવસનું અનાજ સરકારને પાછું સોંપવું જોઈએ.'

'અરે! ચાલ, મોટા સરકારવાળો! સત્યવાદી હરિશ્ચંદ્ર હો તો જા, મારી ઉપર અને બ્રાહ્મણ ઉપર ફરિયાદ કર.'

રમેશે હજી સુધી દાદી ઉપર કે બ્રાહ્મણો ઉપર ફરિયાદ માંડી કે મંડાવી નથી. તે પોતે જ એક માપબંધીનો અમલદાર હતો અને બહુ પ્રામાણિક માપબંધીનો અમલદાર હતો. પોતાનાં દાદીમા અને બ્રાહ્મણોનો ગુનો માપબંધીના કયા કાયદાની કઈ કલમ વિરુદ્ધનો ગુનો બને એ તેણે મહેનત લઈને શોધવા માંડ્યું હતું.

અનાજની અંદર અંદર આપલે કરવી એ તો કોઈ સંજોગોમાં ગુનો થાય છે એ તે જાણતો હતો. ભૂખ્યાં રહીને પણ બચાવેલું અનાજ કોઈને આપી શકાય જ નહિ, અને એ આપ્યું હોય તો તે લેનારનું તે દિવસ પૂરતું રેશન સરકારમાં જમા થવું જ જોઈએ એમ તેનો કાયદો તેને વારંવાર કહ્યા કરતો હતો. ક્ષણભર

દાદી ઉપર પણ ફરિયાદ માંડવા ઉત્સુક બનેલા તેના અતિન્યાયી હૃદયે એક જ સમદષ્ટાંતને કારણ ફરિયાદ કરવાનું મુલતવી રાખ્યું. પ્રધાનો અને મહાન અમલદારો જે દિવસે રાજધાનીમાં કે બહાર મુસાફરીમાં મિજબાનીઓ મેળવે છે તે દિવસના ટંકનું અનાજ તેઓ સરકારમાં પાછું ભરે છે ખરા?

પ્રધાનો અને ઉપરી અમલદારો નિવૃત્ત થાય ત્યાર પછી કાયદાનો આ ગૂંચવણભર્યો પ્રશ્ન તેમની સમક્ષ લઈ જવો, એવો ડહાપણભર્યો માર્ગ તેને જડવાથી તેણે પોતાની દાદી વિરુદ્ધ અને બ્રાહ્મણો વિરુદ્ધ માપબંધીનો કાયદો તોડ્યાની ફરિયાદ હજી સુધી દાખલ કરી નથી; જોકે, તેના પ્રામાણિક દિલમાં શ્રાદ્ધપક્ષ ખૂંચે છે બહુ!—અને સાથે સાથે પ્રધાનો અને મહા અમલદારોના કાયદાપાલન વિશે તે મૂંઝવણ પણ અનુભવે છે બહુ!

# માંદગી કે પાપ?

૧

રસિક આમ તો સારું ભણતો. વર્ગમાં જ્યારે જોઈએ ત્યારે તે ઊંચે નંબરે જ હોય. વર્ગમાં તેનું કાંઈ તોફાન નહિ. શીળી, સુંવાળી ઢબે તે પોતાનો અભ્યાસ કરતો. તોફાનમાં કદી તેનું નામ સુધ્ધાં આવતું નહિ. આવો વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીઓનો તો નહિ; પરંતુ શિક્ષકોનો તો જરૂર માનીતો થઈ પડે છે. વર્ગમાં ઊંચે આવવાની ધગશને લઈને તેણે રમતગમત કે તોફાનની તરકીબોમાં કાંઈ રસ લીધો નહિ. તોફાની અને રમતમાં આગેવાની ભોગવનાર વિદ્યાર્થીઓ વર્ગમાં બહુ જ માનીતા થઈ પડે છે. સાથે સાથે સારું ભણનાર વિદ્યાર્થીઓ પ્રત્યે પણ સામાન્યતઃ સહુની કૂંણી લાગણી હોય છે.

આમ શિક્ષકોમાં તેમ જ વિદ્યાર્થીઓમાં રસિક માનીતો હતો.

સારો અભ્યાસ કરતો દીકરો માબાપનો પણ સહજ માનીતો હોય. તેમાં ય તે માતાપિતાનો મોટો પુત્ર હતો, એટલે તેના તરફ માતાપિતાની મમતા પણ વધારે રહે, અને તે જલદી અભ્યાસ પૂરો કરી કુટુંબપોષણમાં ઉપયોગી થઈ પડે એવી માતાપિતાની આશાનું કેન્દ્ર પણ તે બની ચૂક્યો હતો. ગરીબ માબાપના ઘરમાં રસિકનું

સ્થાન માનભર્યું હતું. સ્વાભાવિક રીતે રસિકનું મન મનાવવા તરફ માબાપની વૃત્તિ વધારે રહેતી. ખાવાપીવામાં, પહેરવા-ઓઢવામાં બીજાં બાળકો કરતાં તેને અગ્રત્વ મળતું હતું. ઊંચા મધ્યમ વર્ગને અને તવંગર વર્ગને ઘરનાં બાળકોમાં આવો તફાવત કેમ રાખવામાં આવે છે તે ન સમજાય એ સ્વાભાવિક છે. એ સમજવા માટે ગરીબી જ બહુ સાચી દૃષ્ટિ આપી શકે એમ છે.

કુટુંબમાં ત્રણચાર બાળકો હોય; કુટુંબના કમાનારને બહુ ઓછો પગાર અને ઓછી સત્તાવાળી નોકરી કરવાની હોય; બહેન-ભાણેજનાં પોષણ કરવાનાં હોય; મે'માનો સાચવવાના હોય; સમાજમાં પ્રતિષ્ઠા રહે એ પ્રમાણે કરા-વરા કરવાના હોય; એવાં કુટુંબોમાં પોતાનાં જ બાળકો પ્રત્યે ભેદભાવ ભરેલું વર્તન અનિવાર્ય બને છે. એ પરિસ્થિતિને વખોડનાર સહુ કોઈએ ગરીબી અનુભવ્યા વગર ટીકા ન કરવી જોઈએ.

એટલે રસિકભાઈ માટે દૂધ લેવાય, રસિકભાઈ માટે સારાં કપડાં લેવાય, અને સરસમાં સરસ થાળીપાટલો અપાય, એનું દરેક રીતે મન મનાવાય, અને ઘરનાં બાળકોના માનને ભોગે રસિકભાઈનું માન સચવાય એવી ઘરમાં રીત પડી હતી. રસિકના પિતા અનેક યુવકોના પિતાની માફક ગરીબ હતા, કારકુની કરતા હતા. તંગીમાં કુટુંબગુજારો કરતા. હતા રસિકભાઈ ઝડપથી ભણી રહે એવી આશામાં રસિકભાઈ ઉપર આવકનો સારો ભાગ ખર્ચતા હતા. માતાનો પણ રસિક માનીતો પુત્ર. એનાં ભાંડુઓમાં પણ એ ભાવ સ્પષ્ટપણે ઠસાવવામાં આવ્યો હતો. રસિકભાઈની બરોબરી કોઈથી થાય નહિ! નાનાં બાળકોએ એ કબૂલ કરી લીધું.

રસિક જેમ જેમ આગળ ભણતો ગયો, ઘરમાં તેમ જ શાળામાં વધારે અને વધારે માનીતો ગણાતો ચાલ્યો, તેમ તેમ એના મનમાં એનું પોતાનું મહત્ત્વ પણ ઠીક ઠીક વધતું ચાલ્યું. પહેલા નંબરથી – ક્રમથી નીચે તેનાથી આવી શકાય જ નહિ એવો તેના મનમાં આગ્રહ

સ્થપાઈ ચૂક્યો હતો. અને મનનો આગ્રહ માનવીને સફળતા પણ અર્પે છે. રસિક બધી જ પરીક્ષાઓમાં પહેલે ક્રમે આવતો. તેનું અહં શિક્ષકો પણ પોષતા, અને કુટુંબ પણ પોષતું. એને મળતી સ્કોલરશિપ કુટુંબની ઝંખનાપાત્ર આવક પણ કદી કદી બની રહેતી. જેને લઈને રસિકને મળતા દૂધમાં, રસિકને મળતા ઘીમાં, એને એકલાને મળતી ચામાં અને એને એકલાને મળતાં વાસણમાં વધારો થતો. રસિકે પણ વિચારવા માંડયું કે તેના પ્રત્યેનું પક્ષપાતી વલણ એ તેનો હક્ક હતો. આવડત, અક્કલ અને હુશિયારીને સમાજે ખંડણી આપવી જ જોઈએ.

બાળકો જેમ જેમ મોટાં થાય તેમ તેમ આ ભેદભાવને સમજે અને તેનાથી નારાજ થાય એ સ્વાભાવિક છે. પરંતુ એ પરિસ્થિતિ અટકાવવા માતાપિતા બીજાં બાળકોથી રસિકને છાનામાના પણ મહત્ત્વ આપતાં હતાં, અને આવા ભેદભાવને માટે પોતાની કસનસીબીને, પોતાની ગરીબીને દોષ આપતાં હતાં.

૨

સારે નંબરે મૅટ્રિક્યુલેશનમાં પાસ થઈ રસિક કૉલેજમાં ગયો. કૉલેજમાં પણ તેનું ચિત્ત અભ્યાસમાં જ સંપૂર્ણપણે રોકાયું હતું, છતાં અભ્યાસમાં થોડો ભાગ પડાવનાર એક પ્રસંગ ઊભો થયો. માનવીને રસિકતા વરી હોય કે ન વરી હોય, માનવીને ઉદ્દેશો અને આદર્શોની ધૂન લાગી હોય કે ન લાગી હોય તો પણ જાતીય આકર્ષણનો સંચાર માનવીના હૃદયમાં થયા સિવાય રહેતો નથી; પછી તે માનવી સ્ત્રી હોય કે પુરુષ હોય, અભ્યાસ પ્રત્યે જ ધ્યાન રાખી રહેલા રસિકને લાગ્યું કે અભ્યાસ જેટલી જ આકર્ષક યુવતીઓ હોઈ શકે છે! કૉલેજમાં પણ રસિક ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થી તરીકે જાણતો થઈ ચૂક્યો હતો, અને હવે તો તે કૉલેજિયન બની ગયો હતો; એટલે માબાપ, ભાઈભાંડુ અને પડોશીઓમાં તેનું મહત્ત્વ વધી જાય એમાં

નવાઈ નહિ. તેના પોતાના મનથી પણ તેનું મહત્ત્વ વધી ગયું હતું જ. પ્રથમ નંબરે પાસ થનાર વિદ્યાર્થી સામે આખી દુનિયાએ હાથ જોડી ઊભા રહેવું જોઈએ એવો ખ્યાલ તેના મનમાં વધારે અને વધારે સ્પષ્ટ થતો જતો હતો.

સાથે સાથે તેને એ ખ્યાલ પણ આવવા માંડ્યો કે તેના સરખો તેજસ્વી વિદ્યાર્થી જે યુવતી તરફ નજર નાખશે તે યુવતી તેની સાથે કાંઈ પણ પૂછ્યાગાછ્યા વગર એકદમ પ્રેમમાં પડી જશે. રસિક જાતે તોફાની ન હતો, અને તોફાની છોકરીઓ તેને બિલકુલ પસંદ ન હતી; પરંતુ તેને પોતાને પોતાના વર્ગમાં ભણતી એક તોફાની યુવતી ગમી ગઈ. એનું નામ રંજન.

પ્રેમપ્રકાશનને, એટલે પ્રેમ–publicity–જાહેરાતને સમયાનુકૂળ માર્ગ મળે છે. કોલેજો ન હતી ત્યારે પણ કૂવા, તળાવ, નદીનાં એકાંત, બાગબગીચા કે મંદિર-ધર્મશાળાઓ પ્રેમપ્રકાશનનાં ઠીક ઠીક સાધન આપી રહેતાં હતાં. કોલેજમાં પ્રેમપ્રકાશનનાં વધારે સાધનો મળી આવે. અભ્યાસની પૂછપરછ ચોપડીઓ તથા 'નોટ્સ'ની આપ–લે. યુનિયનમાં મત મેળવવા માટેનું પ્રાથમિક શિક્ષણ, ભેગાં મળતાં 'જયહિંદ' અને પાછા વળતાં 'વંદેમાતરમ્': એ બધાં સાધનો ભણતાં યુવકયુવતીઓમાં પ્રેમપ્રદર્શનની ડોકાબારીઓ બની જાય એ સહજ છે.

આવી એક ડોકાબારીમાંથી તેણે તોફાની યુવતી રંજન પ્રત્યે પ્રેમ પ્રદર્શિત કર્યો. ઊંચી કક્ષાના વિદ્યાર્થી પ્રત્યે સહુને માન હોય એ સ્વાભાવિક ગણાય; પરંતુ ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીને કોલેજની પ્રત્યેક છોકરીએ પ્રેમ કરવો જ જોઈએ એવો નિયમ હજી ઘડાયો દેખાતો નથી. પરીક્ષકોને મન પહેલો આવે એવો માનીતો રસિક રંજનને પ્રેમાર્પણ માટે પહેલો લાગે એવો દેખાયો નહિ; એટલે શરૂઆતમાં વિનયવિવેકથી અને આગ્રહ થતાં મશ્કરીતોફાનથી રંજને રસિકને જણાવી દીધું કે તે રંજનની પરીક્ષામાં પ્રથમ નંબરે તો નહિ

જ; પરંતુ એકેય નંબરે પસાર થાય તેમ ન હતું.

પ્રેમમાં નિષ્ફળ નીવડનારને આઘાત થવો જ જોઈએ. તોફાનીની નિષ્ફળતા તેને બીજા પ્રેમપ્રયોગમાં દોરે છે; એથી ઓછા તોફાનીની નિષ્ફળતા તેની પાસે કવિતાઓ લખાવે છે કે શ્વાસનિઃશ્વાસ લેવરાવે છે; અને નિર્માલ્યોની નિષ્ફળતા તેમને પથારીવશ બનાવે છે. પરીક્ષામાં પ્રથમ આવનાર રસિક પ્રેમપરીક્ષામાં નિષ્ફળ નીવડતાં બે-ત્રણ-ચાર માસની વિરહવેદના ભોગવી અંતે પથારીવશ બની ગયો. માબાપના મોંઘેરા પુત્રને અને પરીક્ષકોના મહામાનીતા પરીક્ષ્યને કોઈ પણ રીતિથી પ્રેમની ના પાડી શકાય જ કેમ ? એ પ્રશ્ન જેના હૃદયમાં ઊભો થાય છે તેને પછીથી દુનિયા બધી યે બાબતમાં સતત ના જ પાડ્યા કરે છે.

સુકાતો જતો રસિક માબાપની ચિંતાનો પણ વિષય બની ગયો. ભણવામાં ઓછું લક્ષ આપવા, તબિયતની વધારે કાળજી રાખવા આવા પુત્રને કહી શકાય તેટલું માબાપે કહ્યું, અને અંતે તે જ્યારે પથારીવશ થયો ત્યારે એકદમ ગભરાઈને માબાપે મોટામાં મોટા ડૉક્ટરોની સારવાર આપી. મોટા ડૉક્ટરોની સારવાર એટલે ભારેમાં ભારે ફી, તેમની મોટરકારની મુસાફરી, ગભરાવી નાખે એવી અને નાનામાં નાના કાગળ ઉપર મોંઘામાં મોંઘી દવાઓની યાદી! મહા ડૉક્ટરની સારવાર આટલેથી બસ થતી નથી. ખોરાકમાં પણ તેઓ એવી નવી નવતેરી વસ્તુઓ બતાવે કે જે મોંઘી હોય, એટલું જ નહિ પણ મહા મુશ્કેલીએ મળે એવી હોય. માખણ અને મોસંબીનો રસ તો તેમની દવા જેટલાં જ મહત્ત્વનાં ગણાય; અને આવા મોંઘા આશાસ્પદ પુત્ર માટે માતાપિતાએ આ દવાઓ અને આ ખોરાક તેને આપવો જ રહે. રસિકને પણ લાગ્યું કે તેના પોતાના મહત્ત્વ પ્રમાણે જ મોટા ડૉક્ટરને બોલાવવા જોઈતા હતા. અને તેને માટે આવી મોંઘી દવાઓ, અને મોંઘા ખોરાક નિર્ણીત કરવાં જ જોઈતાં હતાં.

એક માસ થયો, બે માસ થયા, ત્રણ માસ થયા, છતાં લાડીલો રસિક હજી પૂરો સાજો થતો ન હતો. ડૉકટરોને ત્યાં દવાઓની ખોટ હોતી નથી. પીવાની દવાથી ન પતે તો તેઓ ગળવાની દવા આપે, અને ગળવાની દવા પૂરી અસર ન કરે તે પહેલાં તેઓ ઇન્જેકશન આપવાની સૂચના કરે. જૂનાં દર્દો એકબે ઇન્જેકશને મટતાં; પણ નવાં દર્દો છ, બાર, ચોવીશ કે અડતાળીશ ઇન્જેકશનોનો ક્રમ માગી જ લે છે. અને રસિક જેવા મહાન પુત્ર માટે તો અડતાળીશ સોયો-વાળી દવાની જ જરૂર હોય ને ?

ગરીબ માબાપે રસિકની બહુ જ કાળજીપૂર્વક દવા કરી. તેમણે પોતાનો ખોરાક ઘટાડયો; તેમણે પોતાનાં બીજાં બાળકોનો ખોરાક ઘટાડયો : કપડાં પહેરવા-ઓઢવામાં પણ કર કસર કરી—ગરીબ ઘરમાં કાંઈ કર કસર થઈ શકતી હોય તો ! રસિકની તબિયત જેમ જેમ આછી સુધરતી ચાલી તેમ તેમ ડૉકટરે માબાપને વધારે કાળજી રાખવા તેની દેખતાં જ સૂચના આપી. રોગ ન થાય એના કરતાં પણ મટતો રોગ ફરી ઊથલો ન ખાય એ વાત વધારે મહત્ત્વની ગણાય; એટલે હજી પણ રસિકને મોંઘી પૌષ્ટિક દવા અને એથી યે મોંઘો પૌષ્ટિક ખોરાક ચાલુ રાખવાનો હતો. ધીમે ધીમે રસિકની તબિયતમાં સુધારો દેખાવા લાગ્યો; પરંતુ તેના પિતાનો દેહ વધારે અને વધારે ઘસાતો ચાલ્યો. જે તરફ લક્ષ દોરવાની ઘરમાં કોઈને પણ જરૂર લાગી નહિ. મોંઘાં કૉલેજિયન પુત્ર માંદો હોય ત્યાં બીજા સહુએ ભોગ આપવો જ રહ્યો !

૩

એક રાત્રે રસિક સૂતો હતો. માંદગીને ખૂબ આરામ જોઈએ. આખો દિવસ અને રાત્રી પડી રહેતા રસિકને નિદ્રા આવી ન હતી. પરંતુ નિદ્રા આવી હોય એ ઢબે તેને હવે સૂવાની ટેવ પડી હતી, જે નિદ્રાનો ભંગ કરવો એ બીજાં બાળકો માટે ભયંકર ગુનો ગણાતો

હતો. અલબત્ત રસિકનો તો તે ઢબની નિદ્રાનો હક્ક હતો!

પુત્રને સૂતેલો જોઈ તેની માતાએ પતિને પૂછ્યું:

'તમારું પણ શરીર જોઈએ તેવું સ્વસ્થ લાગતું નથી.'

'તારું યે શરીર વળી ક્યાં સારું લાગે છે? આની સારવારમાં તું પાછી માંદી ન પડે તો ગંગા નહાયા.' પતિએ કહ્યું.

'કેમ આમ કંટાળીને બોલો છો?'

'કંટાળું નહિ તો બીજું શું કરું?'

'કેમ એમ? હારી કેમ જાઓ છો?' પતિના મુખ ઉપર એક પ્રકારનો કંટાળો નિહાળી રસિકની માતાએ પૂછ્યું.

'હવે તો પ્રભુ મોત આપે તો વધારે સારું. આજે હવે આ છેલ્લાં જ ફળ રસિક માટે લાવ્યો છું. હવે ફળ કે દવા લાવવાની મારામાં તાકાત રહી નથી.' રસિકના પિતાએ કહ્યું.

'મારા ઘરેણાંમાંથી...'

'હવે ઘરેણાં રહ્યાં જ છે ક્યાં? અઠવાડિયા પહેલાં તારી સોનાની બંગડી વેચી નાખી એ છેલ્લું જ તારું ઘરેણું હતું. ઉધાર લવાય તેટલું ઉધાર લાવ્યો. અને નોકરી કરતાં પહેલાં લીધેલું પણ સુખ્ખાં નેવે મૂક્યું. હવે હાથ હેઠા પડ્યા છે.'

'પણ શાનું?' પત્નીએ પૂછ્યું.

'તું જાણે છે, લાંચ કદી ન લેવી એવા મેં સોગન લીધા હતા. પરંતુ એ સોગન પાળ્યા હોત તો રસિકની ત્રણચાર માસની સારવાર પણ હું કરી શક્યો હોત નહિ. હવે તો પગાર, લાંચ ઘરેણાં અને શોખ એ સર્વનો છેડો આવી ગયો છે. હું કે તું વેચાઈએ તો ય રસિક માટે ફળ લાવવાની શક્તિ મારામાં રહી નથી.'

અને આરામથી સૂતેલા રસિકે આ વાતચીત સાંભળી. એના હૃદયે ભયંકર ડંખ દીધો. રસિકની આ એક માંદગી શું માબાપને પાપ કરાવી રહી હતી? માબાપની જાત વેચવા સુધીની કક્ષાએ તે માતાપિતાને લાવ્યો હતો? એ તે રસિકની માંદગી કે રસિકનું પાપ?

કલાકેક રહી તે પથારીમાં બેઠો. માતાએ તેની ખબર પૂછી. પુત્રે કહ્યું :

'મા ! મને સ્વપ્નું આવ્યું. અને તમે રાખેલી બાધા ફળીભૂત થઈ. હું આ ક્ષણથી જ તદ્દન સાજો થઈ ગયો છું.'

અને ખરેખર બીજા દિવસથી તેણે દવા છોડી, ફળ છોડયાં, વિશિષ્ટ ખોરાક છોડયો, અને કૉલેજનો અભ્યાસ શરૂ કર્યો – માતાપિતાએ બહુ ના પાડી છતાં.

ત્યાર પછી રસિક કદી માંદો પડયો નથી. એટલું જ નહિ પણ તે પરીક્ષાઓમાં ઊંચે નંબરે પાસ પણ થયો. રંજન જેવી જ એક તોફાની છોકરી સાથે તેનું લગ્ન પણ થયું અને અભ્યાસ ઉપરાંત દેહને કસવાથી તે હૃષ્ટપુષ્ટ આદર્શ યુવક તરીકે ઊંચી નોકરી પણ મેળવી શકયો. પિતાની નાની નોકરી છોડાવી તેણે માતાને સોનાનાં ઘરેણાં કરાવી આપ્યાં. તેના મનમાં એક વસ્તુ ઠસી ગઈ કે માંદગી એ શોખ નથી, આફત નથી, પરદીધો શાપ નથી; પરંતુ આપ વહોર્યું પાપ છે. કૉલેજમાં ભણતા અનેક યુવકોની માંદગીનાં મૂળ શૃંગારસમાં જ રહેલાં હોય છે. અને તેની પહેલાં માબાપના લાડમાં હોય છે.

# પ્રેમની ચિતા

ડૉક્ટર તરીકેના મારા ધંધામાં મને અનેક અનુભવો મળે છે. વધારે પડતું લાગે છતાં હું કહી શકું કે જે જે દરદી મારી પાસે આવે છે તે તે મને એક એક વાર્તા કહેતો જાય છે, અને એકનો એક દરદી ને વખત આવે તો એની કથની બીજી વાર્તા બની જાય છે.

અમારાથી બધી વાતો કહેવાય નહિ, અને દરદીનાં નામ તો લેવાય જ નહિ! છતાં એટલું તો ખરું કે પ્રત્યેક દરદી, સ્ત્રી કે પુરુષ, આપણી સામાજિક સમસ્યા બની રહે છે, સમાજઘડતરની ખામી-ખૂબીઓ સ્પષ્ટ કરે છે. અને રોગની પાછળ રહેલાં, શારીરિક અસ્વસ્થતાની પાછળ રહેલાં, દુનિયાને ન દેખાતાં કારણો અમારી પાસે પ્રકાશિત કરે છે.

મને તો લાગે છે કે આમાંની ઘણી કથનીઓ કહી દેવી જોઈએ. કારણ કે સારવાર માટે આવતાં દરદીઓ કોઈ વ્યાપક, સામાજિક સ્થિતિના નમૂનારૂપ હોય છે. જેવો નમૂનો તેવી જ સામાજિક સ્થિતિ.

હું એક સુખી દેખાતાં અને કહેવાતાં ગૃહસ્થ અને ગૃહિણીની

નાની સરખી વાત કહી જાઉં. તેમને હું કલ્પિત નામ આપું. ગૃહસ્થનું નામ ગિરીશ અને ગૃહિણીનું નામગાયત્રી. અકસ્માતનોવિજ્ઞાન સિદ્ધ નિયમ એવો છે કે આપણે ન ધાર્યું હોય તે બને પણ ખરું. કોઈ ગૃહસ્થ-ગૃહિણીનાં દાંપત્યનામ ગિરીશ-ગાયત્રી હોય તો તેઓ મને માફ કરશે. જેમની કથની હું કહું છું તેમનાં સાચાં નામ, કે વહાલમાં પાડેલાં આડનામ ગિરીશ-ગાયત્રી નથી. છતાં એ નામે હું તેમને ઓળખાવું છું.

ગિરીશ એક ડબલ ગ્રેજ્યુએટ છે અને ગાયત્રી ગ્રેજ્યુએટ સન્નારી છે. કદાચ ગાયત્રી પણ ગિરીશની માફક ડબલ ગ્રેજ્યુએટ થઈ શકી હોત;કદાચ ગિરીશ કરતાં પણ વધારે ઝળકતી તેની કારકિર્દી બની શકી હોત; પરંતુ બન્નેનાં લગ્ન થયાં, અને બન્નેનો ઉત્સાહ હતો કે ગાયત્રી ડબલ ગ્રેજ્યુએટ બને; પરંતુ હવે હું જ્યારે જ્યારે પૂછું છું ત્યારે ગાયત્રી પોતે ડબલ ગ્રેજ્યુએટ કેમ ન બની એ પ્રશ્નનો શબ્દથી ઉત્તર ન આપતાં માત્ર મીઠું મીઠું હસે છે અને ગિરીશને પૂછું છું ત્યારે તે કહે છે કે 'પરણ્યા પછી ગાયત્રી આળસુ બની ગઈ છે. બધી સગવડ આપવા છતાં તે અભ્યાસનો લાભ લેતી જ નથી.'

બન્ને મારાં મિત્ર છે એમ કહું તો ચાલી શકે. ગિરીશકૉલેજમાં મારાથી એકબે વર્ગ પાછળ હશે છતાંએક બાહોશ વિદ્યાર્થી તરીકે હું તેને ઓળખતો. પછી તો હું વૈદકીય શિક્ષણની બાજુએ વળ્યો, અને પરીક્ષા પસાર કરી પરદેશનો ચળકાટ મેળવી મેં લોકોનો વ્યાધિ મટાડવાનો ધંધો શરૂ કર્યો. પોતાના શિક્ષણને ઓપ આપવા ગિરીશ અને ગાયત્રી પણ પરદેશ આવ્યાં હતાં. ત્યાં અમે એકબીજાને ફરી મળ્યાં અને અમારી અટકી ગયેલી મૈત્રી પાછી સંકળાઈ. ગિરીશ તો ઘરનો સધન હતો, સારું ભણ્યો હતો અને ગાયત્રી સાથે તેણે પ્રેમલગ્ન કર્યું હતું એટલે સંસારની દૃષ્ટિએ તેને કંઈ મેળવવાપણું બાકી રહ્યું લાગતું નહિ. ધનિકોના કેટલાક ભણેલ

પુત્રોની માફક તેણે પણ સાહિત્ય, કલા અને સંસ્કારમાં રસ લીધો. એમાં મોળાશ દેખાવા લાગી એટલે તેણે રાજકીય સભાઓમાં ભાષણો સાંભળવા માંડયાં અને ભાષણો કરવા પણ માંડયાં. તે કેદખાને પણ જઈ આવ્યો અને જાતે સુખી હોવા છતાં દુ:ખ વેઠતા આગેવાનની માનભરી પંક્તિમાં ઝડપથી તે બેસી પણ ગયો. એક દિવસ એ મારે ત્યાં આવ્યો અને મેં તેની સામાજિક તથા રાજકીય પ્રવૃત્તિઓ માટે અભિનંદન આપ્યા અને ગાયત્રીની ખબર પૂછી.

ગિરીશનું મુખ જરા સંકોચાયું. વૈદ્ય-ડૉકટરોને જ્યોતિષ મદદ કરે છે કે કેમ એ વિષે મતભેદ છે. હું હજી જ્યોતિષમાં માનતો નથી; પરંતુ એટલું તો હવે કહીશકું કે જ્યોતિષ નહિ તો સામુદ્રિક વિદ્યા ડૉકટરોને જરૂર આવડવી જોઈએ—એ વિદ્યા રીતસર ગુરુ પાસે ન શિખાય તોપણ ! દરદીના ચહેરા ઉપર વાતચીત પ્રસંગે કોઈ એવી લિપિ લખાયે જાય છે કે નાડ જોયા વગર અગર થરમોમિટર મૂક્યા સિવાય પણ દર્દીની પ્રાથમિક પકડ તો જરૂર આવી જાય.

ગિરીશના મુખ ઉપરથી જ હું જોઈ શકયો કે તેને તેની પત્ની ગાયત્રી તરફથી પૂરતો સંતોષ મળતો નથી. જગતની દૃષ્ટિએ સંપૂર્ણ સાધનસજ્જ માનવીને પણ અસંતુષ્ટ રહેવાનાં કારણો મળે છે ખરાં.

'કેમ ગિરીશભાઈ ! તમારી તબિયત સારી નથી કે ગાયત્રી-બહેનની ?' મેં પૂછ્યું.

'કાંઈ નહિ; કહેવા જેવી વાત જ નથી.' ગિરીશે મુખ ઉપરનો અસંતોષ વધારે સ્પષ્ટ કરી મને કહ્યું.

'મને નહિ તો તમે બીજા કોને કહેશો ? ડૉકટર તરીકે અને મિત્ર તરીકે કોઈને પણ કહેવાનો તમને હક્ક હોય તો તે મને કહેવાનો હક્ક છે જ.' મેં વાત આગળ વધારવા ઉત્તેજન આપ્યું.

'આમ તો કાંઈ જ નથી...વારુ, કોઈ દિવસ વાત કરીશું.' ગિરીશે કહ્યું.

'જુઓ, તમે પણ બહુ કામવાળા, અને હું પણ ડૉકટર,

કામ ન હોય તોપણ અમારે કામ છે એમ દેખાડવું જ પડે. અત્યારે અવકાશ છે એટલે દુઃખ કે દર્દની વાત કરી દેવી એ જ વધારે સારું છે. તમારી તબિયત સારી લાગે છે. ગાયત્રીબહેનને થોડા દિવસ ઉપર જોયાં ત્યારે દૂબળાં પડી ગયેલાં લાગ્યાં હતાં. એ સિવાય તો...બનાવ તો છે ને બન્નેમાં ?' મેં પૂછ્યું.

'હા...બનાવ તો છે...પણ બહારથી જ.' ગિરીશે જરા અચકાતાં અચકાતાં કહ્યું.

'આ જ મોટું દુઃખ છે તમે પ્રેમલગનિયાંઓનું ! તમને પ્રેમ પણ બહુ વહેલો થાય, પ્રેમમાંથી લગ્ન પણ બહુ વહેલું થાય અને લગ્નમાંથી અણબનાવ પણ ઝડપથી ઊકલી આવે. તમારા જેવાં બંને સમજદાર પતિપત્ની વચ્ચે અણબનાવ થાય એ ભારે નવાઈ કહેવાય. તમે બંને મને મળવા સાથે આવો; અને હું તમારો અણબનાવ ઉકેલવાનો રસ્તો કાઢી આપીશ.'

'ગાયત્રીને વચ્ચે રાખવાની જરૂર જ નથી. એ તો તદ્દન કહ્યાગરી, મારા સુખમાં સુખ માનનારી, બાહ્ય દૃષ્ટિએ આદર્શ પત્ની છે.'

'તો તમારી ફરિયાદ શી છે ?'

'મારી મોટામાં મોટી ફરિયાદ એ છે કે ગાયત્રી જેમ જેમ દિવસો વીતે છે તેમ તેમ બહુ જ...ઠંડી પડતી જાય છે.'

'એટલે ?' હું ચમક્યો. ફરિયાદ બહુ જ અંગત બની રહી હતી.

'એટલે, એમ કે...હું જોઈ શકું છું કે...તેને મારા પ્રત્યે ઉમળકો આવતો નથી. લગ્નની શરૂઆતના દિવસો હું યાદ કરું છું અને મને તેની આંખમાં રમતી ઉષ્મા યાદ આવે છે. હમણાં કેટલાક દિવસથી, કેટલાક માસથી ગાયત્રીના હૃદયમાં મારા પ્રેમનો સહજ પણ પડઘો પડતો નથી.'

'તમે તપાસ કરી કે તેનો દેહ સ્વસ્થ છે કે અસ્વસ્થ ?'

'એ તપાસ કર્યા વગર હું રહું ? એટલી તો ડૉક્ટર ! તમને

ખાતરી હોવી જોઈએ કે હું લાગણીહીન તો નથી જ. એ તો કહે છે કે તેનું શરીર તદ્દન સારું છે.'

'તો તમે તેમના તરફ જોઈતું ધ્યાન નહિ આપતા હો.'

'મારા જેવું ધ્યાન આપનારો પતિ કે પ્રેમી દુનિયામાં મળવો મુશ્કેલ છે, ડૉક્ટર! મારી આંખ એને જ જુએ છે; મારું હૃદય એને જ ઝંખે છે. હું કામ કરતો હોઉં, ભાષણ આપતો હોઉં, અગર ગરીબની સેવા કરતો હોઉં તોપણ ગાયત્રીનું મુખ અને ગાયત્રીનો દેહ મારી આંખ આગળ રમતાં જ હોય છે. એની હાજરીમાં હું ગાયત્રીને એકલી મૂકીને કંઈ બેસતો નથી; અને તેને રાજી રાખવા માટે સતત તેની આસપાસ મારી હાજરી રાખું છું. વધારે શું કહું? પ્રેમોપચાર વગરની એક પણ ક્ષણ ગાયત્રી સાથે હું ગાળતો નથી. આનાથી વિશેષ, કહો, હું શું કરું?'

મને, ડૉક્ટર તરીકે, માનવ પ્રેમીઓની એક ભયંકર ભૂલ એકાએક જડી આવી. ઘણી વાર પતિપત્ની – અને મોટે ભાગે પતિ – એમ જ માન્યા કરે છે કે પત્ની પાસે જેમ વધારે પોતાની હાજરી, પત્નીનો જેમ વધારેમાં વધારે સ્પર્શ, પત્ની સાથે જેમ સતત વાતચીત – અને કહેવા દો કે પત્નીસૌંદર્યને જેમ વધારે–સતત ઉપભોગ તેમ પરસ્પર વધારે પ્રેમ છે એમ મનાય; પરંતુ બીજા પરિચયોની માફક પતિપત્ની વચ્ચેનો આવો અતિ પરિચય લગ્નને અને લગ્નના આનંદને નિરર્થક કરી નાખવામાં બહુ મોટો ભાગ ભજવે છે. અતિપ્રેમ અને અતિશય પ્રેમોપચાર મોટે ભાગે ખાઉધરા માણસની સતત સંતુષ્ટ રહેવા માગતી સ્વાદવૃત્તિ જેવાં હોય છે. સતત ખોરાક એ આરોગ્યની નિશાની નથી; સતત પ્રેમોપચાર એ પ્રેમની નિશાની નથી. આપણા શાસ્ત્રે નિંદેલો એ 'ભોગ' છે. એમાંથી પ્રેમ નહિ પણ રોગ જ પરિણામ પામે. મેં ગિરીશને કહ્યું :

'ગાયત્રીબહેનના પ્રેમમાં ઉમળકો કેમ નથી તે હવે મને ડૉક્ટર તરીકે સમજાયું. એનો ઉપાય તમારા જ હાથમાં છે; કારણ એમાં

દોષ રહેલો હોય તો તે તમારો જ છે.'

'મારો દોષ? આટઆટલો પ્રેમ કરવા છતાં? આટઆટલો પ્રેમોપચાર કરવા? બધું કામકાજ મૂકીને ગાયત્રીમાં જ એકાગ્ર થવા છતાં? નવાઈ જેવું!'

'એ નવાઈ જેવું જરા યે નથી. જેને તમે પત્નીપ્રેમ કહો છો એ તમારો પ્રેમ નહિ, પણ પ્રેમભ્રમ છે. તમે સાચા પ્રેમી ન કહેવાઓ; તમે માત્ર પ્રેમના સ્વાદિયા છો.'

'એટલે શું મારો પ્રેમ ગાયત્રીને ગમતો નહિ હોય એમ તમારું કહેવું છે?'

'પ્રેમ તો જરૂર ગમે; પણ તમારો પ્રેમોપચાર તેમને જરૂર નહિ ગમતો હોય. પ્રેમ એ એક સહકાર્યની ભાવના છે. કાં તો પુરુષને કાં તો સ્ત્રીને ગમે એટલી જ એની હદ. અને મોટે ભાગે એ હદનું બેમાંથી એક તરફથી પણ ઉલ્લંઘન થાય એટલે ભલભલાં પ્રેમીઓ પણ એકબીજાંને અણગમતાં થઈ પડે. મારી એક કરી-મર્યાદા પાળશો?'

'તે તમારે ગાંધીનું બ્રહ્મચર્ય સંબોધવું હશે. ખરું ને ડૉક્ટર?'

'ના. એ માત્રા બધાંયને અપાય એવી નથી; પરંતુ હું એક નાની સરખી શીખ આપું. ગાયત્રીબહેન પ્રત્યે પ્રત્યેક માસે એકબે અઠવાડિયાં પ્રેમ કે પ્રેમોપચાર બિલકુલ ન કરવાની તમે પ્રતિજ્ઞા લેશો?'

'એથી શું?'

'એથી એટલું જ કે જે ઉમળકો, જે ઉષ્મા તમે ગાયત્રી-બહેનમાં શોધો છો તે તમને મળતાં થઈ જશે, અને તમારો ખડકે અથડાઈ તૂટી જતો ગૃહસ્થાશ્રમ એક સનાતન બગીચો બની જશે.'

અને ખરેખર છ માસ પછી મને ગિરીશ મળ્યો ત્યારે તે બહુ જ પ્રફુલ્લ દેખાયો અને તેણે મને કહ્યું પણ ખરું કે 'ડૉક્ટર! તમે બતાવેલો ઇલાજ ખરેખર રામબાણ નીવડ્યો.

મેં પૂછ્યું : 'કયો ઇલાજ ?'

'ગૃહસ્થાશ્રમમાં સંયમ અને પ્રેમમાં સહકાર એ જ સાચું જીવન છે.'

હું તો આખી વાત ભૂલી ગયો હતો, પરંતુ ગિરીશને ફરી જોયા પછી તેની આ ટૂંકી કથની મેં નોંધી રાખી છે. ઘણા યે પ્રમાણિક પ્રેમીઓનાં જીવન દેહે દીપેલી પ્રેમની મર્યાદા ન પાળવાથી ચિતા સરખાં બની જાય છે.

ગિરીશ અને ગાયત્રી પ્રેમની ચિતામાં પગ મૂકી ચૂક્યાં હતાં; તેમાંથી તે ઊગરી ગયાં. સંયમ તથા સહકારની ભાવનાથી ગૃહસ્થાશ્રમની કંઈક ચિતાઓ બગીચામાં ફેરવાઈ જાય એમ છે. પ્રેમના આસ્વાદમાં નથી પુરુષ ભોક્તા કે ભોજ્ય, અને નથી સ્ત્રી ભોક્તા કે ભોજ્યા; બંને ભોક્તા છે. અને ભોક્તૃત્વની મર્યાદા છે એમ સમજનાર પૃથ્વી ઉપર સ્વર્ગનું સુખ અનુભવે છે.

એ જ્યાં નથી સમજાતું ત્યાં વિષવેલીઓ વવાય છે. મોટે ભાગે પુરુષ જ સ્ત્રીના ભોક્તાપણાની મર્યાદા કે વિસ્તાર સમજતો નથી. પોતાનો આનંદ એ જ પુરુષનું પ્રાપ્તવ્ય બનવાથી પુરુષ ગૃહસ્થાશ્રમને કુંઠિત કરી નાખે છે. સ્વાર્થભર્યો આનંદ મેળવતી વખતે પુરુષે પણ વિચારવાનું છે કે પ્રેમોપચારયુગ્મ-આનંદમાં પરિણામ પામવો જોઈએ, નહિ કે એકલા પુરુષના આનંદમાં !

# મારું અપરાધનિવેદન

ન્યાયાધીશ સાહેબ! હું મારો ગુનો કબૂલ કરું છું. મારી રાજીખુશીથી આ કબૂલાત કરું છું. ગુનો કબૂલ કરવાની મારી ફરજ નથી એ આપે કહ્યું તે મેં સાંભળ્યું. મારા ઉપર કોઈએ દબાણ કર્યું નથી, મને કોઈએ ધમકી આપી નથી. દબાણ કર્યું હશે કે ધમકી આપી હશે તો ય એ દબાણ કે ધમકીને હું વશ થઈ કબૂલાત કરું છું એમ પણ નથી. સાચી વાત હું જાણીબૂજીને કહું છું. પુરાવો થયો છે એટલે હું કબૂલાત નહિ કરું તો ય આપ મને સજા તો કરશો જ. તેની બીક લાગવાથી પણ હું સાચી વાત કહું છું, એમ ન માનશો બસ અત્યારે મને સત ચઢયું છે; હું સાચું જ બોલીશ અને મારો ગુનો કબૂલ કરીશ.

મારે માથે નાખેલો ગુનો એ મારો પહેલો ગુનો નથી. હું તો નાનપણથી જ ગુના કરતો આવ્યો છું; પરંતુ મારો એક પ્રશ્ન છે: ગુના કોણ નહિ કરતું હોય? જેને સગવડ ન મળે તે ગુનો ન કરે અગર જેનામાં હિંમત ન હોય તે ગુનો ન કરે. મને ગુનો કરવાની સગવડ ઠીક ઠીક મળી. મારામાં ગમે તેવા કઠણ ગુના

કરવાથી હિંમત પણ હતી; હજી પણ હિંમત છે. મને છોડશો એટલે પાછો હું એમાં જ પડીશ. જરા કહું એનું કારણ?—મેં જૂઠ, ચોરી અને ઠગાઈ કેમ અને ક્યારથી કરવા માંડી તેનું કારણ?

મારી જિંદગીની મેં નોંધ રાખી છે—મહાપુરુષોની માફક. વચમાં વચમાં મને વિચાર આવે છે પણ ખરા કે હું મહાપુરુષ કેમ ન થાઉં? મહાપુરુષો પણ ચોર તથા ઠગ નથી હોતા એમ ન માનશો. માત્ર પકડાવામાંથી એ બચી ગયા હોય છે એટલું જ. હું પણ પકડાઈ ગયો ન હોત તો આજ મહાપુરુષ બની બેસી ગયો હોત. વગરપકડાયેલા કૈંક ચોર આજ ન્યાયાધીશની ખુરશીઓ શોભાવે છે. નામ આપું થોડાં? હશે, જવા દઉં! મારે મારાં કામ સાથે કામ!

ચોરીની વૃત્તિ નાનપણથી જાગે છે અને નાનપણમાં તો એ ખૂબ ખીલી નીકળે છે. અમે ત્રણ મિત્રો હતા—બાલમિત્રો. એક હવેલી શોભાવતો ધનિક, બીજો મધ્યમ સ્થિતિના ઘરમાં રહેતો—ધનિકના અને પોતાનાં સુખસગવડની તુલના કરતો અસંતોષી જીવ અને ત્રીજો ગરીબ, જેને ધનિક તેમ જ મધ્યમ વર્ગ બન્નેની હાડછેડ સહન કરવી પડતી હતી. એ ત્રીજો તે હું. ધનિકને રમવા માટે મિત્રો તો જોઈએ જ ને? તે તેમને બાલ્યાવસ્થામાં મધ્યમ અને ગરીબ વર્ગમાંથી મળી આવે છે. પછીથી —જીવનનાં વર્ષો વધ્યા પછીથી ધનિકો પોતાના સરખા જ ધનિકોની મૈત્રી કરી લે છે એ જુદી વાત.

બાળપણમાં શું શું થાય છે તેની વાત કહી લઉં. ધનિક કાચની લખોટીએ રમે. મને અને મારા મધ્યમ સ્થિતિના મિત્રને કાચની લખોટીઓનું મન થાય એ સ્વાભાવિક ગણાય. ધનિક બાળકોની સારી વસ્તુઓ જોઈ કયા ગરીબને તે મેળવવાનું મન નહિ થતું હોય? મારો મિત્ર તેને સૂચન કરતો અને હું કાચની લખોટીઓ ચોરી લાવી મારા મધ્યમ સ્થિતિના મિત્રને આપી તેની સાથે રમતો. એટલું જ નહિ; એ જ ચોરેલી લખોટીઓ જાણે અમારી ખરીદ

કરેલી, માલિકીની હોય એમ અમે ધનિક મિત્રને બતાવતા અને તેની ઘમંડ ભરેલી ધનિકતાને જરા નીચે ઉતારતા હતા. નાની નાની ચીજો ચોરાય તેનું ભાન ધનિકપુત્રોને ભાગ્યે જ હોય છે. એટલે ચોરાતી લખોટીઓને સ્થાને તેને માટે તો બીજી આવતી. પરંતુ માનવીને હૈયે માલિકી એટલી જડાયલી છે કે અમારી પાસે કાચની સરસ લખોટીઓ નિહાળી તે કદી સૂચન પણ કરતો કે તેની લખોટીઓ પણ ચોરાઈ જાય છે.

આ સૂચનનો અમે સામનો જરૂર કરીએ. 'હવેલીમાં રહે તેને જ કાચની લખોટીઓ રમવા મળતી હશે, એમ ?' કહી અમે તેનું ધનિકપણું તેના માથામાં મારતા. લખોટીઓ ચોરનાર ભમરડા પણ ચોરે, ગીલીદંડા પણ ચોરે અને આગળ વધતાં બૅટબૉલ પણ ચોરે. મારી પાસે તો એ કશું ય મેળવવાનું સાધન ન હતું. મધ્યમવર્ગી મિત્ર પાસે ઓછું સાધન હોય, પણ એમાંથી બૅટબૉલ તો ન જ આવે. એટલે અમારે આવાં રમતનાં સાધનોની માલિકી કરવી હોય તો ચોરી કે ઝૂંટ-લૂટ સિવાય બીજો કયો માર્ગ અમને જડે ? અમે એ ધનિકના ભમરડા, રમકડાં, બૅટબૉલ ચોરી લેતા અને અમારી તથા ધનિકોની વચ્ચેનો ગાળો ઘટાડી દેતા. અમારાં માબાપ અમે ચોરી કરીએ એમ માનવા કદી તૈયાર ન જ હોય; અને આવાં તેમની જાણ બહાર અને તેમના ખર્ચ બહારનાં સાધનો ઘરમાં માબાપ જોતાં અને પૂછપરછ કરતાં ત્યારે કલ્પિત ભાઈબંધોનાં નામ અમે જરૂર ઉદારતાપૂર્વક આપી શકતા.

ચોરી કરવી એ ગુનો છે ! ચોરી કરવી એ અપ્રતિષ્ઠિત છે ! આવાં સૂત્રો તો અમે નાનપણથી સાંભળતા. એ સાચું ભલે હોય, તો ય અમારે જોઈતી ચીજ મેળવવી હોય તો ચોરી સિવાય બીજો કયો માર્ગ અમારે માટે ખુલ્લો હતો ? ધનિકની બાઇસિકલ જોતાં અમને પણ બાઈસિકલ મેળવવાનું મન થયું; અને અમે કોઈની સાઇકલ તફડાવી તેના નંબર અળગા કરી સાઇકલને અમારી બનાવી

દીધી. માતાપિતાની ધમકીથી બચવા અમે શાળાની સ્કોલરશિપનું જૂઠું નામ આગળ કરતા અથવા બેસવાની લાલચે સાઈકલ વાપરવા આપનાર મિત્ર તરીકે ઓળખાવા ઘણા મિત્રો તૈયાર રહેતા. આમ ધનિકની માલિકીની દેખાદેખીમાં અમારી ચોરી ચાલ્યા જ કરતી હતી. ચોરીનું સૂચન પેલા મધ્યમ વર્ગના મિત્રનું અને તેની અમલ બજાવણી મારી; ઉપયોગ અમારા બન્નેનો.

આમ ચોરીમાંથી બંધાયલી અને દૃઢ બનેલી અમારી મૈત્રી ચાલુ રહી. મિત્રનાં સૂચન વધતાં ચાલ્યાં અને ચોરીની મારી હિંમત વધતી ચાલી. અમે કદી પકડાતા નહિ. અને પકડાવાનો પ્રસંગ આવતાં કોઈ કલ્પના ઉપજાવી તેને સત્ય તરીકે ઠસાવી શકતા, જે પુરવાર કરવા અમને ખોટા સાક્ષીઓ પણ મળી રહેતા.

અમે ત્રણે જણ ભણતા પણ સાથે. ધનિકને ચોપડીઓ જોઈએ એટલી મળે; મને અને મારા બીજા મિત્રને તેની પણ મુશ્કેલી; પરંતુ સર્વ મુશ્કેલીઓમાં પાર ઉતારનાર ચાવી અમને ચોરીમાં મળી આવી હતી. ધનિક મિત્રની ચોપડીઓ તો અમે જરૂર ચોરીએ; સાથે સાથે અમારી હાથચાલાકીનો લાભ અમે બીજાઓને પણ શા માટે ન આપીએ? સ્લેટ, પેન, પેન્સિલ, નોટ પણ આમને આમ મળી રહેતાં. કહેવું જોઈએ કે મારો અને મારા મિત્રનો અભ્યાસ કોણ જાણે કેમ પણ સરસ ચાલતો, એટલે શિક્ષકોની અમારા પ્રત્યે સહાનુભૂતિ હતી અને વિદ્યાર્થીઓમાં અમારે માટે માન હતું. મોટે ભાગે તો અમારા ઉપર વહેમ કોઈને જતો પણ નહિ. એ પરિસ્થિતિનો અમે લાભ પણ લેતા. શા માટે નહિ? એ વગર અમારાથી આગળ વધી શકાય એમ હતું જ નહિ. પુસ્તકાલયમાંથી પુસ્તકો ઉઠાવી જનાર અસંખ્ય વિદ્યાર્થીઓ તો આપે જોયા જ હશે, ન્યાયાધીશ સાહેબ?

બહુ શિક્ષકો રાખવા છતાં ધનિકપુત્રનો અભ્યાસ જરા મંદ ચાલતો તેને બહુ અભ્યાસની જરૂર પણ ન હતી; પરંતુ કેટલાક

શિક્ષકોએ સૂચન કર્યું કે ભાઈને પરદેશ મોકલી અભ્યાસ કરાવવો. નેતાઓ અને ધનિકોને એમાં કશી હરકત આવતી નથી. 'સ્વદેશી ભણતર સારું ! પરદેશી કેળવણીની ચમકમાં ન ફસાવું ! પશ્ચિમની કેળવણી એ ગુલામી ઉપજાવનાર મોહજાળ !' એમ વારંવાર કહી ચૂકેલા નેતાઓ પોતાનાં પુત્ર-પુત્રીને પહેલી જ તકે યુરોપ-અમેરિકાની કેળવણી લેવા અને પરદેશી ડિગ્રીઓના ભાવિ લાભ અપાવવા પરદેશ મોકલી જ દે છે. ધનિકો નેતાઓની માફક બનતાં સુધી ભાષણ કરતા જ નથી. એટલે કાંઈ પણ બોલ્યા વગર પોતાનાં પુત્ર-પુત્રીને એ લાભ અપાવી શકે છે.

આપણે પણ પરદેશ કેમ ન જઈએ ? ગરીબો અને મધ્યમ વર્ગનાં બાળકોને–વિદ્યાર્થીઓને આવી ઇચ્છા ન થાય એમ તો આપ માનો જ નહિ. ધનવાનના દીકરાને કે અમલદારના દીકરાને પરદેશની કેળવણીનો લાભ મળતાં એ પાછો ધનિક કે અમલદાર જ થવાનો પરંપરાની કારકુની કરી જીવન ગુજારતા આપણા દેશના ભણેલા લાખો માનવીઓને ખબર હોય જ. એટલે પરદેશ જઈને પરદેશી ડિગ્રી મેળવી ઊંચા અમલદાર બનવાની ગરીબ વિદ્યાર્થીઓને પણ ઇચ્છા થાય એમાં ગરીબોનો દોષ શો ?

દોષ માત્ર તેમનાં નસીબનો કે તેમને પરદેશ જવાનું સાધન ન મળે ! તેમને પૈસા પણ કોણ ધીરે ? શા ઉપર ધીરે ? તેમના સાધનમાં માત્ર ચોરી ! લૂંટ કરવા જરા હલકો ગુનો, ખરું સાહેબ ? માગ્યે તો પૈસા મળે જ નહિ !

અડગ નિશ્ચયને કશું અશક્ય નહિ. મારી નજર ચારે પાસ ફરી વળી. મેળાની ગીરદીમાં ફરતા કોઈ સજ્જનની ઘડિયાળ સાથેનો સોનાનો અછોડો, સિનેમાના અંધકારમાં કોઈ પુરુષનો હાથ શોધતા સ્ત્રીના હાથ ઉપરની બંગડી, લગ્નગાળામાં બાળકોને પહેરાવાતા ખીચોખીચ અલંકાર : એમ ચોરનારને ઈશ્વરદીધા ધન્ય સંજોગો અને સાધનો ઊભાં થયાં; એને ચોરીનો માલ રાખનાર અનેક

પ્રતિષ્ઠિત શાહુકારો મળી આવતા હોવાથી જોતજોતામાં મેં ત્રણેક હજારની રકમ તો ઊભી કરી. પરંતુ એટલી રકમ ઉપર અમે બન્ને મિત્રો પરદેશ જઈ શકીએ એવી હિંમત થઈ શકી નહિ, અને નિરાશાના વાદળને દૂર કરતા પ્રકાશ સમી એક સુંદર સૂચના મારા મિત્રે મને કરી.

'તું કહે તો આ રકમમાંથી પ્રથમ હું જાઉં; ભણીને ત્રણ વર્ષે પાછો આવું. નોકરી તો મને સારી મળશે જ, એટલે એવડી રકમ હું પછી ઝડપથી ઊભી કરી શકીશ. એમાંથી તું જઈ ભણી આવજે.'

નિષ્ણાત મિત્રનું આ સૂચન મને ગમી ગયું. જ્યાં ત્યાં બેત્રણ વર્ષનો જ તફાવત ને? ભલે એ પહેલો જાય, એ આવી જરૂર મારે માટે પૈસા ઊભા કરી આપશે, વળી હું ગરીબ અને એ મધ્યમ વર્ગનો રહ્યો, એટલે પહેલી તક એ ભલે લે. આવા વિચારો કરી મેં મારી હિંમતથી મેળવેલી એ બધી રકમ તેના હાથમાં મૂકી દીધી અને તે વિલાયત જઈ બૅરિસ્ટરીના અભ્યાસમાં પડ્યો.

અહીં મારાથી મિત્ર વગર રહેવાતું નહિ...અને જે ઢબે મેં મારા મિત્રને મોકલ્યો તે જ ઢબે હું ચારછ માસમાં કેમ ન જઈ શકું? સોનાના અછોડા પહેરનાર એક જ માનવી ન હોય; સોનાની બંગડીઓ પહેરનાર એક જ સ્ત્રી દુનિયામાં નથી. લગ્નગાળા તો વર્ષોવર્ષ—અરે, વર્ષમાં કેટલા યે માસ ચાલે.

મારા જ ધનિક મિત્રની બહેન પણ કૉલેજમાં ભણતી હતી; લૂગડાં-ઘરેણાંની બહુ શોખીન! બહુ સંખ્યામાં ઘરેણાં ન પહેરે; પરંતુ જે થોડાં પહેરે તે ઘરેણાં બહુ જ કીમતી હોવાનાં. એની આંગળીએ નિત્ય વળગેલી હીરાની વીંટી, કીમતી નંગ જડિત સાડી ઉપરની કિલપ, તથા ગળે લટકતો મોતીનો હાર મારી વિલાયતની મુસાફરી માટે બસ થાય એમ હતું. ધનિક મિત્રના પરિચય ઓથે મેં તેની મૈત્રી કેળવવા માંડી. ચોરને કયો વેશ ભજવતાં ન આવડે?

એક દિવસ એના જ બગીચાના અંધકારમાં અમે વાતો કરતાં બેઠાં હતાં. મારો ચપળ હાથ તેની બંગડીનો પીછો પકડી રહ્યો હતો. મને ખાતરી હતી કે તેને મારી હાથચાલાકીની જરા ય ખબર ન હતી; પરંતુ એક અકથ્ય કારણે તેને મારા નિષ્ણાત હાથનો જરાક સળવળાટ સમજાઈ ગયો.

'બંગડી જોવી છે? હમણાં જ કરાવી.' તેણે કહ્યું.

'બંગડી નહિ, બંગડીવાળો હાથ જોવો છે!' પકડાઈ જતાં હું પ્રેમી બની ગયો.

'એમ તો મેં કાનનાં નવાં કુંડળ કરાવ્યાં છે. તું તો કહી શકે તારે મારું મુખ જોવું છે!'

'એ તો હું જોઉં છું જ! તારી આંખ મારી આંખને મળેલી ન હોય ત્યારે પણ!'

'હું બધું જાણું છું! કેટલા યે દિવસથી તું મને ધારી ધારીને જોયા કરે છે તે!'

'માફી માગું? કે આગળ વધું?'

'જેવી તારામાં અક્કલ.'

'મારી અક્કલ એક જ વાંધો ઉઠાવે છે. હું ગરીબ છું, એટલે તવંગર યુવતીને ચાહી ન શકું; મારો એ અધિકાર તવંગર યુવતી ન સ્વીકારે.'

'તવંગર યુવતીને તેં પૂછી જોયું છે?'

'પૂછીને નિરાશ થવા કરતાં...'

'શા ઉપરથી જાણ્યું કે તું નિરાશ થઈશ?'

'એમ? ખરેખર, આ યુવતી તો મને ચાહતી હતી! હું એને ખુલ્લી રીતે એની લાગણીનો લાભ લઈ ફાવે એમ લૂંટી શકત અને વિલાયત ચાલ્યો જાત; પરંતુ આ એક જ પ્રસંગ હતો જેમાં ચોરી કરવાનું મારું મન ચાલ્યું નહિ. મને ચાહતી છોકરીનાં ઘરેણાં હું ચોરું? બહેતર છે કે હું વિલાયત ન જાઉં!

અને હું વિલાયત ન જ ગયો...અને વિચિત્ર ઢબે હું એ યુવતીએ ઉઘાડેલા પ્રેમપ્રદેશમાં પગ મૂકી ચૂક્યો, એનાં ઘરેણાં તો મારાથી ન ચોરાયાં; એટલું જ નહિ, યુવતીના પ્રેમની પાત્રતા મેળવવાના તરંગી વિચારે મેં ચોરી કરવી બિલકુલ બંધ કરી દીધી. પ્રેમની ઘેલછા જેમ માણસને બગાડી મૂકે છે તેમ તે સુધારે પણ છે; નહિ સાહેબ?

આ પ્રસંગ પછી બે વર્ષે મારો મિત્ર બૅરિસ્ટર થઈ પાછો આવ્યો. હું બહુ રાજી થયો; પરંતુ એના મિલનમાં મને સહજ પણ ઉમળકો દેખાયો નહિ. હું થયું હશે?

'મેં તેને પૂછ્યું પણ ખરું. જવાબમાં તેણે કહ્યું :

'જો, હવે હું બૅરિસ્ટર બન્યો છું. મારે માટે ન્યાયખતામાં સારી નોકરી તૈયાર થઈ રહી છે. મારે નવી પ્રતિષ્ઠા સ્થાપવાની છે ...અને...માફ...કરજે...પણ મારી જૂની અપ્રતિષ્ઠાને ઢાંકણ દેવાનું બાકી છે...એટલે બને એટલું ઓછું મળે તો વધારે સારું.'

મિત્રની વાણી સાંભળી હું આભો બની ગયો. આશ્ચર્યનો આંચકો શમ્યો એટલે મેં પૂછ્યું :

'પણ...તેં મને પેલા પૈસા આપવા જણાવ્યું છે તેનું શું? એ આપે તો હું વિલાયત જઈ આવું.'

'કયા પૈસા?'

'જે પૈસા વડે તું વિલાયત જઈ શક્યો તે.'

'એના ઊપર પડદો પાડી દે...એ મારા પણ પૈસા હતા... સૂચના કોની?'

'અડધો ભાગ તો મારો ખરો ને?'

'એનો પુરાવો શો?'

'પુરાવામાં તું.'

'જો. હું ન્યાયાધીશ નિમાઈ ચૂક્યો; આ મને મળેલો હુકમ. હું તો માત્ર ન્યાય તોળું; સાક્ષી-પુરાવા મારે ઊભા કરવા નહિ.'

અને તે હસ્યો. એ હાસ્યની છબી મારા હૃદયમાં સદા જડાઈ ચૂકી છે!

હતાશ બનેલો હું મારી પ્રિયતમા પાસે ગયો. એને મેં નિહાળી. એના પ્રેમમાં પડતાં હું સજ્જન બનતો ચાલ્યો હતો. એનું દર્શન મારે મન આશ્રયસ્થાન હતું; પરંતુ મારું આશ્રયસ્થાન પણ વીંખાઈ ગયું હતું! જેની સાથે લગ્ન કરી હું સુધરવા તથા મોટો માણસ થવાના અભિલાષ સેવી રહ્યો હતો તે કલ્પનાની પૂતળી મારી પાસે આવી તો ખરી, પણ તેણે મને કહ્યું :

'આપણું આ મિલન છેલ્લું છે. હવે ફરી મને મળવા ન આવીશ.'

'કેમ? શું થયું?'

'તું એક ભયંકર ચોર છે...તેં તે દિવસે મારી બંગડી નિહાળી, તેં મારો હાથ જોવા નહિ, પણ બંગડી કાઢી લેવા.'

'તને કોણે કહ્યું?'

'ભાઈના જ...અરે તારા જ મિત્ર બૅરિસ્ટરે...'

'અને એ તારા પ્રેમને યોગ્ય તને લાગ્યો છે, ખરું?'

'અમારી વાત અમારા ઉપર છોડી દેજે...તને એમાં કાંઈ લાગેવળગે નહિ.'

હું તુર્ત ઊઠ્યો...અને ત્યારથી...મારો જૂનો ચોરીનો ધંધો કર્યે જાઉં છું. મને લાગે છે કે પ્રધાનથી માંડી પટાવાળા સુધી અને ન્યાયાધીશથી માંડી પુરવાર ગુનેગાર સુધી બધા જ ચોર છે એમ કહું તો આપ પુરાવા વગર ન જ માની શકો, પરંતુ પુરાવા વગર સાબિત ન થતી કૈંક ક્રિયાઓ ચોરી હોય છે એવો મારો જાત-અનુભવ છે. વળી જે મિત્રની મેં વાત કરી તે આપ જ હતા, એમ હું કદાચ કહું તો તો આપ તે હરગિજ માનવાના નથી; અને દુનિયા તો મને સાંભળે જ શાની? આપ પ્રતિષ્ઠિત ન્યાયાધીશ છો; બહુ ધનિક, સુશીલ, રૂપવાન અને સમાજ આગેવાન યુવતીને પરણ્યા

છો; આપની છબી પણ આ અદાલતમાં મોટા સમારંભ સહ લટકવાની છે એ હું જાણું છું. પકડાય નહિ ત્યાં સુધી સહુ પ્રતિષ્ઠિત. હું પકડાયો છું...આ ગુનો મેં ન કર્યો હોત તોપણ સજાને પાત્ર ઘણા ગુના મેં કર્યા છે – જેમાં આપનો ભાગ હતો એમ હું કહું તો કોઈ માનશે નહિ. આપ પણ પકડાઓ નહિ ત્યાં સુધી ભલે પ્રતિષ્ઠિત રહો! હું પકડાયો છું; મને જરૂર સજા કરો...મારું કથન આપને ચમકાવી શકતું નથી એટલા સ્થિતપ્રજ્ઞ આપ બની શક્યા છો એથી હું બહુ રાજી થયો છું. કાં તો ગુનેગાર કે કાં યોગી જલકમલવત્ રહી શકે. ને જે સ્થાને આપ બિરાજો છો એ સ્થાન આપને યોગી તરીકે ઓળખાવી રહે એમાં આશ્ચર્ય નહિ; હું તો ગુનેગાર છું જ.

આટલું જ મારું નિવેદન. હવે આપ સજા ફરમાવી શકશો.

# વરાળની દુનિયા

૧

સ્વપ્નનું રહસ્ય ઉકેલવા સહુ મથે છે; પરંતુ હજી તેનો શાસ્ત્રીય ઉકેલ આવ્યો જાણ્યો નથી. ઉશ્કેરાયેલું માનસ, રોગ, તીવ્ર ઇચ્છા, અનિયમિત રાત્રિ ભોજન, સુષુપ્ત માનસમાં સંગ્રહાયેલી વાસના : એવાં એવાં કારણો દ્વારા સ્વપ્નશોધનનું કાર્ય આગળ વધ્યું છે એ ખરું, શકુન, અપશકુન સાથે પણ સ્વપ્નને સાંકળી લેવાય છે, અને સ્વપ્નનો ઉકેલ આપનારા વિદ્વાનો પણ હતા એમ જૂનો જમાનો કહે છે. અધ્યાત્મ – આત્મઉડ્ડયન – સાથે પણ સ્વપ્નનો સંબંધ હોય એમ કેટલાક વર્તમાન આત્મજ્ઞાની – વિજ્ઞાનીઓ પણ કહે છે. સ્પષ્ટ સમજ પડે એવો ઉકેલ હજી મળી શકતો નથી.

આપણે જેને જાગૃતાવસ્થામાં જોઈએ છીએ એવી જ બીજી કોઈ સૃષ્ટિ હશે ખરી? નિદ્રાનો અભેદ્ય પડદો પારદર્શક બની જાય અને આપણા સરખી જ – ભૂત કે ભાવિ – સૃષ્ટિમાં ઊતરી પડવાનાં પગથિયાં મળી જાય એવું કોઈ વણઓળખ્યું અંગ સ્વપ્નમાં ખૂલી જતું હોય તો? અટકળ, કલ્પના, ફાંટા તરીકે એ સંભાવનાને ઓળખી શકાય. એ સંભાવના સાબિત ત્યારે જ થઈ શકે કે જ્યારે આપણે

એ અંગને ઓળખી બતાવી આપણા અંકુશમાં લાવી શકીએ. ત્યાં સુધી બધી અટકળો માફક એ ય એક માનસિક રમત જ બની રહે.

જે હોય તે. આપણી સ્વપ્નસૃષ્ટિ વધારે ઊંડો અભ્યાસ માગે છે અને કેટલાંક ચોંકાવનારાં સ્વપ્ન એ અભ્યાસ ત્વરાથી માગે છે. કારણ ચોંકાવનારાં સ્વપ્ન કોઈ કોઈ વાર સત્ય પણ બની રહે છે. મેં હમણાં જ એક એવું દૃશ્ય નિહાળ્યું કે જે સ્વપ્ન હશે કે સત્ય તે હું નક્કી કરી શક્યો નથી.

## ૨

ઊજળી નામની એક નાનકડી નદીના પ્રવાહ અંગે બે સામસામાં આવેલાં ગામો વચ્ચે ઝઘડો ચાલતો હતો. એ પતાવવા મારે એક ગામે મુકામ રાખવો પડયો. નદીની ભેખડ ઉપર ખુલ્લી જગામાં એક શિવાલય સાથે બાંધેલી જીર્ણ ધર્મશાળા હતી અને એની જ બાજુમાં ફકીરનો એક તકિયો હતો, જેની નજીકની ઝૂંપડીમાં એક વૃદ્ધ ફકીર પડી રહેતો હતો. વૃક્ષોની સરસ ઘટા પણ એ બંને ધર્મસ્થાનોને ઢાંકી રહી હતી. એ વૃક્ષઘટામાં મારો તંબૂ નાખી હું દિવસભર ગામલોકોના ઝઘડાની તપાસ ચલાવતો અને નદીનાં પાણી, રેતી, ભાઠાં વગેરે બધું માપતો હતો. એક રાત્રે થાકીને હું તંબૂમાં આવ્યો અને અત્યંત ગરમી લાગવાથી મેં મારો ખાટલો તંબૂની બહાર ખેંચી કાઢ્યો. પાસે થઈને પસાર થતા ફકીરે મને કહ્યું :

'સાહેબ! તંબૂમાં સૂઈ રહો તો કેવું ?'

'કેમ એમ ? તાપ બહુ લાગે છે.' મેં કહ્યું.

'નદીકિનારો છે, હમણાં ઠંડક થઈ જશે.' ફકીરે કહ્યું.

'જન-જનાવરનો ભય તો નથી ને?' મેં પૂછ્યું.

'ના, ના...એવું કાંઈ નથી...પણ ખુલ્લી જગા છે...અને રાતવરત બહાર ન સૂવું...' એટલું કહી ફકીર ત્યાંથી પોતાની ઝૂંપડીમાં ચાલ્યો ગયો,

નિરર્થક આપણું ભલું ઇચ્છતા ઘણા માણસો જોવામાં આવે છે. જરૂર ન હોય તો ય આપણી કાળજી કરનાર માનવીઓનો હજી તોટો નથી. ફકીર પણ એવો જ એક માનવી હશે એમ ધારી તેની સલાહને બાજુએ મૂકી હું રાત્રે ખાટલામાં તંબૂની બહાર જ સૂઈ રહ્યો અને મને બહુ જ સરસ નિદ્રા આવી. ઠંડક એટલી સરસ વ્યાપી ગઈ કે હું ગાઢ નિદ્રામાં પડ્યો.

શીતળતા ગમે જરૂર; પરંતુ એનો યે અતિરેક હોઈ શકે. થરમોસ જેવી પેટીમાં જાણે મને સુવાડ્યો હોય એવી એકાએક લાગણી મને થઈ આવી. પ્રથમ તો એ લાગણી મને ગમી; પરંતુ ધીમે ધીમે મને લાગ્યું કે શીતળતા અસહ્ય બનતી જાય છે અને મારાં રોમ ઊભાં થઈ જાય છે. મારી આંખ ખૂલી ગઈ. હું કોઈ બરફની પેટીમાં નહોતો; પરંતુ વૃક્ષઘટા નીચે આવેલા મારા ખાટલામાં જ સૂતો હતો. પાસે પડેલું ઓઢવાનું સાધન લેવા હું બેઠો થયો અને એક વૃદ્ધ હાડપિંજર સરખા માનવદેહને મંદિરની ધર્મશાળામાંથી દોડતો આવતો મેં નિહાળ્યો.

કોણ હશે એ? ફકીરને તો મેં જોયો હતો. આ તો ફકીર કરતાં પણ વધારે વૃદ્ધ કોઈ હિંદુ સાધુ હતો! મારા ભણી જ તે દોડતો આવતો હતો. ધોળી દાઢી અને ધોળી જટાથી હિંદુ તરીકે ઓળખાઈ આવતો આ વૃદ્ધ કોઈ ચોર, લૂંટારો કે બહારવટિયો તો નહિ હોય? કે પછી બેમાંથી એક ગામનો ઉશ્કેરાયલો કોઈ વૃદ્ધ ગામાત ઝગડાને અંગે મારું કાટલું કાઢવા તો મારા ઉપર નહિ ધસી આવતો હોય? હું સાવધ થઈ ઊભો થવા જાઉં છું, ત્યાં તો મને લાગ્યું કે મારા પગમાં ઊભા થવાનું જોર હતું જ નહિ। મને વધારે કંપારી આવી.

એકાએક પેલા વૃદ્ધના કંઠમાંથી ઉદ્‌ગાર નીકળ્યો :

‘ઊજળી! ઊજળી!’

શું આ ઘેલો વૃદ્ધ નદીને પોકારી રહ્યો છે? શા માટે? નદીની

જમીનનો ઝગડો હતો એ વાત ખરી; પરંતુ નદીનો શોખીન વૃદ્ધ નદીને પોકારે એથી કાંઈ ઝગડાનો નિર્ણય ન જ આવી શકે!

દોડતો દોડતો વૃદ્ધ મારા ખાટલા નજીક આવી પહોંચ્યો. મરવાને આળસે જીવતા આ વૃદ્ધમાં દોડવાની શક્તિ ક્યાંથી આવી હશે એ મારાથી સમજાયું નહિ. એણે સહજ અટકીને ફરી બૂમ પાડી:

'ઊજળી!'

વૃદ્ધનો સાદ જાણે કોઈ ગુફામાંથી આવતો હોય એવો અલૌકિક લાગ્યો! જીવતા માણસની આવી બૂમ ન હોય!

વૃદ્ધે મારી તરફ ફરીને જોયું અને આંખની પાંપણ પણ હલાવ્યા વગર મને પૂછ્યું:

'ઊજળી ક્યાં ગઈ?'

'નદીની વાત કરો છો? આ ભેખડની નીચે...'

'નદી નહિ, મારી ઊજળીની હું વાત કરું છું...આ રહી! ...પેલી જાય...! ડાળી પાછળ સંતાઈ છે! હવે...પકડાઈ...ખસવા નહિ દઉં...' કહી પેલો વૃદ્ધ ધસવા મથ્યો; પરંતુ એના પગ અમળાઈ પડ્યા અને એ નીચે બેસી ગયો. એણે દર્શાવેલી બાજુએ મેં નજર કરી તો ડાળી પાછળ કશું મારા જોવામાં આવ્યું નહિ.

'ત્યાં તો કોઈ જ નથી...કશું નથી...' મેં કહ્યું.

'જુઓ, જુઓ!...એની જ આંખો તગતગ થાય છે...' વૃદ્ધે કહ્યું, અને તે ઊભો થવા મંથન કરવા લાગ્યો.

'એ તો...તારા તગતગતા લાગે છે.' મેં એ બાજુએ જોઈને કહ્યું.

'ત્યારે પેલું મુખ કોનું દેખાય છે? એ જ...ઊજળીનું મુખ. હવે એ ન ભાગે.

'એ તો ચંદ્ર દેખાય છે, ભાઈ! એ બાજુએ કોઈ માણસ છે જ નહિ.'

'તમારી ભૂલ થાય છે...એ જ ઊજળી! એનાં જ કપડાં!

એનો જ આકાર! એનું જ મુખ! જો જો...હાથ લાગી છે તે પાછી ભાગી ન જાય!'

હું જરા હસ્યો. વૃદ્ધને કાં તો સ્વપ્ન આવ્યું હશે અગર તે ઘેલો થયો હશે એમ મને ખાતરી થઈ. સ્વપ્ન અને ઘેલછા બન્ને એવી સ્થિતિ કહેવાય કે જેમાં દલીલને કશો અવકાશ હોય જ નહિ.

છતાં...અરે...મને પણ કાંઈ માનવઆકૃતિ સરખું એ ડાળી પાછળ દેખાયું શું? રાત્રીનો અંધકાર જ માત્ર નહિ; પરંતુ તેનું અજવાળું પણ અનેકાનેક ભ્રમ ઉપજાવી રહે છે! વરાળનું માનવી? આભલાંનું માનવી? સ્ત્રીનો આકાર?

વૃદ્ધના પગમાં નવું ચેતન આવ્યું. તેના દુર્બળ દેહને લઈ તેના દુર્બળ પગ દોડ્યા. મને લાગ્યું. કે ભાન વગર દોડતો આ વૃદ્ધ કાં તો ભેખડ નીચે ગબડી પડશે અગર નીચી આવેલી ડાળીમાં અથડાઈ પડશે. તેને રોકવા હું પાછળ દોડ્યો. અમારી બંનેની વચ્ચે કાંઈ વધારે છેટું ન હતું. છતાં હું તેને પકડી શક્યો નહિ. દોડનો વૃદ્ધ ખરેખર એક નીચી ડાળી જોડે અથડાયો, પરંતુ અથડાતાં બરાબર તેના મુખમાંથી એક હર્ષનાદ નીકળ્યો :

'એ જ ઊજળી! પકડાઈ! બસ...' કહી વૃદ્ધ ડાળીને હાથ ભેરવી રહ્યો. તેણે મારી સામે જોયું, તેના મુખ ઉપર પ્રસન્નતા છવાઈ રહી મેં નિહાળી. અને એકાએક ડાળીએ વળગેલા તેના બન્ને હાથ છૂટી ગયા અને વૃદ્ધનો દેહ ધબ અવાજ સાથે જમીન ઉપર પડ્યો. હું પાસે જઈને જોઉં છું તો વૃદ્ધના દેહમાંથી તેનો પ્રાણ ઊડી ગયો લાગ્યો. મેં તેને સહજ હલાવ્યો; તેની આંખ ઉઘાડી જોઈ; જીવ દેહમાં ન હતો. છતાં તેના મુખ ઉપર વ્યાપેલી પ્રસન્નતાની એક રેખા પણ અદૃશ્ય થયેલી મેં ન જોઈ. અને એક વૃદ્ધ મુખ ઉપર આટલી પ્રસન્તા પ્રગટી શકે એ મેં અહીં જ જોયું.

પરંતુ હવે? આ અજાણ્યો વૃદ્ધ મારા દેખતાં જ ઊજળીને શોધતો–પુકારતો મારા તંબૂની નજીક જ મૃત્યુ પામ્યો! પોલીસને

ખબર આપવાની ! પરંતુ તેની યે પહેલાં હું મારી સાથેનાં માણસોને પણ આ બનાવથી વાકેફ કરી લઉં એમ વિચારી મેં સહજ પાછળ જોયું. ફકીરના તકિયા પાસે એક કૂકડો પ્રભાતનું આગમન પોકારી રહ્યો અને ફકીર તેની ઝૂંપડીમાંથી બહાર નીકળ્યો. મને એમ થયું કે આ ફકીરને જ પ્રથમ બનેલી બિના સંભળાવું. એટલે પગ પાછા ફેરવતાં પહેલાં મેં મૃત દેહને સહજ જોઈ લેવાનો વિચાર કર્યો. પરંતુ મારા પરમ આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે ત્યાં એ વૃદ્ધ પુરુષનું શબ તો હતું જ નહિ !

અરે ! મેં અબઘડી મારી સગી આંખે જીવંત વૃદ્ધને અને વૃદ્ધના શબને નિહાળ્યાં હતાં ! સહજ પાછળ જોયું એટલામાં એ અદશ્ય કેમ થાય ? કશો ખખડાટ પણ થયો ન હતો. કોઈ માનવી કે જાનવર શબને ખેંચી જાય તો જરૂર મને ખબર પડ્યા વગર રહે જ નહિ. હું શબની પાસે જ, લગભગ શબને અડકીને જ ઊભો હતો. પછી આ શું થયું ? વૃદ્ધનું મૃત્યુ ખરું ? કે મૃત દેહને હું એક હતો. પછી આ શું થયું ? વૃદ્ધનું મૃત્યુ ખરું ? કે મૃત દેહને હું એક જ ક્ષણમાં જોતો બંધ થઈ ગયો એ ખરું ?

મારો તંબૂ પણ મને દેખાતો હતો. મારો ખાટલો ખાલી પડ્યો હતો એટલે હું જ જાતે ખાટલો છોડી અહીં સુધી દોડી આવ્યો હતો એ વાત પણ સાચી. ત્યારે ? હું સ્વપ્નમાં છું ? જાગૃત છું ? કે કોઈ પ્રેતસૃષ્ટિમાં ફરી રહ્યો છું ? મને એવી ગૂંચવણ ઊભી થઈ કે હું પાંચેક ક્ષણ સ્થિર ઊભો રહ્યો. ફરી મેં શબની બાજુએ જોયું. શબ હતું જ નહિ. ઝાડની ડાળીએ મેં હાથ અડાડી જોયો. ડાળીની પાછળ મોટી ભેખડ હતી અને તેની નીચે ઊજળી નદીનો પ્રવાહ વહી રહ્યો હતો. ચન્દ્ર પણ દેખાતો હતો. તારા પણ દેખાતા હતા, છતાં પ્રભાતનું સાન્નિધ્ય સૂચવતો કૂકડાનો ધ્વનિ મેં ફરી સાંભળ્યો.

૩

હું ફકીર ભણી ગયો. ફકીર પણ મારી સામે જ આવતો લાગ્યો અને લગભગ મારા ખાટલા પાસે અમે બંને ભેગા થઈ ગયા.

'આદાબ અર્ઝ, સાહેબ! વહેલા ઊઠવાની આપને ટેવ લાગે છે.' ફકીરે વાત શરૂ કરી.

'એવી ટેવ તો નથી, પણ આજ વહેલા ઊઠી જવાયું.' મેં જવાબ આપ્યો.

'ઊંઘ સારી આવે તો વહેલાં ઊઠી પણ જવાય.'

'ઊંઘ સારી આવી એ સાચું...પણ...કાંઈ સ્વપ્ન આવ્યું કે અજબ દૃશ્ય જોયું તેથી હું જાગી ગયો.'

'એમ? ખુદા ખેર કરે...'

'અરે, જાગી ગયો એટલું જ નહિ, ઊંઘમાં જ ચાલતો ચાલતો અહીં સુધી આવી લાગ્યો! જરા આગળ વધ્યો હોત તો ભેખડ નીચે હું ગબડી પડ્યો હોત!' મેં મારી પરિસ્થિતિ વર્ણવી.

'એવું હજી કોઈને બન્યું નથી, સાહેબ! એક સંત પુરુષની સવારી કદી કદી નીકળે છે. પણ બસ! બીજું કાંઈ નહિ. ઈજા જરા ય થાય નહિ. સહેજ ઝબકારો થાય અને સવારી ગુમ.' ફકીરે કહ્યું.

'શાની સવારી? કોની સવારી?' ફકીરની ભાષા મને સમજાઈ નહિ એટલે મેં પૂછ્યું. ભૂતપ્રેત અને માનવસૃષ્ટિથી ન પકડાતાં રાત્રિદૃશ્યોને મુસલમાનો 'સવારી'ના માનવંત નામે ઓળખતા હતા, એમ મેં પહેલી જ વાર જાણ્યું.

'માટે જ હું આપને અહીં ખુલ્લામાં સૂવાની ના પાડતો હતો.' ફકીરે કહ્યું.

'ખેર! હું માનતો ન હતો...હજી પણ માનતો નથી... છતાં આ સવારી અજબ તો ખરી, સાંઈ! એ બુઢ્ઢો કોણ? ઊજળી કોણ? આવું કાંઈ બન્યું છે ખરું?' મેં પૂછ્યું.

'જી, હા ! આપ માનો, ન માનો, જુદી વાત છે; પરંતુ એ આખી સવારી પાછળ લયલા-મજનૂનો કિસ્સો છે... કોઈ કોઈ ટુકડા દેખાઈ જાય કદી કદી !'

'લયલા-મજનૂનો કિસ્સો ? આ તો વૃદ્ધ પુરુષ હતો !' મેં નવાઈ પામી પૂછ્યું.

'સાહેબ ! જુવાન લયલાને અનેક મજનૂઓ મળે; જુવાન મજનૂને અનેક લયલાઓ મળી જાય, પરંતુ આ બુઝર્ગ લયલા-મજનૂને મેં જોયા ત્યારથી મને લાગ્યું કે એ જૂની ઇશ્કકહાણી સાચી જ હતી.'

અને નમાજ પઢી ફકીરે થોડી વાર પછી મને એક વૃદ્ધ પ્રેમી યુગલની વાત કહી સંભળાવી. મેં જેનું પ્રેત જોયું એ વૃદ્ધનું નામ પંચમગીર. દશનામી સાધુઓમાં ગીર–ગીરીના અંત્યાક્ષરે ઓળખાતો એ એક સાધુઓનો વર્ગ. એ સાધુઓએ લગ્ન સ્વીકારીને પણ પોતાની સાધુ છાપ ચાલુ રાખી હતી. ઊજળી એ તેની પત્ની. એમના યૌવનની વાત તો સહુના યૌવનની માફક રસભરી હોય જ; પરંતુ એમાં વિશેષપણું કાંઈ ન કહેવાય. માબાપની મરજી વિરુદ્ધનાં લગ્ન હોય, કોઈ છોકરીને ઉઠાવી જઈ લગ્ન કર્યાં હોય, છૂટાછેડા સુધી ધસી જઈ પાછી મિલાવટ કરી દીધી હોય તો પ્રેમની કથા રોમાંચક બની શકે. એવું કાંઈ પંચમગીરે કર્યું ન હતું. શિવાલયમાં રહી બંને સાધુ-સાધ્વી શિવપૂજન કરતાં, પાસેની થોડી જમીનમાં ખેતી કરતાં ગામમાંથી ખૂટે તે માગી લાવતાં, ભજનકીર્તનમાં સમય ગાળતાં અને ગામને પગે લાગવાનું એક સાધન બની રહેતાં.

તેમને બે પુત્ર પણ થયા; પરંતુ તેઓ મોટા થયા અને સાધુ બની ચાલી નીકળ્યા. એક પુત્રનો પત્તો જ ન લાગ્યો; બીજો પુત્ર દૂરદૂરના કોઈ મઠમાં રહેતો, અને બેચાર વર્ષે આવી માતાપિતાની ખબર જોઈ જતો. સમય જતાં વર્ષનો ગાળો વધવા લાગ્યો, અને પંચમગીર તથા ઊજળી બન્ને વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચૂક્યાં. પુત્રને મહાદેવની પૂજા સંભાળી લેવા અને પાસે આવી રહેવા માતા-

પિતાએ કહી જોયું; પરંતુ પુત્રને દૂર જ રહેવું યોગ્ય લાગ્યું. પુત્રે માતાપિતાને એક વાર એવી પણ સૂચના કરી કે તેઓ તેના મઠમાં આવીને રહે; પરંતુ નદીનો કિનારો અને મહાદેવનું સ્થાન તેમના જીવન સાથે જડાઈ ચૂકયાં હતાં; તે મૂકીને એ વૃદ્ધ બનતાં નરનારી ત્યાંથી ખસી શકયાં નહિ.

વૃદ્ધ પંચમગીરથી બહુ હરીફરી શકાતું નહિ એટલે ઊજળીને જ દેવસેવા, ખેતી અને ભિક્ષાનું કાર્ય કરવું પડતું. વગરબોલ્યે એ વૃધ્ધા પોતાનું અને પોતાના પતિનું ગુજરાન કર્યે જતી હતી. પરંતુ એ વૃદ્ધાવસ્થામાં જ પંચમગીર અને ઊજળી એકબીજાંની સાચી નિકટતા સેવતાં બની ગયાં. પંચમને એક ઘડી પણ ઊજળી વગર ચાલતું નહિ. ગામમાં પંચભાગ ઉઘરાવવા ઊજળી ગઈ હોય એટલે ધર્મશાળાને દરવાજે પંચમ આંટા ખાતો જ હોય અને ઊજળી થાકીપાકીને આવે એટલે પંચમનો પ્રશ્ન તેને સાંભળવાનો જ હોય :

'કેમ આટલી બધી વાર થઈ ?'

'તે આ ઉંમરે હવે મને કોઈ ઊંચકી જવાનું તો નથી ને ? ચાર ઘેર ખબર પણ પૂછવી પડે ને ?' હવે ઊજળી આવો જવાબ આપતી અને પંચમ હસીને તે સાંભળી પણ લેતો.

કદી પંખી ટોવા તે ખેતરે જતી ત્યારે પણ પંચમનો એનો એ જ પ્રશ્ન :

'આટલી વારે આવી ?'

'અહીં તમારી સામે બેસી રહું અને અનાજ ચકલાં ખાઈ જાય ત્યારે ?'

કોઈવાર પંચમને એમ જ લાગતું કે શિવમંદિરમાં ઊજળી બહુ લાંબી આરતી કરે છે.

'આટલી બધી વાર સુધી આરતી હોય ?' પંચમપૂછતો.

'ભગવાનની પૂજામાં જે વખત ગયો તે ખરો. તમારે કાંઈ કામ હતું ?' ઊજળી જવાબ આપતી.

'કામ કશું નહિ.'

'ત્યારે આમ વલોપાત કેમ કરો છો?'

'સાચી વાત કહું, ઊજળી? તારા વગર ઘડી મને ફાવતું નથી.'

'નાનપણમાં કહેવું હતું ને આમ! અત્યારે કોઈ સાંભળે તો લાજી મરીએ.'

'હું ખરું કહું છું ઊજળી! કોણ જાણે કેમ, પણ તું આંખ સામે ન હોય ત્યારે...'

'બસ થયું હવે! નાખો ઊજળીને નદીમાં એટલે પાર આવે! પંચમની બહુ નજીક આવી, તેના જટાગૂંથ્યા વાળ ઉપર હાથ ફેરવી ઊજળી બોલતી. નદીમાં ઊજળીને નાખવાની વાત આવતી તે સાથે પંચમના હૃદયમાં ધડકાર વધી જતો અને પંચમના નિર્બળ બનતા જતા હસ્ત ઊજળીના હાથને પકડી લેતા.

૪

ધડકાર વધે કે ન વધે; વર્ષો વીત્યાં અને ઊજળીને નદીએ લઈ જઈ બાળવાનો પ્રસંગ આવ્યો. પંચમ એક દિવસ ગુસ્સે થયો. હમણાંનો એ ઘણી વખત ગુસ્સે થતો, કારણ વગર. બૂમ પાડતાં બરોબર ઊજળી આવી નહિ અને આવી ત્યારે લથડિયું ખાઈ જમીન ઉપર પડી તે ઊઠી જ નહિ. ઊજળી મૃત્યુ પામી અને તેના દેહના અંત્યેષ્ટિસંસ્કાર પણ થઈ ગયા. લોકોને પંચમની બહુ દયા આવી. જિંદગીભર ભેગું રહેલું જોડું તૂટી ગયું! પંચમની આંખમાં આંસુ ન હતાં! જાણે એ પ્રસંગ બન્યો જ ન હોય એમ તે શૂન્યતાપૂર્વક આખી ક્રિયા કરી ગયો અને પોતાને મંદિરે જઈ તે સૂઈ ગયો. રાતમાં કોણ જાણે શું થયું. સૂઈને ઊઠ્યો એટલે તેણે બૂમ પાડી:

'ઊજળી!'

'ઊજળી તો નથી...પણ લ્યો, આ દૂધભાત હું લાવી છું... જમી લો!' ગામની કોઈ સ્ત્રી પંચમની દયા ખાઈ તેને માટે ખોરાક

લઈ આવી હતી.

'તે ઊજળી કેમ ન આવી ?... કેટલી વાર ?' પંચમે કંટાળો દર્શાવી કહ્યું.

'આવશે હવે ! જમી લો તમે !' કહી એ સ્ત્રીએ પંચમ પાસે ભોજન મૂક્યું. પંચમે તે જમવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તેના હાથ અને મુખમાં જરા ય વેગ ન હતો. તેની આંખ બારણાં સામે જ જડાઈ ગઈ હતી—જાણે ઊજળી વગર તે બિડાતી ન હોય ! સ્ત્રીની આંખમાં આંસુ આવ્યાં.

સંધ્યાકાળે ફકીરને તકિયે પંચમે આવી ધીમે રહીને પૂછ્યું :

'ઊજળી અહીં તો નથી આવી ?'

'ઊજળી ?' મૃત ઊજળી, ગતદેહા ઊજળી, કોઈ પણ સ્થળે ક્યાંથી આવી શકે ? ફકીરે પંચમની આંખમાં ઘેલછા નિહાળી અને તેને પાસે બેસાડી દેહની નશ્વરતા વિશે થોડી ગઝલો સંભળાવી; પરંતુ પંચમની શ્રવણેંદ્રિય બોધ સાંભળવા તૈયાર હતી જ નહિ. વૃદ્ધ ઊઠયો.

'ક્યાં ચાલ્યા ?' ફકીરે પૂછ્યું.

'શોધી લાવું...જરા ઝવડો થઈ ગયો...મારાથી.'

'કોને શોધી લાવો છો ?'

'ઊજળીનેસ્તો.'

'બાવાજી ! જરા બેસો. આજ શું જમ્યા ?' ફકીરે પૂછ્યું.

'શું જમ્યો ?...હા, હા, ! ઊજળીએ કોઈ સાથે દૂધભાત મોકલ્યા હતા...એ ગામમાંથી આવતાં જરા વાર કરે ખરી; પણ મને ભૂખ્યો કદી ન રાખે...સંધ્યાકાળ થાય છે તો ય આજ તો બહારની બહાર...'

'આટલાં ફળ ખાતા જાઓ બાવાજી !' ફકીરે કહ્યું.

'એકલો નહિ ખાઉં. ઘેર મોકલી દો ! હું ઊજળીને મનાવી લાવું.' વૃદ્ધે ગામ તરફ પગલાં માંડ્યાં.

ફકીરની પણ આંખમાં અશ્રુ ઊભરાયાં. પંચમગીરના હૃદયે

ઊજળીના મૃત્યુનું સત્ય હજી સ્વીકાર્યું ન હતું. એ સત્ય માટે સાધુનાં હૃદયકપાટ બંધ થઈ ગયાં હતાં. જે ઘેર ઊજળી ઘણું ખરું બેસતી એ ઘરનાં માણસો રાત્રે જમવાની તૈયારી કરતાં હતાં અને પંચમગીરે બારણું ઠોક્યું. બારણું ઊઘડ્યું અને અંદરથી કોઈએ કહ્યું :

'આવો આવો, બાવાજી ! અત્યારે ક્યાંથી ? ચાલો, અમારી સાથે જમી લો.

'ઊજળી અહીં જ આવી છે, નહિ ? સમજાવીને એને મારી સાથે મોકલો ને ? બહુ વાર કરી એણે !'

'ઊજળી ? પંચમગીર ! હવે ઊજળી ક્યાંથી આવે ?'

'લ્યો ! જરાક જેટલા ઝઘડામાં, આટલી બધી રીસ હોય !...ઘરડે ઘડપણ...! જરા કહો ને કે મને મુખ બતાવી જાય ?' પંચમે કહ્યું,

વૃદ્ધ પંચમની આ સ્થિતિ નિહાળી સાંભળનારનાં હૃદય ચિરાઈ ગયાં. મહામુશ્કેલીએ તેમણે પંચમને ઘરબારણેથી વિદાય કર્યો. ઘરનો ખૂણેખૂણો બતાવી પંચમગીરને તેમણે ખાતરી કરી આપી કે એ ઘરમાં તો ઊજળી હતી જ નહિ.

'ત્યારે એ જાય ક્યાં ?... કેટલી વાર ? શોધ્યા વગર સૂવાનો નથી. આખી જિંદગીભર ગુસ્સે ન થઈ, અને આજ આટલો બધો મમત ?...રાત્રે ક્યાં જવાની છે ?' કહી પંચમે પોતાની ધર્મશાળાનો માર્ગ લીધો. પહોંચતાં પહોંચતાં તેણે ભ્રમણામાં ત્રણ-ચાર વાર ઊજળીને બૂમ પાડી, જેનો પડઘો નદીના બંને કિનારાએ ઝીલ્યો !

ફકીરે સામે આવી પંચમને ફળ ખવડાવ્યાં. ખાવામાં તેનું ચિત્ત જ ન હતું. પચાસ-પંચાવન વર્ષથી તેને સતત સાથ આપી રહેલી તેની પત્ની વગર ભોજનમાં તેને સ્વાદ આવતો ન હતો. ભોજનમાં તો સ્વાદ ન આવે; પરંતુ જીવનમાંથી યે તેનો સ્વાદ ઓસરી ગયો હતો. ઊજળીને જોવી હતી, એને મળવું હતું, એની પડખે બેસવું હતું. એટલું જ પંચમને માટે જીવનકાર્ય બાકી રહ્યું હતું.

ધર્મશાળા હિંદુઓની હોવા છતાં ફકીર પંચમને સુવાડી પાસે જ સૂતો. હિંદુભાવભર્યાં ભજનો મુસલમાનો આજ પણ ગાય છે. ત્યારે હિંદુ-મુસ્લિમ પ્રજાના ધર્મભેદ આજના રાજદ્વારી ભેદ સરખા વિષમય ન હતા, ફકીરે થોડાં ગીતો પણ ગાયાં, ભજનો પણ ગાયાં, વાતો કરી અને અંતે તેને લાગ્યું કે પંચમ જંપી ગયો છે એટલે ફકીર પણ તેની પાસે જ સૂઈ ગયો. ફકીરની આંખ મળી ગઈ. પરંતુ ચોથે પહોરે રાત્રે લગભગ નમાજ પઢવાને સમયે ફકીર એક બાંગ સાંભળી જાગી ગયો. એ બાંગ ઊજળીના નામની હતી અને તે બહારની વૃક્ષઘટામાંથી આવતી હતી. ફકીરે જોયું કે પંચમ પાસે સૂતેલો ન હતો. એકદમ તે બહાર નીકળ્યો, અને નદી તરફ દોડતા પંચમને એણે પકડ્યો. પંચમના વૃદ્ધ દેહમાં અપૂર્વ બળ આવ્યું. ફકીરનો હાથ છોડાવી પંચમે પૂછ્યું :

'ઊછળી ક્યાં ગઈ ?'

'બાવાજી ! એ તો ભેખડ નીચે !' ફકીર જવાબ આપ્યો. ઊજળી નદી અને ઊજળી સ્ત્રી બન્નેને માટે એ સત્ય કથન હતું.

'મારી ઊજળીની હું વાત કરું છું...આ રહી...પેલી જાય ...ડાળી પાછળ...જુઓ, એની જ આંખો તગતગ થાય છે.' અમળાઈ જતા પગને ન ગણકારી અશક્ત દેહને અજબ વેગ આપી વૃદ્ધ ડાળી ભણી દોડ્યો.

'અરે, એ તો તારા તગતગે છે...' ફકીરે પાછળ દોટી કહ્યું.

'પેલું મુખ દેખાય...ઊજળીનું...'

'એ તો ચંદ્ર છે...'

'એ જ ઊજળી ! એનાં ઊડતાં વસ્ત્ર...હું નહિ તો બીજું કોણ ઓળખે ?' કહી વૃદ્ધ આગળ ધસ્યો. ફકીરને પણ એક ક્ષણ માટે ભ્રમ થયો કે ઊજળીનો દેહ ત્યાં આકાર ધારણ કરી રહ્યો છે. ઊજળીને બૂમ પાડી પંચમે બાથ ભીડી. પંચમે જાણ્યું કે ઊજળી તેને મળી. એના આત્માએ પરમ આનંદ અનુભવ્યો; પરંતુ ફકીરે

પાછળ દોડી જોયું તો પંચમે એક વૃક્ષડાળીને બાથમાં લીધી હતી! ક્ષણ...બે ક્ષણ...પાંચ ક્ષણમાં તો ડાળીએ બીડેલા પંચમના હાથ છૂટ ગયા અને શબ બની નીચે ઢળી પડયો!

માત્ર તેના મુખ ઉપર ઉજળી મળ્યાનો મહા આનંદ હતો!

૫

ફકીરે પોતાની વાત કહી. પંચમના મૃત્યુની વિગત તો બરાબર મેં જોઈ એ જ હતી. શું પંચમગીરેનું ભૂત મેં જોયું? હું વિચાર કરી રહ્યો. ફકીરે મને પૂછ્યું:

'સાહેબ! આપે પણ આવું જ કાંઈ ઝાંઝવું જોયું, ખરું?'

'સાચી વાત, સાંઈ! એ જ સવારી ને?' મેં પૂછ્યું.

'જી! જુવાન ઇશ્કીઓ તો જોયા છે...પોણોસો–એંશી વર્ષના બુઢાપામાં આ પ્રેમ? અજીબ ખ્યાલ...પણ એ બિચારાં કોઈને હેરાન કરતાં નથી. એકાદ રમત રમી અલોપ થઈ જાય છે.'

'તમારે અને એ સાધુને બનતું ખરું?'

'શી વાત કરો છો, સાહેબ? એ તો મારા પિતા સરખા હતા. મંદિર સામે તકિયો ઊભો કરવાનો હુકમ પણ એમનો...તે સમયે આ મુસ્લિમ લીગનું ઝેર હિંદમાં ન હતું.'

વિચારમાં ઊંડા ઊતરી જવાય એવી ઘટના બની ગઈ હતી. ફકીરે પંચમ તથા ઊજળીને લયલામજનૂની કક્ષામાં મૂકયાં એમ જરાય ભૂલ ન હતી. એ વૃદ્ધ પ્રેમીઓને કલ્પનામાં ઊભાં કર્યાં. યૌવનમાં પ્રેમની આગ એ બન્નેમાં કેટલી સળગી ચૂકી હશે?

એકાએક વિચાર આવતાં મેં ફકીરને પૂછ્યું:

'પણ સાંઈ! આ સવારી હવે આમની આમ ચાલ્યા જ કરશે શું?'

'નહિ સાહેબ! આ વાતને પચીસ વર્ષ વીતી ગયાં. હું જુવાન હતો તે હવે બુઢ્ઢો થઈ બેઠો છું. લોકો કહે છે કે આ વર્ષે ઊજળીનું

પાણી ઊંચે ચઢી આ ડાળને ભીંજવશે એટલે સવારી અદૃશ્ય !'

'કેમ એમ ?'

'સાચુંખોટું અલ્લા જાણે...પણ લોકકથન છે કે...' ફકીરને મારી આંખમાં અશ્રદ્ધા દેખાઈ એટલે તે અટક્યો. મેં તેને પૂરી હકીકત કહેવા આગ્રહ કર્યો ત્યારે તેણે લોકોક્તિ કહી સંભળાવી કે પંચમગીર ઊજળી નદીને કિનારે ફેંકાયલું એક અનાથ બાળક હતો. ઊજળી નદીએ મનુષ્યદેહ ધારણ કરી એ અનાથ બાળકને દીર્ઘજીવી બનાવ્યો. ડાળને અડકી ઊજળી એને હવે પચીસ વર્ષે મુક્તિ આપવાની છે.

* * *

એ જ સ્થળે બીજે વર્ષે મેં મારા તંબૂ તાણ્યા અને બહાર ખાટલામાં જ હું સૂઈ રહ્યો. મેં ફરી એ દૃશ્ય જોયું જ નહિ. ફકીરે કહ્યું કે ઊજળીનાં પાણી ડાળને નવડાવી ઓસરી ગયાં ત્યારથી કશો ચમત્કાર દેખાતો નથી.

વૃદ્ધાવસ્થા સુધી વિકસતો પ્રેમ અને જાગૃત સૃષ્ટિને છંછેડતી કોઈ અગમ્ય સૃષ્ટિ એ બેના વિચાર મને આવ્યા કરે છે. પ્રયોગ કરી હવે સાબિતી અપાય એવી આ વાત રહી નથી. હું પણ શાસ્ત્રીય રીતે આ આખા પ્રસંગને સમજી–સમજાવી શકતો નથી. છતાં આટલી નોંધ તો મારે રાખવી જ રહી ! ભવિષ્ય એને ઉકેલે તો !

# લોહીની ખંડણી

૧

માનવીનાં મોટા ભાગનાં દુઃખ અને સુખ મુખ્યત્વે ધન ઉપર આધાર રાખે છે. નાનામાં નાના ઝઘડાથી માંડી ઍટમ બૉમ્બ વાપરનારા વિશ્વયુદ્ધ સુધીના માનવકલહોની પાછળ નજર કરીશું તો પ્રત્યેક ઝગડા પાછળ પૈસો જ રમત કરતો આપણને દેખાશે.

બે જીવજાત મિત્રો હતા. એકનું નામ હતું જયંતીલાલ અને બીજાનું નામ હતું ફીકાભાઈ. બન્ને મિત્રો એક જ ગામમાં ઊછર્યા હતા, સાથે ભણ્યા હતા અને સાથે જ સાહસ કરવાનો તેમણે નિશ્ચય કર્યો હતો. ધન એ સઘળા સુખનું મૂળ છે એવી પણ તેમની ખાતરી થઈ ચૂકી હતી. સેવા પણ ધનિક માણસની વધારે વહેલી સ્વીકારાય છે એમ તેમણે જોયું હતું. સત્તા પણ ધન ઉપર આધાર રાખી રહેલી છે એનાં દૃષ્ટાંતો એમની પાસે ખૂબ ખૂબ હતાં. સુખના ફુવારા ઊડતા જોવા હોય તો ધનની ચાવી ફેરવવી, એ દૃશ્ય પણ તેમની નજર બહાર રહ્યું ન હતું. એટલે બાળપણથી જ તેમણે નિશ્ચય કર્યો હતો કે બીજું બધું પ્રાપ્તવ્ય બાજુએ મૂકી ધન ભેગું કરવું. ધન હશે તો બીજાં બધાં પ્રાપ્તવ્ય આપોઆપ ઇચ્છા કરતાં બરોબર ઊભાં

થઈ જશે એવી તેમની ખાતરી હતી.

બંનેના સ્વભાવમાં થોડો ફેરહતો. જયંતીલાલ ખૂબ ધન ઇચ્છતા હતા પણ તેમની પાછળ એવી ભાવના રહેતી કે પોતાના કુટુંબને તે ધનથી સુખી કરી શકે, પોતાના ગામનેશાળા, દવાખાનું, કૂવા, તળાવ વગેરે બાંધી આપી શકે, દેશસેવકોની કોઈ સંસ્થા ઊભી કરી શકે, વર્તમાનપત્રો પ્રગટ કરી જનતામાં રાજકીય જાગૃતિ લાવી શકે અને દુષ્કાળ, ધરતીકંપ તથા રેલસંકટમાં પૈસા સારા પ્રમાણમાં ભરી પોતાની છબીઓ હિંદભરમાં જાણીતી કરી શકે. એ સર્વના પાયામાં પોતાનું અને પોતાના કુટુંબીઓનું અંગત સુખ સ્થાપિત કરવાની વૃત્તિ તો ખરી જ. એ માનવસહજ વૃત્તિ છે.

કીકાભાઈની વૃત્તિમાં અંગત સુખ સિવાય ધનનો બીજો કોઈ ઉદ્દેશ જાગ્યો ન હતો. મોટું વૃક્ષ વાવી તેનાં ફળ ખાવા ઇચ્છનારે આસપાસનાં નાનાંમોટાં ઝાંખરાંને નીંદી નાખવાં પડે છે. કીકાભાઈની વૃત્તિ કુટુંબ, ગામ, દેશ કે દુનિયાના સુખવિચારમાં જરા યે ફંટાઈ ન હતી, કારણ તેઓ જાણતા હતા કે જો વૃત્તિને ધનપ્રાપ્તિમાં એકાગ્ર નહિ કરવામાં આવે તો ધન પણ નહિ મળે અને બીજા ઉદ્દેશો પણ સફળ નહિ થાય. બીજા કયા ઉદ્દેશો સફળ કરવા એ ધન પ્રાપ્ત કર્યા પછી જોયું જશે. એ વિચારમાં તેમણે જયંતીલાલના મનમાં ઊગ્યાં હતાં એવાં ઉદ્દેશ-ઝાંખરાં ઊગવા જ દીધાં ન હતાં.

આછું પાતળું ધન જયંતીલાલ પાસે હતું, જેને ઉત્પાદક ધંધાઓમાં રોકી વધારે ધન પ્રાપ્ત કરવાની યોજનાઓ જયંતીલાલ અને કીકાભાઈ બન્નેએ મળી હાથ ધરવાની હતી. કીકાભાઈ પાસે તો બિલકુલ ધન હતું જ નહિ; છતાં પણ બંનેની મૈત્રી એવા પ્રકારની હતી કે જેમાં પરસ્પરનાં ધન અને મહેનત એકબીજાંની સહિયારી મિલકત સતત બની રહેતાં હતાં. ધંધામાં પડચા પછી જોતજોતામાં બંનેને ફતેહ મળવા લાગી અને રોકેલા પૈસા કરતાં દોઢા, બમણા અને તેથી પણ વધારે પૈસા થતા ચાલ્યા. જયંતીલાલે નફાની વહેંચણી

સરખેસરખી કરવા માંડી. જાણે પોતે રોકેલી રકમ પોતની સાથે કીકાભાઈની પણ હોય !

વર્ષો વીત્યાં.એક દિવસે કીકાભાઈએ નફો વહેંચતાં વહેંચતાં વાત કરી :

'જયંતી ! હવે તારી મૂડી તારે જોઈએ એટલા ગુણા કરીને તું તારી પાસે રાખ. આપણી બંનેની પાસે હવે એવી રકમ ભેગી થઈ ગઈ છે કે મૂડીમાં આપણે સરખો હિસ્સો રાખી શકીએ.'

'કીકા ! તને આ વિચાર ક્યાંથી આવ્યો ? મારી થાપણ મેં કદી મારી ગણી જ નથી. એને તારી અને મારી સહિયારી ગણીને જ હું ચાલ્યો છું.' જયંતીએ કહ્યું.

'આ તો મારા મનમાં કે આપણો હિસાબ ચોખ્ખો થઈ જાય. આપણે તો કંઈ ઝઘડો નહિ; પરંતુ આયપતવેરા બદ્દલ કંઈક ગોટાળા કરવા પડે, મુનીમોને આપણા સંબંધની સમજ પડે કે ન પડે, અને આપણાં છોકરાં વચ્ચે આપણા જેવો જ સંબંધ ચાલુ રહે કે ન રહે. એ બધી ભાંજઘડ ટાળવા માટે ચોખવટ સારી.'

'વારુ, ચોખવટ કરી નાખીશ.' કહી જયંતીલાલે જરાક મોં મોટું કર્યું.

'ચોખવટ કરવી હોય તો આ થાપણમાં મારી અરધી રકમ જમા કરાવી લઉં એટલે આપણી બન્નેની થાપણથી આપણો વેપાર ચાલ્યો એવું ચોપડા બોલી ઊઠશે.' કહી કીકાભાઈએ નોટના એક બે ચોડા જયંતીલાલ પાસે મૂકી દીધા. ધનિકોને રૂપિયા ખખડાવવાનો અગર નોટોના ચોડા ફેંકવાનો શોખ બહુ હોય છે.

'જા, જા; શી મૂર્ખાઈ લઈને બેઠો છે ? તારે નામે અર્ધી થાપણ કરવામાં મને કંઈ હરકત આવે એમ છે ? ઈશ્વરે મને અને તને એટલું તો આપ્યું છે !' જયંતીલાલે કહ્યું.

કીકાભાઈને આ ગોઠવણ બરાબર લાગી તો નહિ, પરંતુ તાત્કાલિક તો તેઓ કંઈ બોલ્યા નહિ અને બીજે દિવસે તેમણે

આશ્ચર્યસહ જોયું કે જયંતીલાલે અર્ધી જ નહિ પણ પોતે રોકેલી આખી રકમ કીકાભાઈની થાપણ તરીકે ચોપડે ચઢાવી દીધી !

૨

માનવીની સારપ બેવકૂફી પણ મનાય છે. આશ્ચર્યની લાગણી ચાલુ હતી ત્યાં સુધી જયંતીલાલ માટે કીકાભાઈને સદ્ભાવ ખૂબ રહ્યો. જયંતીલાલને કીકાભાઈએ સલાહ પણ આપી કે આટલા બધા સારા થવું જોખમભરેલું છે. જેનો જવાબ જયંતીલાલે એમ વાળ્યો : 'તને મિલકત સોંપવી એમાં જો જોખમ હોય તો જિંદગીમાં જોખમ સિવાય બીજું કાંઈ નથી.'

અને થોડાં વર્ષ બન્નેનો વેપાર ભેગો ચાલ્યો, અને બન્ને મિત્રો સારા પ્રમાણમાં ધનપ્રાપ્તિ કરતા ચાલ્યા.

કોઈ પણ સહકાર્યમાં – ભેગા વ્યાપારવ્યવહારમાં એક ભારે મુશ્કેલી છે. નફો મળતો હોય તોપણ એ નફામાં કોનો કેટલો ભાગ ગણવો એ પ્રશ્ન અનેકાનેક માનસિક અને વ્યાવહારિક ગૂંચવણો ઊભી કરે છે. મૂળ થાપણ જયંતીલાલે આપી એ વાત ખરી; પરંતુ એમાં કીકાભાઈએ પોતાની બુદ્ધિ અને મહેનત ઉમેર્યાં ન હોત તો જયંતીલાલની મૂડી એમની એમ પડી રહી હોત ! અરે પડી રહી હોત એમ નહિ; પરંતુ તે શોષાઈને અદશ્ય પણ થઈ ગઈ હોત. મૂડી હોય તેથી કંઈ મૂડી વાપરતાં આવડી એમ કહેવાય નહિ. વળી જયંતીલાલે રોકેલી મૂડીનો અર્ધો ભાગ આપવા કીકાભાઈ ક્યાં તૈયાર જ હતા ? જયંતીલાલે માગી હોત તો જયંતીલાલની થાપણ કરતાં ત્રણચારગણી થાપણ કીકાભાઈ મૂકી શક્યા હોત અને જયંતી-લાલનો આખો વેપાર ખરીદી શક્યા હોત. એટલે જયંતીલાલની થાપણ અંગે કીકાભાઈએ બહુ ઉપકારની લાગણી સેવવાની જરૂર ન હતી. ધીમે ધીમે એ ઉપકાર ઓસરી ગયો, એટલું જ નહિ પણ વેપારમાં જયંતીલાલની ભાગીદારી કીકાભાઈને અડચણરૂપ

લાગવા માંડી.

એ અડચણ દૂર કરવાનું સાધન પણ ફીકાભાઈ પાસે હતું, જયંતીલાલે પોતે જ આખી થાપણ જાણે ફીકાભાઈએ મૂકી હોય એવી રીતે શું ચોપડા તૈયાર કર્યા ન હતા? જયંતીલાલની એમાં ઉદારતા હતી કે સાવચેતી હતી તેની વિમાસણમાં પડી ફીકાભાઈએ નક્કી કર્યું કે એમાં જયંતીલાલની ઉદારતા કરતાં લુચ્ચાઈ વધારે કારણરૂપ હતી. આખી થાપણ પોતાને નામે કરી બધી જવાબદારી ફીકાભાઈને માથે નાખવાનો પ્રયત્ન હોય એમ કોણ કહી શકે? નફો મળે ત્યાં સુધી તો ઠીક; પરંતુ વખતે વ્યાપારમાં લથડિયું ખાઈ જવાય ત્યારે જયંતીલાલની જવાબદારી શી? થાપણ પણ ફીકાભાઈના નામે કરી લીધી એટલે જવાબદારી આખી ફીકાભાઈને માથે પડે એવી સફાઈથી જયંતીલાલ અળગા થઈને બેસે તો તેને અટકાવવા માટે બીજું શું સાધન મળી શકે?

એક દિવસ ફીકાભાઈએ જયંતીલાલને કહ્યું: 'ભાઈ આપણે હવે આપણી ભાગીદારી લેખી કરી લઈએ.'

'આટલા દિવસના ચોપડા શું આપણી ભાગીદારીની વાત નહિ બોલે?' જયંતીલાલે જવાબ આપ્યો.

એમ નહિ. પણ જરા વધારે સ્પષ્ટતા કરવી એ સારું છે. નફા ભેગી જવાબદારી પણ આપણે કાયદેસર કરી લઈએ.'

'જે દિવસે કાયદેસર લખાણ કરવાની ઇચ્છા થાય તે દિવસે આપણે છૂટા પડવું એ વધારે સારું. આપણે છૂટા પડીએ એમ હું પણ માનતો નથી, દુનિયા પણ માનતી નથી અને તું પણ ન માને.' જયંતીલાલે કહ્યું.

'હું શા માટે ન માનું? જિંદગીભર ભાગીદારી ગોળગોળ રાખવી એ મને હવે તો ફાવતું નથી. એનાં કરતાં છૂટા પડવું એ શું ખોટું?' ફીકાભાઈએ કહ્યું.

'ફીકા! આ તું બોલે છે? થાપણથી માંડી નફા સુધી મેં

તને કોઈ દિવસ કશો પ્રશ્ન કર્યો નથી, છતાં તને મારો અવિશ્વાસ આવે છે? તારી ઇચ્છા હોય ત્યારથી આપણે છૂટા પડીશું.' જયંતીલાલે જરા દુઃખપૂર્વક કહ્યું.

'છૂટા પડવું હોય તો વાર શી? અબઘડી છૂટા પડીએ. થાપણ તેં મને લખી આપી છે તે મારી ઉપર મહેરબાની કરવા માટે નહિ. મહેનત અને બુદ્ધિ મારાં! અને અર્ધો નફો તું મેળવી ગયો છો! અત્યારથી જ હું કહું છું કે તું છૂટો છે. તારે અને ધંધાને, તારે અને ધંધાના નફાને આ પળથી કંઈ લેવાદેવા નથી એમ માની લેજે.' કીકાભાઈએ કહ્યું.

આરામથી બેઠેલા જયંતીલાલ જરાક ચોંકીને સ્થિર બેઠા અને સખતાઈપૂર્વક તેમણે કહ્યું: 'કીકા! મગજ ઠેકાણે નથી લાગતું, ખરું?'

'મારું મગજ ઠેકાણે છે. સવાલ તારા મગજનો છે. આ ધંધામાં તારે કંઈ લાગતું વળગતું નથી અને કાંઈ પણ હોય તો અદાલતમાં શોધી કાઢજે.'

વેપાર અને નફાને અંગે બે જીવજાત દોસ્તો એકબીજા સાથે આમ લડી છૂટા પડ્યા. જયંતીલાલ પાસે લેખી પુરાવો કંઈ પણ ન હતો. અસલ થાપણ પણ કીકાભાઈના નામે ચોપડે ચઢી ગઈ હતી. ઉપકાર જયંતીલાલે કર્યો હતો તે બદલાઈ જઈ કીકાભાઈએ જયંતીલાલ ઉપર ઉપકાર કર્યો હોય એવો દેખાવ થયો. કૃતઘ્નતા માનવીને ઘેલો બનાવી દે છે. ગમે તેમ કરી ન્યાય મેળવવો એવો મમત ચઢાવી જયંતીલાલે અદાલતમાં ન્યાય મેળવવા માટે પ્રયાસો કર્યા. ન્યાય મેળવવાના પ્રયાસોનો અર્થ વકીલોમાં પૈસા વેરવા એટલો જ થાય છે. વર્તમાન યુગની કચેરીઓ ન્યાય આપી શકે એવું એમનું બંધારણ જ નથી. કીકાભાઈએ જયંતીલાલના ભાગની સમૂળગી ના પાડી; જયંતીલાલે પોતાનો ભાગ નહિ પણ મુખ્ય ભાગ હોવાની સચ્ચાઈ ઉપર અદાલતનો આશ્રય લીધો, જેમાં તેમને ન મળ્યો

ન્યાય કે ન મળ્યો ભાગ! રાષ્ટ્રો વચ્ચેના કરારોને સુધરેલા મુત્સદ્દીઓ કાગળનો ટુકડો ગણાવી ઠોકર ચઢાવે એ મુસદ્દીપ્રેરિત દુનિયાની અદાલતો ન્યાય આપી પણ કેમ શકે? જયંતીલાલ ત્રણ અદાલતો સુધી ગયા, હાર્યા, ન્યાય ન જ મળ્યો અને એવી પરિસ્થિતિમાં આવી પડ્યા કે જેમાં તેમની મિલકત, રોકડ ને ઘરેણાં બધું જ ગીરો-વેચાણ થઈ ગયું. શેઠની કક્ષાએ બિરાજેલા જયંતીલાલ સામાન્યતામાં ઊતરી ગયા; મોટરકારમાં ફરતા હતા તે હવે પગે ચાલતા થઈ ગયા; મહાલયમાં રહેતા હતા તે હવે નાનકડા તૂટેલા મકાનમાં રહેવા લાગ્યા; એટલું જ નહિ પણ તેમનાં મન અને તન વિશ્વાસઘાતી મિત્રના વલણથી એટલાં લથડી ગયાં કે તેમને જીવવું પણ અકારું લાગ્યું. તેમનાથી પોતાને હાથે મરી શકાયું નહિ એટલા પૂરતા જ તેઓ જીવતા રહ્યા. જીવતા રહેવામાં તેમને બે પ્રેરણાઓ માત્ર હતી: એક માનવજાતની કૃતઘ્નતા ઉપર – મિત્રોના વિશ્વાસઘાત ઉપર શાપ વરસાવવાની અને બીજી, પોતાના પુત્રને ભણાવીગણાવી જીવનયુદ્ધ માટે તૈયાર કરવાની. કૃતઘ્નીઓને શાપ આપી થાકી ગયેલું તેમનું મન ધીમે ધીમે માત્ર નિઃશ્વાસ લેતું જ બની ગયું; અને ઠીક ઠીક ભણતા પુત્રને મહામુસીબતે ભણાવતાં ભણાવતાં સારા થવાની શિખામણ સાથે કોઈનો પણ – સગા બાપનો – પણ વિશ્વાસ ન રાખવાની શિખામણ આપતા તેઓ થઈ ગયા.

૩

કીકાભાઈ વ્યાપારધંધામાં આગળ ને આગળ વધતા ચાલ્યા. જયંતીલાલ જેવા મૂર્ખ મિત્રને દૂર કરી તેઓ પોતાની અક્કલહોશિયારી વાપરવાની મુક્ત મોકળાશ મેળવી શક્યા. અદાલતમાં જયંતીલાલને હરાવીને તેમણે સિકંદર કે જંઘીઝખાન જેવી વિજયઊર્મિ તો અનુભવી! એટલું જ નહિ; પરંતુ દિવસે દિવસે આર્થિક મુસ્કેલીમાં ડૂબતા જતા જયંતીલાલને નિહાળી તેમણે આનંદ પણ અનુભવ્યો

—જોકે આનંદ વ્યક્ત કરતી વખતે તેઓ જયંતીલાલની મૂર્ખાઈને જ આગળ કરતા હતા અને વારંવાર કહેતા હતા:

'દુનિયા મૂર્ખાઓની નથી.'

ફીકાભાઈની વાત બહુ સાચી ગણાય. જેની ગણતરી ખોટી પડે એ માણસને જ મૂર્ખ માનવો. મિત્ર દગો કરશે એમ ન માનનારનો મૂર્ખાઓમાં જ સમાવેશ થઈ શકે. અને ઘણી યે વાર એક જ મૂર્ખાઈ જિંદગીભરની આફત નીવડે છે. જયંતીલાલ નીચા અને નીચા ઊતરતા ચાલ્યા. વ્યાપારમાં તેમના મિત્ર ફીકાભાઈની હરીફાઈ તેમને સતત ખોટમાં જ ઉતારતી. તેમણે ધંધો બંધ કર્યો, મિલકતો વેચી નાખવા માંડી, પત્નીનાં ઘરેણાં પણ વેચવાનો તેમને પ્રસંગ આવ્યો અને અંતે ભાડાના ઘરમાં રહી દિવસ ગુજારવાની પરિસ્થિતિ ઊભી થઈ. ધન આવવા માંડે છે ત્યારે આંખ મીંચીને આવવા માંડે છે; ધન જવા માંડે છે ત્યારે આંખ મીંચીને જવા માંડે છે. જયંતીલાલ આર્થિક કક્ષાએ જેટલા નીચે ઊતરતા ગયા તેટલા જ ફીકાભાઈ આર્થિક કક્ષાએ ઉંચે ચઢતા ગયા. જયંતીલાલને માત્ર હવે એક જ આશા હતી: દિવસે દિવસે વધતી ગરીબાઈમાં પોતાના એકના એક પુત્ર પુષ્પકને સારી રીતે ભણાવવો. ગરીબી ભણતરમાં પણ ભારે વિઘ્નરૂપ ગણાય અને ભારતવર્ષમાં પણ ભણતર એવું મોંઘુ બનવા માંડયું છે કે ગરીબોથી ભાગ્યે જ ખર્ચાળ ભણતરનો લાભ લઈ શકાય. પત્નીનાં ઘરેણાં પુત્રના ભણતર માટે જ તેમને દૂર કરવાં પડયાં. સંતોષ એટલો જ હતો ને પુષ્પક સારું ભણતો હતો, કદી કદી ઇનામો લાવતો હતો અને ઉપલા વર્ગોમાં તો તેણે શિષ્યવૃત્તિની રકમો પણ લાવી પિતાના આર્થિક બોજાને હળવો કરવા માંડયો.

ગરીબાઈમાં ઊંડા ઊતરતાં ઊતરતાં વર્ષો વીત્યાં અને પુષ્પક મોટો થતો ગયો, ભણતો ગયો અને સારા ભાવિની આગાહી આપતો ચાલ્યો. માનવી અંતે તો માનવી જ છે. એના મનમાં વેર વસી જાય છે. જંયતીલાલના મનમાં એક પ્રકારનું વેર તો જરૂર વસી ગયું

હતું તે કીકાભાઈને નીચો પાડવો; અથવા તેમ બને એમ ન હોય તો એના સરખા બની આર્થિક રીતે તેની સરસાઈ કરવી અંગત રીતે જયંતીલાલથી તે બની શક્યું નહિ. કીકાભાઈને નીચા નમાવવા જે પ્રયત્નો કર્યા તેમાં જયંતીલાલ નિષ્ફળ નીવડ્યા; અને સરસાઈ કરવાની વાત તો બાજુ ઉપર રહી; પરંતુ આર્થિક દૃષ્ટિએ તો તેઓ નીચે અને નીચે ઊતરતા ચાલ્યા. પુત્ર પોતાની આશા અને ઇચ્છા સફળ કરશે એ ભાવનામાં અંતે જીવવાનો પ્રસંગ આવી લાગ્યો; અને તેમને કદી કદી આશા પણ પડતી કે પુત્ર એક દિવસ કીકાભાઈની સામે જરૂર મોરચો માંડશે અને કીકાભાઈ કરતાં પોતાને વધારે ઝળકતો દેખાડશે.

જયંતીલાલને એક જ અસંતોષ રહ્યા કરતો. પુષ્પકમાં ધન ઉપાર્જનના કે ધનની સાચવણીના સંસ્કાર જરા યે ખીલતા નહિ. ધન સાચવવાને બદલે પુષ્પક ધન વાપરી નાખતો. પોતાનાં ઇનામ અને શિષ્યવૃત્તિઓની રકમમાંથી તે પોતાના મિત્રોને કદી કદી ભાગ આપી આવતો પોતાનાં પુસ્તકો પણ બીજાઓને વાપરવા આપતો અને કદી કદી ભૂખ્યો રહી તે ગરીબ વિદ્યાર્થી ભાઈઓને પોતાનો ખોરાક પણ આપી આવતો. કસરત, સાદાઈ, દેશભક્તિ, સેવા, કવાયત, ગ્રામોદ્ધાર, દરિદ્રનારાયણ જેવી ભાવનાઓ સફળ કરવાને માટે તેને તાલાવેલી લાગી હોય એમ તેના વર્તન ઉપરથી લાગ્યા કરતું, આવા આદર્શોએ હિંદમાં તેમ જ જગતમાં કંઈક કારકિર્દીઓને ધૂળમાં મેળવી દીધી છે. જયંતીલાલ પોતે પણ આ ભાવનાઓના ભોગ અનેક વાર થઈ ચૂક્યા હતા અને પુત્રમાં એ ભાવનાઓ વધારે વિકસિત થતી તેમણે જોઈ ત્યારથી તેમનો અસંતોષ વધારે તીવ્ર બનતો ચાલ્યો. 'દગાખોર મિત્રને તેના દગાનું ફળ આપે એવો પુત્ર શું નીવડશે નહિ ?' એમ નિસાસો નાખીને તેમનું મન કોઈક વાર બોલી ઊઠતું, છતાં પુત્રમાં બીજો કોઈ પણ પ્રકારનો વાંધો કાઢી શકાય એમ ન હતું, એ સંતોષ તેમને રાત્રિએ સુખભરી નિદ્રા

આપતો.

પુષ્પક કૉલેજના છેલ્લા વર્ષમાં આવી પહોંચ્યો. બહુ ઊંચા વર્ગમાં તે પરીક્ષા પસાર કરશે એમ સહુની ખાતરી સાથે માતાપિતાની પણ ખાતરી થઈ ચૂકી. પરીક્ષા પાસે આવતી જતી હતી; અને પુત્રની રાહ જોઈ બેઠેલાં માતાપિતાએ એક દિવસ પોતાના ઘર આગળ ઝબકારા મારતી મોટરકાર આવીને ઊભેલી જોઈ. પુત્રને મોડું થયું હતું એટલે તેનો ઊંચો જીવ માતાપિતાને તો હતો જ. આંગણે કાર આવીને ઊભી રહે એવા પ્રસંગને તો દસકા વીતી ગયા હતા. જયંતીલાલ અને તેમની પત્નીના હૃદયમાં ધ્રાસકો પડ્યો અને કારમાંથી પોતાના પુત્રને ઉતરતો જોયો ત્યારે તો તેમના મનમાં અમંગળની શંકા ઉત્પન્ન થઈ. પુષ્પક કારમાંથી નીચે ઊતર્યો; પરંતુ તેના મુખ ઉપર ફિક્કાશ દેખાતી હતી. કારની અને ઘરની વચ્ચે પાંચછ ડગલાં ભરતાં પુષ્પકને ફેર આવી ગયાં હોય તેમ લાગ્યું; અને પુષ્પક ઘરનાં પગથિયાં ઉપર બેસી ગયો એટલે ધડકતે હૃદયે જયંતીલાલ અને તેમની પત્નીએ તેનો હાથ ઝાલી પૂછ્યું:

'પુષ્પક! દીકરા! શું થાય છે?'

'કાંઈ નહિ. ગભરાવાની જરૂર નથી. હું જરા સૂઈને વાત કરું.' પુષ્પકે સહજ બળપૂર્વક હસીને કહ્યું.

માતાએ ઝડપથી અંદર જઈ પથારી કરી અને પિતાએ હાથ ઝાલી પુષ્પકને પથારીમાં સુવાડ્યો. લાખો અંદેશા તેમના હૃદયમાં આવી ગયા! લાખો પ્રાર્થનાઓ તેમના હૃદયમાં સ્ફુરી! અને પુત્રની જિંદગીના બદલામાં માતાપિતા બન્નેએ પોતાની જિંદગી ન્યોછાવર કરવાની બાધા રાખી! જરા સ્વસ્થતા નિહાળતાં માતાએ પુષ્પકને પૂછ્યું:

'દીકરા! શું થયું?'

'મા! કાંઈ નહિ. મારું...લોહી...સહેજ...એક દર્દીને આપી આવ્યો છું.' પુષ્પકે કહ્યું.

'લોહી! દર્દીને? તેં આપ્યું?' માતાપિતાએ ઉપરાછાપરી પ્રશ્નો કર્યા. માનવજાતની સેવા અર્થે પ્રત્યક્ષ લોહી આપવાની પણ યોજના વીસમી સદીએ શોધી કાઢી છે; એટલું જ નહિ, પણ સ્વચ્છ, તંદુરસ્ત, અનુકૂળ ગુણધર્મવાળાં લોહી ભેગાં કરી 'બ્લડ બૅન્ક' નામની પેઢીઓ પણ કાઢવાનું આ પૈસાપૂજક યુગને યોગ્ય લાગ્યું છે. એક સેવાભાવી યુવક તરીકે પુષ્પકે આજે જ એક દર્દીને પોષવા માટે, મૃત્યુથી બચાવવા માટે, પોતાનું રુધિર દવાખાને જઈ આપ્યું હતું. પુષ્પકે માતાપિતાની ખાતરી કરવા કહ્યું કે એવું રુધિરદાન જીવલેણ નીવડતું નથી. એમાં અઠવાડિયું પંદર દિવસ સહજ નબળાઈ આવે; એથી વધારે શરીરહાનિ તેમાં થાય નહિ.

'પણ તારી તો પરીક્ષા હમણાં આવે છે.' માતાએ કહ્યું.

'મા! પરીક્ષા તો ફરી આવે; પણ દર્દીનો તો જીવ જાય એવી પરિસ્થિતિ હતી. આજે મેં લોહી ન આપ્યું હોત તો દર્દીને જીવવાની આશા પણ ન હતી.' પુષ્પકે કહ્યું.

'પણ એ દર્દી વળી કોણ હતો?' પિતાએ પૂછ્યું.

'એ તો એક છોકરી હતી.' કહી પુષ્પકે થાકની નિશાની તરીકે સહેજ આંખ મીંચી. ખરેખર પુષ્પકને થાક લાગ્યો હતો અને તેને આરામની જરૂર હતી.

'જે હશે તે; હમણાં એને સૂઈ રહેવા દો. એને માટે બજાર માંથી દૂધ લઈ આવો.' માતાએ કહ્યું અને જયંતીલાલ દૂધ લેવા માટે ઊભા થયા. દૂધ લાવવા માટે પણ પત્નીની છેલ્લી રહી ગયેલી સોનાની બંગડીઓ ગીરો મૂકવાની હતી. શૂન્ય મને જયંતીલાલે ઊઠી પત્નીની બંગડી લીધી, અને તેઓ બહાર નીકળ્યા. દૂધ લઈ પાછા આવ્યા ત્યારે પગથિયે ચઢતાં જ તેમણે પુષ્પકને મૂકી ગયેલી કાર ફરી આવતી જોઈ અને તેઓ ક્ષણભર પગથિયે ઊભા રહ્યા. શોફરે ગાડીમાંથી નીચે ઊતરી ફળની ભરેલી ટોપલી ઓટલા ઉપર મૂકી દીધી અને કહ્યું:

'ભાઈને માટે ફળ મોકલ્યાં છે, શેઠસાહેબે !'

એક ક્ષણ જયંતીલાલને એક ઇચ્છા થઈ કે તેઓ ફળની ટોપલી લેવાના ના પાડે. પણ અશક્ત પુત્રને માટે આ વસ્તુ ઉપયોગી થઈ પડશે એમ ધારી પોતાના સ્વાભિમાનને તેમણે ઢાંકી દીધું. વધારામાં પોતાના ખિસ્સામાંથી એક પાકીટ કાઢી જયંતીલાલના હાથમાં મૂક્યું, જે ઉઘાડતાં જ જયંતીલાલનું મુખ અને તેમની આંખ રાતાં થઈ ગયાં. તેમણે ફળની ટોપલીને લાત મારી ફળને રસ્તા ઊપર ફેંકી દીધાં, કાગળ ફાડી શોફરના હાથમાં મૂક્યો, અને કહ્યું :

'તારા શેઠસાહેબને જઈને કહેજે કે દીકરાનું લોહી પીવું. બાકી હતું તે તેમણે હવે પૂરું કર્યું છે. હજી કાંઈ બાકી રહ્યું છે ?' એટલું કહી પીઠ ફેરવી જયંતીલાલ ઘરની અંદર આવ્યા, અને પુત્રને દૂધ પાતાં પાતાં પૂછ્યું :

'પુષ્પક ! તને ખબર છે કે તેં કોને લોહી આપ્યું છે ?'

'ના જી, એ તો ડૉક્ટરો જાણે.'

માંદા પુત્રને વધારે લાંબી વાતમાં પિતાએ રોક્યો નહિ. એક આછો સંતોષ જયંતીલાલને થયો. પોતાના દુસ્મન બની ચૂકેલા મિત્ર ફીકાશેઠનો હજાર રુપિયાનો ચેક તેમણે ફાડી નાખ્યો હતો !

પંદક દિવસ વીતી ગયા. પુષ્પક સહેજ હરતોફરતો થયો અને એક દિવસ એની એ જ કાર આવી તેનાં પગથિયાં આગળ ઊભી રહી. કારમાંથી ફીકાભાઈ, તેમનાં પત્ની અને તેમની પુત્રી ત્રણ જણ નીચે ઊતર્યાં અને જયંતીલાલના ઘરમાં પ્રવેશ્યાં. જયંતીલાલ ત્રણેને ફાટી આંખે જોઈ રહ્યા. તેમના હાથમાં હથિયાર હોત તો તેઓ ખૂન કરત. હથિયાર ન હતું એટલે હથિયારનો ઘા જયંતી-લાલના પોતાના દેહ ઉપર પડતો હોય એવો ઝાટકો તેમણે અનુભવ્યો કદાચ તેમને મૃત્યુપ્રેરક મૂર્છા આવી જાત. ફીકાભાઈએ રુધિરભીની જયંતીલાલની આંખ નિહાળી અને પોતાની દીકરીને તેણે જયંતી-

લાલના પગ પાસે બેસાડી કહ્યું :

'જયંતી ! મારી એકની એક દીકરીનો પ્રાણ તારા દીકરાએ બચાવ્યો છે.'

જયંતીલાલે કંઈ પણ જવાબ આપ્યો નહિ. કીકાભાઈએ વધારામાં કહ્યું :

'એકલી દીકરી જ નહિ; દીકરીની મા અને એ દીકરીનો બાપ તારે પગે પડવા આવ્યાં છે.'

'કીકાભાઈ ! શેઠસાહેબ ! માફ કરો. મને આપની મૈત્રી પૂર્ણ રીતે ફળી છે. મારું તો ઠીક, પણ મારા દીકરાનું પણ આપે લોહી પીધું છે. આટલેથી બસ રાખો.' જયંતીલાલથી બોલાઈ ગયું,'

'તો આ છોકરી અને આ દસ્તાવેજ તારા પગમાં મૂકી હું ચાલ્યો જાઉં છું.' કહી કીકાભાઈ અને તેમનાં પત્ની બહાર નીકળી ગયાં. આશ્ચર્યચકિત જયંતીલાલ મૂઢ સરખા ઊભા રહ્યા. તેમનાં પત્નીએ દુશ્મન કીકાભાઈની દીકરી કનકલતાને કહ્યું :

'દીકરી ! તું પગે લાગી ચૂકી. તારી માંદગી ઓસરી ગઈ. ઈશ્વર તને દીર્ઘાયુષ આપે હવે તું જા. તારાં માબાપ બહાર કારમાં ખોટી થતાં હશે.'

'હું પાછી માબાપને ત્યાં જવા માટે આવી નથી; હું અહીં જ રહેવા માટે આવી છું.' સાજી થયેલી કીકાભાઈની દીકરીએ કહ્યું.

'કનક ! મારા ઘરમાં, મારા ગરીબ ઘરમાં, તને ક્ષણ પણ રહેવું ન ગમે. છતાં તું આવી છે તો હવે જમીને જ જજે–મોં મીઠું કરીને જજે.' પુષ્પકની માતાએ કનકલતાને કહ્યું.

'સાચું કહું ? નાને મોંએ મોટી વાત થાય છે એ હું જાણું છું, છતાં કહી લઉં. જેણે મને જિવાડી છે તેને મારે જીવ અર્પણ કરવો છે, એટલે હું અહીંથી જરા યે ખસવા માગતી નથી. જમીશ પણ અહીં; પરણીશ પણ આ ઘરમાં; અને રહીશ પણ અહીં !' કનકલતાએ કહ્યું. અને બહાર મોટર ઊપડી ગયાનો અવાજ પણ

સંભળાયો. ખરે ! કનકલતાને અહીં મૂકી તેનાં માતાપિતા ચાલ્યાં જતાં હતાં ! પુષ્પકની માતાએ જયંતીલાલના પગ પાસે પડેલો દસ્તાવેજ ઊંચકી તેના હાથમાં મૂક્યો.

તે જ ક્ષણે જયંતીલાલ વિચારમાં ને વિચારમાં ઊંડા ઊતરી હાથમાં મુકાયલો દસ્તાવેજ ફાડતા ચાલ્યા. એ દસ્તાવેજમાં બધી જ મિલકત ફીકાભાઈએ પોતાની પુત્રી કનકલતા અને તેના પતિને સોંપવાનો લેખ કરેલો હતો એની તેમને ખબર પણ ન હતી. તેઓ લેખ, દસ્તાવેજ અને ખતપત્ર કરતાં કોઈ વધારે ઊંચી દુનિયામાં વસતા હતા. હજારો રૂપિયાના ચેકને બદલે પોતાનું અને પોતાની મિલકતનું અર્પણ કરવા દુશ્મન ફીકાભાઈની પુત્રી દઢ નિશ્ચય કરી તેમની સામે જ આવી ઊભી હતી !

પુત્રે બદલો લીધો એવી ભાવના જ તેમના હૃદયમાં શોધી જડી નહિ. દુશ્મનની દીકરી તેમને પોતાની જ દીકરી લાગી. તેમની મિલકત ફીકાભાઈએ લૂંટી લીધી હતી ? કે વ્યાજ સાથે તે પાછી મળતી હતી ? કાંઈ પણ વિચાર કરવાની શક્તિ ગુમાવી બેઠેલા જયંતીલાલે કનકલતાના મસ્તક ઉપર આશીર્વાદભર્યો હાથ મૂક્યો. તેમની આંખમાં અશ્રુનાં બે બિંદુઓ ચમકી ગયાં.

કલ્પના કરતાં પણ સત્ય વધારે વિસ્મયપ્રેરક હોય છે.

# વિચિત્ર વેચાણ

માનવીને જીવનમાં શું શું વેચવુ પડે છે એ કોણ કહી શકે ? રાજા હરિશ્ચંદ્રને પોતાની સ્ત્રીનું વેચાણ કરવું પડ્યું એ જીવનરમત જાણીતી છે. પુત્રીઓ વેચવાના પ્રસંગો આજે પણ વર્તમાનપત્રોમાં વાંચીએ છીએ. રાજ્યોનાં રાજ્યો ગીરો મુકાય છે અને વેચાય છે એ પણ આપણે વર્તમાન યુદ્ધોમાં જોઈએ છીએ. માનવીને ગુલામ તરીકે વેચવામાં આવતો હતો એ તો ઐતિહાસિક સત્ય છે. આમ માનવજીવનમાં શાનું શાનું વેચાણ નહિ થતું હોય એ કોણ કહી શકે ? સુધરાઈઓ પાણી અને પ્રકાશ બન્ને વેચે છે અને હવા ખાવાનાં સ્થળોએ હવા વેચાય છે. મને લાગે છે કે વેચાણના સૂત્ર આસપાસ અનેકરંગી કથાઓ અને મહાકથાઓ સર્જાય છે.

પરંતુ નથી હું કવિ કે નથી કોઈ વાર્તાકાર. એટલે વેચાણને અવલંબીને હું ભાગ્યે કોઈ સારી વાર્તા કે કવિતા ઉપજાવી શકું; છતાં હમણાં જ મારા જીવનમાં વેચાણનો એક વિચિત્ર પ્રસંગ બની ગયો, જે મારા હૃદયમાં ખૂબ ખટક્યા કરે છે. ક્યાં સુધી એ ખટકશે ? એ વિચિત્ર વેચાણ કરનાર માનવી જીવતો હોય અને પાછો મને

મળે ત્યાં સુધી એ ખટકો તો રહેવાનો જ.

હું અને મારી પત્ની હવા ખાવાના એક શાંત સ્થળે પંદર દિવસ માટે રહેવા ગયાં હતાં. નાનકડું એકાંત મકાન અમને મળી ગયું; અને એને નાનું સરખું કંપાઉન્ડ પણ હતું એટલે નવરાશનો વખત હું કંપાઉન્ડમાં જ ગાળતો. મારે પૂર્ણ આરામ લેવો હતો. સરકારી ઊંચા અમલદારો સરકારી કામ કરી કરીને થાકી જાય છે એટલે કામથી મુક્તિ મેળવવા આવી શાંત જગા ખોળે છે. હું પણ ઠીક સરકારી ઊંચો નોકર હતો. જંજાળને બાજુએ છોડી હું અહીં આવ્યો અને અહીંની જંજાળ મેં તદ્દન બાજુએ નાખી. મોજ આવે તે વાંચતો અને ફાવે ત્યારે ફરવા જતો. મારી પત્નીને પણ મેં કહી રાખ્યું હતું કે એને ફરવા જવું હોય, હવાખાવાના સ્થળનો પૂરો લાભ લેવો હોય તો એ ભલે ફરે; પણ હું તો મારી ઓરડીમાં, મારા કંપાઉન્ડમાં બેસી જ રહેવાનો અને કોઈના પણ બંધન વગર ફરવાનો.

સાંજના પાંચેક વાગ્યાનો સમય હતો. આરામ ખુરશી ઉપર કંપાઉન્ડમાં પડ્યો પડ્યો ચીનની ગરીબી વિષે એક અમેરિકને લખેલું પુસ્તક વાંચતો બેઠો હતો. સામે ચાની ટ્રે બિસ્કિટ અને બીજાં અલ્પાહારનાં સાધનો પડ્યાં હતાં. આરામથી થોડી થોડી વારે ચા પીતાં પીતાં થતા મારા વાચનમાં એકાએક વિક્ષેપ પડ્યો, મારી પત્ની તો તેના નિત્ય નિયમ પ્રમાણે તેની બહેનપણીઓ સાથે લાંબે ફરવા ગઈ હતી અને રાત પહેલાં આવે એવો સંભવ ન હતો, એટલે હું એક પ્રકારની અજબ સુખભરી શાંતિ અનુભવી રહ્યો હતો. એવામાં મારી સામે બહુ ઊંચી જાતનાં નહિ, છતાં સ્વચ્છ કપડાં પહેરેલો એક પુરુષ આવીને ઊભો. તેનું મુખ જોતાં જ મને ભય લાગ્યો. આમ તો ભય લાગે એવું કશું જ ન હતું, છતાં એના મુખનો દેખાવ કોઈ રોગથી કે ભૂખથી કૃષ થઈ ગયેલા માનવી જેવો લાગતો હતો.

'કોનું કામ છે?' મેં પૂછ્યું.

'હું જરા બેસું, સાહેબ?' કહી હું હા પાડું તે પહેલાં મારી પાસે જ પડેલી ખુરશી ઉપર તે બેસી જ ગયો. મને પણ લાગ્યું કે તેના દેહમાં ભાગ્યે જ કાંઈ શક્તિ હોય. ખુરશીમાં બેસીને પણ તે જાણે હમણાં જ ઢળી પડશે એમ મને લાગ્યું. આ માનવી ગાંડો હશે? ઠગ હશે? કે ખરેખર સાચે જ કોઈ ભૂખ્યો હશે?

'કેમ આવવું થયું?' મેં પૂછ્યું.

'કાંઈ નહિ, સાહેબ! જરા થાક્યો હતો એટલે બેસવું હતું. ...અને કાંઈ વેચવું હતું.' તેણે જવાબ આપ્યો.

'ભલે, બેસો ખરા. પરંતુ હું તમને કોઈ મિલકત કે વસ્તુના વેચાણમાં મદદ કરી શકું એમ નથી. વેચાણનો મારો ધંધો નથી.' મેં કહ્યું.

'મિલકત તો મારે પણ વેચવાની નથી. વેચવા જેવી હતી તે બધી વેચાઈ ગઈ. હવે માત્ર જિંદગી જતાં પણ ન વેચવી એવો મંત્ર ભણી પાસે રાખેલી એક વસ્તુ હું વેચવા માગું છું.' થાકથી અને ભૂખથી એ માણસ પૂરું બોલી શક્યો પણ ન હોય એમ મને લાગ્યું. મને તેની વાતમાં રસ પડ્યો એટલે મેં આગળ પૂછ્યું:

'પણ આ તમારી જિંદગી તો હજી છે, પછી કેમ પ્રતિજ્ઞા તોડી એ વસ્તુ વેચો છો?'

'મારામાં જિંદગી છે એવું આપને લાગે છે ખરું? અને... હશે તો આ વેચાણ થશે એટલે લથડતી જિંદગી પણ ચાલી જશે.'

'એવી શી વસ્તુ વેચવા લાવ્યા છો?'

'લેશો ખરા? બહુ કિંમત નથી.' કહી તેણે તેના કોટના ખિસ્સામાંથી કાગળમાં વીંટાળેલી એક સહજ પહોળી વસ્તુ કાઢી મેજ ઉપર મૂકી.

'શું છે એ? કેટલામાં આપશો?' મેં પૂછ્યું.

જરા થરથરતે હાથે તેણે કાગળ ખસેડ્યો અને એક નાનકડી

ચાંદીની ફ્રેમને ચોકઠાંને તેણે મારી સામે મૂકી દીધી. ફ્રેમ ખાલી હતી. એમાં કોઈ છબી ન હતી. ચાંદી તેમાં બહુ ન હોય, છતાં તેની કારીગરી બહુ સુંદર હતી. મારી પત્નીની એક નાનકડી છબી મેં એક સુંદર નાનકડી ફ્રેમમાં રાખી હતી. મારી ફ્રેમ કરતાં આ ફ્રેમ વધારે સારી હતી – કારીગરીમાં. એટલે મને વિચાર આવ્યો કે એ લઈ તેમાં મારી પત્નીની છબી મૂકી તે પાછી આવે ત્યારે તેને ચમકાવું તો કેવું ? જીવનમાં ગમ્મતને સ્થાન છે જ.

'જુઓ સાહેબ ! આ એક ફ્રેમ છે. આપ એ રાખો અને આપને યોગ્ય લાગે એ કિંમત મને આપો.'

'નહિ, તમે પ્રસન્ન થાઓ એટલી મારે તમને કિંમત આપવી છે.'

'એમ ? એની કિંમત આપે જાણવી છે ? એની કિંમત નહિ અપાય તો ?' બહુ ફિક્કું હસીને તેણે મને પૂછ્યું.

મને ડર લાગ્યો કે કિંમત લેતાં આપતાં આ માનવી ઢળી ન પડે. એના અશક્ત દેહમાં જીવનતત્ત્વ હોય જ નહિ એમ મને લાગ્યું.

'હા હા, જરૂર કિંમત આપીશ. હું કાંઈ વેપારી નથી; છતાં ફ્રેમની તમે માગો એ કિંમત હું આપી શકીશ. એમાં ચાંદી કેટલી હશે ?' મેં પૂછ્યું.

થાકપીડિત માનવીએ પાછું પોતાનું ભૂતિયું સ્મિત કર્યું અને મને કહ્યું :

'કિંમત...આમ તો લાખ રૂપિયા; પણ અત્યારે તેની કિંમત એક ટંકના જમણ જેટલી, એટલું આપશો તો મારે બસ છે. આ ફ્રેમ.' કહી તેણે ફ્રેમ મારી તરફ આગળ વધારી.

'તમે શું બહુ ભૂખ્યા છો ?' મેં પૂછ્યું.

'હા જી. એટલો ભૂખ્યો છું, કે મરવામાં પણ મોજ નથી આવતી. મોજ તો ઠીક, પણ મરવાની શક્તિ પણ રહી નથી. દેહને એક ટંક પોષી લઉં તો તેનામાં મરવાની પણ શક્તિ આવે.'

મેં એકદમ ઊભા થઈ મારી ચાદાનીમાંથી બીજા પાસે પડેલા પ્યાલામાં ચા કાઢી તેની સામે મૂકી, બિસ્કિટનો થોકડો અને બીજી વાનીઓ તેની પાસે મૂકી, અને તેને મેં કહ્યું :

'એટલા જ ખાતર તમારે ફ્રેમ વેચવાની જરૂર નથી. તમે એક વખત આ નાસ્તો કરી લો; પછી મારી પત્ની આવે એટલે હું તમને સારી રીતે જમાડું. એવા જમાડું કે જેથી તમને જીવન જીવવાની ઇચ્છા થાય.'

'નહિ, સાહેબ! મને ખૂબ ભૂખ લાગી છે, એ વાત તદ્દન સાચી. કદાચ એ ભૂખમાં મારો પ્રાણ પણ છૂટી જાય એવી તમને જે બીક લાગે છે એ પણ સાચું; પરંતુ હું મરીશ તોપણ આપના કંપાઉન્ડમાં નહિ. આપને તકલીફ આપીને નહિ. માત્ર આપ એ ફ્રેમ ન લ્યો ત્યાં સુધી હું ચાનો છાંટો પણ મુખમાં મૂકું નહિ અને નાસ્તાનો કકડો પણ જમું નહિ. મફત જમનારો હું ભિક્ષુક નથી!'

ફ્રેમ મેં મારી પાસે ખેંચી અને તેને ચા પીવા વિનંતી કરી. મેં પણ તેની સાથે ચા પીવા માંડી, તેની જ સાથે નાસ્તો લેવા માંડ્યો અને ધીમે ધીમે તેને વાતમાં દોર્યો. મારી નજર તો આ વિચિત્ર વ્યક્તિ તરફ સતત હતી એટલે હું જોઈ શક્યો કે તેને ખરેખર ભૂખ તો લાગેલી હતી જ અને તેનો દેહ પણ ખરેખર પોષણ માગતો હતો. વચમાં વચમાં હું તેને વાતમાં દોરતો હતો અને તે કોણ છે તે તેની પાસેથી કઢાવવા માગતો હતો.

'કેટલા દિવસના ભૂખ્યા છો?' મેં પૂછ્યું.

'પાંચેક દિવસ થયા હશે?' તેણે પ્રશ્નમાં જવાબ આપ્યો. જાણે તેને પોતાને જ પોતાના ઉપવાસી દિવસોની ખબર ન હોય!

'પાંચ દિવસના ઉપવાસમાં આટલું બધું શરીર ઊતરી ન જાય.' મેં તેને કહ્યું.

'વાત સાચી; પરંતુ એવા કેટલા યે પાંચ પાંચ દિવસો ઉપવાસમાં વીતી ગયા હશે! પ્રત્યેક ઉપવાસે શરીર નબળું પડતું જ

જાય એ સ્વાભાવિક છે.' તેણે કહ્યું.

'પણ આમ ઉપવાસો કરવાની શી જરૂર?' મેં પૂછ્યું.

'એક જાતની ઘેલછા.' તેણે સહજ હસીને જવાબ આપ્યો. થોડુંક જમવાથી તેનું હાસ્ય સ્થિર થતું લાગ્યું.

'શાની ઘેલછા? યોગની કે પ્રેમની?' મેં પણ હસીને પૂછ્યું.

'યોગની હોય તો તો ઈશ્વરે પોતે મને પોષણ આપ્યું જ હોય. પણ આ તો આપ ધારો છો તેમ પ્રેમઘેલછા જ છે.' તેણે કહ્યું.

'તો તો કોઈ સ્ત્રી પાછળ ઘેલા હશો!' મેં પૂછ્યું.

'હા જી. સ્ત્રી સિવાય પુરુષને કોણ ઘેલો બનાવી શકે એમ છે?' તેણે કહ્યું.

'તો હવે હું એક સલાહ આપું? બિલ્વમંગળની માફક સ્ત્રીને છોડીને હવે ઈશ્વરની ઘેલછા ઉપાડો તો કેવું?'

ક્ષુધાતુર માણસ સહજ હસ્યો. ક્ષુધાતૃપ્તિ તેનામાં એક પ્રકારનું કૌવત લાવતી હતી એમ હું જોઈ શક્યો. કદી કદી થરથરી ઊઠતો તેનો દેહ અને મીંચાવાને આળસે ઊઘડતી આંખોમાં જીવ જાગ્રત થતો મને લાગ્યો. તેણે મક્કમપણે મને જવાબ આપ્યો :

'સ્ત્રીમાં અને ઈશ્વરમાં બે મહત્ત્વના ભેદ છે. એક તો એ કે એક ઈશ્વરને સહુ કોઈ ભજી શકે છે – ખુશીની સાથે; જ્યારે એક સ્ત્રીને સહુ કોઈ ભજી શકતું નથી. અને બીજો મોટો ભેદ તો એ છે કે ઈશ્વરને ભજતાં ઈશ્વર જરૂર મળે છે; પરંતુ સ્ત્રીને ભજતાં સ્ત્રી મળે એની જરા યે ખાતરી નહિ.'

મને આ માનવી ખરેખર બુદ્ધિમાન લાગ્યો. અને તેના કહેવામાં મને સત્ય પણ લાગ્યું. અલબત્ત, એ સત્ય હાસ્ય ઉપજાવે એવું હતું એટલે એને સાંભળીને હું પણ હસ્યો અને તે પોતે પણ મને હસતો જોઈને હસ્યો; પરંતુ હસતાં હસતાં મેં તેને કહ્યું :

'તમારી વાત સાંભળવા જેવી લાગે છે!'

'કાંઈ નહિ; પ્રેમની બધી વાર્તાઓ વાંચીએ છીએ એવી જ;

નવાઈ જેવું કશું નહિ.'

'તોપણ મને કહેશો તો હું રસપૂર્વક સાંભળીશ.'

'ભલે. આપે મારી ઉપર ઉપકાર કર્યો છે. બેત્રણ જગાએ મેં ફ્રેમ બતાવી, ત્યારે જેણે તેણે એને ચોરીનો માલ માની મને રવાના કર્યો. તમે જ એક નીકળ્યા કે જેને મારા કથનમાં શ્રદ્ધા ઊપજી. તમને જરૂર વાત કહું!'

એટલું બોલતાં બોલતાં તેની આંખમાંથી ટપ ટપ અશ્રુબિંદુ પડવા લાગ્યાં. તેના ખિસ્સામાં કદાચ રૂમાલ નહિ હોય અગર તે દુઃખમાં ભૂલી ગયો હશે. તેણે કોટ વડે જ આંખો લૂછી નાખી.

'નહિ નહિ, વાત કહેતાં તમને આટલું દુઃખ થતું હોય તો મારે નથી સાંભળવી; રહેવા દો.' મેં કહ્યું.

આંખ સંપૂર્ણપણે લૂછી નાખી ચાનો પ્યાલો પૂરો પી જઈ તેણે મને જવાબ આપ્યો:

'વાર્તા તો સહજ, ટૂંકી છે. બહુ જ ટૂંકી છે. એના ઉપર તો હું રડી ચૂક્યો છું... કેટલાં ય વર્ષોથી. અત્યારે તો મને કોઈ જુદું જ રુદન આવ્યું!' અને ફરી તેની આંખમાં આંસુ આવતાં મેં જોયાં. મેં તેને આગળ કાંઈ પૂછ્યું નહિ. પણ તેણે પોતે ફરી અશ્રુ લૂછી મને કહ્યું:

'તમને વિચિત્ર લાગશે છતાં મારા અત્યારના રુદનનું કારણ હું તમને જણાવું. માનવદેહ અને માનવલાગણી કેવાં નિર્બળ હોય છે તે આમાંથી પ્રત્યક્ષ થાય છે. ભૂખને લઈને મારો દેહ રડવાની પણ શક્તિ ધરાવતો ન હતો. આપે મને જમાડચો એટલે તેનામાં આંસુ પાડવાની પણ શક્તિ આવી. કદી કદી મને પ્રશ્ન થાય છે, ક્ષુધા વધારે બળવાન કે પ્રેમ? આજ મારા પ્રેમ ઉપર ક્ષુધાએ વિજય મેળવ્યો...મને તેનું દુઃખ થયું: હશે. પણ હું મારી વાત તમને ટૂંકમાં કહું.'

અને ખરેખર તેણે બહુ જ ટૂંકામાં તેની વાત કહી.

વાત એટલી જ હતી કે કૉલેજમાં ભણતાં એક યુવકયુવતીને પ્રેમ થયો; તે એટલે સુધી કે પરસ્પર છબીઓ પણ તેમણે આપી-લીધી. ભાગ્યવશાત્ યુવક હિંદમાં જ રહ્યો અને યુવતી વધારે ભણતર માટે પરદેશ ગઈ. પરદેશગમનમાંથી એક મોટો ચમત્કાર ઉત્પન્ન થયો. હિંદમાં રહેલા યુવક પ્રત્યે પરદેશ ગયેલી યુવતીનો પ્રેમ ઘટતો ચાલ્યો અને અંતે તેણે પરદેશમાં જ મળેલા, વધારે અભ્યાસમાં રત થયેલા એક બીજા યુવકમાં પ્રીત જોડી અને હિંદવાસી યુવકને છેલ્લી સલામ લખી દઈ પરદેશશિક્ષિત યુવકની સાથે હિંદ આવી તેણે લગ્ન પણ કરી નાખ્યાં.

'એ હિંદવાસી યુવક તે હું – જોકે હું હવે યુવક રહ્યો નથી.'

'કેટલાં વર્ષ ઉપરની વાત કરો છો ?'

'પંદરેક વર્ષ થયાં હશે; પરંતુ એ પંદરે વર્ષ પંદર ઘા સમાન નીવડ્યાં છે. હવે મૃત્યુની રાહ જોઉં છું.'

'મને લાગે છે કે પંદરેક વર્ષ ઉપર હું પણ પરદેશ ભણતો હતો – લગભગ ભણી રહ્યો હતો. અને મારી પત્ની પણ મને પરદેશમાં મળી અને મેં હિંદ આવીને લગ્ન કર્યાં. તમારી વાત બહુ રસભરી છે. મારી પત્નીને હું પૂછીશ કે આ વાત તેને તો લાગુ નથી પડતી ને ?' સહજ હસીને મેં કહ્યું; પરંતુ એ મારા હાસ્ય પાછળ મારી હૃદયમાં એક ધ્રુજારી પણ હતી. મારી પત્ની અંગે તો એ કિસ્સો નહિ બન્યો હોય ? એમ હોય તો એ કહ્યા વગર રહે જ નહિ. મારી અને મારી પત્ની વચ્ચે સહજ પણ માનસિક પડદો હોય એમ મેં કદી માન્યું નથી.

'ચાલો સાહેબ ! હું રજા લઈશ. આપનો સમય નિરર્થક વિતાવ્યો; છતાં આપે મને પોષણ આપી રડવાની અને મરવાની શક્તિ આપી એને માટે હું આપનો ખૂબ આભાર માનું છું. શી જીવનની નવાઈ છે કે માનવી ભૂખ્યો હોય ત્યારે તે રડી શકતો નથી અને મરી શકતો પણ નથી !' એમ કહી એ વિચિત્ર હાડપિંજરસમો

બની ગયેલો માનવી ઊભો થયો. મેં તેને મારી સાથે રહેવાનો આગ્રહ કર્યો અને મારી પત્નીને મળવા માટે વિનતિ કરી. મારી પત્નીને મળવાથી તેને ઘણો આનંદ થશે એ પણ હકીકત મેં તેને સમજાવી; પરંતુ તેણે તો રોકાવાની ના જ પાડી. મેં તેને કહ્યું :

'આ ફ્રેમ મારે ન જોઈએ. આપ પાછી લઈ જાઓ.'

'હું કશું જ મફત – કિંમત આપ્યા વગર લેતો નથી. મારા પ્રેમની પણ કિંમત આપી રહ્યો છું. છેલ્લે ફ્રેમ રહી હતી તે પણ હવે વેચી નાખું છું. જૂની પ્રેમકથાને જાગ્રત કરનાર આપનું ખાણું તો હું કિંમત આપ્યા વગર ન જ લઈ શકું.' એમ કહી તેણે આગળ ડગલું ભર્યું. મેં તેને એકાએક પૂછ્યું :

'આ ફ્રેમ તો ખાલી છેઃ એ છબી સાથે ફ્રેમ આપો તો હું રાખું.'

'નહિ સાહેબ ! એ છબી મારી સાથે બાળવા માટે મેં રાખી છે. અમારા પ્રેમયુગમાં અમે એકબીજાને વચન આપ્યું હતું કે મરીશું તો સાથે જ બળીશું. એ કથન સાચું પાડવા માટે છબી સિવાય મારી પાસે બીજો માર્ગ નથી. એટલે એ છબી તો હું તમને નહિ આપું.' એટલું બોલી અત્યંત ઝડપથી તેણે મારું કંપાઉન્ડ છોડી દીધું અને ટેકરીમાં અદૃશ્ય થઈ ગયો.

સંધ્યાકાળ થતો હતો; મારી પત્ની પણ ફરીને પાછી આવી મારી પાસે બેઠી. મેં તેને પેલા વિચિત્ર આદમીની વાત કહી સંભળાવી, અને ફ્રેમ તેની સામે મૂકી દીધી.

વાત પૂરી થતાં ફ્રેમને જોઈ મારી પત્નીએ મને પૂછ્યું :

'એનું નામ શું હતું ?'

'એ તો પૂછવું રહી ગયું.' એટલું કહી અંધારું થવાથી કંપાઉન્ડમાંથી અમે બંગલામાં ગયાં.

તે રાત્રે મારી પત્ની મારી સાથે જમી નહિ, અને મને લાગ્યું કે એ રાત્રે તેને નિદ્રા પણ આવી નહિ.

બીજી સવારે મેં પત્નીની તબિયત પૂછી અને કહ્યું :

'તું રાત્રે બિલકુલ સૂતી નહિ. કેમ એમ થયું ?'

'મને ફ્રેમનું વિચિત્ર વેચાણ વારંવાર યાદ આવ્યા કરે છે. હું જ ફ્રેમની છબીમાં જડાઈ હોત તો શું થાત ?'

આટલો જવાબ આપતાં મારી પત્ની સહજ ધ્રૂજી હોય એમ મને લાગ્યું. મારાથી પણ બોલાઈ ગયું :

'કેવું વિચિત્ર વેચાણ !'

અને મારી પત્નીએ પણ ધીમે ધીમે કહ્યું :

'અને તે પણ શા માટે ? રુદનની...અને મૃત્યુની શક્તિ મળે એ માટેનું વેચાણ...કદી સાંભળ્યું નથી.' એટલું બોલતાં મારી પત્ની ફરી ધ્રૂજી ઊઠી.

મેં પણ આટલા વિચિત્ર વેચાણની નોંધ રાખ્યા સિવાય બીજી પૂછપરછ કે તપાસ કરી નથી, છતાં આટલી નોંધ તો મેં જરૂર રાખી છે !

ઉપરાંત એક બીજી પણ ટૂંકી નોંધ એ પછી ઉમેરી.

હવા ખાવાને સ્થળે મારી પત્નીને વધારે સમય રાખવી એ મને ઠીક ન લાગ્યું. એ રાત પછી તો મારી પત્નીએ ફરવા જવું પણ બંધ કર્યું અને ઘડી ઘડી બંગલાની બારીએ કે કંપાઉન્ડની જાળી બહાર તે જોયા જ કરતી હતી.

હું તેને મારી નોકરીના સ્થળે લઈ આવ્યો. એક દિવસ વર્તમાનપત્રમાં ટૂંકી નોંધ આવી, જે તરફ મેં મારી પત્નીનું ધ્યાન પણ ખેંચ્યું. જે સ્થળે હવા ખાવા અમે ગયાં હતાં તે સ્થળની કોઈ ઊંડી ખીણમાંથી એક માનવલાશ મળી આવી, જેને કોઈ ઓળખી શક્યું નહિ. એટલે તેને સરકારી રાહે અવલમંજીલે પહોંચાડી. લાશ પુરુષની હતી અને તેના ખિસ્સામાં એક કિશોરીની ઘસાઈ ગયેલી જૂની છબી હતી, જેને પણ કોઈ ઓળખી શક્યું નહિ. એ માનવી પગ લપસવાથી ખીણમાં પડી મૃત્યુ પામ્યો હતો; કાં તો એણે

આપઘાત કર્યો હોય; અગર કોઈ હિંસક પ્રાણીથી બચવા નાસવા જતાં સમતોલપણું ગુમાવી પોતાનો જીવ ખોયો હોય.

એટલું વધારામાં અહીં નોંધી લઉં : એ સમાચાર વાંચ્યા પછી મારી પત્ની કદી હસી નથી. જોકે અમારો વ્યવહાર સરળતાથી ચાલે છે. છબી મારી પત્નીના નાનપણની લગ્ન પહેલાંના યૌવનની તો ન હતી ? એ પ્રશ્ન મેં હજી મારી પત્નીને પૂછ્યો નથી.

# જાતશત્રુ

૧

અજાતશત્રુની કલ્પના તો સમજાય એવી છે. હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર, ગાંધીજી જેવા મહાપુરુષોને માટે તો કોઈ શત્રુ જન્મતો જ નથી, એટલે એવી વિરલ વ્યક્તિઓ અજાતશત્રુને નામે ઓળખાય.

પરંતુ આપણા જેવી સામાન્ય વ્યક્તિઓની ઝેરભરી નજરે તો ચારે બાજુએ દુશ્મનો જન્મેલા દેખાય છે, જે આપણું જીવન, સવાર, બપોર, સાંજ અને રાત ઝેર બનાવી દે છે અને તેમાં ય જ્યારે આપણે આપણી જાતના દુશ્મન હોઈએ છીએ ત્યારે તો આપણા દુઃખનો અવધિ આવતો નથી. દુઃખમાં અને દુઃખમાં રાખી આપણને મારનાર આપણો દુશ્મન આપણે પોતે જ હોઈએ છીએ. જેની જાત જેનો દુશ્મન હોય એવા અસંખ્ય માનવીઓને જાતશત્રુ કહેવા ઠીક છે. નેવું ટકા માનવીઓ જાતશત્રુ હોય છે.

હું ખરેખર બહુ દુઃખી હતો. પિસ્તાળીસ વર્ષે તો મને લાગ્યું કે મારું જીવન આમ ને આમ દુઃખમાં વીતી જશે તો મારે જરૂર આપઘાત કરવો પડશે. એક દિવસ મધરાતે પડતું નાખી મારા દેહનો અને મારા દુઃખનો અંત લાવવા હું અગાશીમાં ગયો અને રાત્રિની

નિઃશબ્દ શાંતિ પડતું નાખવા મને પ્રેરી રહી. મેં ઊંડા આકાશમાં નજર કરી અને તકતકતા હસતા તારાઓ નિહાળ્યા. જાણે એ મને કહેતા ન હોય: 'હા, હા, પડ! માર કૂદકો! તારા જેવા કંઈક માનવીઓએ ઊંચાઈથી કૂદી પડી પોતાનાં દુઃખ-દર્દ મિટાવી દીધાં છે.'

મારાથી ગુસ્સાના આવેશમાં તારાઓ સામે જ બોલાઈ ગયું:

'તો હરામખોર! તમે કેમ પડતા નથી? યુગયુગથી ઉપર રહ્યા રહ્યા સહુને હસ્યા કરો છો તે!'

જવાબમાં તારાઓએ મારી સામે આંખ મીંચકારી અને મને હસી કાઢયો. જાણે તેઓ મને કહેતા હોય કે જેને દુઃખ હોય તે મરે! ચમકતા, હસતા, તેજઃપુંજ સરખા તારાઓને હજી કંઈ દુઃખ પડયું જાણ્યું નથી.

એકાએક મારી પાછળ એક માનવ સાદ મેં સાંભળ્યો:

'પણ તમને દુઃખ શું છે? આમ સૂતા કેમ નથી? રાતની રાત જાગો છો!'

મારી પત્નીનો એ સાદ હતો. એ સાદ હવે મને બહુ જ અણગમતો બની ગયો હતો. પાછા ફરી મેં જવાબ આપ્યો:

'તારે મને સુખે મરવા દેવો પણ નથી; ખરું?'

'પણ એવું છે શું કે તમારે એવો વિચાર સુધ્ધાં કરવો પડે? સારી આવક છે, કુટુંબ છે, છૈયાંછોકરાં છે...'

એ બધાં ય મારાં દુશ્મન છે, અને તું પણ મારી દુશ્મન છે.' મેં કહ્યું. અને મારી પત્નીની આંખમાંથી મોતીની સેર સરખાં આંસુ વહી રહ્યાં.

વર્ષો પહેલાં અમારા લગ્નનાં બેત્રણ વર્ષની જ સીમામાં કોઈ કારણસર મારી પત્નીની આંખમાં આંસુ ઉભરાયેલાં, મારું કાળજું ચિરાઈ ગયેલું, અને મેં એ પ્રસંગ ઉપર એક કવિતા લખી કાઢેલી; એ કવિતા મેં પ્રસિદ્ધ કરી ત્યારે તેનાં બહુ વખાણ પણ આવ્યાં હતાં. વર્ષો વીત્યાં હતાં છતાં મારી પત્નીનું રૂપ ખાસ બદલાયું ન

હતું. એની વાણીમાં એની એ જ ઋજુતા હતી, એની આંખોમાં એનો એ આર્જવ હતો, અને મારે માટેની એની કાળજી પહેલાં હતી એના કરતાં તો વધી ગઈ હતી.

૨

પરંતુ એ જ મારા દુઃખનું કારણ હતું. શરૂઆતમાં તો તેનું રૂપ મને ગમતું; પરંતુ ધીમે ધીમે હું જોઈ શક્યો કે એનું રૂપ બહુ માણસોને આકર્ષતું હતું. રસ્તે સાથે જતાં હોઈએ ત્યારે ચારે પાસથી તેની તરફ નજર દોરાતી! મારા ઓળખીતાઓ મને સલામ કરવી ભૂલી જઈ મને ઉવેખી તેને જ નિહાળતા હતા! અને મારાં લગ્ન પછી મારા મિત્રોએ મારે ત્યાં વધારે આવવા માંડયું! એનું મુખ્ય કારણ મારી પત્નીને નિહાળી તેની સાથે વાતો કરી આનંદ મેળવવો એ જ હોઈ શકે! આ મારું પ્રથમ પરમ દુઃખ!

હું પત્નીને કહેતો :

'તું કેમ બધાંને તારી સાથે વાતો કરવા દે છે?'

મને જવાબ મળતો :

'એમાં હું શું કરું? તમારા જ મિત્રો અને ઓળખીતાઓ આવે છે અને વાતો કરે છે; તમે જ એમને રોકો ને?'

નૂતન યુગમાં મિત્રો પરસ્પરની પત્નીઓ સાથે વાત કરતાં રોકાય એમ નથી. એટલે મારાથી કાંઈ બનતું નહિ, અને હું દુઃખી થયા કરતો અને મારી પત્નીનું રૂપ જોઈ બળ્યા કરતો. મને તેના રૂપનો પણ અણગમો આવવા માંડ્યો! એના કરતાં પત્ની રૂપાળી ન હોત તો સારું થાત એમ પણ મને લાગવા માંડયું.

અલબત્ત, પછી તો હું પિતા બન્યો. એક, બે, ત્રણ, ચાર બાળકો પણ થયાં; અને મારા ઘરની શાંતિનો ભંગ થવા માંડ્યો. હું છાપું વાંચતો હોઉં અને બાળકો લડી ઊઠે અને રડી ઊઠે! બલ્ગેરિયા અને તુર્કી વચ્ચેની લડાઈ વાંચવાથી મને શો ફાયદો

થવાનો છે કે તે બન્ને દેશોને શો ફાયદો થવાનો છે એ પ્રશ્ન આપણે વર્તમાનપત્ર વાંચતી વખતે કદી કરતા નથી; છતાં વર્તમાનપત્રના વાચનનો રસ જીવનનો એક મહારસ છે; અને એમાં બાળકો ખલેલ પહોંચાડે એ અસહ્ય બની જાય છે. હું ગુસ્સાથી બૂમ મારતો :

‘ આ તારાં બાળકો બહુ જંગલી છે ! ’

‘ કેમ, શું થયું ? શું કરે છે બાળકો ? ’

‘ જો ને, આ કેટલો ઘોંઘાટ કરે છે ? એક ઘડી જંપીને પેપર વાંચવા દેતાં નથી. ’

‘ બાળક છે, રડે પણ ખરાં ! અને ધાંધલ પણ કરે. જરા રમાડો તો ખરા કો’ક કો’ક દિવસ ! ’

પરંતુ બાળકો કરતાં વર્તમાનપત્ર મને વધારે વહાલું હતું એટલે બાળકો અને બાળકોની માતા પ્રત્યે મારો કંટાળો વધતો જતો હતો. બાળકો આમ નિત્યક્રમમાં ખલેલ પહોંચાડે; ઉપરાંત ઊંઘમાં પણ તેઓ ખલેલ પહોંચાડે ! શાન્ત, સ્વસ્થ નિદ્રા આવતી હોય, અને તેમાંથી હૃદયના ધબકારા વધારી દેતી ચીસ પાડી આપણને બાળકો જગાડે, એ બાળકો આપણને કેટલાં વહાલાં લાગે ? અને બાળકોની માતાને તો જીવનમાં બાળકો સિવાય બીજું કંઈ જ હોય નહિ !—મારી પત્નીની માફક સારું ભણેલી માતા હોય તોપણ ! બાળકનું રુદન એ માતાને મન વિશ્વયુદ્ધ જેવો મહત્વનો બનાવ ! બાળક કેમ રડયું ? તેને શું થયું હશે ? તેને શું જોઈતું હશે ? એની ધમાલમાં એ આખી દુનિયાને વીસરી જાય. અને દુનિયા સાથે પોતાના પતિને પણ ! મિત્રોએ મારી પત્ની તરફનો મારો અણગમો ઊભો કર્યો હતો, એમાં બાળકોએ જન્મી એ અણગમામાં વધારો કર્યો.

બાળકો કંઈ સતત બાળકો રહેતાં નથી. બાળકો જેમ જેમ મોટાં થતાં ગયાં, તેમ તેમ મને લાગવા માંડયું કે બાળકો બાલ્યાવસ્થામાં જ રહ્યાં હોત તો વધારે સારું ! બાળકોને શાળામાં મૂકો,

તેમને માટે પુસ્તકો મંગાવો, તેમના અભ્યાસ અને વર્તન ઉપર દેખરેખ રાખો, ઝડપથી વધતા તેમના દેહ માટે છ છ મહિને અને વર્ષે વર્ષે કપડાં સિવડાવો. તેમની છબીઓ પડાવો, તેમને સિનેમા-સરકસ દેખાડો, શાળામાં શિક્ષકો ન શીખવે એ પાછું ઘેર શીખવો, તેમને સદ્વાચન તરફ દોરો, પ્રેમનાં અને જાતીય વિજ્ઞાનનાં ચારેપાસ ઊભરાતાં પુસ્તકો તેમના હાથમાં ન જાય એવી વ્યૂહરચના કરો; અને અંતે બાળકો સોળ કે અઢાર વર્ષનાં થાય ત્યારે તેમને યોગ્ય પતિ-પત્ની શોધી આપો! આવાં આવાં ભયંકર જવાબદારીવાળાં કામોએ મારા જીવનને ઝેર બનાવી દીધું; અને આફતોનાં વધતાં જતાં પોટલાંરૂપ બાળકો આપનારી માતા પ્રત્યેનો મારો અણગમો વૈરવૃત્તિ ધારણ કરી રહ્યો.

૩

સવારથી સાંજ સુધીમાં જ્યારે જ્યારે હું ઘરમાં આવું ત્યારે બાળકોને સ્વચ્છ અને સભ્ય રહેવાનો શું મારે બોધ કર્યે જ જવાનો? કોઈ મળવા આવે ત્યારે દોડાદોડ અને હસાહસ ન કરવાની શું મારે નિત્ય શિખામણ આપવી? છાનામાના સિનેમા જોઈ ભ્રષ્ટ ચારિત્ર્ય-વાળાં બાળકો ન બને એને માટે શું મારે તેમની ચોવીસે કલાક ચોકી કરવાની? કહ્યા વગર રમવા ચાલ્યાં જાય અને દીવા થતાં સુધી ઘરમાં ન આવે એવાં બાળકોને શું હું ધમકાવી પણ ન શકું? કે ધોલ પણ ન મારી શકું? બાળકોનું સતત ઉપરાણું લેતી બાળકોની માતા પ્રત્યે હવે તો હું નજર નાખતાં પણ ઊકળી ઊઠતો!

હું જોઈ શક્યો કે ધીમે ધીમે બાળકો મારાથી સંતાતાં ફરતાં હતાં. હું બોધવચન કહું ત્યારે તેઓ ઊંઘરેટાં દેખાતાં હતાં, અને હું ઠપકો આપું ત્યારે હું જાણે તેમનો દુશ્મન હોઉં એવી લુખાશ હું તેમની આંખમાં નિહાળતો હતો. એક ચારિત્ર્યવાન, ફરજની ભાવનાથી પ્રેરિત વત્સલ પિતાને બાળકોનું આ વલણ કેટલું દુઃખભર્યું થઈ

પડતું હશે તે મારા સરખો પિતા જ જાણી શકે ! ઘરમાં બાળકોને તો એમ જ લાગતું કે પિતા નહિ પણ એક રાક્ષસ છું, તેમનો પોષણહાર નહિ પણ તેમનો દુશ્મન છું. હું ઘણી વખત બૂમ મારતો કે બાળકો મારી સાથે ચા કેમ પીતા નથી, મારી સાથે જમતાં કેમ નથી, મારી સાથે વાતો કેમ કરતાં નથી, મારી પાસે આવી બેસતાં કેમ નથી. સતત મારી સામે આવ્યા કરતી મારી પત્ની જવાબમાં એટલું જ કહેતી :

'હશે ! બાળકો છે. તેમનું મન હોય તે ભલે કરવા દો.'

'પણ તું જાણે છે, એથી એ બાળકોને કેટલો ગેરલાભ થાય છે તે? સુરેન્દ્ર અરધો કલાક મારી પાસે બેસતો હોત તો જરૂર ફર્સ્ટ કલાસમાં પાસ થાત, અને વીણા ગમે તેવી ચોપડીઓ વાંચી કવિતા લખતી થઈ ગઈ છે, તે સારી જગાએ પરણી જાત !' હું ગુસ્સે થઈ દલીલ કરતો.

પત્ની પહેલાં તો આવી દલીલોના જવાબ આપતી; પણ છેલ્લે છેલ્લે એણે પણ જાણે મારી સાથે અબોલા લીધા હોય એમ એ અત્યંત થોડું જ બોલતી અને મારા ઘણાખરા પ્રશ્નોના જવાબ વાળતી જ નહિ. હું સહજ કહેવા જાઉં એટલે તે તરત રડતી અને નાસતાં-ફરતાં બાળકો મને જોતાં ત્યારે એક રોગ તરફ જોતાં હોય એમ ઘૃણા તેમની આંખમાં મને દેખાતી. હું આપઘાત ન કરું તો બીજું શું કરું ? અગાશીમાંથી નીચે પડવું સહેલ હતું.

પરંતુ મારી પત્ની અત્યારે મને સુખ મેળવતાં રોકતી હતી. એક વખત મોતી સરખાં લાગતાં તેનાં આંસુ અંગારારૂપી બની ગયાં હતાં. મેં કહ્યું :

'તમને સ્ત્રીઓને ઠીક રડી રડીને દબડાવવાની કળા આવડી ગઈ છે ! શા માટે મારી પાછળ તું અગાશીમાં આવી ?'

'હું તો તમે જ્યાં જશો ત્યાં આવવા માટે સર્જાયલી છું.' રડતી પત્નીએ જવાબ આપ્યો.

'દોઝખમાં પણ આવીશ?'

'હા! પણ તમારે દોઝખને યાદ કરવું શા માટે પડે? તમને ઊંઘ આવતી નથી એ જાણી હું તમારે માટે કોકોનો પ્યાલો કરી લાવી છું. ચાલો અંદર અને પી લો.'

આ દુશ્મન પત્ની મને કોકો પાયા વગર મરવા દેવાની નથી, એવી ખાતરી થતાં અગાશીમાંથી હું અંદર મારા સૂવાના ખંડમાં આવ્યો. ખંડ બહુ સુંદર રીતે શણગારાયલો હતો એવું મારું વર્ષો પહેલાનું માનવું હતું. ઓરડો એનો એ જ હતો; એમાં એનો એ જ શૃંગાર હતો; એની એ જ પત્ની એમાં હતી. છતાં એ શયનગૃહ મને અકારું થઈ પડયું હતું. હું અત્યંત ચારિત્ર્યનિષ્ઠ હોવાથી, નીતિનો પરમ નમૂનો બનવા મથન કરતો હોવાથી, હું અન્ય રૂપવંતી સ્ત્રીઓ તરફ નજર પણ નાખતો નહિ. સૌંદર્યસંપન્ન અન્ય જોડકાંને હસતાં રમતાં જોઈ હું દાઝી ઊઠતો. આમ ઉપરથી કોઈને લાગે નહિ, કોઈ માને નહિ, છતાં હું બાળકોથી, પત્નીથી, જગતથી, અને મારી જાતથી પણ કંટાળી ગયો હતો. કમનસીબે કોઈક દર્દ અગર રોગ આવીને પણ મારા જીવનમાં ભાત પાડતાં નહિ! શરીરની તંદુરસ્તી મને માંદગીનો શોખ પણ ભોગવવા દેતી નહિ.

શયનખંડમાં આવી એક ખુરશી ઉપર બેસી પત્નીએ આપેલો કોકોનો પ્યાલો મેં ધીમે ધીમે પીવા માંડયો, અને મારી નજર સામે એક અત્યંત બદસૂરત, વિકરાળ ભૂત આવીને ઊભું રહ્યું હોય એમ મને લાગ્યું! એની આંખ બિહામણી હતી; એના મુખની રેષાઓમાંથી કટુતાના ફુવારા ઊડતા મને દેખાયા; એના કપાળની કરચલી જાણે શોકને આમંત્રણ આપતાં તોરણ હોય એવી મને દેખાઈ. હું ચમકયો. મને સહજ બીક લાગી એમ કહું તો ચાલી શકે. આવા ભયંકર દેખાવની છબી શા માટે મારી પત્નીએ મારા જ શયનખંડમાં લાવીને મૂકી હશે? કોકોનો પ્યાલો મેં ટિપાઈ ઉપર મૂકી દીધો, અને અત્યંત ગુસ્સે થઈ મેં પત્નીને પૂછયું:

'આ કોની છબી લાવીને મૂકી છે? કોને બિવડાવવા?'

સહજ હસી મારી પત્નીએ કહ્યું :

'એ તો આયનો છે! એમાં કોઈની યે છબી નથી. જે સામું જુએ તે દેખાય.'

એક વીજળીનો ધક્કો મારા મગજને વાગ્યો. હું શું આવો ભયંકર દેખાઉં છું? મારું મુખ આવું વિકૃત બની ગયું છે? બાળકો અને કિશોર સંતાનો મારાથી ભાગે એમાં નવાઈ ન કહેવાય – જો મારું મુખ આયનામાં દેખાય છે એવું સૌને દેખાતું હોય તો! મારા ઉપરી અને મારા હાથ નીચેનાં માણસો પણ મારા મુખ સામે કેમ જોતા નથી અને મારો કંઠ સાંભળવા કેમ તૈયાર નથી એનું પણ રહસ્ય મને સમજાયું. મારું જ મુખ ભયંકર બની ગયું છે! મને જ એની બીક લાગી. એ કેમ આવું કુરૂપ બન્યું હશે?'

'ભદ્રા! મારું મુખ શું આવું ભયંકર છે?

મારી પત્ની એકાએક મારી સામે જોઈ રહી. ફરી તેની આંખમાંથી આંસુ ખરેખર સરી પડચાં, અને તેણે કહ્યું :

'કેટલે વર્ષે તમે મને મારું નામ દઈને બોલાવી! મુખ તો એવું રૂપાળું હતું! પણ કોણ જાણે કેવો સ્વભાવ કરી નાખ્યો છે કે સ્વભાવ જ મોં ઉપર આવીને બેસી ગયો!'

આટલું કહી તે મારી પાસે આવી ઊભી રહી. મારે ખભે તેણે હાથ મૂકચો, ટિપાઈ ઉપર પડેલો પ્યાલો તેણે હાથમાં લઈ મારા મુખ સામે ધર્યો, અને આંસુભરી આંખે હસીને મને કહ્યું :

'આજ તો હું જ મારે હાથે તમને કોકો પાઈશ.

એક ઘૂંટડો ભરી હું સહજ હસ્યો, અને એકાએક મારી પત્નીએ કહ્યું :

'જુઓ, જુઓ! કેવું રૂપાળું મોં હવે લાગે છે?' અને મેં આયનામાં જોયું. હું બહુ વર્ષે હસ્યો, નહિ? મુખ ઉપરની મને બિવરાવતી કેટકેટલી ભયંકરતા ગાઢા હાસ્યથી દૂર થઈ ગઈ? હું

હસી શકતો ન હતો. મને, મારા ગૃહને, મારી દુનિયાને, અને મારી ફરજને અતિ ગંભીરતાપૂર્વક, બ્રહ્માંડના ભાર તરીકે ઊંચકીને હું ફરતો હતો, જેમાંથી મેં હાસ્યને, હળવાશને ટાળી કાઢ્યાં હતાં. શું હું જ મારો દુશ્મન હતો?

એ રાત્રે એક પણ કટુ શબ્દ મેં મારી પત્નીને કહ્યો નહિ. તેની એક પણ ફરજ મેં તેને સમજાવી નહિ. અને ખરેખર મને બહુ સુખમય નિદ્રા આવી, જે મને વર્ષોથી આવતી ન હતી.

પ્રભાતમાં ઊઠી મેં મારી પત્નીને આજ્ઞા કરી કે સહુએ મારી સાથે બેસીને તે દિવસથી ચા પીવાની છે. જે ઢબે મારાં જ સંતાનો મારી આજ્ઞા માનીને બીતાં બીતાં મારી પાસે આવીને ચા પીવા લાગ્યાં તે ઢબ જોઈ મને હસવું આવ્યું, અને મને હસતો જોઈ બાળકોને પણ નવાઈ લાગી. મેં પણ હસતાં હસતાં બાળકોને કહ્યું:

'હવે તમારો દુશ્મન મારામાંથી અલોપ થયો છે, અને ધીરે ધીરે તમે મારામાં એક પિતાને જોશો. પણ જ્યારે જ્યારે તમને એમ લાગે કે હું તમારી દુશ્મન છું ત્યારે ત્યારે તમારે એક આયનો મારી સામે ધરી દેવો.'

આટલું કહી હું હસ્યો. બાળકોને પણ મારી સૂચના હસવા જેવી લાગી. મારી પત્ની સિવાય આ રહસ્યનો સ્ફોટ મેં કોઈની આગળ કર્યો નથી; પરંતુ તે દિવસ પછી હું, મારાં ચારે સંતાનો અને મારી પત્ની અત્યંત કિલ્લોલથી દિવસ અને રાત ગુજારીએ છીએ. અને મારા ઉપરીઓ મારી સલાહ લે છે તથા મારા હાથ નીચેનાં માણસો તેમની મુશ્કેલીઓનો ઉકેલ મારી પાસે માગે છે. આપઘાત કરવાની ઘેલછા સ્વપ્ને પણ મને હવે આવતી નથી. કારણ, આયનાએ સ્પષ્ટ કરેલો મારો દુશ્મન તે દિવસથી અલોપ થઈ ગયો છે.

એ મારો દુશ્મન તે હું પોતે જ! મારો અકારો, કડવો, અનિષ્ટ સ્વભાવ! મારી નીતિઘેલછા અને જવાબદારીની અતિ ગંભીરતા! એટલે મેં આવા સ્વશત્રુ માટે જાતશત્રુ નામ શોધી કાઢ્યું છે.

જેમને જેમને એમ લાગે કે તેમની પત્ની, તેમનાં સંતાન, તેમના મિત્રો, તેમનાં સંબંધીઓ, તેમનાથી નાસતાં ફરે છે, તેમણે ચોક્કસ માની લેવું કે તેમને જાતશત્રુએ જ ઘેર્યા છે.

અને જાતશત્રુનો વિનાશ કરવાનું સાધન એક જ :

આયનામાં સ્વમુખ નિહાળવું !

અરે, આયનામાં ન જોવું હોય તો વગરકારણે પણ સ્મિત કરવું—બાળકથી માંડી વૃદ્ધની સાથે ! અને તમારી પત્ની સાથે તો ખાસ !

સ્મિતરહિત ક્ષણ જતાં જાતશત્રુ તમને જીતી લેશે.

પરંતુ મારી ખાતરી છે સ્મિતભર્યું મુખ રાખવાની ટેવ પડશે તો તમે તમારા મુખને આયનામાં જરૂર નિહાળશો.

# ડુંગરિયે દવ

## ૧

કાયદાની બહાર જનારને કાયદામાં લાવવો અને વળી કાયદાની બહાર જવા માટે તેને શિક્ષા કરવી એ બંને કામ બહુ મુશ્કેલ છે. કાયદાની ચુંગાલ સુધરેલા દેશો વધારતા જાય છે– એવી આશાએ કે જેમ કાયદા વધારે થાય તેમ લોકોની જીવન-સરળતા વધી જાય. પરિણામ એથી ઊલટું જ આવે છે. કાયદા ઘડનાર ધારાસભાને ભાગ્યે જ ખબર હોય છે કે તેણે કેટલા કાયદા પસાર કર્યા; કાયદા પ્રમાણે અમલ કરનાર સરકાર અને તેના સત્તાધીશોને ભાગ્યે જ ખબર હોય કે તેમણે કેટલા કાયદાનો કેવી રીતે અમલ કરવાનો છે; અને કાયદાભંગની સજા કરનાર ન્યાયપ્રણાલિકાને ભાગ્યે જ ભાન હોય છે કે તે કાયદાભંગની શિક્ષા કરતાં માનવતાનું કેટલું ખૂન કરી રહી છે! કોઈ પણ રાજ્યના પ્રધાન, ધારાસભાના પ્રમુખ, અદાલતના ન્યાયાધીશ કે અમલદાર ઉપર માત્ર ચોવીસ જ કલાક ધ્યાન રાખવામાં આવે તો કરોળિયાનાં જાળાં જેવી કાયદાની એક અગર બીજી ભુલભુલામણીમાં સપડાઈ તે ગુનેગાર બનતા જ જતા હોય છે. જેમ કાયદા વધારે તેમ ગુના વધારે; અને સાથે ગુનેગારો

પણ વધારે.

લખપત આપણા કાયદાએ બનાવેલો એક બહારવટિયો હતો. આમ તો એક નાનકડા ગામડામાં તે રખવાળું કરતો અને થોડી જમીનમાં ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવતો. પગેરું પારખવામાં તે ઘણો કુશળ હતો એટલે પોલીસ અમલદારો વારંવાર તેની આવડતનો લાભ લઈ ચોરચખારને પકડી પાડતા. લખપતની રખેવાળીના ગામે તો ચોરી થાય જ નહિ એવી સહુની માન્યતા હતી.

લખપત એક વખત સંધ્યાકાળે ગામની સીમમાં રખવાળું કરવા જતો હતો અને તેણે એક સ્ત્રીની ઝીણી ચીસ સાંભળી. ઝડપથી પગ ઉપાડી લખપત ચીસવાળી જગાએ પહોંચી ગયો. ગામડિયા રખેવાળો મોટે ભાગે શબ્દવેધી હોય છે. ચીસની જગા જડતાં એને વાર લાગી નહિ. જગાએ જઈને જુએ છે તો બે પોલીસના સિપાઈઓ પોતાની પેટી અને પથારીઓ એક ગામડિયણ બાઈને માથે ઉંચકાવી લાવતા હતા. બાઈએ પેટી માથેથી ઉતારી નીચે મૂકી દીધી. સુધરેલા રાજ્યમાં વેઠ ઓછી થઈ છે એમ કહેનારની આંખ એક હાથ કરતાં વધારે આગળ જોઈ શકતી નથી. અનિવાર્ય સહાયને વેઠ ગણવાનું દોઢ-ડહાપણ કરનાર નેતાઓ પ્રજાજનો પાસે કેટલી વેઠ લે છે એનો પણ હિસાબ કાઢવા જેવો છે. એક ગામથી બીજે ગામ જનાર પોલીસની પેટીઓ હજી પણ ગામલોકો વગર-ફરિયાદે ઉપાડી લે છે; ત્યાં સુધી કોઈને હરકત હોય નહિ; પરંતુ પેટી ઉપાડનાર જુવાન બાઈની ખબરઅંતર પૂછી, તેની સાથે વાતવિનોદ સહ ગમ્મત કરતા અર્ધભણેલા પોલીસના જુવાનો એકાંત નિહાળી અડપલે ચડે ત્યારે ગામડિયા મજૂરણને ચીસ પાડવાનો અધિકાર તો ખરો; જોકે આ આખી કાર્યપ્રણાલીમાં કયા કયા કાયદા પ્રમાણે, કઈ શિક્ષાને પાત્ર, કઈ કલમમાં આવેલો, કયા કાયદાનો, કયો ગુનો બને છે એ શોધી કાઢવા માટે કોઈ મહાવિદ્વાન વકીલની ભારે કિંમત આપી સલાહ લેવી પડે. અને છતાં — ગુનો થયા

છતાં – ગુનો પુરવાર ન પણ થાય એવી આપણા ન્યાયશાસનની કરામતો પણ છે.

લખપતને જોતાં જ, પેલી જુવાન મજૂરણ બૂમ મારી ઊઠી :

'લખપતભાઈ ! જુઓને આ; વેઠ કરાવે છે અને ઉપરથી મશ્કરી કરે છે.'

શહેર, સંસ્કાર અને ભણતર જાતીય સંબંધ અંગે જે હળવાશ અને કુમળાશ સેવે છે તે હજી ગામડામાં પ્રવેશી શકી નથી; એટલે પરાઈ સ્ત્રી સાથે ગમ્મત કરવામાં ગામડિયા ભારે ગુનો માને છે, જેને માટે શહેરોમાં રચાતા કાયદાઓમાં આધાર ન પણ જડે. લખપત સમજી ગયો. તેણે કહ્યું :

'જા બહેન ! પાછી તારે ગામ ચાલી જા. હું આ જમાદારની પેટી ઊંચકીને મારે ગામ પહોંચાડી આવું છું.'

તું કોણ, છે, વચ્ચે ડહાપણ કરવાવાળો ? રસ્તે પડ !' એક પોલીસ સિપાઈએ લખપતને ધમકાવ્યો.

પેલી સ્ત્રી જરા હસી, અને બોલી : 'લખપતભાઈને હજી ઓળખ્યા લાગતા નથી !'

'અરે ચાલ, લખપતવાળી ! પેટી ઉઠાવી આગળ ચાલ !' કહી બીજા પોલીસવાળાએ બાઈને ધમકાવી, નીચે મૂકેલી પેટી તેને માથે મૂકવા માંડી એટલે લખપતે વચ્ચે આવી કહ્યું :

'જમાદાર સાહેબ ! હું ઠીક કહું છું. પેટી હું ઉપાડીને લઈ જાઉં; બાઈને જવા દો.'

'ચાલ, આઘો હટ !' કહી લખપતને પોલીસના એક સિપાઈએ ધક્કો માર્યો અને લખપતની આંખ ચમકી ઊઠી. આંખની પાંપણ ઊઘડે અને બંધ થાય એટલામાં તેણે પોતાની કડિયાળી ડાંગનો એકેક ફટકો એવી ઢબે બન્ને સિપાઈઓને અડાવી દીધો કે તેઓ ઢગલો બની નીચે પડચા અને પછી તેમને બન્નેને ઊભા કરી એકને માથે પેટી અને બીજાને માથે પથારીઓ મુકાવી લખપતે પોલીસ સિપાઈઓને

જ આગળ લીધા.

કાયદાનો અમલ કરનાર સરકારી નોકર ઉપર હાથ ઉઠાવવો એ તો ગુનો ગણાય જ; પરંતુ એક ગામથી બીજે ગામ સરકારી કામે જતા પોલીસનાં માણસોને આમ હેરાન કરવાં એમાં સરકારી કામે દખલ કર્યાનો ગુનો થાય છે, એમ પણ કોઈક સ્થળે કોઈક કાયદો છે.

માથે પેટી અને પથારી ઊંચકી પોલીસવાળાને જવું તો પડ્યું. પણ તેથી તેમને એમ લાગ્યું કે હિંદના પ્રમુખથી માંડી આખા રાજશાસનનું એમાં ભયંકર અપમાન થયું છે. બન્ને પોલીસ સિપાઈઓ નવા હતા. તેમણે લખપતની ચાલચલગત વિરુદ્ધ, તેના માથાભારેપણા બદલ, ચોરીઓમાં ભાગીદારી સંબંધી કંઈક કંઈક તપાસ કરી અને અંતે બીજું કાંઈ તો તેમને જડ્યું નહિ; પરંતુ લખપત આ બાજુનો એક માથાભારે માણસ છે, ચોર-લૂંટારાને ઓળખે છે અને કઈ વખતે તે બહારવટિયો બની જાય તે કહેવાય નહિ એવી કારકિર્દીવાળો ભયંકર માણસ છે, એટલું નિવેદન તો તેમણે જરૂર કર્યું જ.

ગામેથી મુકામ ઉઠાવતાં ઊઠાવતાં પોલીસ સિપાઈઓને લખપતના એક બીજા ગુનાની પણ ખબર પડી. ગામમાં એક અપંગ વૃદ્ધ બાઈ હતી. ભૂખે મરતી એ બાઈને અનાજ આપી લખપત જિવાડી રહ્યો હતો એ હકીકત પોલીસના જાણવામાં આવી. સ્વતંત્ર હિંદમાં, નવા હિંદમાં યોગ્ય અમલદારની પરવાનગી વગર ભૂખે મરી જતા માણસને પણ અનાજ આપી જિવાડવો એ ભયંકર ગુનો બની જાય છે, અને ગુનો ન બનતો હોય, તોપણ તેને ગુનામાં ફેરવી શકાય છે. બિન-અધિકારે અનાજ આપનાર લખપત ગુનેગાર મનાયો. પોલીસનાં થાણાં અને કચેરીઓમાં તેને વારંવાર બોલાવવામાં આવ્યો. જવાબ લેનારાઓને યોગ્ય લાગ્યું તે પ્રમાણે તેના જવાબો લીધા અને અંતે તેની ઉપર ન્યાયની અદાલતમાં કામ ચાલ્યું. કામ ચાલ-

વાની પ્રથમ ભૂમિકા એટલે મુદ્દત પડવાની ભૂમિકા. એક અગર બીજા કારણે આકદસ મુદતો ન પડે ત્યાં સુધી ન્યાયના કામની ઘટ્ટ ભૂમિકા બંધાય જ નહિ, અને મુદતો કેટલાં વર્ષોમાં વહેંચાય એની ખબર બદલ ન્યાય આપનાર વડા ન્યાયાધીશ કે ન્યાયપ્રધાનોને પણ હોતી નથી.

આ બધું કામ ચાલતાં ચાલતાં લખપત બેજાર બની ગયો. જે તે નિકાલ કરીને કાં તો કેદમાં નાખે અગર છોડી દે તો ઈશ્વર મળ્યા, એમ તેના હૃદયનો અણુએ અણુ પોકારવા લાગ્યો અને જ્યારે ગુનેગાર તરીકે કોઈ દલીલ કરવી છે કે કેમ એવું તેને પૂછવામાં આવ્યું ત્યારે ત્રાસી ગયેલા લખપતના દિલમાંથી ઉદ્ગાર નીકળ્યો :

'આ તે ન્યાયનું રાજ્ય છે કે રોજ ચીમટે ચીમટે ચામડી ઊતરતા કસાઈઓનું રાજ્ય છે ?'

લખપતને ગુનેગાર ઠરાવવા ઉત્સુક બનેલા પોલીસ-વકીલે ન્યાયાધીશનું ધ્યાન દોર્યું કે લખપત સરકારનો અને નામદાર ન્યાયાધીશનો તિરસ્કાર કરી રહ્યો છે. ન્યાયધીશે તેને ચેતવ્યો :

વગરસમજ્યે બોલ બોલ કરીશ તો બીજા ગુના માટે પકડવો પડશે.'

લખપત બબડ્યો :

'આટઆટલા ધક્કા ખવરાવ્યા એના કરતાં તો મોતની સજા આપો તો સારું. આ તો ન્યાયનું નહિ પણ બહારવટિયાનું રાજ લાગે છે.'

તેની પાસે ઊભેલા એક સિપાહીએ કોઈ ન દેખે એમ લખપતની કૂખમાં ઠોંસો લગાવ્યો અને લખપતની આંખે લાલપીળાં દેખાયાં. કમર ઉપર વીંટાળેલી ભેટમાં સંતાડેલો છરો વીજળીની ઝડપે તેણે બહાર કાઢ્યો અને પોતાને ઠોંસો મારનાર સિપાહીનું નાક એક કુશળ કારીગરની ઢબે કાપી નાખ્યું. ચારે પાસ હો હા મચી રહી. લખપતને પકડવા લોકોએ પ્રયત્ન કર્યો. ન્યાય આપનાર ન્યાયાધીશે પલાયનમાં સલામતી શોધી. ન્યાયાધીશે વીરત્વ બતાવવું એમ એક

પણ કાયદો કહેતો નથી. છરો ઉછાળતા લખપતને કોઈ પકડી શક્યું નહિ, અને તે દિવસથી લખપત બહારવટે ચઢ્યો.

૨

બહારવટે ચઢનારને આખું રાજ્યતંત્ર બહારવટિયાઓનું બનેલું લાગે છે. ન્યાયનો અતિવિલંબ, પુરાવાની આંટીઘૂંટી, કાયદાઓની ભુલભુલામણી, વકીલોના ચક્રવ્યૂહ, સાચ અને જૂઠ વચ્ચે રમાતી સાતતાળી અને મોટામાં મોટા ન્યાયાધીશની પણ માનવસહજ શિથિલતા તેમ જ નિર્બળતા આખી ન્યાયપદ્ધતિને એક ઠઠ્ઠાચિત્ર જેવું બનાવી મૂકે છે. વળી ધનરહિત માનવીથી ન્યાય મેળવી શકાય એવી સગવડ જ હવે હિંદમાં રહી નથી અને આપણાં ન્યાયમંદિરો આશ્રયસ્થાન–આશ્વાસનથાનને બદલે પૈસાને જોરે ચાલતાં જુગારખાનાં બની રહ્યાં છે. આજની ન્યાયપદ્ધતિ આટલા ઓછા બહારવટિયાઓ કેમ ઉપજાવે છે એ જ નવાઈની વાત છે. સાચો, તેજસ્વી, પરદુઃખભંજન માનવી બે જ માર્ગ જોઈ શકે છે. કાં તો વગરબોલ્યે અન્યાયને તાબે થવું અગર બહારવટે ચડવું. લખપત તો બહારવટે ચઢ્યો અને એણે એક લાખ નાક કાપવાની શંકર-સાન્નિધ્યમાં બાધા પણ રાખી.

લખપતના બહારવટાએ વિશાળ ભૂમિમાં ત્રાહિ પોકરાવી. આજ એ એક ગામ ભાંગે, તો બીજા દિવસે બીજું; એક અઠવાડિયે એક જિલ્લામાં લખપત હોય તો બીજે અઠવાડિયે બીજા જિલ્લામાં તેની બૂમ સંભળાય. પહેલાં કોઈ વાર કોઈ શેઠિયાની પેઢી લૂંટાય, તો કોઈ વાર જાગીરદારનો કોઠાર લૂંટાય : કદી સોનાચાંદીની દુકાનો લૂંટાય તો કદીક રસ્તે જતી સરકારી તિજોરી લૂંટાય; અને બધા ય કરતાં તેણે હાથ કરેલી નાકકટાઈની કળા પ્રજામાં ભયાનક રસને ઉત્પન્ન કરી રહી. એને સાથીદારો પણ ઠીક ઠીક પ્રમાણમાં મળ્યા. બહારવટિયાઓમાં નાતજાતના કે ધર્મના ભેદ બહુ પળાતા હોય એમ દેખાતું નથી. એ રીતે બહારવટિયાને આગળ વધેલા સુધારકોની કક્ષામાં

મૂકવામાં આવે તો એ હાસ્યજનક છતાં સાચું તો ગણાય. લખપતની ટોળીમાં ચાંદ ચાઉસ, મિયાં મલેક, કાનિયો સોની, અભરામ આહીર, ભૂરો ભરવાડ, એભલ કાઠી અને શૂરા ભગત નામે જુદી જુદી કોમના ચુનંદા સરદારો ભેગા થયા, જેમાં પછીથી હીરા અને ગોમી નામની સ્ત્રીઓ પણ ચમકવા માંડી.

બહારવટિયાને સિદ્ધિ મળે છે તેના કરતાં પ્રસિદ્ધિ વધારે મળે છે. એની લૂંટફાટને લોકકલ્પના રંગ ચઢાવે છે, એનામાં હોય ન હોય તોપણ વીરત્વ અને ઉદારતા ઉમેરાય છે, અને એનાં કાર્યો પાછળ ગીત, રાસડા, પવાડા અને દુહાઓ પણ રચાય છે. લખપત દુષ્ટોને જ પારખીને લૂંટતો હતો કે કેમ તેની સાબિતી અદાલતમાં થઈ શકે એમ નથી; અને અદાલત તો લૂંટની વ્યાખ્યા બાંધીને બેઠેલી છે એટલે તે પુરવાર થયેલા દુષ્ટોની લૂંટને પણ ગુનો જ ગણે! નાક કાપવાને પાત્ર માનવીઓનાં જ નાક લખપત કાપતો હતો કે કેમ એને માટે બિન-અદાલતી બિનસરકારી કમિશન નિમાય તો કદાચ સત્ય વસ્તુ જડે. અને વર્તમાન યુગમાં કપાવાને યોગ્ય નાક કેટલાં છે એ કોણ કહી શકે? અદાલત તો વ્યાખ્યા પ્રમાણે અંગછેદને મહાવ્યથાનો ગુનો ગણે!—જોકે સુધરેલી સરકારો ઍટમ બૉમ્બ ભલે સર્જે! વિનાશિકાઓ ગમે તેટલી ઉપજાવે! અને તે દ્વારા અનેક માનવીઓનાં અંગછેદન તે કર્યે જ જાય; પરંતુ એ સરકારી રાહે થતાં અંગછેદન સિવાયના અંગછેદનના કાર્યને સરકાર ગુનો ગણ્યા સિવાય રહે જ નહિ, એ વર્તમાન યુગના વિકાસને શોભે એવી ઘટના છે!

છતાં ધીમે ધીમે લોકોમાં તો એવી જ માન્યતા ચાલી કે લખપતની ટોળી ગરીબોને ઘરબાર કરી આપે છે, ભૂખ્યાંને અનાજ આપે છે અને લૂંટે છે માત્ર કાળાંબજારિયાઓને, નફાખોરોને, શોષકોને અને લુચ્ચાઓને. એક દિવસ એણે કોઈક ગરીબ ઘરની દીકરીનું કન્યાદાન આપ્યાની વાત આવે, તો બીજે દિવસે કોઈ ભિક્ષુને ભણવા માટે કાશી મોકલ્યાની વાત આવે; કોઈ દિવસ જમીન ઝૂંટવી લેતા

જમીનદારનું લખપતે નાક કાપ્યું એની બૂમ ઊઠે તો બીજે દિવસે સરકારે નાખેલા અવનવા વેરાની ઉઘરાત લૂંટાઈ એવી બૂમ પડે. મંદિરમાંથી સોનારૂપાનાં ઘરેણાં લૂંટાયાં ત્યારે પ્રજાની ધર્મવૃત્તિએ અરેરાટી અનુભવી; પરંતુ એ ઘરેણાં પાછાં એ મંદિરમાં અદૃશ્ય રીતે મુકાયાં ત્યારે લખપત પ્રત્યેના સદ્‌ભાવની કક્ષા ઘણી ઊંચે ચઢી ગઈ. પ્રધાનો અને અમલદારોની કાર્યપ્રશંસા કરવા જેવો પ્રસંગ કદી આવ્યો છે કે કેમ તે તો તેમના કવિઓ જાણે; પણ લખપતની પ્રશંસાના દુહા તો ગામેગામ રચાવા લાગ્યા અને ગવાવા લાગ્યા.

૩

ગુનેગારનાં ગુણગાન પ્રજાવર્ગ ભલે કરે; પણ રાજ્યવ્યવસ્થાથી તેનાં ગુણગાન કદી થઈ શકે નહિ. બહારવટિયાનાં ગુણગાન કરનાર નીકળી એક બ્રિટિશ સલ્તનત ! સામાવાળિયાના ગુણ પરખવાનું શિક્ષણ હિંદવાસીઓને તો જ્યારે મળે ત્યારે ખરું ! રાજ્યમાં હાહાકાર વધતાં લખપતની ટોળીને તોડવા કંઈક જૂના રાવસાહેબો, પુરાતન રાવબહાદુરો, વીસરાઈ જતા સાહેબબહાદુરો અને વર્તમાન વીર વિક્રમોએ કમ્મર કસી અને લખપતનાં સગાંવહાલાં, ઓળખીતાં અને આશ્રય આપતાં મનાતાં અનેક કુટુંબો ઉપર ધાંસ નાખવામાં આવી. શિકારી પ્રાણી જેમ પોતાના શિકારસ્થાને ફરી ફરી આવે તેમ લૂંટારુ બહારવટિયા અમુક અમુક સંબંધીઓના સ્થાને જરૂર આવે એવી તપાસ કરનાર અમલદારોની જૂના વખતથી ચાલી આવતી સફળ માન્યતા છે. પોલીસે ચારે પાસ બાતમીદારો મૂક્યા અને જ્યાં જ્યાં હવામાં વાત આવે કે લખપત અમુક જગાએ છે ત્યાં ત્યાં પોલીસ ટુકડીઓનો ધસારો થયેલો હોય જ.

માત્ર એટલું જ કે લખપત કાં તો તે જગાએ બિલકુલ આવ્યો જ ન હોય અગર આવીને હમણાં જ ચાલ્યો હોય એવા સમાચાર પોલીસને મળે ! એકાદ વર્ષમાં પકડાયો હોય એવો બહારવટિયો

હજી આપણે ત્યાં જન્મ્યો દેખાતો નથી. બહારવટિયાને પકડવો એટલે યુદ્ધમોરચો રચવા જેટલી તૈયારીઓ કરવી પડે છે. અને તૈયારીઓ છતાં પણ જાદુગર સરખો બહારવટિયો ક્યાં કેવી રીતે અદૃશ્ય થાય છે તે સમજવું–સમજાવવું બહુ મશ્કેલ છે. ડુંગરા, કોતર, નદીનાળાં, જંગલ અને ખંડેરો બહારવટિયાની તિલસ્મી નાઠાબારીઓ બની રહે છે.

વર્ષ વીત્યું, દોઢ વર્ષ વીત્યું, બે વર્ષ વીત્યાં, છતાં લખપત બહારવટિયો પકડાયો નહિ. અંતે એક મહાકુશળ, અનુભવી, રણવીર નામના પોલીસ અમલદારની લખપતને પકડવા અગર તેની ટોળીનો નાશ કરવા માટે નિમણૂક થઈ. એવી લોકોક્તિ છે બહારવટિયો અંદર અંદરની ફૂટ વગર પકડાય નહિ. ધોળી દુનિયામાં રહી કાળી દુનિયા સાથે અત્યંત નિકટ સંબંધ રાખનાર વ્યક્તિઓને પોલીસ અમલદાર ઠીક ઠીક પિછાનતો હતો, અને તેણે કુનેહપૂર્વક લખપતનું પગેરું પકડવા માંડ્યું, એટલું જ નહિ; પરંતુ લાલચ અને ધમકી આપી તેના પક્ષકારોમાં ફૂટ પડાવવાની શરૂઆત રણવીરે કરી દીધી. કોઈને તેણે માફી અપાવવાનું કહ્યું, કોઈને પોલીસમાં જમાદારી અપાવવાનું કહ્યું; કોઈને જમીનની લાલચ આપી અને કોઈને વર્ષાસન બાંધી આપવા જણાવ્યું. અંતે લખપતના એક સાથીદાર શૂરા ભગતે, પકડાવી આપવાનું તો નહિ પણ લખપતને મેળવી આપવાનું વચન રણવીરને આપ્યું. શરત એક હતી કે રણવીર અને લખપત મળે ત્યારે શસ્ત્રરહિત થઈને મળે. એક ગાઢ જંગલમાં આવેલી એક ડુંગરાની તળેટીમાં શૂરા ભગતનું મંદિર હતું. લૂંટારા અને બહારવટિયાનો મિત્ર શૂરો એકતારો લઈ ભજન ગાતો, કંઠે તુલસીની માળા પહેરતો અને સામાન્ય મિલનમાં બહુ જ વિનયી, સૌમ્ય, અને ધર્મિષ્ઠ દેખાતો. અને એ જ ગુણોને લઈને લૂંટનો માલ સંતાડવા માટે, લૂંટનો માલ વેચવા માટે, લૂંટવા જેવાં સ્થળોની બાતમી મેળવવા માટે તેનો ખૂબ ઉપયોગ લખપતને થતો. બીજી

પાસ શૂરો ભગત પોલીસ અમલદારોને પણ મળતો અને એક વરસ દિવસથી બહારવટિયાને પકડાવી આપવાનું ઝાંખું બિનજવાબદારી-ભર્યું પ્રલોભન પણ આપતો; તે એટલે સુધી કે અંતે રણવીરે પણ શૂરા ભગત ઉપર વિશ્વાસ રાખ્યો.

તળેટીમાં શૂરાના મંદિરે બે મોટરકારો આવીને એક દિવસે ખડી થઈ, જેમાં રણમલ પોતાની ટુકડી સહ આવ્યો. દિવસનો ત્રીજો પ્રહર હતો. શૂરાએ સાહેબને આવકાર આપ્યો અને પોલીસને તળેટીમાં જ રહેવાની સૂચના આપી, રણવીરને એકલાને ડુંગર ઉપર ચઢવા વિનતિ કરી. રણવીરને એક ક્ષણ તો એમ લાગ્યું કે બહારવટિયા-ઓનો અતિવિશ્વાસ કદાચ ખતરનાક પણ નીવડે; છતાં રણવીરે હિંમત કરી. જીવના જોખમ વગર પોલીસની નોકરી ન જ થાય. તળેટીમાં ચુનંદા સિપાઈઓ મોટરમાં તૈયાર જ હતા અને એ ડુંગરમાં થઈને લખપત કે તેના સાથીદારો ભાગી જઈ ન શકે એમ ડુંગરની ચારે પાસ સિપાઈઓની ટુકડી રણવીરે છૂપી રીતે ક્યારની ગોઠવી દીધી હતી. જાતજોખમ વહોરીને પણ બહારવટિયાને મળવું અને લાગ મળે તો તેને પકડવો અગર ગોળીબારથી તેનો વધ કરવો એવો તેણે આજ નિશ્ચય કર્યો હતો–કદાચ ને તેમાં પોતાનો ભોગ અપાય તોપણ.

રણવીર અને શૂરો અરધે ડુંગરે ચઢ્યા. શૂરાએ જામીનગીરી આપી હતી કે સાહેબને કાંઈ પણ ઈજા થાય તો પોતે પોતાનું મસ્તક પહેલું કાપી આપશે.

મધ્ય ડુંગરે એક નાનકડું શિવાલય હતું. તે શિવાલય આગળના ટેકરા ઉપર એક પાથરણા ઉપર ગાદી અને તકિયો પાથર્યાં હતાં જેના પર વિવેકપુરઃસર શૂરાએ રણવીરને બેસાડ્યો અને પછી એક ધીમી પરંતુ દૂર સુધી સંભળાય એવી બૂમ પાડી :

'લખપત !'

એકાંત ડુંગરમાં લખપતના નામની હાક કુમળા સંબોધનરૂપ

હોવા છતાં ભયંકર જરૂર લાગી. શિવાલયનું બારણું ઊઘડ્યું અને એમાંથી એક કદાવર, દાઢી-મૂછ થોભિયાવાળો, કસાયલો જુવાન બહાર નીકળી આવ્યો. તેના દેહ ઉપર એક પણ શસ્ત્ર ન હતું છતાં તેનો પહેરવેશ દોડવાની પૂરી અનુકૂળતાવાળો સજ્જતાસૂચક હતો. મંદિર અને ટેકરા વચ્ચે થોડું અંતર હતું.

'એ જ લખપત, સાહેબ!' શૂરાએ કહ્યું અને લખપતે આવી સાહેબને બે હાથ જોડી રામરામ કર્યાં.

'રામ રામ, સાહેબ!'

'રામ રામ, લખપતભાઈ!...અરે! તને તો જોયો લાગે છે!' રણવીરે કહ્યું.

'જી હા. આપ જ્યારે નાના ફોજદાર હતા ત્યારે આપને બે-પાંચ ચોરીઓ મેં પકડાવી આપી હતી, અને આપે મને ઇનામ પણ અપાવ્યું હતું.' લખપતે કહ્યું.

'અરે હા, મને બરાબર યાદ છે. તેં જ મને એક વામાંથી ઉગાર્યો હતો. ભૂંડા! આ શું લઈને તું બેઠો છે?' રણવીરે કહ્યું.

'એ વાતને તો વર્ષો વીતી ગયાં. સાહેબ! અને હવે તો બહારવટે નીકળ્યો છું. આપનું નામ સાંભળ્યું એટલા માટે મળવા હું કબૂલ થયો. બાકી હવે તો આપણી વચ્ચે એટલાં છેટાં છે કે મરવું અને મારવું એ એક જ બની જાય.' લખપતે કહ્યું.

'લખપત! ગમે તેમ કરી આ બહારવટું છોડી દે. હું ખરું કહું છું. આમ ક્યાં સુધી ચાલશે? તું હવે સપડાવાની તૈયારીમાં છે. જે ચાર ગુના ઓછા થાય તે ખરા, અને જે ચાર જીવ ઓછા મર્યા તે ખરા.' રણવીરે કહ્યું.

'સાહેબ! એક વચન આપો,' લખપતે કહ્યું.

'વચન તો...મારા અધિકાર પૂરતું હું આપું. પણ કહે તો ખરો કે તું શું માગે છે આ ટોળી વિખેરવા માટે?' રણવીરે પૂછ્યું.

'જુઓ સાહેબ! હું મારો જીવ માગતો નથી; મને ફાંસીએ

લટકાવો; પરંતુ મારા સાથીદારોના જીવ બચે એમ કરો તો હું બહારવટું મૂકી દઉં અને આપને શરણે આવું. આપ આવ્યા છો માટે જ. અમલદારોમાં આપ જ મને વાત કરવા જેવા લાગ્યા છો.' લખપતે કહ્યું.

'લખપત ! વચન તો ન અપાય; મારા હાથની વાત નથી. પણ હા, પુરાવો જરા હળવો થાય અને સજા કદાચ ઓછી પણ થાય.' રણવીરે કહ્યું.

'વચનઆપીશકેએવા કોઈ સાહેબ અહીં આવી શકે ખરા ?'

'ના ભાઈ ! અહીં આવે એવો ઉપરીમાં ઉપરી અમલદાર હું અને ન્યાયની અદાલત તમારો ફેંસલો કરે એ વાત પણ સાચી. તને – તારા જેવાને ખોટી લાલચ હું નહિ આપું.'

'તો સાહેબ ! મારું બહારવટું ચાલુ અને આપની પકડ પણ ચાલુ. તમારી ન્યાયની અદાલત જેવા પાખંડે તો મને બહારવટિયો બનાવ્યો. પાછો એને આશરે જઈ હું દશગણો બહારવટિયો બની પાછો ક્યાં આવું ? ભગત ! સાહેબને ચા આપો અને સલામત નીચે પાછા લઈ જાઓ.' લખપતે કહ્યું અને શૂરો ભગત શિવમંદિરમાં ચા લેવા માટે ગયો. એ દરમિયાન રણવીર અને લખપત બન્ને એકબીજાને જોતા, એકબીજાથી સમાલતા અને આછીપાતળી વાતો કરતા દેખાયા. ચાના પ્યાલા લઈ શૂરો ભગત આવ્યો અને રણવીરે કહ્યું : 'લખપત ! તું સમજી શકે છે કે તારે હવે બચવું મુશ્કેલ છે !'

'એ તો સાહેબ ! બહારવટે નીકળ્યો ત્યારનો જાણું છું. માથું કાપી મેં હાથમાં મૂકેલ છે.'

'અને જોકે મારા અને તારા હાથમાં હથિયાર નથી, તે છતાં આ ડુંગરાની બહાર હવે તું નીકળી શકીશ નહિ.' રણવીરે સહજ કડકાઈથી કહ્યું.

'સાહેબ ! એ તો જોયું જશે. આપને એક વખત મેં મારા કહ્યા હતા એટલે આપની ઉપર તો હું કદી હાથ નહિ ઉપાડું.

પણ દગો થશે તો આપની ટુકડી બહુ બચવાની આશા ન રાખે એ પણ ધ્યાનમાં રાખજો.' લખપતે કહ્યું.

'ટુકડી બચે કે ન બચે, પણ એક વસ્તુ નિશ્ચિત છે કે નીચે ઊતરતાં આજ નહિ તો કાલ તું જરૂર પકડાશે.' રઘુવીરે કહ્યું.

'આપણે શરત લાગી, સાહેબ ! તમારી ટુકડીને હાથ હું આવું તો અમને બધાંને જરૂર ફાંસી દેજો; અને જો હું હાથ ન આવું તો...આપ જ આપની બાજુની શરત મૂકો.'

'અમે સરકારી નોકરો નિયમ પ્રમાણે ચાલીએ. અમારાથી શરતો ન થાય. તારા અને તારાં બૈરીછોકરાંના લાભ માટે કહું છું કે હવે આવી બન્યું માનીને તું મારે હાથ આવી જા. બનતાં સુધી બચાવીશ.'

'સાહેબ ! આપણે ચા પી લઈએ અને છૂટા પડીએ. કાયદા માણસ માટે છે, મડદાં માટે નહિ.' લખપતે કહ્યું અને તેણે ચા પીવા માંડી, તથા રણવીરને પણ પોતાના ગળાના સોગન ખાઈને ચા પાઈ. ચા પી રહી લખપત ઊભો થયો અને સાહેબને રામરામ કર્યા.

રણવીરે છેલ્લી સમજૂતી કરી જોઈ; પરંતુ લખપતે શરણું સ્વીકારી ફાંસીએ ચઢવા કબૂલ ન કર્યું. અંતે નીચે ઊતરવા માટે રણવીરે પગ ફેરવ્યો અને તે એકાએક આશ્ચર્યમુગ્ધ થઈ ગયો. શિવાલયની પાછળથી એક યુવતી શસ્ત્રસજ્જ બની ઘોડેસવાર થઈ, ઘોડાની છલંગ સાથે સૌની પાસે આવી, અને લખપતે રણવીરને પૂછ્યું :

'સાહેબ ! હથિયાર છે? હોય તો પકડવાની હિંમત કરો નહિ તો હું...તમને મારી શકત; પરંતુ મારા જૂના સાહેબ ઉપર હું હાથ નહિ ઉપાડું !'

'લખપત ! મારી પાસે શસ્ત્ર નથી; પરંતુ આસપાસ શસ્ત્રધારીઓ નહિ હોય એમ તું ન માનીશ.'

'તેની હરકત નહિ, સાહેબ ! રામરામ. હવે મળીશું બંદૂકની

ગોળીએ.' એમ કહી અશ્વારોહી યુવતી સાથે છલંગ મારી લખપત અશ્વ ઉપર બેસી ગયો અને આંખ મીંચી ઉઘાડતામાં તે ડુંગરાઓ અને ટેકરાઓની પાછળ અદશ્ય થઈ ગયો.

રણવીરે શસ્ત્ર તો નહોતું રાખ્યું પણ તેણે સહુને સાવચેત બનાવવાની સિસોટી તો જરૂર રાખી હતી. એ સિસોટી વડે તેણે આખા ડુંગરને જાગ્રત કરી નાખ્યો અને ઠેરઠેર બંદૂકોના અવાજ થવા લાગ્યા તથા ડુંગર નીચે મોટર ઘરર ઘરર થવા લાગી. ઝડપથી ઊતરતા રણવીરે શૂરા ભગતને પૂછ્યું :

'અમારી મોટરોની ઝડપ આગળ એની ઘોડી શું કરશે ?'

'સાહેબ! મોટરો તો મરેલી કહેવાય, એમાં જીવ નહિ. અને લખપતની ઘોડી તો જીવતી છે: એનું નામ તેજલ. તોપના ગોળાને પણ એ કૂદી જાય એમ છે.'

આખો ડુંગર જોતજોતામાં યુદ્ધનું મેદાન બની ગયો. ચારે પાસ ગોળીઓ છૂટવા માંડી. રણવીર અને શૂરો ભગત નીચે ઊતર્યા તે પહેલાં તો આખા ડુંગરનાં નાકાં ઘેરાઈ ગયાં હતાં. વિશાળ ટેકરાઓ ઉપર દોડતી ઘોડી કોઈ કોઈના જોવામાં આવતી પણ હતી. કયે સ્થળે અને કયાંથી લખપત કૂદી આવશે એની કોઈને ખબરે ન હતી છતાં સહુ સાવધ હતા. નીચે આવી રણવીર પણ બંદૂક લઈ એક ઝાડને ઓથે શૂરા ભગતને સાથે લઈ ઊભો હતો. એકાએક મોટર કારમાંથી એક નાકા ઉપર તાકી રહેલી પોલીસની ટુકડીએ બંદૂકની ગોળીઓ છોડી; પરંતુ ગોળીઓને ન ગણકારતી તેજલ ઘોડી લખપત અને તેની સાથમાં જ બેઠેલી સ્ત્રીને લઈ એક ટેકરેથી કૂદી તળેટીમાં આવી અને પુરપાટ દોડવા લાગી. રણવીરની બંદૂકમાંથી એક ગોળી છૂટી અને ગતિ વધારતી જતી તેજલ ઊછળીને જમીન ઉપર ઢળી પડી. પડતાં પડતાં તે પાછી ઊઠી અને પાસે જ આવેલા એક ટેકરાની બાજુમાં જઈ ફરી જમીન ઉપર ઢળી પડી. બન્ને પુરુષ-સ્ત્રી સવાર જોતજોતામાં નીચે ઊતરી પડ્યાં. લખપતે મરતી

ઘોડીને ક્ષણ, બે ક્ષણ થાબડી. આંસુ ઢાળવાનો કોઈને સમય હતો નહિ. લખપતને ઘેરી રહેલી બીજી ટુકડી ઝાડવાં અને ટેકરીઓનો આશ્રય લઈ આગળ વધતી હતી. લખપતે પાસે ઊભેલી યુવતીને પૂછ્યું :

'ગોમી! પોલીસનાં ઠીક માણસો પાડ્યાં, પણ હવે ગોળીઓ ખૂટી ગઈ છે; આ બે જ રહી છે. બોલ, કોને હાથે મરવું છે? જીવવું હોય તો...તું બૈરી છે; કદાચ તને ન મારે. જીવવું હોય તો કહી દે.'

'મારે મરવું છે, તારે જ હાથે. એમાં પૂછવાનું શું? અને તારા વગર જીવવું કેવું?' ગોમીએ પ્રસન્ન મુખે જવાબ આપ્યો

'પણ તે એક શરતે, તું પણ સાથે સાથે તારી ગોળીથી મને વીંધી નાખે તો!' લખપત ગંભીરતાથી બોલ્યો.

'હત્, ભૂંડા! મારે હાથે મારા ધણીનું મોત? ન બને એ!' ગોમીએ કહ્યું, અને અત્યંત ત્વરા દર્શાવતા લખપતે ગોમીને ઝડપી આજ્ઞા કરી :

'ગોમી! મારો હુકમ છે. ધણીનો હુકમ તો માનીશ ને? નહિ તો હું અને તું કૂતરાંને મોતે મરીશું. વાર ન કર. ઉઠાવ બંદૂક...હાં એમ! ગોમી! તું મને જીવ કરતાં પણ વધારે વહાલી છો...એ વાત કરી આપણે હાથ થરકાવવો નથી. બોલ રામનામ ને છોડ ગોળી! નવે જન્મે નવી રમત. રામ...'

રામ શબ્દ પૂરો થાય અગર પૂરો સંભળાય તે પહેલાં એક સાથે ત્રણ ગોળીબાર થયા, અને લખપત તથા ગોમી જમીન ઉપર ઢળી પડ્યાં. કેટલીક વારે આસ્તે આસ્તે રણવીર, શૂરો અને ત્રણચાર નિશાનબાજો બહારવટિયાના પડેલા દેહ પાસે સંભાળપૂર્વક આવી પહોંચ્યાં. જોયું તો લખપત અને તેની પત્ની ગોમી બન્નેના દેહ જીવવિહીન બની ગયા છે! રણવીરે જરા આશ્ચર્યથી પૂછ્યું :

'મેં ગોળી તો એક છોડી હતી. બે જણ શી રીતે મર્યા?'

લખપતનો મૃત દેહ જરા હાલ્યો. મહામુશ્કેલીએ તેના હોઠ ફરકયા અને સહજ સ્મિતભર્યા મુખમાંથી ધીમો અવાજ નીકળ્યો :

'હવે, સાહેબ ! છબીઓ પડાવો...અને છપાવો કે તમારી ગોળીએ લખપત મર્યો. તમે તો નહિ, પણ લોકો તો માનશે.'

રણવીરના હૃદયમાં વિચાર આવ્યો :

'આવી માનવતા મરે એના કરતાં બહારવટિયા બને જ નહિ એવું રાજ કરતાં માનવીને ક્યારે આવડશે ?'

# સ્ત્રીની કિંમત કેટલી ?

## ૧

સ્ત્રીની કિંમત કેટલી ? હું એક બળવાન પુરુષ છું એમ જ્યારથી મને લાગવા માંડ્યું ત્યારથી આ પ્રશ્ન મારા મનમાં વારંવાર રમ્યા કરતો હતો.

'ત્યારે પુરુષની કેટલી કિંમત ?' હું કૉલેજમાં ભણતો હતો ત્યારે વિલાસિનીએ મને આવા પ્રશ્નના જવાબમાં સામો પ્રશ્ન કર્યો. વિલાસિની બે વર્ષ મારી પાછળ હતી, છતાં કૉલેજની નાનીમોટી સભા અને મેળાવડામાં અમે મળતાં. સ્ત્રી અને પુરુષના સમાન હક્ક, સ્ત્રીઓને પુરુષજાતિએ કરેલા અન્યાય, સ્ત્રીઓની પુરુષોને થતી ઈર્ષા અને સ્ત્રીઓને મિલકત માનવાની પુરુષોની ટેવ વિષે મિત્રોમાં ખૂબ ચર્ચા ચાલતી. અંગ્રેજી ભણતરની શરૂઆતથી આ ચર્ચા ઓછાવધતા પ્રમાણમાં ચાલી આવે છે અને એમાં પક્ષો બંધાઈ ઠીક ઠીક ઉગ્ર વાદવિવાદ પણ થયા કરે છે; જેમાંથી કદાચ મૈત્રી પણ બંધાય અગર પરસ્પર અણગમો પણ ઉત્પન્ન થાય. વાદવિવાદનું મારું ધોરણ એવું હતું કે મારા પ્રત્યે ઘણુંખરું વિદ્યાર્થિનીઓને અણગમો ઉત્પન્ન થાય.

એવા એક વાદવિવાદના પ્રસંગે મેં પ્રશ્ન કર્યો :

‘સમાન હક્કની બધી વાત ઠીક છે; પણ અંતે સ્ત્રીઓની કિંમત કેટલી ?’

વિલાસિનીએ મને સામો પ્રશ્ન કર્યો : ‘ત્યારે પુરુષોની કિંમત કેટલી ?’

‘હું પુરુષોની કિંમત ગણાવી જાઉં. વીસમી સદીમાં સ્ત્રીઓ અને પુરુષોને સરખા રાજદ્વારી હક્ક મળ્યા છે. કહો, કેટલી સ્ત્રીઓ લૉઈડ જ્યોર્જ, કૈસર, હિટલર, ચર્ચિલ કે સ્ટાલીન બની ? અરે, આપણે હિંદુસ્તાનમાં જ જુઓ ને ? નેહરુ, વલ્લભભાઈ, સુભાષની સાથે મૂકી શકાય એવી એક સ્ત્રી પણ બતાવો ને ?’

‘સરોજિની નાયડુ…’ કોઈક યુવતીકંઠમાંથી સૂર સંભળાયો.

‘હું જાણતો જ હતો કે જેમાં તેમાં એક સરોજિની નાયડુને તમે આગળ કરશો. પણ એની સામે મૂકી શકાય એવા કેટલા પુરુષ છે એનો તમે ખ્યાલ કર્યો ? સુરેન્દ્રનાથ, ફિરોજશાહ, ગોખલે, તિલક, ગાંધી, લજપતરાય, ટાગોર એવાં એવાં નામ વચ્ચે એકાદ સરોજિની નાયડુ આવે એથી સ્ત્રીઓની કિંમત વધી જતી નથી.’ મેં કહ્યું, અને વાદવિવાદ ખૂબ ઉષ્ણતાભર્યો બન્યો. રાજાઓ પણ પુરુષો, લડવૈયા પણ પુરુષો, સેનાપતિઓ પણ પુરુષો, મુત્સદ્દીઓ પણ પુરુષો, કવિઓ પણ પુરુષો અને કલાકારો પણ પુરુષો : એ વસ્તુસ્થિતિ પુરુષપક્ષે લગભગ સાબિત કરી અને મેં તેમાં ઉમેર્યું :

‘અરે એટલું જ નહિ, પાકશાસ્ત્રમાં પણ પ્રાવીણ્ય કોઈએ મેળવ્યું હોય તો તે પુરુષોએ. પાકશાસ્ત્રનો ઇતિહાસ તપાસો.’

‘તે તને રસોઈ કરતાં આવડે છે ?’ વિલાસિનીએ બહુ ગુસ્સે થઈને પ્રશ્ન પૂછ્યો. તેનું ચાલત તો તે મને છૂટી ચોપડી મારત એટલો ગુસ્સો તેના મુખ ઉપર હું જોઈ શક્યો. મેં કહ્યું :

‘અંગત વાત જવા દો. સરોજિની નાયડુની માફક મને એક અપવાદ ગણી લેશો. હું તો માત્ર પુરાવા રજૂ કરું છું. અને તેમાં સ્ત્રીઓની ઊતરતી જ નહિ; પરંતુ બહુ નીચી કક્ષા કેમ છે તેનો

વિચાર જ કરવા હું સૂચવું છું.'

'સ્ત્રીઓને પશુપક્ષીઓની માફક આત્મા જ હોતા નથી એવી પણ સંભાવના છે.' એક પુરુષ વિવાદીએ કહ્યું.

અને પછી તો અમારી સભા ભાંગી પડી, અત્યંત બૂમાબૂમ થઈ રહી, બેત્રણ છોકરીઓએ રીસમાં ને રીસમાં રડવા પણ માંડયું અને હું કૉલેજમાં રહ્યો ત્યાં સુધી ફરી આવી વિવાદસભા થઈ શકી નહિ. પ્રયત્નો કર્યા છતાં વિદ્યાર્થિનીઓએ ચર્ચાસભામાં હાજરી આપવાની જ ના પાડી. બળવાન પુરુષ આમ રિસાઈને અળગો રહ્યો ન હોત; એ જરૂર બાથે પડી આવી સભા સર કરી શકયો હોત.

'ત્યારથી મારો પ્રશ્ન બહુ તીવ્ર બન્યો :

'સ્ત્રીની કિંમત કેટલી ?'

૨

છતાં એ ઉગ્ર પ્રશ્ને મારું લગ્ન થતું અટકાવ્યું નહિ અને આશ્ચર્યની વાત તો એ હતી કે આવા વિવાદમાં મારો સતત સામનો કરનાર વિલાસિની સાથે જ મારું લગ્ન થઈ ચૂકયું ! લગ્ન કોનાં, કોની સાથે, કેમ થાય છે એ પ્રશ્ન કોઈએ પૂછવો જ નહિ. એ રહસ્ય કદી ઊકલ્યું નથી અને કદી ઊકલવાનું પણ નથી. સ્ત્રીઓની ઊતરતી કક્ષા છે એમ મારું વાચન અને મારી બુદ્ધિ મને વારંવાર કહેતાં હતાં, છતાં સ્ત્રીઓ મને ગમતી ન હતી એમ તો મારાથી કહી શકાય નહિ. ઘણી યે વાર હું રૂપાળી યુવતીઓ સામે જોઈ રહેતો—જે કદાચ યુવતીઓને પણ ગમતું હોય એમ મને લાગ્યું. રૂપાળી સ્ત્રી છબીઓ અને સ્ત્રીમૂર્તિઓ પ્રત્યે મારું લક્ષ ખેંચાતું હતું જરૂર; પરંતુ એ ખેંચાણ હોવા છતાં મને એમ તો જરૂર લાગતું કે પુરુષની કિંમત સ્ત્રી કરતાં વધારે છે, અને જ્યારે વિલાસિની સાથે મારું લગ્ન લગભગ નક્કી થયું ત્યારે હસતાં હસતાં મેં વિલાસિનીને પૂછયું પણ ખરું :

'વિલાસ! લગ્ન માટે મારી ના નથી; પરંતુ મારા વિચારો તો તારી જાણમાં જ છે ને?'

'કયા વિચારો?' જાણે કૉલેજના અમારા ઉગ્ર વાદવિવાદ સમૂળગા ભુલાઈ ગયા હોય એમ વિલાસિનીએ મને સામે પૂછ્યું.

'કેમ? ભૂલી ગઈ એટલામાં? સ્ત્રીઓની કિંમત વિષેના મારા વિચારો...' મેં કહ્યું. પરંતુ મારું વાક્ય પૂરું ન થવા દેતાં વિલા-વચમાંથી જ બોલી ઊઠી:

'હાં, હાં...એ બધું તો ઠીક છે. પત્નીને મારઝૂડ કરવાની ઉમદા કક્ષાએ તો તારું પુરુષત્વ નથી આવ્યું ને?'

અમે બન્ને એ પ્રશ્નો ઉપર ખૂબ હસ્યાં. હસવા જેવું ન હોય ત્યાં માનવી ઠીકઠીક હસી શકે છે. મેં કહ્યું:

'ધારી લે કે હું તે કક્ષાએ પહોંચ્યો હોઉં; તો?'

'હરકત નહિ. તારી એ કક્ષાને હું જોઈ લઈશ. મને એની બીક નથી.' વિલાસિનીએ જવાબ આપ્યો અને અમારાં લગ્ન થઈ ચૂક્યાં.

હું યુવક હતો અને તેમાં ય બાહોશ યુવક હતો. સારું ભણ-તર ભણેલો હોવાથી મને નોકરી પણ ઘણી સારી મળી ગઈ હતી. વિલાસિની પણ સારું ભણી હતી; પરંતુ પરણ્યા પછી એણે નોક-રીની ઇચ્છા દર્શાવી ન હતી; અને મારો પગાર અમારા બંનેનું ઠીક ઠીક પૂરું કરે એવો હોવાથી વિલાસિનીને નોકરી કરવાની જરૂર પણ રહી ન હતી. અમારો સંસાર સુખમય ઢબે ચાલ્યા કરતો હતો છતાં વચમાં વચમાં મારો સનાતન પ્રશ્ન મારા હૃદયમાં તરી આવતો અને વાતચીતમાં વિલાસિનીને ખોટું લાગે એવું હું કહેતો પણ ખરો:

'પણ સ્ત્રીની કિંમત કેટલી?'

'તે તું પગાર લાવે છે, માટે મને પૂછે છે? મને કહેવા દે કે પુરુષની કિંમત પગાર જેટલી.' સહજ મોં ચઢાવી વિલાસિનીએ કહ્યું. ચિડાયલી પત્નીને વધારે ચીડવવી એ પણ એક જાતની મોજ છે. મારા પ્રિય વાદને મેં આગળ લંબાવ્યો:

'વિલાસ ! તું માગે તો તને કેટલો પગાર મળે ?'

વિલાસિનીએ મારી સામે તાકીને જોયું, અને જરા રહી મને જવાબ આપ્યો.

'નટી બનું તો તારા કરતાં ઘણો વધારે.' આ વાતચીત આગળ લંબાવવી મને ગમી નહિ, અને વિલાસિનીના અપાઈ ચૂકેલા એક જવાબ પછી એ પ્રશ્ન લાંબા સમય સુધી મેં તેને પૂછ્યો જ નહિ. જોકે મારી દિવસે દિવસે ખાતરી થયે જતી હતી કે માનવ સમાજરચનામાં કિંમત તો પુરુષની જ વધારે છે.

વર્ષો વીતતાં હતાં. એક બાળકનો હું પિતા પણ બન્યો. એ પુત્ર સહજ મોટો પણ થયો, અને એના ઉછેરની આસપાસ રૂંધાઈ રહેલી વિલાસિનીને મેં કહ્યું પણ ખરું :

'વિલાસ ! તારા જ્ઞાનનો, ભણતરનો, તારા સંસ્કારનો કશો ઉપયોગ થતો હોય એમ લાગતું નથી.'

'શા ઉપરથી એમ કહે છે ?' વિલાસિનીએ પૂછ્યું.

'પહેલાં તો તું પુસ્તકો વાંચતી, માસિકો જોતી, લેખ પણ લખતી – અરે તને કવિતા લખતી પણ મેં પકડી છે. એ બધું ક્યાં ઊડી ગયું !' મેં પૂછ્યું.

'તારી અને તારા બાળકની પાછળ.'

અમે બન્ને એ ઉત્તર પછી મૂક રહ્યાં; જો કે મારા મનમાં એક વિચાર દૃઢ થયો : સ્ત્રીની કિંમત તો માત્ર એક આયા જેટલી જ ને ?

કોણ જાણે ક્યાંથી મારા હૃદયનો વિચાર વિલાસિની વાંચી ગઈ હશે કે કેમ; પરંતુ એક દિવસ મારી પાસે આવી તેણે મને એક પરદેશી માસિકનો અંક બતાવ્યો. એ અંકમાં એક ખૂણે બહુ મહત્ત્વની જાહેરાત હતી : 'રણમોરચે જવા માટે પરિચારિકાઓ જોઈએ.' મારું વાચન વિશાળ હતું અને હું જાણતો હતો કે સુધરેલા વિશ્વમાં રણભૂમિ ઉપર મોકલાતી થોકડાબંધ પરિચારિકાઓનો

ઉપયોગ દર્દીઓની સારવાર ઉપરાંત સિપાઈઓની કામતૃપ્તિ અર્થે પણ કરવામાં આવે છે. જાહેરાત વાંચી હું જરા ચમક્યો. મેં પૂછ્યું :

'હા, એ જાહેરાત છે; પણ તું શું કહેવા માગે છે? લડાઈ આપણા દેશની નથી!'

'એ તો હું જાણું છું. હજી આપણા દેશના પુરુષોનું પુરુષત્વ યુદ્ધ કરે એવી કક્ષાએ પહોંચ્યું નથી. હું તો એ પૂછવા માગું છું કે આ પરદેશના યુદ્ધમાં દાખલ થનાર પુરુષ સૈનિકને જે પગાર મળતો હશે તે આ પરિચારિકાઓના પગાર કરતાં વધારે હશે ખરો?'

મને એ પ્રશ્ન બિલકુલ ગમ્યો નહિ. યુદ્ધે જતા એક સિપાહીની અને ઘવાયલા સિપાહીની પાટાપટ્ટી બાંધતી પરિચારિકાની કિંમત એ સરખાવવા માગે છે કે શું? મેં માત્ર એટલું જ કહ્યું :

'હું એ બન્નેનાં પગાર ધોરણો નક્કી જોઈ લાવીશ...પણ તું જ સમજી લે કે સૈનિક મરવા જાય છે, અને પરિચારિકા-પાટાપટ્ટી બાંધવા જાય છે.'

એ વાત એટલેથી જ રહી, અને મેં સૈનિકોના અને પરિચારિકાઓનાં પગારધોરણો તપાસવાનો જરા યે પરિશ્રમ લીધો નહિ. લોકશાસનમાં ઘણી ઘણી બાબતો લોકથી છૂપી રાખવામાં આવે છે જેની લોકોને જ ખબર હોતી નથી.

એક દિવસ મારું શરીર અને મન ખૂબ પ્રફુલ્લ હતાં, તે વખતે વિલાસિનીએ મને કહ્યું :

'મારે અખિલ હિંદ સ્ત્રીમંડળની બેઠકમાં બેંગલોર જવું પડે એમ છે.'

હું રાજી થયો. ભણેલીગણેલી સ્ત્રી કાંઈ પણ જાહેર કામ કરતી થાય તો સારું એમ મને લાગ્યા જ કરતું હતું, અને એમાં શિથિલતા જોઈ હું વિલાસિનીને રોજ ચીડવતો પણ હતો. મેં જવાબ આપ્યો :

'બહુ સારું. અઠવાડિયું જઈ આવ. એથી તો વધારે વખત નહિ થાય ને ?'

'ના રે. પણ તારે આ પ્લવંગને એટલા દિવસ સાચવવો પડશે.'

પ્લવંગ એટલો તો વાંદરું. મારો પુત્ર જરા તોફાની હતો એટલે ગમ્મતમાં અમે તેને પ્લવંગ નામ આપ્યું હતું, જેથી સંસ્કૃતની શિષ્ટતામાં સમાયલા એ શબ્દનો અર્થ બહુ જ થોડાં માણસો સમજી શકે. પુત્ર પાંચેક વર્ષનો થયો હતો અને તે બાલમંદિરમાં જતો હતો, અને તેની માતાના શિક્ષણ નીચે મને કાંઈ પણ તકલીફ ન આપતાં પોતાનું બધું કામકાજ હાથે કરી લેતો હતો : નિદાન એવી અમારી માન્યતા તો હતી જ. મેં કબૂલ કર્યું. બહુ ખુશીની સાથે મેં કબૂલ કર્યું, અને પુરુષસહજ ગર્વ સાથે વિલાસિનીને જતી વખતે મેં કહ્યું પણ ખરું :

'ઘરનો ઊંચો જીવ તું જરા યે ન રાખીશ.'

'પુરુષો ઘર સંભાળવામાં સ્ત્રીઓ કરતાં વધારે પ્રવીણ છે. માટે ?' હસીને વિલાસિનીએ મને જવાબ આપ્યો અને તે અખિલ હિંદ પરિષદમાં સ્ત્રીઓના ઉદ્ધાર સંબંધી વિચાર કરવા ચાલી ગઈ.

પહેલે દિવસે તો મેં બહુ ઉત્સાહપૂર્વક ઘરવ્યવસ્થા હાથમાં લીધી. એક અઠવાડિયા સુધી ઘર કેમ ચલાવવું એનું સમયપત્રક પણ કરી દીધું, અને આખા અઠવાડિયા સુધી દર ટંકે શી શી રસોઈ કેટલી કેટલી કરવી તેની વિગતવાર યાદી મેં મારા રસોઇયાને આપી દીધી. સહજ બાહોશી રાખવામાં આવે તો ઘર પુરુષોથી બહુ સારી રીતે ચાલી શકે એમ મને તે ક્ષણે લાગ્યું.

બીજા દિવસથી જરાક મુશ્કેલી પડવા લાગી. મારો નોકરીનો વખત ૧૧ થી પાા નો હતો અને મારા બાળકને શાળામાં જવાનો સમય ૧૧ થી ૩ નો હતો. સાંજના ૩ થી ૬ સુધી એકલા પડેલા મારા પુત્રે મારા ઘરની જપ્તી કરવાની હોય એમ ઘણાંખરાં કબાટ,

ટાકાં અને પેટીઓ ઉઘાડી નાખ્યાં હતાં અને તેની તથા રસોઇયાની વચ્ચે એક ચમચા દૂધ માટે ભયંકર ઝઘડો ઊભો થયો હતો. કચેરીમાંથી હું આવ્યો એટલે પુત્રે રસોઇયા સામે, રડતાં રડતાં ખૂબ ફરિયાદ કરી; એટલે મેં રસોઇયાને બોલાવી ઠીક ઠીક ધમકાવ્યો. રસોઇયો કાંઈ પણ બોલ્યા વગર ચાલ્યો ગયો; પણ તે રાત્રે મને લાગ્યું કે રસોઈ રોજ જેટલી સ્વાદિષ્ટ બની નથી.

વાર્તા કહી મેં બાળકને સુવાડી દીધો, અને બીજે દિવસે અમારો સવારનો કાર્યક્રમ શરૂ થયો. નવ વાગે સવારે હું વર્તમાનપત્ર વાંચતો આરામથી બેઠો હતો. ધારાસભાની ગરમાગરમ ચર્ચા મારું ધ્યાન ખેંચી રહી હતી અને એકાએક રસોઇયાએ આવી કહ્યું :

‘ સાહેબ ! આજ બજારમાં પરવળ મળતાં નથી.’

‘ તો બીજું શાક લઈ આવ. એમાં પૂછવાને શું આવ્યો ? ’ મેં જરા જોરથી કહ્યું.

‘ આ તો આપે લેખી કાર્યક્રમ કર્યો હતો એટલે મને લાગ્યું કે હું આપને પૂછી જોઉં. બીજું શું લાવું ? ’ રસોઇયાએ કહ્યું.

‘ ગમે તે લાવ; બટાટાં, દૂધી, કારેલાં, કોબીજ ગમે તે.’ મેં પગ ઠોકીને કહ્યું.

‘ એના ભાવ માટે કંઈ કહેવાનું છે ? ’ રસોઇયાએ પૂછ્યું.

‘ ના, ભાઈ, ના ! તારે ફાવે તે કર. મને વાંચવા દે.’ કહી મેં રસોઇયાને વિદાય કર્યો.

દસ વાગ્યા અને નાનકડો પુત્ર રડતો આવી રસોઈ હજી થઈ નહોતી એવી ફરિયાદ લાવ્યો. તપાસ કરતાં માલૂમ પડ્યું કે કાર્યક્રમમાં ગોઠવેલું શાક ન મળવાથી ફરી વાર શાક લેવા જવું પડ્યું તેને અંગે રસોઇયાને વાર થઈ હતી. સાડા દસે તો બાળકની શાળાગાડી – બસ – આવવાની હતી, અને નિર્યામતતાના શોખીન બાળકે વખતસર જમીને જવા માટે મને કાયર કરી નાખ્યો. ‘ ગાડી – બસ ભલે ચાલી જાય; હું તને મારી સાથે લઈ જઈશ,’ અને બાલમંદિર-

વાળાં બહેન તને ઠપકો આપશે નહિ એવી મારી આપેલી ખાતરી બાળકને ખરી લાગી નહિ; છતાં હવે બાળકનો તેમ જ મારો બીજો કોઈ ઇલાજ હતો નહિ.

જમી રહી કચેરીમાં જવા માટે મેં કપડાં પહેરવા માંડયાં. પરંતુ મારા કોટના ઉપલા ખિસ્સામાં પેનની શાહીએ ટપકીને સારા પ્રમાણમાં ડાઘા પાડયા હતા અને ટપકાં પડવાની ક્રિયા હજી ચાલુ જ રહી હતી. વખત વહી જતો હતો. મહામુશ્કેલીએ કબાટની કૂંચી મેં ખોળી કાઢી: જે કૂંચીથી તાળું ઊઘડયું જ નહિ. કંટાળી મેં જોરથી કૂંચી ફેરવી તો કૂંચી તાળામાં જ તૂટી ગઈ, અને મેં કબાટને ત્રણચાર મુક્કા જોરથી લગાવી દીધા તથા અંગ્રેજીમાં કબાટને ગાળો દેવી શરૂ કરી. મારો રસોઇયો ખડખડાટ સાંભળી દોડી આવ્યો અને જરા આછું હસી મારા સહપ્રયત્નોમાં તે સામેલ થયો અને ગમે તેમ કરી તેણે કબાટ ઉઘાડયું; તેમાંથી મેં કોટ કાઢચો, જે પહેરી બાળકને મારી સાથે ભાડાની ગાડીમાં બેસાડી બાલમંદિરમાં મૂકી કચેરીમાં જવા નીકળ્યો. બાલમંદિરમાં તો મોડું થયું હતું, જે માટે મેં તેનાં સંચાલક બહેનની ક્ષમા માગી: પરંતુ એ ઘણા ડાહ્યાં બહેને સહજ મુખ મરડી મને કહ્યું:

'આજ તો ઠીક છે, પણ અમારી બાલસંસ્થામાં અનિયમિતપણું અમે ચલાવી લેતાં નથી.'

એ દોઢડાહી બાઈને તમાચો મારવાનું મને મન થયું! 'મોટી નિયમિતતાવાળી!' હું મારા મનમાં બબડચો, અને ઝડપથી કચેરી ભણી ગયો જ્યાં પણ હું કમનસીબે મોડો પડયો. હું ઊંચો અમલદાર હતો છતાં મારા કરતાં વધારે ઊંચા અમલદારે બરાબર સાડા અગિયારને ટકોરે મને જરૂરી કામ લઈને બોલાવ્યો, જે વખતે હું હાજર જ ન હતો. અને માત્ર દસ મિનિટ પછી હું મોટા સાહેબ પાસે ગયો ત્યારે જાણે તેમની સ્ટેનોગ્રાફર બાઈને હું ઉપાડી ગયો હોઉં એવું મોં ચડાવી તેમણે મારી સાથે વાત કરી અને વાત પૂરી

થતાં મને એક વાગ્બાણ પણ માર્યું :

'કચેરીનો સમય સાડા અગિયારનો છે; સાડા અગિયાર અને દસ મિનિટનો નથી.'

હું છોભીલો પડ્યો; સાથે સાથે ખૂબ ગુસ્સે પણ થયો. સહજ દિલગીરી દર્શાવી હું મારે સ્થાને આવ્યો અને તે દિવસે કચેરીના પટાવાળાથી માંડી શિરસ્તેદાર સુધીનાં બધાં માણસોને એક અગર બીજે બહાને મેં ધમકાવી નાખ્યા. દસ મિનિટ હું મોડો આવ્યો હતો તેનો બદલો વાળવા હું પા કલાક વધારે બેઠો, જેને પરિણામે મારા હાથ નીચેના સઘળા નોકરોના મુખ ઉપર સ્મશાનયાત્રાની છાપ દેખાઈ આવી.

હું ઘેર પહોંચ્યો ત્યાં તો રસોઇયાની અને પડોશીઓની વચ્ચે મારામારીનો પ્રસંગ આવી ગયો હોય એમ લાગ્યું. પડોશીઓને મેં શાંત પાડ્યા, રસોઇયાને ઘસડી હું ઘરમાં લઈ ગયો અને ઘરમાં જોયું તો મારા પ્લવંગે-પુત્રે એક બરણી તોડી, બીજી બરણીમાંથી મુરબ્બા કાઢી લઈ આખા જમણ-મેજ (Dining-Table) ને મુરબ્બાનો ઓપ આપેલો હતો.

મગજ ઉપરનો કાબૂ ખોઈ મેં એક ત્રાડ નાખી અને સુંવાળી ઢબે ઊછરેલા એ બાળકના હાથમાંથી એક રકાબી જમીન ઉપર પડી ગઈ. રકાબી ભાંગી, મુરબ્બો જમીન ઉપર ફેલાયો અને વધારામાં બાળકે મોટેથી રુદન શરૂ કર્યું. ગુસ્સો શમાવી મારે બાળકને છાનો રાખવો પડ્યો, રસોઇયાએ જે રસોઈએ બનાવી તે જમી લેવી પડી અને કાર્યક્રમ પ્રમાણે તેણે વાનીઓ બનાવી હતી કે કેમ તે તપાસવાનું હું વીસરી ગયો. કોણ જાણે કેમ આજનો દિવસ મને અપશુકનિયાળ લાગ્યો. મને ભયંકર અણગમો આવ્યો. ઘરને અને મારા જીવનને ચલાવતું કોઈ દૈવી ચક્ર અટકી પડ્યું હોય એમ લાગ્યું. સૂતી વખતે મને યાદ ન આવ્યું કે બાળકને મારે વાર્તા કહેવાની છે. બાળકે તેની મને યાદ આપી. મેં કહ્યું :

'આજ મને કોઈ વાર્તા યાદ આવતી નથી.'

'તે, પપ્પા! તમે મા કરતાં ઓછું ભણેલા છો?' બાળકે પ્રશ્ન કર્યો.

નવી ઢબના ડહાપણમાં ઊછરતા આ બાળકને સોટી જડાવી દેવાની મને ઇચ્છા થઈ. કમનસીબે સુધરેલાં ઘરોમાં હવે સોટી પણ મળતી નથી.

૪

આ તો મારો પહેલા બે દિવસનો જ અનુભવ હતો; પરંતુ પછીના દિવસો આથી યે વધારે આકરા પસાર થયા. દિવસની ખરાબ રસોઈ, અનિયમિત જીવન, બાળકનું તોફાન અને કચેરીના કામનો ઉકળાટ આખા દિવસને દોજખરૂપ બનાવી દેતાં હતાં; પરંતુ પછી રાત પણ અગ્નિચિતા બની મને શેકવા લાગી. ઊંઘ જાણે ઊડી ગઈ હોય એમ મને લાગવા માંડયું. અને ઊંઘ આવે ત્યારે જીવનભર નહિ જોયેલા ઓથારો અને સ્વપ્ન સાથે લાવે! કચેરીમાં જાણે મારે અને મારા ઉપરીને મુક્કામારીની શરત થઈ હોય, હાથ નીચેનાં માણસો મને ઊંધો ટાંગી હસતાં હોય, રસોઇયો તેલની કડાઈમાં શાકને બદલે મને છમકારતો હોય અને બાલમંદિરવાળાં બહેન પોતાના નખ અને દાંત મારા દેહમાં પરોવવાની રમત બાળકને શીખવતાં હોય એવાં એવાં સ્વપ્ન મને નિત્ય આવવા લાગ્યાં. કદીક સ્વપ્નમાં એમ જ આવે કે મારા કબાટમાં એકલાં પાટલૂન ભર્યાં છે અને ખમીસ-કોટ છે જ નહિ; કોઈ રાત એવો ઓથાર આવે કે જાણે કચેરીનાં કાગળિયાં નીચે હું કચરાઈ જાઉં છું. ચમકીને જાગ્રત થતાં કવિઓને કવિતા લખવાનું મન થાય એવાં પ્રસ્વેદ-મોતી મારે કપાળે લળકી રહેતાં. અને અઠવાડિયું પૂરું થયું નહિ એટલામાં બેત્રણ સગાંવહાલાંએ મહેમાન તરીકે પધારવાની ભયંકર ધમકી મોકલાવી. એ વસ્તુ અસહ્ય થઈ પડી. આ બધા ય દિવસો એક પ્રેમી પ્રિયતમાને શોધે, એક

ભક્ત પ્રભુને શોધે, એક વેપારી નફાને શોધે, એમ મેં મારી પત્નીને શોધવા માંડી. પ્રેમ કરતાં પણ મને તેની જરૂરિયાત વધારે લાગી. એવામાં પત્નીએ બેંગ્લોરથી મને તાર મોકલ્યો કે હિંદનો ઉદ્ધાર કરનારી તેની સખીઓ સાથે તે દક્ષિણ હિંદુસ્તાનનાં જોવા લાયક સ્થળોની મુસાફરીએ નીકળી પડવાની છે અને આઠ દિવસને બદલે એકાદ મહિનો મારે ઘર સંભાળવું પડશે, ત્યારે મેં એક ક્ષણની પણ વાર લગાડ્યા વગર તાર ઑફિસમાં જઈ ભારેમાં ભારે દરવાળો તાર કર્યો કે :

'પહેલી મળતી ગાડીએ પાછાં વળો. હું વિષમજ્વરથી પીડાઉં છું, અને પ્લવંગ એ જ્વરમાં પડવાની તૈયારી કરી રહ્યો છે.'

તાર મોકલ્યા પછી ત્રીજે દિવસે સવારમાં જ મારી પત્નીએ મારું બારણું ખખડાવ્યું. મને એ જ વખતે ઊંઘ આવી ગઈ હતી. એટલે બારણું ઠોકવાના ભાસને મેં સ્વપ્નમાં વરસાદની ગર્જના માની પાસું બદલ્યું અને હું બે કલાક સૂઈ રહ્યો. બે કલાક પછી કચેરીના હુતાશને મને જગાડતાં હું જોઈ શક્યો કે મારી પત્ની મારા પલંગ પાસે એક ખુરશી ઉપર બેઠી બેઠી મારા જાગ્રત થવાની રાહ જોઈ રહી છે! આંખ ઊઘડતાં બરોબર તો મને લાગ્યું કે હું મારી પત્નીને સ્વપ્નમાં જોઈ રહ્યો છું; પરંતુ વિલાસિનીના કંઠેમને જાગ્રતાવસ્થાનું ભાન કરાવ્યું.

'તાવ આવે છે? છોકરો, રસોઇયો કે પડોશી કોઈ તો જાણતાં નથી!' પત્નીએ કહ્યું. તેની આંખોમાં કદી ન જોયેલી લુચ્ચાઈ મેં અત્યારે નિહાળી અને છતાં ગોપીને કૃષ્ણ મળે અને જે અકથ્ય આહ્લાદ ગોપી અનુભવે તે આહ્લાદ મેં પત્નીને નિહાળીને અનુભવ્યો.

'તને અડીને મને ખાતરી કરી લેવા દે કે તું જાતે, પોતે, પ્રત્યક્ષ અહીં હાજર છે.' અને ખરેખર ઊઠીને મેં તેના દેહનો સ્પર્શ કર્યો જ — જોકે આવાં ઊર્મિપ્રદર્શન જાહેરમાં મૂકવાની કક્ષા હું વટાવી ગયો છું.

'હવે ઘેલછા મૂક ! એક આઠ દિવસ હું ઘર છોડીને ગઈ તેમાં તો તેં આખી પૃથ્વી ચાક ચઢાવી !'

મારા અભિમાનને આગળ કરી મેં તેને સામે પૂછ્યું :

'વિલાસ ! તને એવું શું લાગ્યું ? ટેવ ન હોય એટલે વસ્તુ સહજ આઘીપાછી થઈ હશે: બાકી બીજું બધું બરાબર છે.'

'શું ધૂળ બરાબર છે ? મહિનાની ખાંડ એક અઠવાડિયા પહેલાં તો ખલાસ કરી નાખી છે ! કાચના પ્યાલામાંથી હવે એક જ આખો રહ્યો છે ! માપબંધીમાં અનાજ તો હવે મળશે નહિ એટલે એની તો ભીખ જ માગવી રહી, અને મુરબ્બામાં તો તેં હિંદભરના મંકોડાને ઉજાણીએ બોલાવ્યા લાગે છે ! વારુ, ખર્ચ પણ પૂરો લખ્યો નથી અને લખ્યો છે તેમાં આખા મહિનાનો પગાર ખર્ચાઈ ગયો છે. એ તો ઠીક, પણ આ તારા વિષમજ્વરનું શું છે ? ચડ્યો યે ખરો અને ઊતરી પણ ગયો ?' વિલાસિનીએ કહ્યું.

'એ મુદ્દતી તાવ હતો, અને તું આઠ દિવસમાં પાછી આવી ન હોત તો આ અઠવાડિયામાં તેં મારા આપઘાતની જાહેરાત વર્તમાનપત્રોમાં વાંચી હોત !' મેં કહ્યું.

'બોલીશ નહિ, એવું અપશુકનિયાળ !' કહી મને ધમકાવી, તે મારે માટે જોતજોતામાં સુંદર ચા કરી લાવી.

બાળક વખતસર એના બાલમંદિરમાં ગયો અને હું મારી કચેરીમાં પણ વખતસર પહોંચી ગયો. કચેરી કેમ કરીને વહેલી પૂરી થાય એની ઇંતેજારીમાં મેં સહુની સાથે સલૂકાઈથી વર્તી કામ પૂરું કરી નાખ્યું. હાથ નીચેનાં માણસોની આંખમાં હું આજે શાંતિ જોઈ શક્યો, અને સાડા પાંચે ઊઠવાની તૈયારી કરતો હતો એટલામાં જ મારા ઉપરીએ મને બોલાવ્યો. બહુ જ શાંતિ અને અદબપૂર્વક હું ઉપરી પાસે જઈ ઊભો. તેમણે પણ સહજ સ્મિત કરી મને પૂછ્યું.

'આજ તમારી તબિયત સારી લાગે છે, નહિ તો હું તમને

લાંબી રજા ઉપર ઊતરવાનું કહેવાનો હતો. તમારા જ્ઞાનતંતુઓ કોણ જાણે કેમ બહુ ઝણઝણેલા રહેતા...આખું અઠવાડિયું. દવા બરાબર કરજો.'

ઉપરીનો મેં આભાર માન્યો અને ઘેર આવતે આવતે મારા મનમાં વચાર ઉત્પન્ન થયો :

'વિલાસ ન હોત તો મારી નોકરી પણ જાત કે શું?'

ત્યારથી રોજ પ્રભાતમાં ઊઠી, નાહીધોઈ પહેલું કાર્ય હું મારાં પત્નીના ચરણસ્પર્શનું કરું છું. પત્નીપૂજનથી મારો દિવસ ઊગે છે. એ પછીથી કદી મેં પૂછ્યું નથી કે કહ્યું નથી :

'સ્ત્રીની કિંમત કેટલી?'

મારે એ કિંમત કરાવવી પણ નથી.

# મંદિરનું રક્ષણ

## ૧

મારા બાળપણનાં બે દશ્યો મારાથી હજી ભુલાતાં નથી. પાછળ નજર નાખું છું એટલે તરત એ બે દશ્યો નજર સામે ખડાં થઈ જાય છે. એ બન્ને દશ્યોના મધ્યબિંદુમાં એક નાનકડું દેવમંદિર સતત ઊભેલું હું જોઈ શકું છું. વીર હનુમાનનું એ દેવાલય. એ દેવાલયની એક પાસ નદીનો ઊંડો ગર્ત આવેલો હતો અને બીજી પાસ, આગળ–પાછળ તેમ જ બાજુમાં મંદિરને અડીને નાનાં-મોટાં મકાનો આવ્યાં હતાં. એ મંદિર રામચંદ્રને સતત પગે લાગતા દાસ હનુમાનનું ન હતું; પરંતુ ગદા ઘુમાવતા, સૂર્યને પકડવા મથતા બજરંગ બલી વીર હનુમાનનું હતું. આખું ગામ બજરંગ બલીના દર્શને આવતું અને શનિવારે તો ત્યાં મેળો ભરાતો તથા હનુમાનને વિપુલ તેલસિંદૂર ચઢતાં.

હું ત્યારે એ ગામડામાં ભણતો નાનકડો વિદ્યાર્થી હતો. આજ ભણ્યાગણ્યા પછી ભણતરે દેવો ઉપરની શ્રદ્ધા ઘટાડી દીધી છે; પરંતુ બાળપણમાં દેવો ઉપર મને પૂરી શ્રદ્ધા હતી. દેવોની કૃપા ધાર્યું ફળ આપે છે; દેવોને નારાજ ન કરી શકાય; દેવોને અપ્રિય વર્તન

ન થઈ શકે; અને દેવોનાં દર્શન ઇષ્ટ છે : એવા એવા શ્રદ્ધામય સિદ્ધાંતો બાળપણમાં સાચા લાગતા અને તે પ્રમાણે અમારું વર્તન પણ થતું. કદી તેવું વર્તન ન થાય તો સાચો પશ્ચાત્તાપ પણ થતો, પાપની ક્ષમા માગવા માટે બાધા-આખડી પણ રાખવામાં આવતી અને દેવની કૃપા મેળવવા દેવને સાષ્ટાંગ પ્રણામ પણ કરવામાં આવતા હતા. આજ એ બધું સાચું લાગતું નથી, અને દેવ પ્રત્યેની શ્રદ્ધા પણ ઘટી ગઈ છે; એટલે કોઈ દેવને પ્રણામ કે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પણ કરવાની નમ્રતા મારામાં રહી નથી. છતાં એ ઉપચારવિધિમાંથી એક વિધિ યાદ રહી ગયો છે, અને તે એ કે હનુમાનને દંડવત્ પ્રણામ કદી થાય નહિ! દંડવત્ પ્રણામ કરનાર ઉપર હનુમાનજી પોતાનો વજ્રભાર મૂકી દે એવી બીક હતી.

ત્યારે...હિંદના દેવોમાં એક દેવ એવા છે જે કે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાની ભક્તોને મના કરે છે! જરા પણ નમ્યા વગર, માત્ર મર્દાનગીભર્યા નમસ્કારથી રીઝનારા વીર હનુમાન મને ખૂબ ગમતા, અને આજ પણ ખૂબ ગમે છે. શ્રદ્ધા ન હોવા છતાં તેમના કોઈ પણ મંદિર આગળથી પસાર થતાં હું તેમને છાનાંમાનાં નમન કરી લઉં છું.

અમારા ગામના એ હનુમાનનું મંદિર ખૂબ લોકપ્રિય હતું અને લોકોને હનુમાનના સત ઉપર શ્રદ્ધા પણ બહુ હતી. હનુમાને અનેક પરચાઓ બતાવ્યા હતા એમ પણ લોકો માનતા; એટલું જ નહિ; પરંતુ એ પરચાની અનેક રસભરી વાર્તાઓ પણ લોકો કહેતા, જેમાં એકકે વાત ભણેલો યુગ ભાગ્યે સાચી માની શકે! હનુમાનજીના પ્રતાપે ગામમાં ચોરી-ચખારી થતી નહિ, કારણ કે ચોરી કરનારાઓમાં પણ એવી માન્યતા હતી કે બજરંગ બલી હનુમાનની આણ ફરતી હોય ત્યાં ચોરી થઈ શકે નહિ! વૃદ્ધ પુરુષો એવી પણ વાત કરતા હતા કે જૂના વખતમાં એક વાર ધાડપાડુઓએ ગામમાં ધાડ પાડી. ગામને ઝાંપે પેસતાં જ એક બાઈએ ધાડ-

પાડુઓને હનુમાનની આણ દીધી. એ આણને ન માનતાં ધાડપાડુઓ ઘૂસ્યા અને દુકાનો તથા મકાનોને લૂંટવા લાગ્યા. એક ધનિકનું ઘર ઉઘાડાવી કુટુંબનાં માણસોને માર મારી ધાડુપાડુઓએ તેમને ઘરની બહાર કાઢ્યા. એવામાં એકાએક હનુમાનનો 'હૂં'કારો સંભળાયો અને 'હૂં' કાર સાથે જ ઘરનો એક માળ તૂટી પડ્યો અને ઘર અંદર ગયેલા ધાડપાડુઓ એ માળ નીચે દટાઈ ગયા. બહાર રહેલા એકબે ધાડપાડુઓએ હનુમાનને મંદિર જઈ પોતાનાં હથિયાર મૂકી દીધાં અને ગામને કરેલા નુકસાનનો દોઢો બદલો આપવાની બાધા રાખી એટલે ઘવાયલા ધાડપાડુઓ જીવતા તો નીકળ્યા; પણ તેમણે ત્યાર પછી આ ગામે ધાડ પાડવાનું મોકૂફ રાખ્યું અને બીજું ગામ લૂંટી, અગર ફાવે તેમ કરી, થયેલા નુકસાનનો બદલો વાળી આપી હનુમાનની માનતા પૂરી કરી.

આમ આ હનુમાનનું મંદિર ગામનું એક મહાન રક્ષણસ્થાન હતું. અને હનુમાનની હાક ચારે બાજુએ વાગતી. ગામના ગુનેગારોને હનુમાનની હાજરી સીધે માર્ગે રાખી રહી હતી અને પરગામના ગુનેગારોને તેમની હાજરી ખૂબ ભય પમાડતી હતી. ગામના આખા નૈતિક સંસ્કારનો આધાર આમ હનુમાનનું મંદિર બની રહ્યું હતું. પાપ લઈ હનુમાનનાં દર્શન કરવા કોઈ પણ આવતું નહિ; અને આવતું તો તેનાં પાપ પ્રગટ થઈ તેને ત્યાં ને ત્યાં જ સજા મળી જતી.

એમાંથી એવી પણ એક માન્યતા ઊભી થઈ કે જ્યાં સુધી હનુમાન અને હનુમાનનું મંદિર ગામમાં હોય ત્યાં સુધી ગામની આબાદીને જરા યે ધક્કો પહોંચે નહિ. એ મંદિર સાચામાં સાચી સાર્વજનિક મિલકત બની રહ્યું હતું. સહુ તેને પોતાનું માનતા, છતાં તેમાં કોઈની માલિકીની ભાવના ઉત્પન્ન થતી નહિ. શનિવારના ઉત્સવો અને મેળા થયા કરતા હતા અને પોતપોતાની શક્તિ અનુસાર સહુ કોઈ એ મેળાઓને સફળ બનાવતા.

૨

મને મારા નાનપણનો આ પ્રસંગ બરાબર યાદ આવે છે. એક રાત્રે હનુમાનના દેવાલયની નજીકના મકાનમાં આગ લાગી અને એ અંગે કોલાહલ મચી રહ્યો અને આખું ગામ ત્યાં ભેગું થયું. હું તો નાનો હતો, છતાં હું પણ મારા ઘરનાં માણસો સાથે ત્યાં આવીને ઊભો; અને જોઉં છું તો અગ્નિની જ્વાળાઓ એક ઘરથી બીજા ઘર ઉપર નાચતી, દોડતી મેં નિહાળી. મકાનોનાં છાપરાં અને છજાં કડકડ થઈને બેસી જતાં હતાં અને અગ્નિજ્વાળાનો વિસ્તાર વધ્યે જતો હતો. ગામના ભેગા થયેલા લોકો આગને હોલવવા પ્રયત્ન કરતા હતા. એટલામાં કોઈએ બૂમ પાડી :

'મરી ગયા! સંભાળો! આગ મંદિરને ઝડપી લેશે!'

અને ત્યાં આવેલા આખા ટોળાંએ એક અજબ કંપ અનુભવ્યો. હનુમાનના મંદિરને આગ લાગે? તો પછી ગામનું રક્ષણ કરનાર દેવનું સ્થાન ક્યાં રહેશે? પોતાના અંગત ઘરને આગ લાગે અને તેને બચાવવાની જે તીવ્ર ઇચ્છા થાય તેના કરતાં હનુમાનના મંદિરને બચાવવાની ઇચ્છા સહુના હૃદયમાં વધારે તીવ્ર, વધારે વ્યાપક અને વધારે સામુદાયિક બની. ગામના નગરશેઠ જેવા એકબે ધનાઢ્ય પુરુષો આગ જોવાને અને બને તો આગ હોલવવાને ત્યાં આવીને ઊભા હતા. બૂમ સાંભળી તેમના શાંત મુખ ઉપર એકાએક પરિવર્તન થઈ ગયું અને તેમની આંખો વ્યાકુળ થઈ ગઈ. એક શેઠિયાએ બૂમ મારી :

'અલ્યા, જોઈ શું રહ્યા છો? મંદિરને આગ લાગી તો આવી બન્યું સમજો. ખાલી કરો કૂવા-ટાંકાં; અને એક એક ઘડે મારા તરફનો રૂપિયો ગણી લેજો.'

તેમની સાથે ઊભેલા બીજા શેઠનું મુખ પણ ગંભીર બની ગયું. અને તેમણે પણ કહ્યું :

'મારો પણ રૂપિયો ઘડે ઘડે ગણી લેજો, શેઠ! હનુમાનની ધજાને ચિનગારી પણ લાગે તો આપણો રળ્યો પૈસો ધૂળ બરાબર છે.'

'એ તો ખરું, શેઠિયા! પણ તમે યે હાથમાં ઘડો લો અને અગ્નિદેવતાને શાંત કરો. આ એક માણસનું કામ નથી; અને અત્યારે તમારા રૂપિયાની ખાતર કોઈ ઘડા ગણવા બેસશે નહીં.' ગામના એક પટેલે પાસેના એક ઘરમાંથી આણેલા બે ઘડા શેઠિયાઓના હાથમાં આપતાં કહ્યું. અને કદી પણ જેમણે ઘડો ઊંચક્યો ન હતો એવા એ બંને શેઠિયાઓએ કેડ મજબૂત બાંધી, પાણીવાળા ઘડા અગ્નિની ઝાળમાં નાખવાનું શરૂ કર્યું.

શેઠિયાઓને કામ કરતા જોઈ આખા માનવસમુદાયમાં એક પ્રકારનું શૂરાતન ઊભરાઈ આવ્યું. જોરાવર જુવાનો અને કાબેલ કારીગરો હિંમતપૂર્વક હાથમાં ધારિયાં વાંસી લઈ અગ્નિવાળા ઘર-વિભાગોને તોડવા લાગ્યા. ગામની સ્ત્રીઓ ઝપાઝપ ચારે બાજુએથી બેડાં ભરી ભરી પાણી લઈ આવી અને અગ્નિ સામે યુદ્ધે ચડેલા જુવાનિયાઓના હાથમાં આપવા લાગી. ભડભડ બળતી આગ વચ્ચે પાણી રેડવા ધસતા એ યોદ્ધાઓ પાણીનો મારો ચલાવવા લાગ્યા. બૂમાબૂમ થઈ રહી હતી; પરંતુ એ બૂમાબૂમનું કેન્દ્રસ્થાન એક જ હતું:

'આગ હોલવો! પાણી છાંટો! આગવાળો ભાગ તોડી પાડો! આગને ઝીલવા તૈયાર થયેલા ભાગને કાપી નાખો! ગમે તે તોડો ફોડો! પણ જોજો, રખે આગનો તણખો હનુમાનની દેરીને અડકે.'

અમે બાળકો ટોળે વળી દિગ્મૂઢ બની ઊભાં હતાં. અગ્નિની ભયાનકતા અને લોકોનો કોલાહલ અમારા હૃદયમાં એક પ્રકારનો થડકાર વારંવાર ઉપજાવતાં હતાં. શું કરવું એની અમને સમજ પડતી ન હતી. હનુમાનના મંદિરને આગ અડશે તો આખું ગામ પાયમાલીના ખાડામાં પડશે એવી કોઈ અર્ધસમજાતી બીક અમને થથરાવી રહી હતી. એટલામાં એક વૃદ્ધે પાણીનો ઘડો આગમાં રેડતાં બૂમ પાડી:

'આ છોકરાં બોત જેવાં ઊભાં કેમ રહ્યાં છો ? ભેગી કરો ધૂળ, અને નાખો આગમાં. આ તમાસો જોવાનો નથી !'

અમારા હૃદયમાં પણ એક વીજળી જાગ્રત થઈ. અમારે માથે ટોપીઓ હતી; તેમાં અમે ધૂળ ભરી અને આગની એક બાજુએ અમે નાખવા માંડી. ટોપીઓમાં તે કેટલી ધૂળ ભરાય ? અમે અમારાં પહેરણ અને અંગરખાં શરીર ઉપરથી કાઢયાં અને તેમાં ધૂળ ભરી ભરી આગમાં નાખવા માંડી. એક વૃદ્ધ બાઈ ઘડો ભરી પાણી છાંટતી હતી તેણે અમને જોયા અને ઘડો જમીન પર મૂકી તેણે એક બાળકની ધોતી કાઢી નાખી તેને કહ્યું :

'દીકરા ! ટોપી-પહેરણની ધૂળ નહિ ચાલે. ધોતી કાઢ અને તેમાં ધૂળ ભરી હનુમાનનું નામ લઈ આગમાં નાખ, જો આગ હોલવવી હોય તો.' અને આખો બાલસમૂહ લાજશરમને બાજુએ મૂકી પોતપોતાની ધોતીઓ કાઢી, તેમાં ધૂળ ભરી અગ્નિમાં નાખવા લાગ્યો.

વૃદ્ધો અને યુવાનો, સ્ત્રીઓ અને પુરુષો આગ હોલવવામાં સામેલ થઈ ચૂકયાં હતાં અને તેમાં અમે બાળકો પણ દાખલ થઈ ગયાં અને આગને વધતી અટકાવવા તથા હનુમાનના મંદિરને અગ્નિ ન અડકે એમ જોવા અમે બાળકો પણ પ્રવૃત્ત થયાં.

એ તો ઠીક; પણ જ્યારે અંત્યજવાસમાંથી ઘડા લઈ અંત્યજ સ્ત્રીપુરુષો આવી પહોંચ્યાં ત્યારે મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેમના આગેવાને બૂમ મારી :

'શેઠ બાપુ ! શાસ્ત્રીજી ! અમારું પાણી ખપશે કે ?' ત્યારે તિલક-વાળા નગરશેઠ અને ત્રિપુંડવાળા શાસ્ત્રીએ પણ સામે બૂમ મારી કહ્યું :

'અરે, કાંઈ હરકત નહિ; આપદ્ધર્મ છે. પછીથી પ્રાયશ્ચિત થઈ શકશે. નાખો ઘડો; વાર ન કરો.'

આમ બ્રાહ્મણ અને અંત્યજ ભેગા મળી આગ હોલવવા મથતા હતા; જાતિભેદ વીસરાઈ ગયો હતો; અને ધર્મભેદ બાજુએ મૂકી,

હનુમાનના મંદિરને બચાવવા ડાંગ લઈ મુસલમાનો પણ આગ સામે તૂટી પડચા હતા એ દશ્ય હજી હું ભૂલી શક્યો નથી. કેટલાંક મકાનો આગમાં બળી ગયાં; કેટલાંક તોડી પાડવામાં આવ્યાં. બેભાન થયેલ એક મુસલમાન અને એક અંત્યજને પાસે આવેલા બ્રાહ્મણના ઘરમાં સુવાડી સારવાર કરવામાં આવી. એ તો સ્મરણીય દશ્ય છે જ; પરંતુ સૌ કરતાં વધારે સ્મરણીય દશ્ય તો એ હતું કે આગ હોલવાઈ ત્યારે મંદિરની ધ્વજા તણખાનો સ્પર્શ થયા વિના ફરકતી રહી અને હનુમાનના મંદિરને અગ્નિની જરા ય આંચ પણ લાગી નહિ! આગ હોલાતાં સહુ આનંદમાં આવી ગયા અને આખી રાત પ્રયત્ન કરી થાકેલી મેદની 'બજરંગ બલીની જય!' પોકારી પોતાનો થાક વીસરી ગઈ. એમાં બાળકોનો જયધ્વનિ સૌથી વધારે ગર્જી રહ્યો, જેમાં અંત્યજો સામેલ હોય એમાં નવાઈ નહિ; પરંતુ મુસલમાનો પણ સામેલ હતા.

પ્રભાત થતાં આગ હોલવાઈ અને વગરથાકેલા નગરશેઠે હસીને વાઘરીઓના સમૂહને કહ્યું :

'અલ્યા! આગ તો તમે બધાએ હોલવી; પણ કોઈનું કાંઈ ગયું તો નથી ને?'

'અરે, બાપા! અહીં તો હનુમાનની આણ ફરકે છે. એક ચીજ ગઈ હોય તો અમારાં કાંડાં કાપજો. બાકી બીજે તો હાથ સળવળ્યા વગર ન રહે!' વાઘરીના મુખીએ જવાબ આપ્યો અને આખું ટોળું હસી પડયું.

ઘેર જઈ, સ્નાન કરી શાસ્ત્રીજીએ હનુમાન ચાલીસાનો પાઠ કર્યો. દેવસેવા કરી શેઠ પોતાની હવેલીને ઓટલે બેઠા અને આગમાં કોનાં ઘર બળી ગયાં, કોનો કેટલો માલ બગડી ગયો, નવાં મકાન બાંધવા કોને કેટલી રકમ જોઈએ, નિરાશ્રિત બનેલા કોને અન્ન જોઈએ એનો હિસાબ કાઢતા ચાલ્યા અને કોથળામાંથી જેને તેને જોઈતી રકમો પહોંચાડવા મુનીમને હુકમો કરતા ચાલ્યા. બેભાન

થયેલા મુસલમાનની બ્રાહ્મણે કરેલી સારવારથી તે શુદ્ધિમાં આવ્યો અને સ્વબળથી પગે ચાલતો શેઠના ઘર આગળથી તે પોતાને ઘેર જતો હતો. શેઠે તેને પોતાની પાસે બોલાવી બેસાડચો અને પૂછ્યું:

'મિયાં! કાલે રાત્રે તમે ખૂબ કરી હો! મંદિરની ટોચે જઈ ધજા સંભાળી તમે ઊભા ન હોત તો ધજા જરૂર બળી જાત.'

'ઇસમેં ક્યા, શેઠ સહાબ? હનુમાનજી ગાંવકા ઔર ગાંવ હમારા સહી ને? અગર જરૂરત હોતી તો મૈં આગમેં ભી કૂદ પડતા થા.' ગુજરાતી લઢણવાળી હિંદુસ્તાની બોલીમાં મિયાંએ જવાબ આપ્યો.

'મિયાં! દવા કે લિયે કુછ ચાહિયે?' શેઠે પૂછ્યું.

'અરે, નહિજી, અલ્લા રસૂલકા નામ લેકર મૈંને કામ કિયા, ઇસમેં દવા ભી કૈસી ઔર પૈસા ભી કૈસા?'

થોડે દિવસે આગમાં દાઝેલા મિયાંને રૂઝ વળી; છતાં તેમના હાથ ઉપર દાઝચાનો એક ડાઘ રહી ગયો. કોઈ અજાણ્યા માણસે એ ડાઘની પૂછપરછ કરી એટલે મિયાંએ પોતે જ કહ્યું:

'વો તો હમારા ચાંદ હૈ. હનુમાનજીને દિયા.' અને એ કાર્યની સ્મૃતિ તરીકે ત્યારથી એ મુસલમાનને બધા 'ચાંદવાળા મિયાં'—'ચાંદમિયાં' કહીને ઓળખતા. હનુમાનના મંદિરને બચાવવામાંતેમના યશસ્વી ભાગનો યશ સહુ કોઈ તેમને આપતા અને મિયાં ગર્વપૂર્વક એ યશને લેતા પણ ખરા આમ સહુના પ્રયત્નથી હનુમાનનું મંદિર અગ્નિમાંથી બચી ગયું. હનુમાનનું મંદિર બચ્યું એટલે ગામ ચોરી ચખારીથી બચી ગયું, લૂંટફાટથી બચી ગયું અને અનીતિથી બચી ગયું. હનુમાન દેવ હોય કે ન હોય, એમણે સાચા પરચા બતાવ્યા હોય કે ન હોય એનો આજ ભલે બુદ્ધિપૂર્વક વિચાર કરીએ અને તેમનામાં અશ્રદ્ધા સેવીએ; છતાં આજ એટલું તો લાગે છે કે એ હનુમાન અને હનુમાનનું મંદિર ગામના શૌર્યનાં, ગામના સંગઠનના, ગામની સજ્જનતાનાં અને ગામની ઝિંદાદિલીનાં પ્રતીક તો જરૂર

હતાં. હનુમાનની ફરકતી ધજા અનીતિને સતત ભય પમાડતી હતી.

એને જ લગતો એક નાનો સરખો બીજો પ્રસંગ મારા બાળપણનો નોંધી લઉં. આગ લાગી અને હોલવાઈ એ જ વર્ષે નદીમાં ભયંકર પૂર આવ્યું. એ પૂરનાં મહાજળ હનુમાનની ભેખડને ધોઈ રહ્યાં હતાં. ગામને ભય લાગ્યો કે હાથવેંતમાં એ પાણી હનુમાનના મંદિરને તાણી પાડવા મથી રહ્યાં છે. આગની માફક રેલને દિવસે પણ આખું ગામ ભેગું થયું, અને પૂરના બળને ખાળવા સહુ કોઈ પોતપોતાની બુદ્ધિશક્તિ પ્રમાણે મથન કર્યે જતું હતું. ધો ધો વહેતાં પાણી આખી મેદનીના હૃદયને થડકાવી રહ્યાં હતાં. પાણી ચઢતાં જતાં હતાં અને નગરશેઠ પોતાનાં પત્ની સાથે સહકુટુંબ પૂજાપાનો સામાન લઈ ભેખડ ઉપર આવી પહોંચ્યા. તેમની સાથે ઠાકોર તરીકે ઓળખાતો ગામનો એક ગરાશિયો પણ હતો. સહુએ શેઠને માર્ગ કરી આપ્યો. ગામના શાસ્ત્રીએ શેઠ અને શેઠાણી પાસે નાની પૂજા કરાવી. ફૂલ, ચંદન, નારિયેળ અને સાડી તેમણે નદીને ચડાવ્યાં અને સહુએ ધાર્યું કે હવે નદીનાં પૂર નમતાં થશે; પરંતુ નદીએ ઊતરવાનું એક પણ ચિહ્ન બતાવ્યું નહિ અને ગામના આશ્રયસ્થાન સમું હનુમાનનું મંદિર ક્ષણે ક્ષણે ભયમાં આવી પડતું હતું.

એકાએક ગરાશિયાએ કહ્યું :

‘ફૂલ-ચંદનથી મા નહિ રીઝે. કોઈનું કાળું કૃત્ય થયું છે એથી મા કોપી છે. લોહી લીધા વગર એ કોપ શમે નહિ.’

‘લોહી કોણ આપશે?’ શાસ્ત્રીજીએ પૂછ્યું. રુધિર ધરાવવાના મંત્રો અને વિધિ શાસ્ત્રીજી પાસે તૈયાર હતાં; પરંતુ બ્રાહ્મણનું લોહી નદીમાતાને ન જ ખપે.

‘ચાંદવાળા મિયાંએ કહ્યું : મેરા લોહી ચલેગા?’

‘તે બધા હિંદુઓ મુડદાં બની બેઠા છે કે શું? ગરાશિયાઓએ ચૂડીઓ નથી પહેરી! કહો એટલું લોહી હું પાણીમાં પધરાવું. કટાર મારી પાસે છે.’ ગરાશિયાએ કહ્યું અને કમરેથી એણે

પોતાની કટાર ખેંચી કાઢી. સહુએ શાસ્ત્રીજી તરફ જોયું. શાસ્ત્રી જરા વિચારમાં તો પડ્યા; પરંતુ અચકાતાં અચકાતાં તેમણે કહ્યું :

'વાત ખરી. પણ લોહી કાં તો રાજા આપે કે ગામનો મોવડી હોય તે આપે.'

સહુએ નગરશેઠ સામે જોયું. ગામનો રાજા તો હતો નહિ; હતો તે રાજા દૂર દૂરથી આવી નદીને રુધિર અર્પણ કરે તે પહેલાં હનુમાનનું મંદિર તણાઈ જવાનો પૂરો સંભવ હતો. શેઠાણીએ પણ શેઠની સામે જોયું. અને સુંવાળા સુખી નગરશેઠની આંખમાં તેજ ચમક્યું. તે બોલી ઊઠ્યા :

'ગામે જિંદગી આપી, પૈસો આપ્યો અને હનુમાનજીએ તે સાચવ્યો. એમને ખાતર માથું આપવું પડે તો ય હું તૈયાર છું.'

આખી જનતા શાંત પડી ગઈ. નદીનો ઘુઘવાટ વધતો જતો હતો. નગરશેઠે ઠાકોરની પાસેથી કટારી હાથમાં લીધી અને જે હાથે શાક પણ કદી કાપ્યું ન હતું. તે હાથ વડે બીજા હાથના કાંડા ઉપરના ભાગમાં 'જય બલી બજરંગ !'ની બૂમ મારી, કટારનો ઘા કરી નગરશેઠે હાથમાં ઊભરાતા લોહીની ધાર નદીમાં પધરાવી.

ચમત્કારમાં માનીએ કે ન માનીએ તોપણ રુધિરબિંદુઓ પડતાં આખા વાતાવરણમાં શાંતિ વ્યાપી ગઈ. પૂરના ઉછાળા શમતા હોય એમ લાગવા માંડયું અને નદીનો ક્રોધ મૃદુતાને માર્ગે વળતો હોય એવો સહુને ભાસ થયો. ખરેખર, સહુ ઊભા હતા અને પાણી નીચે ઊતરતાં ચાલ્યાં, અને આમ હનુમાનજીનું મંદિર બચી ગયું !

આ ન ભુલાતાં દશ્યોની વાત માત્ર વાર્તા નથી; સાચી બનેલી હકીકત છે. એમાં કોઈ નાયક નથી, નાયિકા નથી, પ્રેમ નથી અને વિયોગ પણ નથી. શું છે એ વાર્તામાં એ શોધી કાઢવા આજ હું મથી રહ્યો છું. આજના ભૂખમરા વખતે, ચારેપાસ તંગીની આગ સળગી રહી છે તે વખતે, કાળાબજારનાં પૂર વહી આખા હિંદને ડુબાવી રહ્યાં છે તે ક્ષણે, મને આ વીર હનુમાનનું મંદિર અને તેને

બચાવનાર ગ્રામજનતાનું વીરત્વ યાદ આવ્યા વિના રહેતાં નથી. પૂરમાં પોતાનું રુધિર રેડનાર કોઈ નગરશેઠ, કટાર લઈ પોતાનું મસ્તક ધરવા તત્પર બનેલો કોઈ ગરાશિયો, ઝાળથી પડેલા ચાઠાંને ચાંદ માનનાર કોઈ મિયાં, બેભાન બનતાં સુધી પાણી રેડતો કોઈ રોહીદાસ, અરે! આગને શમાવતો કોઈ નાગો બાળક અગર પતિને રુધિર રેડવા પ્રેરતી કોઈ પત્ની આજ નહિ મળી આવે શું?

એ નહિ મળે તો આગને ભડકે કે પાણીના પ્રલયમાં ભારતનું મંદિર આ...ડૂબ્યું જાણો!...

બન્ને પ્રસંગોએ આખું ગામ વીરરસથી ઊભરાયું હતું—જોકે મોટા ભાગને શસ્ત્ર પકડતાં કદી આવડ્યું ન હતું. વાર્તાનો નાયક કોઈ ન હતો—અગર એકેએક માનવી એનો નાયક હતો.

ભારતમાતાના મંદિરને બચાવવા સહુએ—પ્રત્યેક વ્યક્તિએ—નાયક બની વીરત્વપ્રવેશ કરવાની ક્ષણ આવી ચૂકી છે એટલું જ મને એ બે પ્રસંગો કહી રહ્યા છે.

# અણધાર્યો હરીફ

ભણતાં ભણતાં પ્રેમ થાય એ કદાચ સમજી શકાય; પરંતુ એ ભણતરયુગ પ્રેમલગ્નમાં પરિણામ પામે ત્યારે અનેક મૂંઝવણો ઊભી કરે છે. પ્રેમશહીદીનો મોટાઈભર્યો જુસ્સો એકાદ વર્ષમાં ઓસરી જાય છે, અને સુખમય-કલ્પનાને વ્યવહારની ટાંકણીઓ વાગે છે એટલે કલ્પનાના ફુગ્ગા ચપ્પટ બની જાય છે.

રસિક અને ચંદ્રિકા વચ્ચે કૉલેજયુગમાં જ પ્રેમ જાગ્યો. પ્રેમ જાગે એની બહુ હરકત નહિ; પરંતુ આ પ્રેમ એટલો ઉત્કટ હતો કે તેણે બંનેનાં નોંધ-લગ્ન કરાવી નાખ્યાં. એકબે ઉત્સાહી સુધારક મિત્રોએ સાક્ષી તરીકે સહી કરી આપી અને લગ્નની નોંધ ઝડપથી થઈ ગઈ. બન્ને પક્ષનાં માબાપ આવાં લગ્નથી વિરુદ્ધ હતાં. સંતાનોનાં લગ્નમાં એક અગર બીજે કારણે વાંધો ઉઠાવવાનો પરાપૂર્વથી ઇજારો લઈ બેઠેલાં બન્ને પક્ષનાં વડીલોને લાગ્યું કે તેમની સંમતિ વગર થયેલાં અવિધિભર્યાં લગ્નને આશીર્વાદ ન જ આપવો. લગ્ન આંતરજ્ઞાતીય હતાં. એ નવીનતા સુધારક કહેવાતાં માબાપને પણ ક્રુદ્ધ બનાવે છે—જોકે આ આંતરજ્ઞાતીયપણું માત્ર એક જ મુખ્ય

જ્ઞાતિના બે ભિન્ન બનેલા ગોળ વચ્ચેનું જ હતું. આર્ય સંસ્કૃતિની જ્ઞાતિવ્યવસ્થા સમાજશાસ્ત્રનો એક ભવ્ય કોયડો છે એમાં શંકા નહિ.

લગ્ન થાય એટલે પતિપત્નીએ ભેગાં રહેવું જ પડે લગ્નની એ આદ્ય શરત; પરંતુ માબાપથી છંડાયેલાં બાળકોને ઘર મળતાં જરૂર મુસીબત પડે. છતાં સ્નેહલગ્નના શોખીન મિત્રોએ મળી આ પ્રેમશહીદ યુગલ માટે એકાદ ઓરડી ભાડે રાખી આપવાનું મહાકાર્ય કર્યું અને પડોશીઓની જિજ્ઞાસુવૃત્તિએ એ વીર યુગલ પ્રત્યે સહાનુભૂતિ પણ ઉપજાવી. બીજા એકબે મિત્રોની સહાય વડે તેમણે ભણતર પણ પૂર્ણ કર્યું—જોકે પ્રેમની તેજભરતીમાં ભણતરના ઓળા બાહુરૂપ બની રહેતા હતા ખરા. ભણતર ક્યારે વહેલું પૂરું થાય અને પ્રેમ-આસ્વાદ પૂરેપૂરો લેવાની તક ક્યારે મળે એવી તીવ્ર ઇચ્છા ધરાવતાં પતિ-પત્ની બની ચૂકેલાં બન્ને સ્નેહીઓએ સાનંદાશ્ચર્ય જોયું કે તેઓ બન્ને છેલ્લી પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં છે—જોકે તેમણે ધાર્યું હતું એવા યશસ્વી વર્ગમાં નહિ.

તેમણે સંતોષ મેળવ્યો કે પરીક્ષાના યશ કરતાં પ્રેમનો યશ વધારે મોટો છે, અને પ્રેમમાં મળતો આનંદ પરીક્ષાના વર્ગવિગ્રહી આનંદ કરતાં વધારે સ્વચ્છ અને વધારે ઊંડાણવાળો હોય. છે વિદ્યાર્થી અવસ્થાનો પ્રેમ કંઈક વિદ્યાર્થીઓની પરીક્ષાનો સમૂળ ભોગ માગે છે અને અંતે ભણતર છોડાવી પ્રેમફકીરી લેવડાવે છે, જેમાંથી અંતે પ્રેમ પીગળી જઈ એકલી ફકીરી જ અવશેષમાં રહે છે. એ કરતાં પરીક્ષા પસાર કરાવી શકેલો રસિક અને ચંદ્રિકાનો પ્રેમ ઓછો કઠણ નીવડ્યો, અને બન્ને પરીક્ષા પસાર કરી ચૂક્યાં. સમાન પ્રેમીઓએ સમાન પરીક્ષા વટાવી દીધી—ભલે યશસ્વી વર્ગમાં તે ન આવ્યાં!

પ્રેમનો આનંદ-ઉછાળો શમતાં બરોબર પરીક્ષા પસાર કર્યાનું આનંદમોજું ઊછળી આવ્યું. યૌવનમાં આનંદ ઊછળતો જ રહે છે અને તે પ્રેમોપચારમાં જ પરિણમે છે. અભિનંદન મેળવી ચૂકી

એકલાં પડેલાં પ્રેમીઓ એકબીજાંને અડીને બેઠાં. એકાંતમાં દેહ દેહને વધારે ખેંચે છે. રસિકને એકાએક લાગ્યું કે એકાંત માગે એ કરતાં વધારે ગાંભીર્ય ચંદ્રિકા ધારણ કરી રહી છે.

'કેમ આટલી ગંભીર તું બની રહી છે ?' રસિકે ચંદ્રિકાને પૂછ્યું.

'અમસ્તું જ. કાંઈ છે નહિ,' ચંદ્રિકાએ જવાબ આપ્યો.

'પરીક્ષા પસાર કરીએ તે દિવસે આપણે ઊછળવું જોઈએ. આમ શાંત ન બેસાય–મોં ચઢાવીને.'

'બહુ આનંદ થયો નહિ.'

'ઉપલા વર્ગમાં હું કે તું ન આવ્યાં તેથી ?'

'એ તો ખરું. સાથે સાથે...ભાવિનો વિચાર મને મૂંઝવે છે.'

'શાથી ? હવે તો ભાવિનાં દ્વાર ઊઘડે છે.'

'ભાવિનાં દ્વાર સાંકડાં લાગે છે.'

'કેમ ?'

'હજારોની સંખ્યામાં આપણે પરીક્ષા પસાર કરીએ. એટલી સંખ્યા ઝડપાઈ આર્થિક ચોકઠામાં ગોઠવાઈ જાય એવી આપણી સમાજવ્યવસ્થા છે ખરી ?'

'તેં તો અર્થશાસ્ત્ર ઉકેલવા માંડ્યું !'

'આજના જીવનનું એ જ મોટામાં મોટું શાસ્ત્ર છે.' ચંદ્રિકાએ કહ્યું.

રસિકને પહેલી જ વાર અનુભવ થયો કે પ્રેમ જીવન એ માત્ર આનંદનો ચઢતો જતો ઊભરો નથી. એમાં ઓટ પણ આવે છે. ખાસ કરી આર્થિક જંતુઓ પ્રેમની ખિલાવટને ખાઈ જાય છે. જૂના યુગ કરતાં આજનો યુગ પ્રેમને ફોલી ખાનારાં આર્થિક જંતુઓથી વધારે પ્રમાણમાં ઊભરાયલો રહે છે, અને તે સ્નેહલગ્નને પણ માત્ર લગ્નની સામાન્યતાએ લાવી મૂકી દે છે.

'પણ હવે ચિંતા કરવાનો અર્થ નથી. ડિગ્રી મળી એટલે

કાલથી નોકરી મળી જશે.' રસિકે પ્રેમ-ઓટ અનુભવતાં કહ્યું.

'મળે તો ઘણું સારું. હવે એની જ જરૂર છે.' ઉમળકા-રહિત જવાબ ચંદ્રિકાએ આપ્યો.

પ્રેમની ઓટ અનુભવતાં બન્ને પતિપત્નીને રાત્રિએ આવરી લીધાં. પ્રેમ ગૌણ બની ગયો અને રસિકે આખી રાત્રિ ભાવિની યોજનાઓ ઘડવામાં વિતાવી. ડિગ્રીની–ઉપાધિની પરીક્ષા પસાર કરનાર યુવકની દુનિયા પ્રથમ રાત્રિએ તો સીમાવિહોણી જ બની જાય છે. સરકારી નોકરી, ખાનગી નોકરી, છાપાંની રોજગારી, શાળાનાં તંત્ર, બેંક, ધનવાનોનું મંત્રીપણું...આમ અનેક સૃષ્ટિઓ નવીન પસાર થયેલા યુવકને ભેટવા તલપી રહી હોય એમ તેને લાગે છે. આટઆટલી રોજગારની સૃષ્ટિઓ ખુલ્લી હોય પછી ચિંતા કરવાનું પ્રયોજન રહે જ નહિ. રસિક, હિમ્મતથી પ્રેમલગ્નનું જોખમ ખેડનાર રસિક, અભ્યાસ કરતાં કરતાં પરણી નાખવાનું સાહસ કરી ચૂકેલો રસિક, ભાવિની ચિંતા કરે એવો નિર્બળ ન હતો.

પરંતુ ચંદ્રિકાએ પણ એના સરખું જ સાહસ કર્યું હતું. એ વિજયને દિવસે પરાજિતવૃત્તિ અનુભવતી કેમ બની ગઈ? કદાચ તેની તબિયત સારી ન હોય...રસિકે ચંદ્રિકાના દેહ ઉપર હાથ મૂક્યો.

'કેમ?' ચંદ્રિકા બોલી ઊઠી. પતિના હસ્તસ્પર્શમાં પત્નીને આવા પ્રશ્નનો અવકાશ હોય જ નહિ, છતાં ચંદ્રિકાએ પ્રશ્ન કર્યો.

'શું કેમ? તું હજી જાગે છે? તારી તબિયત કેવી છે?' રસિકે પૂછ્યું.

'બહુ સારી છે.'

'તો પછી તું સૂતી કેમ નથી.?'

'તું કેમ સૂતો નથી?'

'મને તારી ચિંતા થાય છે.'

'મને તારી અને મારી બંનેની ચિંતા થયાં છે.'

મૂકી દે એ ચિંતા. તું જાણે છે મારી શી શી યોજનાઓ

છે તે?'

'ના.'

'પહેલા પગારમાંથી તને એક સરસ સાડી લઈ આપવી.'

'મને કયો રંગ ગમે છે એ ખબર છે ને?'

'તારા દેહ ઉપર કોઈ પણ રંગ શોભી ઊઠે એમ છે.'

'પછી?'

'બીજે માસે એક ઘરેણું.'

'ઘરેણાં મને બહુ ગમતાં નથી. તેં આપેલી વીંટી બસ છે.'

'સરસ કર્ણફૂલ હજી જોઈએ. ગાલ ઉપર લટકતો અલંકાર...'

'એ પહેલાં રિસ્ટ-વૉચ લાવે તો કેવું?'

'નહિ; એ ત્રીજા મહિનાના પગારમાંથી.' રસિકે કહ્યું.

કલ્પનાવાતો પણ હૃદયને હળવું બનાવે છે. હળવા હૃદયને નિદ્રાપ્રવેશ સુગમ હોય છે. બન્ને પ્રેમી પતિપત્ની નિદ્રામાં પડ્યાં. પહેલાં જાગૃત થયેલા રસિકે વિચાર કર્યો કે પત્ની જાગૃત થાય ત્યારે તેની સામે તૈયાર ચા ધરી તેને આશ્ચર્યમાં નાખી દેવી; ઉત્સાહપૂર્વક તેણે સ્ટવ સળગાવ્યો, ચાનું પાણી તેના ઉપર મૂકી દીધું. ખાંડ નાખવા ખાંડની ચિઠ્ઠી ચોડેલો ડબ્બો તેણે ખોલ્યો અને ખાંડનો ડબ્બો ખાલી જોતાં જ તેનું હૃદય ધબકી ઊઠ્યું. ઘરમાં તો ખાંડ જ ન હતી!

ચંદ્રિકા જાગી ગઈ. તેણે આવી ગૃહવ્યવસ્થામાં પડેલા પતિની મૂંઝવણ પારખી લીધી. તેણે કહ્યું:

'ખાંડ તો વરી ગઈ છે. આપણી સફળતાના આવેશમાં આપણે ગઈ રાત્રે અસંખ્ય મિત્રોને ચા પાઈ દીધી.'

'હવે?' ચાના શોખીનોને ખાંડની વર્તમાન વ્યવસ્થા કે અવ્યવસ્થા મહાન આફતરૂપ લાગે છે. આફતના ઓળા રસિકના મુખ ઉપર પણ ઊતર્યા.

'ગભરાઈશ નહિ. આપણે બેને ચાલે એટલા ક્યુબ્ઝ[1] મેં સંતાડી રાખ્યા છે.' ચંદ્રિકાએ કહ્યું, અને રસિકનું પત્ની પ્રત્યેનું માન એકાએક વધી ગયું. પત્નીને આશ્ચર્યચકિત કરવા તત્પર થયેલો પતિ જાતે જ આશ્ચર્યચકિત બની ગયો.

પરંતુ હજી તેણે એક આશ્ચર્ય તો સિદ્ધ કરવાનું જ હતું, જે નોકરી મેળવ્યા વગર સિદ્ધ થાય એમ ન હતું. તે ભણી રહ્યો એ વાત ખરી; પરંતુ એટલેથી જીવી શકાય એમ ન હતું. ભણેલાંઓનો ખપ કરનાર પાસેથી તેને આજીવિકા મેળવવાની હતી. ગુજરાતી-અંગ્રેજી વર્તમાનપત્રો તેણે જોવા માંડચાં. બધાં જ પત્રો ખરીદવાની તેની તાકાત ન હતી. એટલે મિત્રોને ત્યાં જઈને પણ એણે જાહેરાતો જોવા માંડી. કોરિયાનું યુદ્ધ, રશિયાનો કાળો પડદો, કરોડો રૂપિયા વેરતી પછાત દેશોના ઉદ્ધારની અમેરિકન યોજના, ઍટમ બૉમ્બના પ્રયોગો, રાષ્ટ્રપ્રમુખની ક્ષણેક્ષણે સામે આવતી છબીઓ, અને પ્રજાના દોષની સતત ગણતરી કરતા પ્રજાપતિ પ્રધાનોનાં ભાષણોના મહાઘોષની રસિકને અત્યારે કાંઈ કિંમત ન હતી. એને તો 'જોઈએ છે,' 'જગા ખાલી'ની જાહેરાતો જ મહત્ત્વની થઈ પડી હતી અને તે સારા પ્રમાણમાં તેને મળી આવી. દસબાર અરજીઓ તેણે પહેલે જ દિવસે કરી નાખી. આવતી કાલથી જ તેને નોકરીનું આમંત્રણ આવશે એવી ખાતરી સહ રાજી થતો તે યોજનાઓ ઘડવા લાગ્યો.

યોજના ઘડનાર સરખું કરુણાપાત્ર પ્રાણી બીજું એકે નથી; પછી એ યોજના ઘડનાર રાષ્ટ્રીય મહાસમિતિ હોય, આંતરરાષ્ટ્રીય સંસ્થા હોય કે નોકરી શોધતો ગ્રૅજ્યુએટ હોય. કાગળ ઉપર અને વિચારસૃષ્ટિમાં સફળતા સિવાય બીજું કાંઈ ન ઓળખતી યોજના અણધાર્યા ખડકો ઉપર અથડાઈ પડે છે. તેમાં યે હિંદમાં તો મહાન ઉદ્યોગપતિઓ સિવાય કોઈની યોજના સફળ થતી હોય એમ લાગતું નથી.

---

૧. ક્યુબ્ઝ= ખાંડનાં નાનાં ચોસલાં.

બેત્રણ દિવસ થયા અને રસિકે મૂંઝવણ અનુભવી. હજી નોકરી માટેનું આમંત્રણ એકે જગાએથી કેમ નહિ આવતું હોય ? નોકરી આપનારને નોકરીની જરા ય ગરજ નથી એ સત્ય રસિકને હજી સમજાયું ન હતું. રસિક કારખાનાનો મજદૂર હોત કે ઘરકામ કરનાર ઘાટી હોત તો તેને ક્યારનું આમંત્રણ મળી ચૂક્યું હોત; પરંતુ રસિક તો મેજખુરશી શોધતા કારકુન વર્ગમાં ભળી જવા ચાહતો હતો. ગરજ તેને હતી, નોકરી આપનારને નહિ, એ તેણે થોડા સમયમાં સમજી લીધું. એટલે અરજીઓ પાછળ દોડવાની ક્રિયા તેણે શરૂ કીધી. એ ક્રિયામાંથી તેને જ્ઞાન મળ્યું કે :

એક જગા ઉપર માલિકના સાળાનો સાળાનો દીકરો નિમાઈ ચૂક્યો હતો !

બીજી જગા ઉપર મૅનેજરના ભત્રીજાની નિમણુક થઈ ગઈ હતી.

ત્રીજી જગા ઉપર એક મોટા અમલદારની ચિઠ્ઠી લઈ આવેલા એક યુવાનની ગોઠવણ થઈ ચૂકી હતી.

ચોથી જગા ઉપર એક હરિજનને પસંદગી આપવાની હતી; અને તે ન મળે તો મુસલમાનને.

પાંચમી જગા ઉપર બે ડિગ્રી ધરાવનાર જોગવાઈ ગયો હતો.

છઠ્ઠી જગા કચેરીમાં કામ કરતા અનુભવી માણસથી પૂરી લીધી હતી.

સાતમી જગાએ પહેલેથી નિમાયેલા હંગામી કામ કરતા એક માનીતા માણસને જ ચાલુ રાખ્યો હતો.

આઠમી જગાએ રમતગમતમાં આગળ વધેલા યુવાનનો વધારે ખપ હતો.

નવમી જગા જાહેરાત આપવા છતાં ભરવાની ન હતી.

અને દસમી જગાએ એક યુવતીની નિમણુક અબઘડી કરી નાખવામાં આવી હતી !

રસિક કોઈનો સગો ન હતો, એને કોઈ ચિઠ્ઠી આપનાર

અમલદારનો આશ્રય ન હતો, તે અનુભવી પણ ન હતો, બે ડિગ્રી ધરાવતો ન હતો, રમતગમતમાં તેણે નામના કાઢી ન હતી અને કોઈના માનીતા થવાનો તેને અવકાશ પણ મળ્યો ન હતો. વળી તે હરિજન ન હતો, મુસલમાન ન હતો અને સ્ત્રી પણ ન હતો! બીજી બે જગાઓ સિંધ-પંજાબના નિર્વાસિતો માટે અલગ રાખવામાં આવી હતી! એ હિજરતનું સદ્‌ભાગ્ય પણ તે લખાવી લાવ્યો ન હતો. હવે સ્વરાજ્યના વાવટા નીચે બધે જ કાંઈ વિશિષ્ટતાની જરૂર રહે છે. પરદેશની ડિગ્રીઓનો મોહ વધતો જાય છે અને સ્વદેશીનાં ભાષણ કરી સ્વરાજ્ય પોતે લાવ્યા એમ માનતા નેતાઓ પહેલી તકે પોતાનાં સંતાનોને પરદેશી ડિગ્રીઓ ઝૂંટવી લાવવા રવાના કરી દે છે, અને સ્વદેશી સ્વરાજ્યમાં પરદેશી ડિગ્રીઓનાં માનપાન વધ્યે જ જાય છે.

દિવસો વીતતા ચાલ્યા; પરંતુ રસિકની બુદ્ધિ, મહેનત કે આવડતનો કોઈને ઉપયોગ કરવાની જરૂર હોય એમ દેખાયું નહિ. તેમાં યે જ્યારે તેણે સાંભળ્યું કે તેને બાજુએ મૂકી એક યુવતીની પસંદગી કરવામાં આવી છે ત્યારે તો તેણે ગુસ્સો અને નિરાશાનો એક એવો મિશ્ર ધક્કો અનુભવ્યો કે તેના દેહમાં ભયંકર અશક્તિ આવી ગઈ, અને તે ઘેર આવી લાંબો થઈ પથારીમાં પડ્યો.

ચંદ્રિકા પણ જરા ચમકી. ચંદ્રિકા સાથે હસીને બોલ્યા વગર તે પહેલી જ વાર ઘરમાં આમ આવતો હતો. ચંદ્રિકાને ભય લાગ્યો કે કદાચ રસિકનું શરીર બગડી આવ્યું હોય. તેણે પાસે જઈ રસિકના મસ્તક ઉપર હાથ મૂકી પૂછ્યું :

'કેમ? શું થયું?'

'થયું કાંઈ જ નથી. થાય તો ક્રાન્તિ! બીજું કાંઈ નહિ.' ક્રોધે આગળ આવી રસિક પાસે ઉચ્ચારાવ્યું. હવે કર્મ, ધર્મ, ગૃહ શાન્તિ કે ઈશ્વરને બદલે દુઃખનો ઇલાજ ક્રાન્તિમાં શોધવા લાગ્યો છે.

'ક્રાંતિ? હિંદુસ્તાનમાં?' સહજ હસીને ચંદ્રિકાએ કહ્યું.

'રશિયા અને ચીનમાં થઈ તો અહીં કેમ નહિ ?'

'હિંદમાં ક્રાંતિ થઈ ચૂકી. ગ્રીક, શક, હૂણ અને મુસલમાનનો અઢી હજાર વર્ષથી માર ખાતું આવેલું હિંદ ક્રાંતિ કરી શકે જ નહિ.' ચંદ્રિકાએ પોતાનું ઇતિહાસજ્ઞાન આગળ કર્યું. આમે સ્ત્રી સામે દલીલ કરવી મુશ્કેલ હોય છે. ભણેલી સ્ત્રી સામે તો મૌન જ એક સાચો માર્ગ કહેવાય; પરંતુ રસિક હજી પૂરો ઘડાયો ન હતો. તેણે કહ્યું :

'હવે તો હિંદમાં પણ સ્વરાજ્ય આવ્યું છે. નહિ ચાલે આવી સ્થિતિ !'

'ઠીક છે ! સહુને ભૂખે મારનાર સત્તાધીશોને નિત્ય માનપત્ર આપતી આપણી પ્રજા ! આપણી ક્રાન્તિ બહુબહુ તો સ્નેહલગ્ન સુધી પહોંચે, આગળ નહિ. પણ છે શું ? કદી નહિ અને આજ તું આટલો ગુસ્સે કેમ થયો છે ?' કહી ચંદ્રિકા વધારે પાસે આવી. રસિકનો ક્રોધ એકાએક હોલવાઈ ગયો અને નિરાશાસૂચક નિ:શ્વાસ તેણે નાખ્યો.

'ચંદ્રિકા ! મેં નહોતું ધાર્યું કે મારું જીવન સમાજને આટલું બિનજરૂરી હશે.' થોડી વારે રસિકે કહ્યું.

'સમાજને ભલે બિનજરૂરી લાગે. તારું જીવન મારે માટે તો ક્ષણેક્ષણ જરૂરી છે.' ચંદ્રિકાએ જવાબ આપ્યો.

'બેકાર પુરુષ ઉપર ક્યાં સુધી તારો પ્રેમ રહેશે ?'

'બેકારી મટે ત્યાં સુધી તો એ પ્રેમ હું જરૂર પહોંચાડીશ.' હસીને ચંદ્રિકા બોલી.

'આજ મને ખાતરી થઈ ચૂકી કે...એ બેકારી મટે એમ નથી.'

'નોકરી હજી નથી મળી તેનું આ દુ:ખ છે ?'

'કાલ શું કરીશું એ સમજાતું નથી...અંધકાર...ચંદ્રિકા ! શું થશે નોકરી વગર ?'

• દસ જગાએ તો અરજીઓ કરી છે. એકે જગા નહિ મળે ?'

'ના.'

'પેલી એક જગા મળવાની તને આશા પૂરેપૂરી હતી; એનું શું થયું ?'

'આશા ફોક થઈ.'

'કારણ ?'

'એ જગા એક છોકરીને મળી...મારા કરતાં એક સ્ત્રીને પહેલી પસંદગી મળી. હવે છોકરીઓ સામે હરીફાઈ કરવાનો સમય આવ્યો ...અને તેમાં યે હારવાનો.'

'એની તને શરમ આવે છે !'

'હા.'

'એ હરીફ હું હોઉં તો ?' રસિક સામે તાકીને ચંદ્રિકાએ પૂછ્યું.

'શું ? નાહક ચમકાવીશ નહિ.' રસિક બોલતાં બોલતાં બેઠો થઈ ગયો.

'તો હવે જાણી લે. તને બાજુએ મૂકી જે છોકરીની નિમણૂક થઈ છે તે છોકરી હું છું.' ચંદ્રિકાએ કહ્યું અને હસતે મુખે રસિકના મુખભાવને તે જોઈ રહી. પાંચેક ક્ષણ સુધી રસિક ચંદ્રિકાની સામે જ જોઈ રહ્યો અને પછી બોલ્યો :

'હં...એટલે એમ કે...તું જીતી.'

'એમાં તને દુઃખ શાનું થાય છે? નોકરી મને મળે કે તને મળે; બધું સરખું જ છે ને ?'

'તારી કમાણી ઉપર માને જીવવું ! ખરું ?'

'જુગજુગથી સ્ત્રીઓ પુરુષની કમાણી ઉપર જીવતી આવી છે. હવે ક્રમ બદલાય છે. તારે ક્રાંતિ જોઈએ ને ?...લે, આ જ ક્રાંતિ.' ચંદ્રિકા બોલી.

થોડી વાર બન્ને પતિપત્ની શાંત રહ્યાં. કમાણીની જરૂરિયાત-

વાળો એક મોટો સ્ત્રીવર્ગ પુરુષવર્ગના કમાણી ઇજારાને તોડવા મથી રહ્યો હતો એનું સ્પષ્ટ ઉદાહરણ રસિકે પોતાના જીવનમાં જ નિહાળ્યું. તેણે એક પ્રકારનો ભય પણ અનુભવ્યો.

'ક્યારથી નોકરીમાં જોડાવું છે?' રસિકે અંતે પૂછ્યું.

'કાલથી જ.' ચંદ્રિકાએ કહ્યું.

'તો...રસોઈ...મારે જ કરવાની રહેશે, નહિ?'

'તો ય શું?...જોકે મને તારી રસોઈ કરવાની શક્તિમાં જરા ય વિશ્વાસ નથી એટલે હું નોકરી પણ કરીશ અને રસોઈ પણ કરીશ.'

'બે કામ થશે?'

'હા; બે નહિ, ત્રણ કામ હું સાથે કરી શકું છું.'

'સમજાયું નહિ.'

'જો, પરણ્યા પછી હું ભણુતી પણ ખરી; આપણને કોઈએ સાથે ન રાખ્યાં એટલે રસોઈ પણ હું કરતી અને...'

'કહે, કેમ અટકી ગઈ?'

'મારે કહેવું ન હતું...પરંતુ હું સાથે સાથે કમાતી પણ હતી...તને ખબર ન પડે એમ.'

'ત્યારે કોઈકોઈ મિત્રની મદદ મળતી હતી એમ તું કહેતી હતી તે શું?'

'એ મિત્ર તે હું જ. બીજું કોઈ નહિ.'

ચંદ્રિકા ભણતાં ભણતાં લઘુલિપિલેખન અને ટાઇપિંગ શીખતી હતી તેની રસિકને ખબર હતી; પરંતુ એમાંથી એ રસિકનું પોષણ પણ મેળવતી હતી એની ખબર રસિકને અત્યારે જ પડી. આશ્ચર્ય-ચકિત રસિકે પૂછ્યું.

'મને કહ્યું કેમ નહિ ત્યારે? હું પણ કમાણી શરૂ કરત.'

'મારે તને હમણાં કમાણીના કચરામાં વેડફી નાખવો નથી.'

'એટલે?'

'મારે તને હજી ભણાવવો છે...બે વર્ષ બરાબર વાંચ અને આગળની ડિગ્રી મેળવી લે.' ચંદ્રિકાએ કહ્યું.

પત્નીની હરીફાઈનો ઉદ્દેશ વિચારી સ્તબ્ધ બનેલો રસિક ફાટી આંખે પત્ની સામે જોઈ રહ્યો. પત્નીમાં ઊપસી આવેલું પતિ પ્રત્યેનું વાત્સલ્ય અનુભવી રસિક વિચારમાં ઊંડો ઊતરી ગયો. સ્ત્રી લક્ષ્મી છે, અન્નપૂર્ણા છે અને અંબા છે. એનો સાક્ષાત્કાર કરતા રસિકનો હાથ પકડી ચંદ્રિકાએ પૂછ્યું :

'હવે જમવા ઊઠવું છે કે સામે જોયાં કરવું છે?'

'તારી સામે જોતાં હું ધરાતો નથી.'

'એટલે એમ જ કહે ને કે મારે તને કોળિયો પણ ભરાવવો પડશે!'

'મને ખાતરી છે કે જરૂર પડચે તું એ પણ કરી શકીશ ...જેમ તેં હરીફાઈ કરી તેમ.'

પ્રેમલગ્ન કરી રસિકને જરા ય પસ્તાવું પડચું નહિ–તેનાં હિતસ્વીઓ તેને ડરાવતાં હતાં તેમ.

લગ્ન સ્વીકારી ચૂકેલી પત્નીમાં રંભા અને માતા સાથે સાથે કેમ દેખાય તેનો પરચો રસિકને અત્યારે થયો–પત્ની પ્રેમલગ્નથી મળી હોય કે માત્ર લગ્નથી મળી હોય તોપણ!

'હજી હરીફાઈ ભુલાતી નથી, ખરું? અદેખો...પુરુષ...!' કહી ચંદ્રિકા રસિકને ખેંચી જમાડવા લઈ ગઈ.

# સુવર્ણાક્ષર

અત્યંત ધનિક પિતા હોય, તેમણે રહેવા માટે જુદાં જુદાં શહેરોમાં આલેશાન મકાનો બંધાવ્યાં હોય, સંતાનો માટે દેશ-પરદેશ જવાની સારા પ્રમાણમાં સગવડ રાખી હોય અને અમલદારો અને નેતાઓ તથા શ્રેષ્ઠ સ્થાને બિરાજી ચૂકેલા કલાકારોની વર્તમાન યુગમાં મળતી સોંઘી મૈત્રીની કુટુંબને સગવડ આપી હોય, એવા પિતાના પુત્ર બનવું એ મહાભાગ્યની નિશાની છે. વર્તમાન યુગ આવા ભાગ્યશાળી પિતાપુત્રો ઠીક ઠીક પ્રમાણમાં ઉત્પન્ન કરે છે.

ચંદ્રકાન્ત એવા એક પિતાનો પુત્ર હતો. સગવડનો લાભ લઈ ચંદ્રકાન્ત સારું ભણ્યો, દેશ-પરદેશ જઈ આવ્યો, શોખીન બન્યો, સાથે સાથે સંસ્કારી પણ બન્યો અને એના જ સરખી ધનિક અને સંસ્કારીકન્યા સાથે એ પરણ્યો. એ કન્યાનું નામ હતું ચંદ્રિકા. ચંદ્રકાન્ત અને ચંદ્રિકા વચ્ચે ખૂબ સ્નેહ હતો અને તેમના સંસ્કાર તેમના પ્રેમ ઉપર સુંદર ઓપ ચઢાવતા હતા. ઘણાને સગવડ હોય છે છતાં ઓપ ચઢતો નથી. આ ધનિક યુગલને ઓપ ચઢી ચૂક્યો હતો. ધનિક પિતાએ ગોઠવેલા પાટા ઉપર ધન આવ્યા કરતું હતું

અને સંસ્કાર પ્રત્યે તેમની અભિમુખતા ખૂબ વધતી જતી હતી. તરીપાર ન ઊતરેલા લેખકો, ચિત્રો ખપાવવાની હાયવરાળમાં વાસ્તવવાદી બની ગયેલા ચિત્રકારો, જૂનાં સુવર્ણાક્ષરી લિપિવાળાં ચિત્રો અને ચિત્રોવાળા ગ્રંથસંગ્રહોના વ્યાપારીઓ અને પ્રાચીન સિક્કાઓના વેચાણમાંથી મહેલાતો ઊભી કરવાની આશા રાખતા સંશોધકો ચંદ્રકાન્તની આસપાસ વીંટળાયેલા રહેતા; એટલે ધનિકોમાં, નેતાઓમાં, અમલદારોમાં અને સંસારવમળમાં ડૂબકાં ખાવા છતાં પોતાનું અહં જરા ય ઓછું ન થવા દેતા કવિઓ, લેખકો અને કલાકારોનો ચંદ્રકાન્ત ખૂબ માનીતો થઈ પડ્યો હતો. કંપનીના ડાયરેક્ટર તરીકે કંપનીની સભામાં જેમ તેને પ્રમુખસ્થાન મળતું તેમ સાહિત્યમિલનમાં, સંગીતપરિષદમાં કે નૃત્યનાટકના જલસામાં પણ તેનું પ્રમુખપણું વારંવાર વર્તમાનપત્રોમાં નોંધાતું. ચંદ્રકાન્તની પાત્રતા જોતાં એમાં કાંઈ ખોટું પણ ન હતું.

નામ સહુને ગમે છે. નામાંકિતપણું એ પરમ સજ્જનોને માટે પણ લાલસાનો વિષય હોય છે. ચંદ્રકાંતને અનેક આમંત્રણો આવતાં અને તેનો કંટાળો પણ તેને આવતો. છતાં તેના સંસ્કાર અને સજ્જનતા ઘણાંખરાં આમંત્રણોના સ્વીકાર તરફ જ તેને દોરી જતાં. એ પ્રમુખ હોય એટલે એનાં તો વખાણ થાય જ. એ સહુને મદદરૂપ થઈ પડતો હતો એટલે સમાજમાં તેનાં વખાણ થાય એ સ્વાભાવિક હતું. બુદ્ધિમાનો અને કલાકારોને જવલ્લે મળતાં વખાણ ચંદ્રકાન્તને ઘણાં મળતાં, કારણ તેનું પુસ્તકાલય સમૃદ્ધ હતું. તેનો સંગ્રહાલય અદ્‌ભુત વસ્તુઓથી ભરેલો હતો અને અભ્યાસીઓ તથા લેખકો માટે તેના ઘરના દરવાજા ખુલ્લા હતા. વર્તમાન ભોજની તેને ઉપમા મળે અને વીસમી સદીના વિક્રમનું પદ તેને મળે એ તેને પોતાને ન ગમે એ સમજી શકાય એમ હતું; છતાં ચારે પાસ સુવાસ ફેલાવી રહેલા એ ધનિક, સંસ્કારી, રસિક અને યુવાન સજ્જન માટે ભોજ-વિક્રમનાં બિરુદ વપરાય એમાં આશ્ચર્ય તો નથી જ. પોતે જાતે પુરુષશ્રેષ્ઠ

છે એમ તો માનવાને કે મનાવવાને તે તૈયાર ન હતો; છતાં તેનું સ્થાન વર્તમાન સમાજમાં ગણનાપાત્ર તો છે જ એવો ખ્યાલ તેને ન આવે તો તેને મણસ નહિ પણ દેવ કહેવો જોઈએ. દેવને પણ પોતાના દેવત્વનું અભિમાન નથી હોતું એમ ન કહેવાય.

કલાકારો અને સાહિત્યકારોના એક સમારંભમાં ચદ્રકાન્તને એક સુંદર માનપત્ર મળ્યું. માનપત્રો અનેક આકાર ધારણ કરે છે. છબીના ચોકઠાથી માંડી કોઈ પણ રચના માનપત્રને અનુકૂળ થઈ પડે છે. અને ચંદ્રકાન્તને મળેલા માનપત્રે તો એક સુવર્ણ કુતુબ-મિનારનું એક નાનકડું સ્વરૂપ ધારણ કર્યું. વિક્રમ અને ભોજની તથા અકબર અને હરૂન-અલ-રશીદની તેને ઉપમાઓ મળી; ઉપરાંત નવા યુગને અનુકૂળ થઈ પડે એવી પણ એક સુંદર ઉપમા તેને મળી. અને એ ઉપમાને એ સુવર્ણમિનારા ઉપર સુવર્ણાક્ષરે કોતર-વામાં પણ આવી.

'ગાંધીચીંધ્યા માર્ગનો એક સાચો મુસાફર; જે ધનનો માલિક નહિ; પરંતુ ધનનો સાચો વાલી બની મહાત્માના આત્માને સંતોષ આપી રહ્યો છે.'

આવા સુવર્ણાક્ષરે કોતરાયલા સુવર્ણશબ્દોથી ભરેલા માનપત્રે તેના હૃદય પર ભારે અસર કરી. ચંદ્રકાન્તને જે નિષ્ઠા હતી તે તેના પ્રશંસકો સમજી શકયા એટલો તેને સંતોષ જરૂર મળ્યો ખરો. બહુ જ વિવેકપુરઃસર તેણે માનપત્રનો જવાબ આપ્યો. અને પોતાને માટે વપરાયેલાં વિશેષણો તેમ જ પ્રશંસાવચનોને પોતે લાયક નથી એમ તેણે માનપત્રનો જવાબ આપતાં કહ્યું. હારતોરા અને માનપત્ર લઈ તે ઘેર આવ્યો. ઘેર યોજેલી મિજબાનીમાં કાયદેસર ચોવીસ અંગત મિત્રોને તેણે જમાડયા – બાકી રહેલાઓ માટે બીજા દિવ-સોમાં ચોવીસ ચોવીસની સંખ્યામાં જમાડવાની યોજના પણ ઘડાઈ ચૂકી હતી – અને મધ્ય રાત્રિએ બધા વેરાઈ ગયા ત્યારે તે અગાશીમાં બેસી પોતાની પત્ની સાથે સુંદર કારીગરીવાળા કુતુબમિનારની પ્રતિ-

કૃતિ સરખા માનપત્રને આદરપૂર્વક જોવા પણ લાગ્યો. ચંદ્ર આકાશમાં ખીલ્યો હતો. જાણે ચંદ્રકાન્તના યશનો સુવર્ણકળશ આકાશે ચઢ્યો હોય ! માનપત્રને વારંવાર જોઈ વખાણી ચંદ્રકાન્તે પત્ની તરફ જોયું. તેની પત્ની પણ સુવર્ણની બનેલી લાગી. ચંદ્રિકા રૂપાળી હતી અને તેનો રંગ પણ કંચન જેવો જ અત્યારે દેખાતો હતો. પત્નીને ચંદ્રકાન્તે કહ્યું :

'ચંદ્રિકા ! કવિઓની દૃષ્ટિ બહુ સાચી હોય છે, નહિ ?'

'શા ઉપરથી કહે છે ? તને માનપાત્ર આપ્યું તેથી ?'

'ના. માનપત્રમાં તેઓ એક વાત ભૂલી ગયા છે તે ઉપરથી કહું છું.'

'એવું શું ભૂલી ગયા છે ? તારી જોડે માનપત્રમાં મારાં પણ વખાણ થઈ ચૂક્યાં છે. અને તને તો નહિ પણ મને માનપત્રમાં સુંદર પણ કહી છે.'

'સુંદર શબ્દ તારા સૌંદર્યને પૂરતું વ્યક્ત કરતો નથી.'

'એટલે ?'

'કવિઓ ભૂલી ગયા લાગે છે કે તારો દેહ કાંચનવર્ણો છે. કાંચનવર્ણો દેહ એ કવિઓનો પ્રિય વિષય છે. એ તારે અંગે કેમ ભૂલ્યા એનો હું વિચાર કરું છું.'

સંસ્કારી પતિ પોતાની પત્નીને અનેક રીતે રીઝવી શકે છે. અને તેમાં ય ગુણવર્ણન કરતાં રૂપવર્ણન વધારે અસરકારક નીવડે છે એમ ડાહ્યા પ્રેમીઓ જરૂર જોઈ શક્યા હશે. ચંદ્ર અત્યારે કાંચનનો ગોળો લાગતો હતો. ચંદ્રમાંથી ઝરતી ચાંદની વિશ્વમાં સુવર્ણરંગ ઢાળતી હતી, અને સર્વ વસ્તુઓને સોને રસતી હતી. સોનાનો કુતુબ-મિનાર માનપત્રરૂપે પાસે જ પડ્યો હતો. અને પત્નીની કાયા પણ આ પાર્શ્વભૂમિમાં ન હોય તો યે સુવર્ણરંગી લાગે જ. જ્યારે ચંદ્રિકાની કાયા તો ખરેખર આ પાર્શ્વભૂમિ ન હોત તોપણ કાંચન-વર્ણી હતી એટલે સુખ, સંતોષ અને સંસ્કારની ત્રિવેણીએ ચંદ્ર

કાન્ત પાસે પત્નીના દેહસૌંદર્યનો સ્વાભાવિક ઉલ્લેખ કરાવ્યો. પતિને ખાતરી હતી કે પત્ની આ વખાણનો જવાબ પોતાને ગાલે ટપલી મારીને અગર હતી તેના કરતાં વધુ નજીક આવીને આપશે. પણ કોણ જાણે કેમ પત્નીએ આ વખાણનો કશો જવાબ પણ આપ્યો નહિ. તે હસી પણ નહિ અને હાલી પણ નહિ. એકાંતની આવી સગવડમાં પત્ની વાતચીત આગળ ન વધારે તો જરૂર નવાઈ ગણાય. ચંદ્રકાન્તે પૂછ્યું :

'સરખામણી ઓછી પડી શું ?'

'ઓછી તો કોણ જાણે ! પણ એ મને બહુ ગમી નહિ.' ચંદ્રિકાએ કહ્યું.

'એમ કેમ ?'

'તારા કવિઓ કાંચનવર્ણી કાયાને વખાણ તરીકે ભાગ્યે જ લેખે છે. દેહની નશ્વરતા અંગે દેહના કાંચનવર્ણને કવિઓ આગળ કરે છે, નહિ કે તારી માફક વખાણને ખાતર. મને કવિઓએ કહેલી નશ્વરતા યાદ આવી.' ચંદ્રિકાએ કહ્યું.

'ચાલ, આ સુવર્ણમય અગાસીને છોડી ભૂરી રોશનીવાળા આપણા ખંડમાં ચાલ્યાં જઈએ એટલે તારો રંગ તને ગમ્યો નહિ તે બદલાઈ જશે.'

'તું ચાલતો થા. માનપત્રને ઠેકાણે મૂકી દે. પછી હું આવું.' ચંદ્રિકાએ કહ્યું અને તે બેસી રહી.

ચંદ્રકાન્ત ઊભો થઈ અગાશીમાંથી ઘરમાં ગયો. ધનિકોનાં ઘર એટલે મહેલ, કિંમતી ચીજો, નમૂનાની વસ્તુઓ, અપ્રાપ્ય અવશેષો વગેરેને મૂકવા માટે ધનિકોને ઘેર જુદા ખંડ હોય છે. માનપત્ર મેળવી આવેલા ચંદ્રકાન્તને પત્નીનું વલણ બહુ ગમ્યું નહિ. શુભ દિવસે આવા દેહની નશ્વરતા સંબંધી અપશુકનિયાળ વિચાર તેને કેમ આવ્યા એ તેને સમજાયું નહિ. સૌંદર્ય વિષાદ ઉત્પન્ન કરે ત્યારે વિશ્વના પાયા હાલી ગયા હોવા જોઈએ. ખંડમાં પ્રકાશ પાડી તેણે

ખંડ ઉઘાડચો અને પોતાના હાથમાં લીધેલા માનપત્રના મિનારને ફરીથી ધારીને જોયો. સુવર્ણ-અક્ષરો ઝાંખા કેમ પડચા? સુવર્ણથી લખેલો અક્ષર કેટલીક વાર ઊકલતો કેમ નહિ હોય? ખંડમાં આછું હાસ્ય સંભળાયું. કોઈ સંતાઈ રહે એવો સંભવ તેને દેખાયો નહિ છતાં હાસ્ય તો બરાબર સંભળાયું જ. તેણે ધારીને જોયું તો સિક્કાઓના કબાટ પાસે એક વ્યક્તિ ઊભેલી દેખાઈ. ભય વગરનો ચમકાટ ચંદ્રકાન્તે અનુભવ્યો અને તેનાથી પુછાઈ જવાયું :

'તમે કોણ છો?'

'હું એક સુવર્ણપુરુષ છું.' સામે ઊભેલા માણસે જવાબ આપ્યો.

'સુવર્ણપુરુષ? તમે માનવી નથી?' ચન્દ્રકાન્તે પૂછયું.

'માનવી હતો; પણ સુવર્ણપુરુષ થયા પછી હું માનવી મટી ગયો છું.'

'તે તમે અહીં શું કરો છો? તમારી અહીં શી જરૂર?'

'હું અહીં તો કાંઈ કરતો નથી, માત્ર તપાસ કરું છું કે માનવી તરીકે હું કોણ હોઈશ...અને મારી જરૂર તો તમને લાગી છે. તમે મને આ કબાટમાં પૂર્યો છે.' ગંભીરતાપૂર્વક તે માણસે જવાબ આપ્યો.

'શી ઘેલી વાત કરો છો? મને તમારી જરૂર? હું તમને ઓળખતો નથી...અને તમે છુટ્ટા છો છતાં તમે કહો છો કે અમે તમને કબાટમાં પૂર્યા છે! પોલીસને બોલાવું?'

'તેની હરકત નથી. હું પાછો મારા સિક્કામાં ભરાઈ બેસી જઈશ.'

'સિક્કામાં? કયા સિક્કામાં? શી રીતે ભરાઈને બેસશો?'

'આજ સવારે તમે એક સોનાનો સિક્કો પ્રાચીન કાળનો ખરીદ્યો છે, નહિ?'

'હા. બહુ જૂના, કોઈને ન જડેલા એવા એક રાજવીનોએ સિક્કો હતો. એટલે તે સારી કિંમત આપી મેં ખરીદ્યો છે.' ચંદ્ર

કાન્તે કહ્યું.

'એ જ સિક્કા ઉપર કોતરાયેલો રાજા તે હું. સુવર્ણના સિક્કામાં મેં મારી છબી ઉપસાવી, સુવર્ણાક્ષરે તેમાં મારું નામ લખ્યું અને સુવર્ણાક્ષરે મારા રાજ્યની સાલ પણ તેમાં ચોકસાઈથી ઉતરાવી. છતાં મને કોઈ હજી ઓળખાતું નથી, ઇતિહાસમાં મારું નામ પણ નથી અને સાલ સંવત તો એટલાં બદલાઈ ગયાં છે કે હું પોતે ક્યારે થઈ ગયો તેનું ભાન હું જ ભૂલી ગયો છું. એ ભાન પાછું મેળવવા હું જરાક સિક્કામાંથી બહાર નીકળી આવ્યો અને તમારા વિશાળ ઓરડામાં સહજ ટહેલું છું. મારો સુવર્ણસિક્કો મારું કેદખાનું બની ગયો છે, મારા સુવર્ણાક્ષર મારી બેડી બની ગયાં છે અને મારો સુવર્ણસંવત ધુમ્મસ બની ગયો છે. આમ તો હું દટાઈને ભુલાઈ જાત; પરંતુ પાછો તમે મને ખરીદી મને ઢંઢોળ્યો...' કહી પેલા માણસે પોતાની આંખો ચોળવા માંડી. પોતાના કપાળ ઉપર જાણે કંઈ યાદ કરતો હોય તેમ આંગળીઓ ફેરવવા માંડી અને પોતાનાં લમણાં ઉપર આંગળીઓ વડે સહજ ટકોરા મારી કાંઈક યાદ કરતો હોય એમ દેખાવ કરવા લાગ્યો.

ચંદ્રકાન્તને કુતૂહલ પણ ઉત્પન્ન થયું અને રમૂજ પણ ઉત્પન્ન થઈ. તેણે પૂછ્યું :

'કાંઈ સમજાય છે તમે કોણ છો તે ?'

'હું વિક્રમ છું, કે વિક્રમાંક દેવ છું એ વિષે મને પોતાને જ શંકા છે અને તમારા પુસ્તકાલયમાંથી એક પુસ્તક વાંચતાં તો હવે મારી શંકા એમ વધી પડી છે કે હું વિક્રમ તે માળવાનો કે મગધનો ચંદ્રગુપ્ત ? હજારો વર્ષે જાગનારને તમે નવા માણસો આવી ગૂંચવણમાં નાખી દો છો ! અને મારી ગૂંચવણ ઉકેલનાર મારો વૈતાળ ક્યાંક સંતાઈ ગયો લાગે છે. બૂમ પાડચે આવતો નથી...તમે પણ કાંઈ સોનાનું રમકડું લઈ આવ્યા લાગો છો.'

'હા જી, એમાં પણ મારું નામ અને સાલ, સંવત તેમ જ

મારી ઓળખાણ સુવર્ણાક્ષરે કોતરવામાં આવ્યાં છે.' ચંદ્રકાન્તે કહ્યું.

'મૂકી દો, મૂકી દો! અરે! એને ફેંકી દો! સુવર્ણાક્ષરો તો જોતજોતામાં તેજાબને આશ્રયે ગળાઈ જશે અને તમારાં નામ, ગુણ-ગાન અને તવારીખો ભુલાઈ, ભૂંસાઈ એક ગઠ્ઠો બની જશે. એના કરતાં કાળી શાહીથી તમારું નામ લખો.' અજાણ્યા પુરુષે ધીમેથી પરંતુ મંત્રોચ્ચારની ગંભીરતાપૂર્વક કહ્યું.

ચંદ્રાકાન્તને એકાએક ચક્કર આવ્યાં. ભૂતની દુનિયામાં તે એકાએક પ્રવેશ્યો હોય તેમ એને લાગ્યું. ક્ષણભર તેને વહેમ પણ આવ્યો કે સામે ઊભેલો માનવી કદાચ ચોર પણ હોય; પરંતુ ચોરમાં આવી બધી વિદ્વતા હોય ખરી? તેના મનને એ પ્રશ્ન કરે છે એટલામાં તેના હાલતા શરીરને સામે ઊભેલા પુરુષે પકડી લીધું, અને તેને સ્વસ્થતાપૂર્વક લઈ જઈ પાસેના એક કોચમાં સુવાડયો. ચંદ્રકાન્તને એમ લાગ્યું કે તેના મુખ પર કોઈ અજબ મીઠાશ ફરી વળી છે. તેણે કહ્યું :

'હું તો...ધનનો માલિક...નથી...વાલી છું.'

બેભાન થતાં થતાં તેણે હસતા મુખના ઉદ્દગાર પણ સાંભળ્યા:

'હું પણ મારા રાજ્યનો અને મારી પ્રજાનો વાલી હતો. છતાં આજ હું એ નથી, એ પ્રજા યે નથી અને બન્ને સાચવી રાખતો મારો સિક્કો આજ ચલણમાં પણ નથી. મહેલમાં વસી વાલી ન થવાય; વાલી બનનારે ઝૂંપડીમાં રહેવું જોઈએ. એમ બનશે ત્યારે સાચા સુવર્ણાક્ષરે નામ લખાશે.'

જુદી સૃષ્ટિ—અજાણી સૃષ્ટિમાંથી જાણે આ ઉદ્દગારો આવતા હોય એમ ચંદ્રાકાંતને લાગ્યું. અને આ વિચિત્ર સ્વપ્ન જોતા જોતા એ ત્યાં જ નિદ્રાધીન થઈ ગયો. સવારમાં એ જાગ્યો ત્યારે પોતાના નિત્ય સૂવાના પલંગમાં તે સૂતો હતો, અને ચંદ્રિકા તથા ચંદ્રકાંતનાં માતાપિતા તેની કાંઈ સારવાર કરતાં હતાં. એકાએક ચંદ્રકાંતને વિશિષ્ટ વસ્તુઓ મૂકવાનો પોતાનો ખંડ યાદ આવ્યો, જેમાં સુવર્ણ

સિક્કામાંથી ઊપસી આવેલા પ્રાચીન કાળના અણઓળખાયલા એક રાજાએ તેની સામે આવી તેને એક કોચ ઉપર સુવાડી દઈ સુવર્ણાક્ષરનો બોધ કર્યો હતો.

એ શું હતું? સ્વપ્ન હતું? ખરેખર બનેલો પ્રસંગ હતો? વસ્તુસંગ્રહાલયમાંથી તે પોતાની પથારીમાં કેવી રીતે આવી શક્યો? તેણે પોતાની આ મૂંઝવણ સહુને કહી સંભળાવી, અને માતાપિતા તથા ચંદ્રિકાના કથન પ્રમાણે તેણે સત્ય સમજી લીધું કે તે પાછલી રાત સુધી પોતાના શયનખંડમાં આવ્યો નહિ એટલે ચંદ્રિકાએ તેની શોધ કરી અને બેભાન અવસ્થામાં કોચ ઉપર સૂતેલો સંગ્રહાલયમાંથી તે મળી આવ્યો. ચંદ્રિકાએ માતાપિતાને ખબર આપી; પછી તેને શયનખંડમાં લાવવામાં આવ્યો અને નિષ્ણાત ડૉક્ટરોને બોલાવી તેની સારવાર પણ કરવામાં આવી. તેને કોઈએ ઘેનભરેલી વસ્તુ સુંઘાડી બેભાન બનાવી દીધો હતો એટલી હકીક્ત સ્પષ્ટ થઈ.

ચંદ્રકાંતે એકાએક બેઠા થઈ તપાસ કરાવી તો પેલો સુવર્ણનો સિક્કો તેમ જ તેનું સુવર્ણ માનપત્ર ગુમ થયેલાં દેખાયાં અને કોચના તકિયા નીચેથી એક ચિઠ્ઠી પણ મળી, જેમાં નીચે પ્રમાણે લખ્યું હતું:

'વર્તમાન યુગના ભોજ, વિક્રમ અગર ધનના વાલી ચંદ્રકાંત!

'સુવર્ણસિક્કો મેં જ તમને વેચેલો. એના પૂરતા પૈસા—એટલે કે મારે જોઈતા હતા એટલા પૈસા—મને મળ્યા નહિ. એ સિક્કો ખોટો હતો પણ આપને આજ મળેલું માનપત્ર સાચા સુવર્ણનું હતું અને મારે એટલા સુવર્ણની જરૂર હતી. એથી ખોટો સિક્કો હું લઈ ગયો છું. અને તમે ભોજ, વિક્રમ તથા ધનના વાલી તરીકે પંકાયેલા હોવાથી તમને ઓછામાં ઓછું કષ્ટ પડે એ ઢબે હું તમારું માનપત્ર પણ લઈ ગયો છું, જેમાંથી હું ક્ષયરોગથી પીડાતી મારી પત્નીને ડૉક્ટરની સલાહ પ્રમાણે દવા, હવા અને મેવા આપી જીવતી રાખવા પ્રયત્ન કરવાનો છું. એ યોજના આપને ન ફાવે તો

આપ વર્તમાનપત્રમાં તેવી જાહેરાત પ્રગટ કરશો. હું જરૂર એ બન્ને વસ્તુઓ આપને પાછી આપી જઈશ. કોઈ પણ રીતે આપના સુવર્ણાક્ષર હું ભૂંસવા માગતો નથી.'

શહેરનાં ત્રણચાર વર્તમાનપત્રોમાં બીજે દિવસે ચંદ્રકાન્તની સહી નીચે જાહેરાત આવી કે તેને ત્યાંથી ગુમ થયેલું માનપત્ર તેને પાછું જોઈએ છે.

ત્રીજે દિવસે તેના પ્રશંસકોએ ગુમ થયેલા માનપત્ર વિષે ઊંડી અને વિસ્તૃત પૂછપરછ કરી. આખા શહેરમાં એ ચકચારનો વિષય બની ગયો હતો. ચંદ્રકાન્તને પૂછતાં તેણે જવાબ આપ્યો :

'માનપત્ર મને પાછું મળ્યું.'

'ક્યાં છે?' તેના અંગત મિત્રે પૂછ્યું.

'તેની લગડી બનાવી સુવર્ણાક્ષર ભૂંસી નાખ્યા.' ચંદ્રકાન્તે જવાબ આપ્યો.

'એ સુવર્ણલગડી ક્યાં છે?'

'એટલી મિલકત પૂરતો હું સાચો ધનનો વાલી બન્યો.'

'પછી ચોરને પકડ્યો નહિ?'

'ના, એ ચોર ન હતો. એને એની ખરી જરૂરિયાત હતી. તે જોતાં હું ધનપતિ વધારે મોટો ચોર મને લાગ્યો.' ચંદ્રકાન્તે કહ્યું.

અને તેની પત્ની ચંદ્રિકાને તેની બેનપણીએ સુવર્ણાક્ષરે લખાવેલા માનપત્ર વિષે પૂછતાં ચંદ્રિકાએ તો કહ્યું જ :

'સુવર્ણ અને સુવર્ણાક્ષર બન્ને અપશુકનિયાળ. સોના ઉપર તો કળજુગ વસે. મારે તે ન જોઈએ. એ ગુમાવી હું મારા પતિને પાછા મેળવી શકી; નહિ તો સુવર્ણાક્ષરોમાં એ ગુમ થઈ ગયા હોત.'

# સનાતન દર્દી

## ૧

કેટલાંક દર્દ ચલ હોય છે અને કેટલાંકદર્દ અચલ હોય છે. એવી જ રીતે કેટલાંક દર્દીઓ પણ ચલ હોય છે અને કેટલાંક દર્દીઓ અચલ હોય છે. અચલ દર્દીઓનાં દર્દ ઈશ્વર પણ મટાડી શકતો નથી. એવા સનાતન દર્દીઓમાં મારો એક બાલમિત્ર હતો, જે નાનપણથી યૌવન સુધી રોગમુક્ત થયો જ નહોતો, અને યૌવનનો પ્રાથમિક આનંદ ગુમાવી બેઠો હતો.

એનું નામ હતું રૂપમોહન. સારી સ્થિતિના માબાપનો એ દીકરો. અમે બન્ને સાથે ભણીએ. મારી સ્થિતિ રૂપમોહન કરતાં ઘણી નીચી કક્ષાની હતી. રૂપમોહન પાણી માગે તો તેને દૂધ મળી શકે એમ હતું; મારે પાણી માગવાનો પ્રશ્ન જ ઊભો થતો ન હતો. મારે માગવાનું મારી જ કને; અને હું જ્યારે પાણી માગતો ત્યારે મને પાણી જ મળતું, દૂધ નહિ. પર્વ-ઉત્સવને દિવસે જ દૂધશાકનો સ્વાદ હું લઈ શકતો; પરંતુ એનું મને દુઃખ ન હતું.

રૂપમોહન નાનપણમાં બહુ દેખાવડો હતો, અને તેનાં હોંસીલાં માતાપિતા તેને સારાં કપડાં-ઘરેણાં પહેરાવી તેના દેખાવમાં ઉમેરો

કરતાં હતાં. હું એના જેટલો ગોરો નહિ, એના જેટલો દેખાવડો નહિ, અને મારે પહેરવામાં થીંગડાંવાળાં વસ્ત્રો અને જવલ્લે જ મળતા જોડા. હું ઉઘાડા પગે ફરતો. કદી ફાંસ-કાંટા વાગતાં, તાપટાઢ કદી સિસકારીઓ બોલાવરાવતાં; પરંતુ એનું મને દુઃખ થયું હોય એમ મને જરા યે યાદ નથી. કપડાં ઘસાય નહિ એ અર્થે એકલી ચડ્ડી પહેરી દિવસ-રાતભર ઉઘાડું શરીર રાખવાની મને ટેવ જ પડી ગઈ હતી. પરંતુ રૂપમોહન ઘરમાં પણ ભાગ્યે જ મોજડી વગર ફરતો. તેનો રૂપાળો દેહ મેં કદી ઉઘાડો જોયો હોય એમ મને યાદ નથી. સવારનાં કપડાં તેને સાંજે પહેરાવવામાં આવતાં નહિ. ટાઢમાં તેનાં પિતા અને માતા તેને ઢબૂરીને રાખતાં, જ્યારે કડકડતી ટાઢમાં મારા દેહ ઉપર વસ્ત્ર પણ ન હોય, અને હોય તો પણ હવા-અજવાળાંની બારીઓવાળું હોય !

પડોશનાં બાળકોમાં એક પ્રકારની મૈત્રી જાગે છે. રૂપમોહનનું ઘર ઘણું મોટું હતું એ વાત ખરી. મારું ઘર ઘણું નાનું–ઝૂંપડીનો ખ્યાલ આપે એવું હતું છતાં અમે સાથે ભણતા એટલે અમારી વચ્ચે મૈત્રી સારી જામી હતી. મોંઘા રૂપમોહનની સાથે એ જ્યાં જાય ત્યાં માણસો મોકલવામાં આવતાં. મારે તો એકલા જ જવાનું હોય. એ માગે ત્યારે તેને પૌષ્ટિક ખોરાક મળતો. અરે ! ન માગે ત્યારે પણ એને ખોરાક મળતો, જ્યારે મને તો જમતી વખતે સતત ભૂખ લાગી છે અને જમ્યા પછી થો ભૂખ રહી છે એવો ભાસ રહ્યા કરતો. રૂપમોહનની માતા કદી અમને કાચું કોરું આપતી વખતે ફરિયાદ કર્યા કરતી :

‘ આ અમારો રૂપ ! એને ખાવાનું ઠેકાણું જ નહિ. કશું જ ફાવે નહિ અને ભાવે નહિ. પ્રભુએ આપ્યું છે ત્યારે એની ભૂખ જ મરી ગયેલી છે. ’

હું જાણતો કે રૂપમોહનને કેટલી વાર જમવાનું મળે છે અને કેટલી વાર કાચું કોરું મળે છે. એની પાછળ વેરાતો ખોરાક એક

પહેલવાનનું પૂરું કરે એટલો કહી શકાય, છતાં એને મહેનત તો કશી જ કરવાની કે પડવાની નહિ. એને વાસીદું વાળવાનું નહિ, હાથે પાણી કાઢી નહાવાનું નહિ, કપડાં ધોવાનાં નહિ, જમવાનો પાટલો પણ હાથે લેવાનો નહિ અને સૂવા માટે પથારી કરવાની નહિ. એના પાટી-દફતર પણ નિશાળે એક માણસ લઈને આવે. મારે તો આ બધું મારે હાથે જ કરવાનું હતું. ઉપરાંત કદી કદી માતાપિતાને કે ભાંડુઓને માટે એ કરવાનું હોય. આ ઉપરાંત નિત્ય રૂપમોહનને ઘેર એક વૈદ્ય અને એક ડૉકટર આવતા હતા. રૂપમોહન રમતો હોય તોપણ તેને રમતમાંથી પકડી જઈ વૈદ્ય-ડૉકટરની તપાસમાં રજૂ કરી દેવામાં આવતો હતો. વૈદ્ય માત્ર તેની નાડી જ જોતા, પરંતુ ડૉકટર તો તેની છાતી, વાંસો, પેટ અને આંખ તથા જીભ તેને ઉથલાવી ઉથલાવીને જોતા હતા. ઘણી વાર તેને અણગમો આવતો છતાં તેનું આ તપાસકાર્ય તો ચાલુ જ રહેતું. વૈદ્ય તથા ડૉકટર પાછા તેને કાંઈ ને કાંઈ દવા આપતા, જે દવા પીતાં મેં ઘણી ય વાર રૂપમોહનને રડતો જોયો હતો. મને તો તાવ આવ્યો હોય તોપણ ઘરના ઉપચારથી તે મટી જતો, જોકે ઈશ્વરકૃપાએ મને બહુ તાવ આવતો નહિ, અને આવતો હશે તો તાવ આવ્યો એમ મને લાગતું પણ નહિ.

નિશાળમાં છોકરાઓ રૂપમોહનને બહુ ચીડવતા અને તેની મોટાઈ ઉપર બહુ મહેણાં મારતા. એમાં રૂપમોહનનો બહુ વાંક ન હતો. એની સુખી સ્થિતિ એને વધારે સાધનો અપાવે એમાં એ પણ શું કરે? પરંતુ એટલું તો ખરું જ કે એવાં સાધનો ન ભોગવી શકતાં બાળકો તેના પ્રત્યેની અદેખાઈથી અગર માત્ર રમૂજમાં તેના ઠીક ઠીક ચાળા પાડતા. રૂપમોહન નોકર પાસે દફતર ઉપડાવી જતો ત્યારે અમારા વિદ્યાર્થીટોળાંમાંના કેટલાક છોકરાઓ તેના ચાળા પાડી રૂપમોહન જેવું ચાલે અને પોતાનાં દફતર બીજાઓને આપી રૂપમોહનને ચીડવે. રૂપમોહનને માટે શાળામાં પણ ચા-નાસ્તો નોકર

લઈને આવતો અને તેની મોટાઈ સંતોષાય એ ઢબે નોકર તેને બીજા વિદ્યાર્થીઓથી અલગ પાડી તેનું રક્ષણ કરી તેને જ નાસ્તો ખવરાવી દેતો. આ જોઈ શાળાના છોકરાઓ પાઈ પૈસાના ચણા લાવી રૂપમોહન દૂર બેઠો બેઠો નાસ્તો ખાતો હોય ત્યાં તેને તાકીને મારતા. કોણે ચણો માર્યો એ જલદી પકડાય એમ ન હતું, એટલે ગુસ્સે થયેલો નોકર વિદ્યાર્થીઓની આ ચેષ્ટાને રોકી શકતો નહિ.

પરંતુ રૂપમોહનને એથી ચીઢ અને રીસ ચઢતી ન હતી એમ કહેવાય નહિ. ભારે ઉદારતા હોવા છતાં પોતાની નકલ કે પોતાનો ઠઠ્ઠો સહન કરવો મુશ્કેલ છે. એક વખત રૂપમોહન શાળાની બહાર નીકળતાં ગુસ્સે થઈ ગયો; કારણ કે તેના સરસ કોટના સરસ ખિસ્સામાં કોઈએ કાંકરા ભર્યા હતા. રૂપમોહન જાણતો હતો કે તે બીજા છોકરાઓ કરતાં વિશિષ્ટતા ધરાવતો નિશાળિયો હતો. તેના સરખાં માતાપિતા બીજા વિદ્યાર્થીઓને નથી એવી તેને ખાતરી હતી. તેણે ચિડાઈને બૂમ પાડી :

'કોણે હરામખોરે મારા ખિસ્સામાં કાંકરા ભર્યા ?'

'ગાળ ન દઈશ. મેં કાંકરા ભર્યા છે. બોલ, શું કહેવું છે ?' એક મારકણા છોકરાએ આગળ આવી કહ્યું.

'હું મારા માણસ પાસે તને માર મરાવીશ.' રૂપમોહને કહ્યું.

'પણ તેમાં તેં શું કર્યું ? યાદ રાખજે, જો માણસને કંઈ કહ્યું છે તો તને અધમૂઓ કરી નાખીશ.'

'હું આજે જ તને માર ખવરાવીશ.' એટલું રૂપમોહને કહેતાં બરાબર પેલા મારકણા વિદ્યાર્થીએ રૂપમોહનને બોચીથી પકડી ધક્કો મારી જમીન ઉપર નાખ્યો, અને તેને મારવા લાગ્યો. રૂપમોહન મારો મિત્ર હતો એટલે હું વચ્ચે પડ્યો. એટલામાં સહજ દૂર ગયેલો રૂપમોહનનો નોકર બૂમાબૂમ સાંભળી આવી લાગ્યો અને તેણે રૂપ-મોહનને મારનારને મારવાનું શરૂ કર્યું. રૂપમોહન અને તેને મારનાર બન્નેએ રડવા માંડ્યું. મેં સહુને છોડાવવા પ્રયત્ન કર્યો અને સહુ

કોઈએ અરસપરસ દુશ્મનાવટ વધારી છૂટા પડચા. ઈશ્વરની કૃપા છે કે બાળપણના ઝઘડા અને મારામારીઓ બાળકોમાં કાયમી વેરઝેર ઉપજાવતાં નથી. અઠવાડિયામાં અમે પાછા ભેગા થઈ ગયા, જોકે રૂપમોહનને મારનાર વિદ્યાર્થીની ખબર લેવાની તેનાં માબાપોએ ધમકી આપી અને રૂપમોહનને આ મારામારીમાંથી કાંઈ વધારે હાનિ ન થાય એ માટે વૈદ્યો અને ડૉકટરોની એક પરિષદ બોલાવી.

૨

આમ ચાલતું અમારું બાળપણ આગળ વધી કિશોરાવસ્થા પામ્યું અને અમે માધ્યમિક શિક્ષણને છેડે આવી પહોંચ્યા. ત્યાં સુધીમાં રૂપમોહનનું રૂપ ઘણું ઘટી ગયું; પરંતુ એનું વૈદ્યકીય જ્ઞાન ઘણું વધી ગયું. એટલું જ નહિ પણ તેના અભ્યાસની અતિશયતાનો ખ્યાલ કરી ડૉકટરોએ તેને ચશ્માં પહેરવાની પણ સલાહ આપી દીધી, જે સલાહ માન્ય કરી તેણે ચશ્માં પહેરવા પણ માંડચાં. માધ્યમિક શિક્ષણમાં ગૂંથાયલા વિદ્યાર્થીઓ ભાગ્યે જ ચશ્માં પહેરે છે. થોડા દિવસ રૂપમોહનને ચશ્માં ગમ્યાં, બધા કરતાં જુદા પડવાનું અભિમાન પણ તેનામાં ઊપજ્યું; પરંતુ વિદ્યાર્થીઓ કોઈનું પણ અભિમાન ભાગ્યે જ સાચવે છે. રૂપમોહનના સુંદર નામને બગાડી વિદ્યાર્થીઓએ તેને 'ચશ્મેધબ'ને નામે ઓળખવા માંડચો. અને નવું નામ પડે એટલે સહુ કોઈને કારણ વગર પણ એ નામ ઉચ્ચારવાનું મન થઈ જાય! ઓળખીતા, વગર-ઓળખીતા સહુ કોઈ તે ચાલ્યો જતો હોય ત્યાં 'ચશ્મેધબ' એવી બૂમ પાડી ઊઠતા. એ નામ અંતે ખીજની કક્ષાએ આવી પહોંચ્યું. કોઈ પણ માનવીને ઘેલો બનાવવો હોય તો તેની ખીજ પાડી દેવી. ડાહ્યામાં ડાહ્યો માણસ પણ એ ખીજનો બોલ સાંભળીને ઘેલામાં ઘેલા માનવી જેવું વર્તન કરવા માંડશે!

વિદ્યાર્થીઓએ રૂપમોહનને બરુનાં અને કાગળનાં ચશ્માં બના-

વીને ભેટ આપવા માંડયાં. માનવી ગુસ્સે થાય છે ત્યારે તે પોતાના બળનો વિચાર કર્યા વગર જ આવેશને કાબૂ સોંપી દે છે. રૂપમોહન આમ તો જોરદાર હતો જ નહિ. સમુદ્રની અને સરોવરની કંઈક માછલીઓનાં તેલ તે ડૉકટરની સલાહ અનુસાર પી ગયો હતો, અનેક ઈંડાનું સત્યાનાશ તેણે કાઢી નાખ્યું હતું તથા કોઈ દવા વેચનારની વિશાળ દુકાન થાય એટલી દવાઓની શીશીઓ તેણે ખાલી કરી હતી છતાં તેના દેહમાં કાંઈ જોર આવ્યું હોય એમ મને લાગ્યું નહિ. જોર વગરનાં માણસોને પણ ખીજ અસહ્ય થઈ પડે છે અને પૂરતી શક્તિ હોય કે ન હોય તોપણ અશક્તિમાનનો ક્રોધ તેમના દેહને મરણિયો પણ બનાવી શકે છે. રૂપમોહન હવે બહુ ગુસ્સે થતો. રડવાની પરિસ્થિતિ હવે પોસાય એમ ન હતી. રુદન ઘણા કલેશને ધોઈ નાખે છે; પરંતુ માધ્યમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ રુદનથી છેટા જતા જાય છે. રૂપમોહન નાનપણની માફક હવે રડી શકતો નહિ; પરંતુ હવે વારંવાર મારામારી થતી અને તેમાં તેને વાગતું પણ ખરું. એના દેહને ઘા પડતા એના કરતાં એના મનને જબરા ઘા પડયા હતા. એક દિવસ મેં તેને કહ્યું :

'રૂપ! તારે આ છોકરાઓ સામે થવું હોય તો ચાલ આપણે અખાડામાં જઈએ.'

છોકરાઓ સામે થવા માટે રૂપમોહનને જે સૂચના થાય તે સૂચના પ્રમાણે વર્તવાની તેની તૈયારી હતી. એકબે દિવસ તે મારી સાથે અખાડામાં પણ આવ્યો; પરંતુ એ બે દિવસની કસરતમાં તેનું શરીર એટલું દુખવા લાગ્યું કે તેનાં માતાપિતાએ તે હકીકત જાણી. આવી હલકી ગુંડાઓને શોભે એવી પ્રવૃત્તિઓમાં તેના જેવા પૈસાદાર છોકરાથી ન પડાય એમ તેમણે સૂચવ્યું, અને વળી પાછી વૈદ્ય ડૉકટરોની પરિષદ ભરી તેને કસરતમાંથી પાછો વાળી લીધો. વૈદ્યોએ કહ્યું :

'કસરત કરવી ઠીક છે; પણ હજી જરા અમારી દવા ખાય

અને શરીર કસરત સહન કરે તેવું થાય પછી ભાઈને કસરત કરાવો!'

અને ડૉક્ટરોએ એવો અભિપ્રાય આપ્યો :

'કૉડલીવર ઑઈલ એટલે–Bottled Sunshine–શીશીમાં ભરેલો સૂર્યપ્રકાશ. ભાઈને એ પાઓ અને અમારા દવાખાનામાં એક માસ સુધી ભાઈને રાતાંભૂરાં કિરણોનું સ્નાન કરાવો. પછી જુઓ એમનું શરીર.'

વૈદ્યની કે ડૉક્ટરની દવા લેતાં બરોબર એક કે બે દિવસ રૂપમોહનને સારું લાગતું પણ ત્યાર પછી તો એ ભગવાન એના એ! દવા ચાલુ રહેતી અને તેનું શરીર બગડ્યા કરતું.

મૅટ્રિક ભણી રહીને અમે છૂટા પડ્યા. છૂટા પડ્યા પછી પત્રવ્યવહાર પણ ઘસાતો ચાલ્યો. મારાથી તો શરીરની કાળજી રૂપમોહનની ઢબે રાખી શકાય એમ હતું જ નહિ. શરીરને સ્વસ્થ રાખી ભણવું એ જ મારે માટે દુનિયામાં એક માર્ગ હતો; જ્યારે રૂપમોહનને તો ભણ્યા વગર ચાલે એમ હતું, કારણકે તેનું ગુજરાન ભણતર ઉપર આધાર રાખતું ન હતું. થોડા વખતમાં અમે સાંભળ્યું પણ ખરું કે ડૉક્ટરો અને વૈદ્યોની સલાહ અનુસાર રૂપમોહને અભ્યાસ છોડી દીધો હતો. જ્યાં જ્યાં સગવડ મળતી ત્યાં ત્યાં હું ભણી લેતો; એટલે મારે ઘણી ઘણી કૉલેજો બદલવી પડી. કૉલેજની બહાર નીકળતા પહેલાં તો રૂપમોહનનો એક આગ્રહભરેલો પત્ર આવ્યો કે મારે તેના લગ્નમાં હાજર થઈ જવું! પરંતુ લગ્નને દિવસે જ મારે પરદેશ ભણવા જવાની તારીખ નક્કી થઈ ગઈ હતી. અને જોકે મારા જીવનમાં રૂપમોહનના લગ્નનું મહત્ત્વ તો હતું જ; પરંતુ તે મારા ભણતર કરતાં વધારે ન હોવાથી મેં તેની ક્ષમા માગી, તેને ખૂબ શુભેચ્છાઓ પાઠવી અને પરણનાર યુગલની છબી મંગાવવા માટેનો આગ્રહ લખી હું મારે કામે લાગ્યો અને પરદેશ ગયો.

પરદેશથી પણ હું તેને કાગળો લખતો અને તેના પત્રો કદીક કદીક મારા પર આવતા. મને આશા હતી કે રૂપમોહનનું લગ્ન

રૂપમોહનના દેહને અને મનને વધારે સ્વસ્થતા આપશે; પરંતુ એના પત્રો જોતાં મને લાગ્યું નહિ કે તેનો દેહ અને તેનું મન સ્વસ્થતાને માર્ગે જતાં હોય. તેના કાગળમાં આનંદની તો લકીર હતી જ નહિ ઊલટું લગ્નજીવનની ગંભીરતા તથા તેની જવાબદારીઓ વિષેનાં તેનાં રોદણાં આવતાં હતાં. અને પરદેશમાં પુરુષો કઈ દવાઓ ખાઈને લગ્ન માટેની લાયકાત મેળવે છે અને એ લાયકાત સાચવી રાખે છે તે વિષેની પૂછપરછ તેના પત્રોનો મોટો ભાગ રોકતી હતી.

હું ઠીક ઠીક ભણ્યો—પરદેશમાં પણ; અને મને ઉત્તર હિંદના એક અજાણ્યા સ્થળે સારી નોકરી પણ મળી. હું દેશ પાછો આવ્યો અને મેં ધાર્યું હતું કે રૂપમોહન બંદરે ઊતરતી વખતે મને જરૂર મળશે; પણ ઊતરતાં બરોબર રૂપમોહનને બદલે રૂપમોહનનો તાર મળ્યો, જેમાં તેણે મને શુભેચ્છા પાઠવી હતી અને શરીરની અસ્વસ્થતાને અંગે રૂબરૂ ન આવી શકવાની દિલગીરી પ્રદર્શિત કરી હતી, મારે તો સીધા જ નોકરી પર ચાલ્યા જવાનું હતું, એટલે મારાથી પણ તેને મળાયું નહિ; પરંતુ મારો જીવ તેનામાં જ રહ્યા કરતો હતો. મૈત્રીના પાયામાં નિઃસ્વાર્થ લાગણી રહેલી છે.

## ૩

નોકરીમાં એકબે વર્ષ વીતી ગયાં એટલે મને હકની રજા મળવાનું શરૂ થયું. જેવી પહેલી રજા મને મળી તેવો જ મારા બાળપણના ગામે આવી રૂપમોહનને મળ્યો. એને મળતાં બરોબર હું ચમકી ગયો, રૂપમોહન માનવી ન હતો, એ માત્ર મડું હતો! હું એને મળવા ગયો ત્યારે તે એના મકાનના એક સુંદર ખંડમાં બારીબારણાં બંધ કરી, ગરમ કપડાં પહેરી ઉપરથી માથે અને કાને ગરમ શાલ ઓઢી એક કોચ ઉપર બેઠો હતો. એની પાસે વીસેક દવાની શીશીઓ પડી હતી, થોડાં પડીકાં ગોઠવીને મૂક્યાં હતાં અને દવાની જાહેરાતોનાં ફરફરિયાં તથા દેશપરદેશનાં વૈદ્યકીય સામયિકો પડેલાં

મેં જોયાં. મને જોઈ તે ઊભો થવા ગયો પણ તેના પગ અમળાઈ પડ્યા. તે કોચ ઉપર બેસી ગયો અને તેના દેહમાં જીવતી દેખાતી તેની આંખોમાંથી પાણી વરસી રહ્યું, જે તેણે ચશ્માં કાઢી થરથરતા હાથે લૂછવા માંડ્યું, જરા વાર રહી મેં તેને કહ્યું :

'રૂપ ! આ શરીર તેં કરી નાખ્યું ?'

'બધાંની સાથે તું પણ મારો હવે વાંક કાઢ !'

'બધાં કોણ ?' મેં પૂછ્યું,

'મારાં માતાપિતા હવે નથી; અને પરણ્યો છું એ તો તને ખબર હશે. બધાં કોણ તે સમજી લે. દુનિયામાં મારું કોઈ નથી.' રૂપમોહને કહ્યું.

એટલામાં જ રૂપમોહનની પત્ની ચારુલતા ત્યાં આવી પહોંચી. એનું મુખ સ્મિતભર્યું હતું, જોકે સ્મિત ઊડી ગયેલું હતું; પરંતુ ઊડી ગયેલા સ્મિતવાળું મુખ સુંદર તો જરૂર હતું. રૂપમોહને મને તેની અને તેની પત્નીની છબી મોકલી હતી; પરંતુ છબીએ મોટે ભાગે જૂઠી હોય છે. ચારુલતા છબીમાં હતી તેના કરતાં વધારે સુંદર લાગી; પરંતુ તેનું સૌંદર્ય ફટકી જતું દેખાયું. રૂપમોહન કરતાં મને ચારુલતા વધારે દયાપાત્ર લાગી,

'ચારુબહેન ! હું જ મારું ઓળખાણ કરાવું, આપણે પહેલી જ વાર મળીએ છીએ. હું રૂપમોહનનો બહુ જૂનો મિત્ર. રૂબરૂમાં તમને બંનેને અભિનંદન આપું છું.'

'આભાર !' એટલો એક જ શબ્દ બોલી ચારુલતા સહજ હસી પતિની પાસે ઊભી રહી.

'ચારુ ! મારા એકના એક મિત્રને ચા પાવાની ઇચ્છા હોય તો હું વાંધો નહિ લઉં.' રૂપમોહને વાણીમાં કરડાકી લાવી કહ્યું. એવી વાણીનું કાંઈ કારણ પણ ન હતું.

'મેં સ્ટવ ઉપર ચા મૂકી જ દીધી છે.'

'જોયું ? મારી પત્ની એટલે સંપૂર્ણતાનો નમૂનો. એને કાંઈ

કહી શકાય જ નહિ. મારી સૂચના થતાં પહેલાં એણે એ સૂચન અમલમાં મૂકી દીધેલું જ હોય !' રૂપમોહન બોલ્યો અને તેણે સહજ ઉધરસ ખાધી. ચારુલતાના મુખ ઉપર પતિના અન્યાયી શબ્દોનો પડઘો પડ્યા વિના રહ્યો નહિ, જોકે તે એક અક્ષર પણ બોલી નહિ અને માત્ર ગંભીર મુખ કરી ત્યાંથી ચાલી ગઈ. સૂચન થતાં પહેલાં અમલમાં મૂકનાર પત્ની કોઈ પણ પતિને આશીર્વાદરૂપ લાગવી જોઈએ. રોગથી વિકૃત બનેલા મારા મિત્રના માનસને એવી પત્ની પણ ફાવતી ન લાગી !

'જોયાં અમારાં પત્નીને ? મારું શરીર આવું છે છતાં એને ચિંતા હોય એમ લાગતું નથી !' રૂપમોહને કહ્યું.

'શા ઉપરથી તું એવું કહે છે ?' મેં પૂછ્યું.

'એનું શરીર જરા યે ઘટ્યું લાગતું નથી.' રૂપમોહન બોલ્યો. એ માંદા માણસનું મન પણ માંદું થઈ ગયું હતું અને પોતાની પત્નીની તંદુરસ્તી પણ એ ખમી શકતો ન હતો. માંદગી માનવીને અતિ સ્વાર્થી બનાવી દે છે.

'માંદો તું રહે, અને શરીર તારી પત્નીએ ઘટાડવું, એમ ? ઈશ્વરનો આભાર માન કે તારી માંદગી સાચવવા તેણે તને એક તંદુરસ્ત પત્ની આપી છે.' મેં કહ્યું. અને એટલામાં ચારુલતા ચા અને કાંઈ ખાવાનું લઈ આવ્યાં. પતિની આગળ પણ તેમણે ચા અને કાંઈ ખાવાનું મૂકી દીધું. રૂપમોહને મુખ ઉપર કદરૂપાશ લાવી કહ્યું :

'તું જાણે છે કે મને ચાની ડૉકટરોએ ના પાડી છે; અને આ ખોરાક મને ભારે પડી જાય એ મારે તને કેટલી વાર કહેવું ?'

'આ ચા નથી; અને ખાવાનું પણ ડૉકટરોના કહ્યા પ્રમાણેનું જ છે; મારા મનમાં કે આપના મિત્રની જોડે...'

'મેં શું કહ્યું હતું તને ? મારી પત્ની એટલે કદી પણ ભૂલ ન કરે એવું પ્રાણી.' એટલું બોલી રૂપમોહન હસ્યો. તેના હાસ્યમાં તેની પત્ની પ્રત્યેની ચીઢ સ્પષ્ટ દેખાઈ આવતી હતી. ચારુલતાની

આંખમાં આંસુ ચમક્યાં અને તે ઢાંકવા તે અંદર ચાલી ગઈ. માંદગી માનવીને અતિ સ્વાર્થી તો બનાવે છે; સાથે સાથે તે માનવીને અદેખો અને ખારીલો પણ બનાવે છે. બન્નેની જિંદગી ધૂળમાં મળી જતી હતી તે મેં જોઈ અને મેં રૂપમોહનને કહ્યું :

'રૂપ ! હું તને અહીંથી ઉઠાવી જવા આવ્યો છું.'

'હું ઇચ્છું છું કે કોઈ મને આ સ્થળથી છોડાવે – જોકે મારાથી તો ડગલું પણ મુસાફરી થઈ શકે એમ નથી. અને પાછાં અમારાં પત્નીની તારે રજા લેવી પડશે.' રૂપમોહને કહ્યું.

'એ બધું મારા ઉપર છોડી દે.' મેં કહ્યું. અને મેં બેત્રણ દિવસ રહી ચારુલતાને સમજાવી રૂપમોહનને મારી સાથે લેવાનું નક્કી કર્યું. દરમિયાન મેં આ દર્દી પતિની કેટકેટલી હકીકત સાંભળી. પત્નીને એ ચોવીસે કલાક ત્રાસ આપ્યા કરતો હતો; પત્નીની અદેખાઈ કર્યા કરતો હતો અને પોતે વધારે ભણી શક્યો નહિ માટે ચારુ-લતાને પોતે ન ભણવા દીધી એમ મેં જ્યારે સાંભળ્યું ત્યારે મને એ સ્વાર્થી માંદા મિત્ર ઉપર ક્રોધ ચઢ્યો, અને ચારુલતાની મને દયા આવી. હું જોઈ શક્યો કે ચારુલતા પણ પતિ સાથે માંદગીના મુખમાં પ્રત્યેક ક્ષણે ધસતી જાય છે. માત્ર એ પોતાની માંદગીનો દેખાવ ઢાંકી રાખતી હતી.

રૂપમોહનને મેં સાથે લીધો. ચારુલતાની જરા પણ ઇચ્છા ન હતી કે તેને એકલી છોડવામાં આવે, પરંતુ મને લાગ્યું કે સતી સીતા અને પતિ રામચંદ્રને પણ ચોવીસે કલાક સાથે રાખવાં એ બન્ને માટે જોખમભરેલું છે. પતિને સતત માંદો જોનાર પત્ની અગર પત્નીને સતત માંદી જોનાર પતિને એકબીજાથી છોડાવવા એમાં જ બન્નેની સલામતી રહેલી છે. ચારુલતાને રડતી મૂકી મેં રૂપમોહનને મારી સાથે લીધો. ડૉક્ટરોને મેં ખાનગી રીતે પૂછ્યું હતું. તેમણે તો મને ચોખ્ખું કહી દીધું કે હવે રૂપમોહન માટે દુનિયામાં કોઈ દવા નથી અને કોઈ ડૉક્ટર પણ નથી.

'પણ પરગામ લઈ જવામાં કંઈ જોખમ ખરું ?' મેં ડૉક્ટરને પૂછ્યું હતું.

'અરે, ના રે ! જેટલું જોખમ અહીં તેટલું જ જોખમ મુસાફરીમાં. ખખડતાં હાડકાં જરાક વધારે ખખડશે એટલું જ.' ડૉક્ટરે કહ્યું. સતત કકળાટ કરતા સનાતન દર્દીઓ પ્રત્યે ડૉક્ટર વૈદ્યો પણ સહાનુભૂતિ રાખી શકતા નથી એ દર્દીઓ સમજે તો વધારે સારું. પરંતુ વ્યસનીની માફક દર્દીઓને દવા અને ડૉક્ટરનું વ્યસન જ પડી જાય છે.

૪

મેં રૂપમોહનને સાથે લીધો. એક ડૉક્ટરને શોભે એટલી દવાની પેટીઓ તેણે સાથે રાખી હતી. પહેરવાનું, ઓઢવાનું, પાણી પીવાનું વગેરે સાધનો તો સાથમાં હોય; પરંતુ જંતુઓ મારવા માટેનાં પણ સાધનો તેણે સાથે રાખી લીધાં ! અને તે કદાચ બેભાન થઈ જાય તો મારે કયા કયા ઇલાજો લેવા તેનું પણ જ્ઞાન મને આપવામાં આવ્યું; એટલું જ નહિ; પરંતુ માથામાં સણકો આવે તો મારે શું કરવું, આંખ ફરકે તો મારે એને કઈ દવા સૂંઘાડવી, પગે ઝંઝણી ચઢે તો મારે કયો મલમ ચોપડવો અને ઊંઘમાં જ કોઈ દર્દ થઈ આવે તો તેનાં ચિહ્નો જોઈ મારે કયું ઇન્જેક્શન આપવું એ બધી વિગતવાર માહિતી એક ચોક્કસ અભ્યાસ તરીકે મેં સમજી લીધી. કારણ એકાદ વખત તેની અતિ ચોકસાઈને સહજ હસવામાં તેનો મારી સાથે આવવાનો આખો કાર્યક્રમ બંધ રહે એવો ભય ઉત્પન્ન થયો હતો. તેણે તેના એક અનુભવી નોકરને સાથે લેવાની ઇચ્છા દર્શાવી, જેની મેં સંમતિ આપી. સનાતન દર્દીઓને પત્ની, પુત્રઅને પુત્રી કરતાં નોકરો અને વૈદ્ય-ડૉક્ટરો વધારે ઉપયોગી લાગે છે.

ગાડીમાં બેઠા પછી રૂપમોહન મારા કબજામાં આવ્યો હતો. મેં તેની સાથેના વર્તનનું આખું વલણ ફેરવી નાખ્યું. પાપા કલાકે

તેની દવા લેવાની ટેવને મેં જરા યે ગણકારી નહિ. દવા આપવામાં મેં વાર લગાડવા માંડી અને પા કલાકને બદલે દવા આપવામાં કલાક થઈ જાય તોપણ મેં તેની દરકાર રાખી નહિ. મારી બેકાળજીથી કંટાળેલો રૂપમોહન પ્રથમ તો મને ધમકાવી શક્યો નહિ કે મારી સામે છણકો કરી શક્યો નહિ. મારી બેદરકારી પ્રત્યે લાચારી બતાવી તે સૂઈ જતો અને મને લાગ્યું કે તે નિદ્રાવશ પણ થતો. છત્રીશ કલાકની અમારી મુસાફરી હતી. ભર દિવસે તે બે કલાક નિરાંતે ઊંઘ્યો અને તે જાગ્યો ત્યારે તે કોઈ પણ ફરિયાદ કર તે પહેલાં મેં તેને કહ્યું :

'રૂપ! તું બહુ સારું ઊંઘ્યો.'

'કોણે કહ્યું ?' રૂપમોહને જવાબ આપ્યો. સનાતન દર્દીઓને કોઈ સારું ચિહ્ન દેખાયું એમ કહેનાર માનવી જરાય ગમતો નથી. દયાના એ ભિખારીઓ સતત દયા માગવામાં જ મોજ માણે છે.

'હું કહું છું. બે કલાકથી છો તું હાલ્યોચાલ્યો પણ નથી.'

'બે કલાક ? મારી દવાનું શું થયું ત્યારે ?'

'અરે તારી દવાને નાખ જહાન્નમમાં. દવા પાછળ આ ઘેલછા શી ? તને બે કલાક સારી ઊંઘ આવી એ કહે ને !' મેં તેને કહ્યું. રૂપમોહન મારી તરફ જોઈ રહ્યો. રૂપમોહનની માંદગીની અને તેની દવાની અવગણના કરનાર હું કોણ આ દુનિયામાં પાક્યો, એવો આશ્ચર્યભાસ તેના મુખ ઉપર છવાઈ રહ્યો. પછી તેણે કહ્યું :

'પણ હવે આ કલાકની દવા તો આપ !'

'પાછલી રહી ગયેલી દવા ભેગી કરીને આપું ? કે આ ટંકની એકલી જ ?' મેં પૂછ્યું.

'શું તું યે અભણ જેવું બોલે છે! દવાઓ તે બધા ટંકની ભેગી થતી હશે ? એ તો જે તે વખતે અપાય.' રૂપમોહને કહ્યું અને મેં તેણે બતાવ્યા પ્રમાણે દવા, પ્યાલો અને પાણી તેની પાસે મૂકી દીધાં. તેણે મને પ્યાલો સાફ કરવાનું કહ્યું. મેં પ્યાલાને ફૂંક મારી

સાફ કર્યો એટલે રૂપમોહન ચીસ પાડી બોલી ઊઠ્યો :

'અરર ! તું આ શું કરે છે?'

'કેમ ? પ્યાલો સાફ કરું છું.' મેં કહ્યું.

'એમ નહિ. ચોખ્ખા રૂમાલ કે કકડાથી પ્યાલો સાફ થાય. આ તો તારા મુખના જંતુઓ પ્યાલામાં આવે.' રૂપમોહને કહ્યું.

'અરે ચાલ, જંતુવાળા ! મારી ફૂંકથી તો ભલભલા જંતુઓ ઊડી જાય છે. અરે આ ગાડીનો વેગ એટલો છે કે ડબ્બામાં જંતુઓ રહે જ નહિ. તારી બારી ખોલી નાખું ?'

'ના, ના, ભાઈ ! બારી ખોલીશ તો મને ન્યૂમોનિયા થઈ જશે.'—કહી તે કટાણું મુખ કરી દવા પી ગયો. મેં તેને વાતોએ વળગાડ્યો. થોડી ચોપડીઓ વાંચવા આપી. ચિત્રવાળાં માસિકોનો ઢગલો તેની પાસે કર્યો અને પછી હું સૂઈ ગયો. હું જાગતો હતો છતાં સૂવાના ઢોંગમાં ખાસ્સા ત્રણ કલાક મેં કાઢી નાખ્યા. એટલે વળી પાછી પા પા કલાકે રૂપમોહનને લેવાની દવા રહી ગઈ. નોકર બીજા ડબ્બામાં બેઠો હતો. તેને રૂપમોહન પાસે આવવાની મેં સખત મનાઈ કરી હતી. એટલે નોકર ઉપર, પોતાને એકલો છોડનાર પત્ની ઉપર અને મારા જેવા બેદરકાર મિત્ર ઉપર શાપ વર્ષાવતો રૂપમોહન ન છૂટકે ચિત્રો અને ચોપડીઓમાં ચિત્ત પરોવવા લાગ્યો. હું જાગ્યો ત્યારે તેણે મને કહ્યું :

'તું આમ મને દવા વગરનો રાખીશ તો હું તો મરી જઈશ.'

'તો ય શું ? જીવન કરતાં મૃત્યુ વધારે ચોક્કસ છે. અને આપણે એવાં ક્યાં મોટાં માણસો છીએ કે આપણા મૃત્યુથી કોઈને પણ ખોટ પડે ?' મેં કહ્યું. અને રૂપમોહને વિચિત્ર ઢબે મારી સામે જોયું. મારો અણગમો તેને આવવા લાગ્યો હતો એમ હું સ્પષ્ટ જોઈ શક્યો. ગાડીમાંથી ઊતરતી વખતે એ અણગમો સ્પષ્ટ થયો અને તેણે મને કહ્યું :

'ભાઈ ! મને તો વળતી ગાડીએ પાછો ઘેર રવાના કરી દે.

મારાથી અહીં નહિ રહેવાય.'

'અરે, તું જો તો ખરો ! મેં પણ લીધું છે કે તને સાજો કરવો.' મેં કહ્યું.

'પરંતુ તારી આવી બેદરકારીમાં તો હું મરી જઈશ કે ગાંડો બની જઈશ.'

'ગાંડો તો તું બની જ ગયો છે એટલે મારે તને બાંધીને ન રાખવો પડે એટલું તું જોજે. અને તારા કે મારા મૃત્યુની તો મને કિંમત જ નથી. જો રૂપ ! દવાનો કોઠાર બનીને જીવવા કરતાં મરવું શું ખોટું ?' મેં કહ્યું અને તેને સાથે લીધો. હું જોઈ શક્યો કે રૂપમોહન ભયભીત થયો અને કંપી ઊઠ્યો. ઘેર જઈ મેં તેને બહુ સુખસગવડમાં રાખ્યો અને તેની ખૂબ કાળજી લીધી; પરંતુ બીજી સવારે તેના દેખતાં જ મેં તેની દવાની બધી શીશીઓ ફોડી નાખી, મકાનના કંપાઉન્ડમાં તેને સહજ ફેરવ્યો, તેનાં નિરર્થક ગરમ કપડાં મેં નોકરને આપી દીધાં, અને તેની ખાવાપીવાની ચાપલૂસીમાં જરા ય સાથ આપ્યો નહિ. એની એક પણ ફરિયાદ ન સાંભળવી એવો મેં નિશ્ચય કર્યો અને રૂપમોહનની ધમકી કે વિનતિ પ્રત્યે મેં તલપૂર પણ ધ્યાન આપ્યું નહિ. ડૉક્ટર કે વૈદ્યનો તેને સંસર્ગ પણ થવા દીધો નહિ, જોકે થોડા દિવસ સુધી તો તેણે કલાકે કલાકે ડૉક્ટર-વૈદ્યની માગણી કરવા માંડી. જરૂર પડયે મેં તેને ધમકાવી નાખવા માંડ્યો અને હું જોઈ શક્યો કે એક અઠવાડિયામાં જ તેના ખોરાકમાં, તેની આકૃતિમાં અને તેના સ્વભાવમાં ફેર પડવા માંડ્યો હતો. તેને પોતાને પણ એમ લાગ્યું કે દવા વગર મરવાને બદલે તે જીવી શકે છે. કેટલીક સારવારો તેણે પોતાને હાથે કરી લેવા માંડી, અને બે માસમાં તો તેણે મારી સાથે ત્રણ માઈલની ચાલ ચાલવાની પણ શરૂઆત કરી દીધી હતી.

ત્રીજે માસે મેં ચારુલતાને તાર કરી બોલાવ્યાં. રૂપમોહને પોતે ચારુલતાને સ્ટેશને તેડવા જવા મન કર્યું; પરંતુ મેં ક્યારનું

ય તેને કહી દીધું હતું કે તે ચારુલતા જેવી પત્નીને જોવા લાયક પતિ હજી બની શક્યો નથી.

સાંજને વખતે ચારુલતાને લઈને સ્ટેશનેથી હું મારે ઘેર આવ્યો ત્યારે કંપાઉન્ડમાં રૂપમોહન તેના નોકરની સાથે બૅડમિન્ટન રમતો હતો. તેને જોઈને ચારુલતાની આંખમાંથી આશ્ચર્ય ઢળી પડ્યું. ઊતરતાં બરોબર રૂપમોહન ચારુલતાની સામે ધસી આવ્યો, અને તેની આંખમાં પણ પ્રેમ ઝળકી રહ્યો. આશ્ચર્ય ઓછું થતાં ચારુલતાની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં. મેં કહ્યું :

'ચારુલતા ! નાનપણમાં માબાપે અને મોટપણમાં તમે આ રૂપમોહનને બગાડી મૂક્યો. રૂપમોહન ! ફાટેલી આંખે પત્ની તરફ જુઓ છો એના કરતાં તમે જ પાણી પાયેલા છોડમાંથી એક ગુલાબ લાવી પત્નીને ભેટ તો આપો !'

રૂપમોહન વગર દવાએ અને વગર સારવારે બળવાન અને રૂપાળો બની ગયો. પતિ-પત્ની બન્નેને બીજા બે માસ મેં મારે ત્યાં રાખ્યાં અને પછી બન્નેને વિદાય કરતી વખતે કહ્યું :

'રૂપમોહનને એક પણ દવા જો તમે આપી છે તો હું તમને છૂટાછેડા લેવાની ફરજ પડીશ !'

એકાદ વર્ષ વીત્યા પછી બન્નેએ સાથે પડાવેલી છબી રૂપમોહને મારી તરફ મોકલી ત્યારે મારે તેના જવાબમાં લખવું પડ્યું :

'ભાઈ રૂપમોહન !

'છબી તારી જ છે એમ હું માની લઉં છું, જોકે છબી જોતાં મને એમ માનવાનું મન થાય છે કે ચારુલતાએ તને – જૂના રૂપમોહનને – સનાતન દર્દીને છૂટાછેડા આપી કોઈ સારા દેખાવડા નવયુવાન સાથે લગ્ન કર્યું છે !'

# બાજી પટેલ

બાજી પટેલ એક દસકા પહેલાં ગામના આગેવાન ગણાતા. સારી જમીન, સારું મકાન, સારાં ઢોર અને સારાં ઓજારો માટે આખું ગામ તેમને આદર્શ ખેડૂત ગણતું અને તેમની સલાહ પણ લેતું. ગામની પટલાઈ માટે તલાટી અને 'સર્કલ' તો તેમને આગ્રહ કરે એ સમજી શકાય; આ તો મામલતદાર અને તેમના પણ ઉપરીઓ બાજી પટેલને ગામની પટલાઈનો હોદ્દો સ્વીકારવા આગ્રહ કરતા; પરંતુ બાજી પટેલને હોદ્દાનો મોહ ન હતો. વગરપટલાઈએ પણ પોતાનું સારા ખેડૂત તરીકેનું સ્થાન તેમના મહત્ત્વને સંતોષવા માટે પૂરતું હતું.

ગામમાં જે કોઈ અમલદાર આવે તે બાજી પટેલને પૂછતા આવે. ગામમાં ચોરો ન હતો – ઊતરવાની સરકારી કે ગામાત જગા ન હતી. મહાદેવ સાથે જોડાયલી એક ધર્મશાળા સાર્વજનિક મકાન તરીકે વપરાતી. આપણામાં કહેવત છે કે 'સહિયારી સાસુ એની ઉકરડે મ્હોકાણ.' એની પાછળના છેલ્લા રુદનમાં કોઈ ઘર કે આંગણું ન હોય ,આપણાં સહિયારાં – સાર્વજનિક મકાનો પણ સહિયારી

સાસુ જેવાં જ હોય છે. એકાદ ભીંતમાં તરડ પડી હોય; છાપરાનાં નળિયાં ખસી ગયાં હોય; જમીનમાં લીંપણ ન હોય એટલે રસ્તે જતા સાધુઓ, ફકીરો અને સિપાઈસપરાં ત્યાં કદાચ પડી રહે. અમલદારોએ કોઈના ખાનગી મકાનમાં ઊતરવું નહિ એવા સખ્તાઈ ભરેલા હુકમો આપનાર ઉપરી અમલદારો જ બાજી પટેલની ઓસરીમાં મુકામ નાખતા; અને રોકડા પૈસા આપી 'બિલ' ચૂકવ્યા વગર કોઈનું સીધું ગ્રહણ કરવું નહિ એમ હાથ નીચેના નોકરોના મન ઉપર સિદ્ધાન્ત ઠસાવનાર અમલદારો જ પૈસા આપ્યા વગર જ 'બિલ' અને તેની પાવતી લઈ લેતા. ચારે પાસ પથરાયેલા નીતિના આવા હુકમો કાગળોની શોભારૂપ બની રહે છે. એટલે અંતે આ ગામ માટે તો એક નિયમ જ સ્થિર થઈ ચૂક્યો હતો કે અમલદારોનો મુકામ બાજી પટેલને ઘેર જ રહે, રસોઈ પણ તેમને ત્યાં જ થાય, અને અમલદારોના બાહોશ ટેવાયેલા કારકુનો બિલ પાવતી ઉપર બાજી પટેલની સહી લઈ પોતાની સાર્વજનિક પ્રામાણિકતાના પુરાવાઓનો ઢગલો ભેગો કરતા જાય.

ગામનો પટેલ ભણેલો અને હોશિયાર હતો. ભારતના ભણતરે ભારતને હજી સુધી ઉજાળ્યું હોય એમ બહુ દેખાતું નથી; પછી એ ભણતર નીચું હોય કે ઊંચું, દેશમાં લીધું હોય કે પરદેશમાં લીધું હોય. પટેલ ભણતર અને હોંશિયારીનો ઉપયોગ પોતાની મિલકત વધારવામાં અને પટલાઈની જવાબદારીઓ ઘટાડવામાં કરતો. બાજી પટેલને ઘેર બધી સગવડ થતી એટલે પટેલની પોતાની પણ ઘણી ઘણી સગવડ અમલદારો સાથે થઈ જતી. બાજી પટેલનું મહત્ત્વ વધે એમાં ગામના પટેલને જરા ય હરકત ન હતી; ઊલટું એ જેમાં તેમાં બાજી પટેલને આગળ કરી તેમનું માન વધારતો.

ગ્રામજનતાની સ્થિતિ સુધારવાના પ્રયત્નો અંગ્રેજ રાજઅમલથી થતા ચાલ્યા આવે છે. સારા પગારથી જેમની સ્થિતિ સુધરી ચૂકી હોય છે એવા અમલદારો ચક્રવ્યૂહ નિત્ય રચાતો જ જાય

છે. ખેતી સુધારવા માટે, પશુપક્ષીની જાત સુધારવા માટે, ઓજારોને, હળવાં અગર ધારદાર બનાવવા માટે, જમીનનું ધોવણ અટકાવવા માટે, ગામડાંનું આરોગ્ય સાચવવા માટે, સચવાયલા આરોગ્યની છબીઓ પાડવા માટે, પાણી વધારવા માટે, અને ખાસ કરી ગામડાની ગરીબી ટાળવા સહકારી મંડળીઓ રચી ચૂસણનીતિ દ્વારા ગબ્બર બનેલા શાહુકારોના દેહફુગાવાને ચપ્પટ બનાવવા માટે– એમ ગામડાંની આસપાસ રચાતા અમલદારી ચક્રવ્યૂહથી ગામડાંની સ્થિતિ કેટલી સુધરી એ તો ગામડાંનો ચહેરો કહી ઊઠે એમ છે. ભણતરની શરમભરી નિષ્ફળતાના નમૂના સરખા શિક્ષિત યુવાનો સારા કૃષિકાર કે સારા ગ્રામવાસી બનવાને બદલે નગરનિવાસી નોકરો બની પછી ગામડાંની સ્થિતિ ઉપર નિવેદન કરવા પધારે છે અને સુધરેલી ખેતી, નવી ઢબનાં ઓજારો, કરકસર તથા સહકાર સંબંધમાં લોકોનું જ્ઞાન વધારી એ જ્ઞાનનું શું પરિણામ આવ્યું એ વિચાર્યા વગર પાછા બીજે ગામે પોતાનો હલ્લો લઈ જાય છે.

એવા એક અમલદારની વાણી તથા આગ્રહને વશ થઈ બાજી પટેલની આગેવાની નીચે એક સહકારી મંડળી સ્થાપવામાં આવી. સહકારી મંડળીમાં સાંકળિયા, જામીન અને ધિરાણ શબ્દ વારંવાર આવ્યા કરે છે. પંદર માણસોની મંડળી નીકળી. એમાંથી ચૌદ માણસોએ મંડળીનું નાણું લઈ સુધરેલી ઢબની ખેતી માટે પ્રયત્ન કરવા પ્રતિજ્ઞા લીધી, જે નાણાંમાંથી થોડો ભાગ પટેલને એની મહેનતના બદલામાં મળ્યો અને બાકીનો ભાગ શાહુકારનાં જૂનાં દેવાં પેટે અપાઈ ગયો. ખેતીનો સુધારો અધ્ધર રહી ગયો. આકાશવૃત્તિ ચાલુ રહી અને શાહુકારો ઉપરાંત ગામને માથે સહકારી મંડળી નામનો એક નવો લહેણદાર ઊભો થયો.

લહેણદાર વાણિયો હોય, બેંક હોય કે મંડળી હોય : એ ત્રણેની શરમહીન ક્રૂરતા સરખી જ હોય છે. વર્ષ વીત્યું, બે વર્ષ વીત્યાં, ત્રણ વર્ષ થયાં, છતાં વ્યાજ કે મુદ્દલમાંથી કોઈ દેણદારે પૈસો આપ્યો

નહિ. એટલું ન નહિ, કેટલાક દેણદારો શહેરમાં મજૂરી કરવા ચાલી નીકળ્યા, કેટલાક ચારે ધામની યાત્રાએ નીકળી ગયા; એકબે દેણદારોએ સંન્યસ્ત લીધું અને જે ગામમાં રહી ગયા તેમની પાસે ખેતીનું સાધન ન હોવાથી તેમની જમીનમાં માત્ર ઘાસ જ ઊગવા લાગ્યું; પરંતુ એથી લેણદાર પોતાના પૈસા મૂકી દે એમ બનતું નથી. જે અમલદારના આગ્રહથી મંડળી નીકળી હતી એ જ અમલદારના હુકમથી પૈસા વસૂલ લેવા ફરમાન નીકળ્યું, અને એ ફરમાન એટલું વ્યાપક હતું કે મંડળીના પંદરે સભ્યો પાસેથી – વ્યક્તિગત રીતે જેની પાસેથી મળે તેની પાસેથી – એ લહેણું વસૂલ કરવું. પંદરમાંથી ચૌદ માણસોએ મંડળીના પૈસા લીધા હતા. પૈસા ન લેનાર પંદરમા સભ્ય બાજી પટેલ હતા. ચૌદ સભ્યો પાસેથી પૈસા મળે એવું કશું દેખાયું નહિ, એટલે સાંકળિયા જામીનગીરી અંગે એ ચૌદ દેવાદારોનું દેવું બાજી પટેલ પાસેથી વસૂલ કરવામાં આવ્યું, કારણ તેમની પાસે મિલકત હતી. બાજી પટેલની જમીનો વેચાઈ – જેમાંથી કેટલોક ભાગ ખંધા ગામપટેલે રાખી લીધો; એકબે ડેલા વેચાયા અને પત્નીનાં થોડાં ઘરેણાં હતાં તે પણ વેચાઈ ગયાં.

બાજી પટેલ આ અણધારી આફતથી મૂઢ સરખા બની ગયા. બીજાની સ્થિતિ સુધરવાને બદલે સુધરેલી સ્થિતિવાળા બાજી પટેલની સ્થિતિ બગડી ચૂકી. સ્થિતિ સુધારવાને નામે આ કયો આફતનો ગબ્બારો દેશ ઉપર ઊતરી આવ્યો છે તેની સમજ બાજી પટેલને પડી નહિ. ચૌદ નાદારોને સધ્ધર બનાવવાના પ્રયત્નમાં પંદરમા સધ્ધર બાજી પટેલ પણ નાદારીને કિનારે આવી ઊભા રહ્યા. સારા કૃષિકારથી ખેતી પણ હવે સારી થઈ શકી નહિ. કેટલી યે સરસ જમીન તેમના હાથમાંથી ચાલી ગઈ હતી. દિવસરાત, ખેતી કરતાં અગર ઢોરને પાણી પાવા જતાં તેમના હૃદયને ધડકાવી નાખતો એક પ્રશ્ન ખટક્યા જ કરતો :

'નથી મેં પૈસો લીધો; છતાં મારે બીજાનું દેવું આપવાનું ?'

એથી પ્રશ્ન આગળ વધતો :

'બીજાનું દેવું પણ હું આપી દેત...જો મને પાંચસાત વર્ષ વધારે મજૂરી કરવા દીધી હોત તો...પણ આ તો મજૂરી કરવા માટે મારી જમીન પણ તેમણે ક્યાં રહેવા દીધી ?'

'સોનાના ટુકડા સરખી મારી જમીન...ગઈ...ક્યારે પાછી મળશે ?'

વિચારમાં અને વિચારમાં શૂન્ય બની ગયેલા આ સફળ ખેડૂતથી ખેતી પણ થતી નહિ. ઊંચકેલો પાવડો કેટલી યે વાર હાથમાં જ રહી જતો. બી વાવતાં વાવતાં એક જ સ્થળે બધાં જ બી પડી જતાં. કોસ હાંકતાં હાંકતાં પાણી બીજી જ નીકમાં વહી જતું. ધીમે ધીમે તેમનો ખોરાક પણ ઓછો થઈ ગયો.

લોકો તેમની મશ્કરી કરતા બની ગયા. તેમાં યે ગામનો પટેલ તો મોઢે મીઠું બોલી પાછળ એવી ટીકાઓ કરતો કે જે સાંભળી ન જાય : 'મોટો ગામ સુધારવા બેઠો હતો...સુધાર હવે તારી જાતને !' 'બે અમલદારોએ બોલાવ્યા એટલે ફુલાઈને ફાળકો બની ગયા !' 'એને તો સારી ખેતી માટે રાજપોશાક મળ્યો હતો... હવે એ પોશાક વેચવા કાઢજે, બચ્ચા !' આ અને આથી યે કડવી વાણીના ભણકારા તેમને કાને પડ્યા કરતા હતા.

જમીન વધારે રહી નહિ એટલે બાજી પટેલના બે મોટા દીકરા શહેરમાં મજૂરીએ ચાલ્યા ગયા. કામ કરનાર મજૂરોની પણ હવે જરૂર રહી નહિ. જરૂર હોય તો ય તેમને આપવા જેટલા રોકડા પૈસા હવે રહ્યા નહિ. વગરજરૂરના વધારાના બળદો પણ વેચી નાખવા પડ્યા અને નિરુપયોગી પડેલાં કેટલાં યે ઓજારો પડોશીઓ છાનેમાને બળતણ બનાવવા ચોરી ગયા. સારી સ્થિતિમાંથી નીચે ઊતરી આવનાર પ્રત્યે સહાનુભૂતિ ઊપજે એવી માનવતા હજી માનવજાતે કેળવી નથી. પરાઈ પડતીમાં આનંદ લેવાની બર્બરતા એ માનવીનું સામાન્ય લક્ષણ છે—શહેરમાં તેમ જ ગામડામાં. બાજી પટેલે ગામમાં કેટલાં

યે માણસોને સહાય કરી હતી. એ સહાય અનુભવી ચૂકેલા માણસોનાં મન પણ બાજી પટેલને જોતાં ઉચ્ચારણ કરી ઊઠતાં :

'લે, ખાતો જા! બેસફાળિયાં બાંધીને ફરતો હતો તે!'

દયા એ માનવીનું ભાગ્યે જ લક્ષણ હોય.

શરમ પણ માનવીનું લક્ષણ હોય એમ દેખાતું નથી. તેમાં યે માનવી સરકારી નોકર કે અમલદાર બને ત્યારે તેણે શરમને જડમૂળથી બાળી દેવી એવો એક અલિખિત કાયદો પણ હોય એમ દેખાય છે. બાજી પટેલને આર્થિક ખોખું બનાવી દેનાર અમલદારો હજી ઊતરતા હતા બાજી પટેલની ઓસરીમાં જ. ઘણી ઘણી ચીજો વેચ્યા છતાં અમલદારોને ઉપયોગી થઈ પડે એવી ચીજો હજી બાજી પટેલે સાચવી રાખી હતી. તેમની ઘણી જમીનો અને ઢોર સહકારી મંડળીના દેવા પેટે વેચનાર અમલદારો પણ હજી આવતા હતા બાજી પટેલને જ ઘરે. મંડળી કાઢવામાં બાજી પટેલની ભારે જવાબદારી સમજાવ્યા વગર તેમને આગેવાન બનાવનાર અમલદારો દિલગીર થઈ પોતાને બદલે ગામના લોકોનો દોષ કાઢતા :

'બાજી પટેલ! ગામના લોકોએ તમને ભારે દગો દીધો!'

'ભગવાનની મરજી...' બાજી પટેલનો જવાબ સહુને અનુકૂળ હતો.

'મેં તો તમને બચાવવા બહુ મંથન કર્યું, પણ મારું ન ચાલ્યું. એટલે...' અમલદારો માનવીને ગરદન મારીને પણ તેને બચાવ્યાનું આશ્વાસન લે ખરા, અને ગરદન મારેલા માનવીને જ ઘેર સ્વસ્થતાપૂર્વક મિષ્ટાન્ન જમે પણ ખરા! અંતે બાજી પટેલને ખાવાપીવાના પણ સાંસા પડવા લાગ્યા. શહેરમાં ગયેલા દીકરાઓ મજૂરીમાંથી જે કાંઈ બચતું તે મોકલતા. ખેતીમાં હવે પટેલનું જરા ય ચિત્ત લાગતું નહિ. તેમનાં પત્ની અને તેમની આઠદસ-વરસની દીકરી રહ્યાસહ્યા એકાદ ખેતરમાં કાંઈ વાવેતર કરતાં, ખાતરપાણી વગરની ખેતીમાંથી જે પાકો–અનાજ ઊપજતું તેનો ઉપયોગ કરતાં,

અને ઘાસ વાઢી લાવી ગાયનું પોષણ કરતાં. ઢોરઢાંકમાં હવે માત્ર એક ગાય જ રહી હતી.

ગાયને અને બાજી પટેલની દીકરી ચંચીને ભારે બહેનપણાં હતાં. ગાયને થાબડતાં થાબડતાં ચંચળ ગાય સાથે આખી દુનિયાની વાતો કરતી હતી અને ગાય ધ્યાન આપીને તે સાંભળતી પણ હતી. ધોળી ગાયનું નામ એ વાછરડી હતી ત્યારથી 'ગોરી' રાખ્યું હતું. પરંતુ હવે તો 'ગોરી' ને પણ બે વાછરડીઓ થઈ હતી. પહેલી વાછરડી મરી ગઈ ત્યારે ગાયે અને ચંચળે ભારે કલ્પાંત કર્યું હતું. પરંતુ ગરીબીનાં કલ્પાંત આંસુ ભેગાં સુકાઈ જાય છે. બીજી વાછરડી આવી ત્યારે ચંચળને જરા દુ:ખની કળ વળી, અને તેણે વાછરડીને ઉછેરવા અને સાચવવા ભગીરથ પ્રયત્નો આદર્યા. એક દિવસ વાછરડીને રમાડી રહી ચંચળે ગાય પાસે ઊભાં રહી તેના દેહ અને મુખ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું :

'જો ગોરી ! આ વખતે બહુ પાક્યું તો નથી; ઊતરાયણને દહાડે તને ઘૂઘરી ખવડાવવા થોડી બાજરી રાખી મૂકી છે, હો !'

ગાયે જવાબમાં કાન હલાવ્યા અને વાછરડીએ નાનકડી બરાડ મારી.

'અરે, બાઈ ! તને આપીશું. શાની બૂમો પાડે છે ?...અને જો, જરા કૂદાકૂદ ઓછી કર. ભાઈના પૈસા આવશે તો આ મહિને એક સરસ ઘંટડી તારે ગળે બાંધીશ...જો. ગોરી ! આ તારી વાછરડી જંપતી નથી અને તોફાન કર્યા કરે છે.' ચંચીની ફરિયાદના જવાબમાં ગાયે પૂંછડી ફટકારી.

'જો, તને પણ તારી દીકરીનો વાંક વસતો નથી; ખરું ? યાદ રાખજે. વાછરડી માટે જરા ય દૂધ નહિ રહેવા દઉં...આંચળમાં.'

ગોરીએ આખા દેહની ચામડી થરથરાવી અને ચંચળના દેહમાં પોતાનું મુખ સમાવી દીધું,

ગાયના મુખને પકડી પંપાળી શીંગડાં ઉપર હાથ ફેરવી ગાયના

ગળાની ઝૂલને રમાડતી ચંચીએ કહ્યું :

'નહિ નહિ, ગોરી ! ખોટું લાગ્યું ? બો ! મારી બહેન નહિ ? વાછરડી ધરાય એટલું દૂધ એને પીવા દઈશું, હો ! ચાલ, સામે જો ...અને હસી પડ !' કહી ચંચળ હસી અને ગાય સામે જોઈ રહી. ગાય હસી કે નહિ એની દુનિયાને ખબર ન પડી; પરંતુ ચંચળે તો માન્યું જ કે ગોરી એની સામે જોઈ હસી રહી છે. વધારામાં ગાયે જીભ વડે ચંચળનો હાથ ચાટ્યો અને ચંચળનો આખો દેહ પુલકિત બન્યો. આનંદમાં આવેલી ચંચળ ઓસરીમાં દોડી ગઈ અને ચૂલા પાસે બેઠેલી પોતાની માતાને આંખ લૂછતી નિહાળી જરા ચમકી ગઈ. માતાપિતાને ચંચળે કદી કદી દુઃખી જોયેલાં; પરંતુ આંસુ લૂછતાં કદી નિહાળ્યાં ન હતાં.

'મા, ધૂણી બહુ આવી ? ખસી જા. હું રોટલા ઘડી નાખું.' નાની ચંચળે કહ્યું.

માતાની આંખમાં લાકડાં છાણાંની ધૂણી ન હતી; જીવનનું કોઈ હળાહળ તેની આંખને પીડી રહ્યું હતું. પટલાણીના કંઠમાં રુદન હતું. ગાયની સાથે રમી આવલી ચંચળ પ્રથમ તો કાંઈ બોલી શકી નહિ. અંતે તેણે પૂછ્યું :

'મા ! શું થયું ?'

'કાંઈ નહિ, બેટા !' માબાપ પોતાનાં દુઃખ ભાગ્યે જ પોતાનાં બાળકો આગળ મૂકે છે.

'ત્યારે તું રડે છે કેમ ?'

'મારા નસીબને રડું છું, દીકરી !'

'ભાઈઓ કમાય છે...બાપુની દવા કરીશું એટલે એ હતા તેવા પાછા થઈ જશે.' નાની વયને કશું અશક્ય લાગતું નથી. ચંચળના ભાઈઓ શું મોકલતા હતા તે મા જાણતી હતી અને શૂન્ય મનવાળા બાજી પટેલ હવે કાંઈ જ કરી શકતા ન હતા. આંખની પાંપણ હલાવ્યા વગર આકાશ સામે કાં તો તેઓ બેઠા

બેઠા જોઈ રહેતા હતા, અગર શવાસન કરી મોતને આમંત્રણ આપતા હોય એમ સૂઈ રહેતા. અત્યારે તેઓ પાસેના તૂટેલા ખાટલામાં પડી રહ્યા હતા.

'દીકરી ! તને શી ખબર ? આજ તો આ ગાય વેચીશું ત્યારે રોટલો પામીશું.' માએ કહ્યું. દુઃખમાં દટાયેલાં વડીલો બાળકોને પોતાનાં દુઃખ કદી કહી દે છે પણ ખરાં !—જોકે બાળકો એ નહિ સમજે એવું આશ્વાસન તેમને હોય છે ખરું; પરંતુ આ સૂચન ચંચળ ન સમજે એમ ન હતું.

'ગોરીને વેચી દેવી છે ?' ઘા પડ્યો હોય એવા દુઃખથી ચંચળે પૂછ્યું.

'હા, તારા બાપે એ નક્કી કર્યું છે.'

'મા ! ગોરીને ના વેચશો ને ?'

'તો આજ જમીશું ક્યાંથી ?'

'આજ ઉપવાસ કરીએ.'

'કેટલા દિવસ ઉપવાસ થશે ?'

'પણ મા...! એ પૈસા પણ ખૂટી જશે ત્યારે ?' કેટલીક વાર બાળકો મોટા અર્થશાસ્ત્રી બની જાય છે.

'ત્યારે હું તને લઈને કૂવે પડીશ.' પટલાણીએ ગરીબીનો છેલ્લો ઉપાય સૂચવ્યો. સૂઈ રહેલા બાજી પટેલ શવાસન બદલી પડખે સૂતા. તેઓ કશી પણ વાતચીત બુદ્ધિપૂર્વક સાંભળતા ન હતા એમ આખા ગામે માની લીધું. પટલાણી પણ એમ જ માનતાં થઈ ગયાં હતાં.

'ભલે, મા ! પણ વાછરડી તો આપણી પાસે જ રહેશે ને ?' બાળકી ચંચળે પૂછ્યું. હજી એને સાથે લઈ કૂવે પડવાની માતાની સૂચનામાં કેટલું દર્દ ભર્યું હતું તેનો પૂરો ખ્યાલ ચંચળને ન હતો. ગાય જતાં તેના દેહનો કકડો જતો રહે એમ ચંચળને લાગ્યું; પરંતુ વાછરડી રહે તો જીવતાં રહેવાય એમ તેને લાગ્યું. બાળકીના

ભોળપણનો ઘા માતાને વાગ્યો. છતાં તેણે કહ્યું :

'ગાય વગર વાછરડી ન રહે; બે સાથે જ વેચાય.'

ચંચળને લાગ્યું કે વાછરડી સાથે તેનો પોતાનો પણ જીવ ચાલ્યો જશે. તેણે છેલ્લો પાસો નાખી જોયો :

'મા !'

'અત્યારે મને બહુ બોલાવીશ નહિ. હું તને–ને આખી દુનિયાને –મારી બેસીશ !' દુ:ખી માતાપિતાની દુ:ખઝાળ બાળકોને પણ દઝાડે છે. બાળકોને પડતી ધોલ ઘણી વાર કોઈ અદશ્ય વ્યક્તિને માટે નક્કી કરી મૂકેલો પ્રહાર હોય છે.

'હું તો એટલું કહેતી હતી કે બાપુ ગાયના શુકને કામે જાય તો બધું દુ:ખ ના ટળે ?' માએ પુત્રીના વહેમી સૂચનનો કશો જવાબ આપ્યો નહિ. માત્ર એટલું જ તેણે કહ્યું :

'હવે તું જા ! તારે કામે લાગ.'

પરંતુ ચંચીને બીજું કાંઈ કામ જ ન હતું. એને કાંઈ કામ ન હોય એટલે ગાય પાસે આવી વાતો કરે. એને ટેવ પડી હોવાથી તે ગાય પાસે તો ગઇ; પરંતુ ગાયની સાથે વાત કરતાં તેને ફાવ્યું નહિ. જે ગાયને વેચી દેવાની હોય તેની સાથે શું મુખ લઈને વાત કરે ? ગોરીની જાણે એ ગુનેગાર હોય તેમ તેની પાસે આવીને ઊભી રહી, અને તેને કાને બહુ દિવસે બાજી પટેલનો સાદ પડચો. થોડાં વર્ષોથી કાંઈ ન બોલતા બાજી પટેલ પોતાની જૂની ઢબે કોઈ સાથે વાતો કરતા સંભળાયા.

'એ ન બને, શેઠ !' બાજી પટેલે કહ્યું.

'પણ તમે મને બોલાવ્યો શું કામ ?' ગામના એક શાહુકારનો કંઠ ઓળખાયો.

'માફ કરો, મારી ભૂલ થઈ.'

'જુઓ, બાજી પટેલ ! હું આપું છું એટલી ગાયની કિંમત કોઈ નહિ આપે.'

'પણ આપણે તો ગાય વેચવી હોય તો ને ? ગાય વેચું તો હું મારી દીકરી વેચું ! એ ન બને.'

'જોજો હો, બંને વેચવાની વારી ન આવે !'

'શેઠ ! એક વાર બોલ્યા તે જવા દઉં છું. ફરી બોલશો તો જીભ ખેંચી નાખીશ. મરેલો બાજી પટેલ હવે જીવતો થાય છે એ ભૂલશો નહિ.' આખા ગામમાં એક વાર જેની હાક વાગતી એ બાજી પટેલ વર્ષોથી બુદ્ધાવતાર ધારણ કરી બેઠા હતા. એ અવતાર ખંખેરાઈ જઈ જૂના બાજી પટેલ જાગતા થયા હોય એવો તેમનો શબ્દરણકાર રણકી રહ્યો.

'પણ આ તો તમે બોલેલા ફરી જાઓ છો. બાજી પટેલ એવું ન કરે.' ગાય ખરીદવા આવેલા શેઠે છેલ્લો પાસો નાખી જોયો. બાજી પટેલનો બોલ ચાંદાસૂરજની સાખ સરખો ગણાતો હતો.

'કાલે કળજુગ મારી જીભે આવી બેઠો હતો, શેઠ ! તમને શરમ નથી આવતી કે તમારી પાઈએ પાઈ ચૂકવી આપનાર બાજી પટેલની ગાય લેવા આવ્યા છો ? સો વાતની એક વાત. ગાય વેચીશ તે દહાડે જીભ કરડી હું મરી જઈશ.' બાજી પટેલ બોલ્યા. ગાય પાસે ઊભી રહી આ વાત સાંભળતી ચંચળ ગાયને ગળે વધારે ને વધારે વળગતી જતી હતી. તેની પાસે થોડી વારમાં બાજી પટેલ આવ્યા અને બોલ્યા :

'ચંચી ! તારી મા પાસેથી કંકુ લાવ ને ?'

'કેમ બાપુ ?' બાજી પટેલમાં આવેલા નૂતન ચૈતન્યને નીરખી હરખાતી ચંચીએ કારણ પૂછ્યું.

'આ ગોરીના શુકન લઈ આજ હું બહાર નીકળું છું. આપણાં ગયેલાં ખેતરો પાછાં ખેંચી લાવીશું ને ?' બાજી પટેલ દીકરીને માથે હાથ ફેરવતાં બોલ્યા. દીકરીની વાત સાંભળી તેમના પક્ષઘાત પામી ગયેલા હૃદયમાં નવું બળ આવ્યું હતું. સૂતાં સૂતાં એમણે નિશ્ચય કરી લીધો હતો કે ગાય કદી વેચાય નહિ...અને ગાયને શુકને બહાર

નીકળતાં તેમની આખી સૃષ્ટિ બદલાઈ જશે.

ચંચળ કંકુ લઈ આવી. ગાયને ચાંદલો કરી બહાર નીકળેલા બાજી પટેલના પગ જોરમાં ઊપડવા લાગ્યા. મૂઢ બની ગયેલા બાજી પટેલનો હોકારો ગામને ગજવી રહ્યો.

આ વાર્તા નથી, હકીકત છે. બાજી પટેલ જ નહિ પણ એ ગામના ઘણા લોકોએ મને કહેલી એ સાચી વાત છે. આજ તો પાછા બાજી પટેલ ગામના આગેવાન બની બેઠા છે. અમલદારો હજી એમને ઘેર જ ઊતરે છે. હું પણ એક સહકારી ખાતાના અમલદાર તરીકે ગામમાં મંડળી કાઢવાનો બોધ કરવા આવ્યો હતો; બાજી પટેલને મંડળી કાઢવા હું આગ્રહ કરી રહ્યો હતો તે વખતે તેમણે મને આ હકીકત ટૂંકાણમાં કહી અને પગે લાગી મને જણાવ્યું :

'સાહેબ! બીજું જે કહો તે કરું; પણ હવે મંડળી કાઢવાની વાત નહિ.'

'પટેલ! તમે ભૂલો છો. વિના સહકાર નહિ ઉદ્ધાર!' મેં સૂત્ર કહ્યું.

'એક શરતે મંડળી કાઢું. આપ નોકરી છોડી અમારા સભ્ય બનો અને અમારી મંડળી ચલાવી આપો તો!'

પરંતુ પગાર અને પેન્શનનો વિચાર કરી બાજી પટેલની માગણી હજી હું સ્વીકારી શક્યો નથી. 'વિના સહકાર નહિ ઉદ્ધાર'નું સૂત્ર હું બધાંયને સમજાવું છું—માત્ર બાજી પટેલ આગળ હવે હું એ સૂત્ર ઉચ્ચારતો નથી.

# ચોરી શાની ?

૧

ત્રીસેક વર્ષના મદને જ્યારે એક દોરડાની ચોરી કરી ત્યારે તેની આસપાસ રહેતાં પાડોશીઓને ભારે નવાઈ લાગી. કેટલાક પડોશીઓ હસતા હતા : ' કાંઈ નહિ ને છેવટે દોરડાની ચોરી ? ' એવો તેમના હાસ્યનો ભાવ હતો. કેટલાક પડોશીઓ ગુસ્સે થયા. તેમના ગુસ્સાનો ભાવ એ હતો કે આજ દોરડાની ચોરી કરનાર મદન કાલે બીજી વધારે મોટી ચોરી કરશે. પડોશમાં ચોરને કેમ સહી લેવાય ? જેના વાડામાંથી મદને દોરડું ચોર્યું હતું તેના ગુસ્સાનો તો પાર હતો નહિ. તેણે અંધારા પ્રભાતમાં મદનને પોતાના ઘરમાંથી દોરડું ઊંચકી જતાં જોયો હતો, એટલું જ નહિ પણ તેની પાછળ ધીમે ધીમે જતા એ પડોશીએ મદનને એ દોરડું મદનના ઓટલાની ઊંચી ખીંટીએ બાંધતાં પણ જોયો હતો : એટલું જ નહિ પણ તેને પકડ્યો હતો એમ કહીએ તો ચાલે.

નવાઈ જેવી વાત તો એ હતી કે મદનને તેના પડોશીઓએ ચોરી કરતાં પકડ્યો ત્યારે મદને એ ચોરી નફટાઈથી કબૂલ પણ કરી. આવી નફટાઈથી ચોરી કરનાર પડોશીને તેની પડોશમાં રહેનાર

માણસો પોલીસને સ્વાધીન કરે એમાં નવાઈ પણ શી ? વધારે નવાઈ તો એ હતી કે મદન સારું ભણેલો ગણેલો યુવક હતો. એક વાર સારી આશા આશા આપતો યુવક જણાતો હતો. તેણે નોકરી પણ વારંવાર કરેલી હતી અને બીજી સર્વ રીતે તે અત્યંત નિરુપદ્રવી માનવી તરીકે જાણીતો હતો. ચારેક વર્ષથી મદન કોઈ સ્થિર નોકરી કરી શકતો નહિ અને આખા પડોશમાં એકલવાયા માનવી તરીકે ઓળખાતો હતો; પરંતુ એ દોરડા જેવી વસ્તુની ચોરી કરશે, ચોરી કરતાં પકડાશે અને પકડાયા પછી એ ચોરી કબૂલ કરશે, એમ માનવાને કોઈ તૈયાર ન હતું.

છતાં જ્યારે તેણે નફટાઈથી ચોરી કબૂલ કરી ત્યારે પડોશીની જુદી જુદી ઓરડીઓ અને મકાનોના માલિકોને એકાએક ભાન થયું કે તેમના ઘરમાં કોઈ કોઈ વાર થયેલી ચોરી મદને જ કરી હોવી જોઈએ. એક પડોશીએ કહ્યું કે તેની ત્રાંબાકૂંડી ઓટલે મૂકેલી, એક ક્ષણમાં ઊપડી ગઈ હતી. બીજા પડોશીના બાળકનું એક ચાંદીનું ઝાંઝર એકાદ વર્ષ ઉપર કોઈએ કાઢી લીધેલું હતું તે જડયું જ ન હતું. ત્રીજા પડોશીનાં એક પછી એક ત્રણેક ધોતિયાં મોંઘવારીના સમયમાં ગુમ થયાં હતાં જેનો પત્તો હજી સુધી પડ્યો જ ન હતો. ચોથા પડોશીની પત્નીની ખોટાં મોતીની માળા ત્રણેક વર્ષ ઉપર ખોવાઈ હતી જેની ચોરી કોને માથે નાખવી તેની સૂઝ હજી સુધી તેને પડી ન હતી. તે હવે મદનને માથે નાખી અને ખોટાં મોતી સાચાં બની ગયાં. આમ કોઈની છત્રી ખોવાઈ હતી અને કોઈની લાકડી, કોઈના જોડા અને કોઈના દીવાના ગોળા ચોરાયલા સાંભરી આવ્યા; અને સહુને એકાએક લાગ્યું કે મદન જ આ બધી વસ્તુઓનો ચોર હતો. એક પડોશીના સો રૂપિયાની નોટ પણ તેના ખિસ્સામાંથી ગુમ થઈ હતી અને તે આ દોરડું ચોરનાર મદને જ ચોરી લીધી હતી એમ હવે તેને શંકા પડી–શંકા નહિ, ખાતરી જ થઈ ગઈ.

નિરુપદ્રવી–નિર્દોષ માનવીમાં હવે સહુને એક જીવતો જાગતો ભયંકર ચોર દેખાયો. કોઈની સામે મદન બહુ આંખ મેળવતો નહિ એ તેની ચોરવૃત્તિની નિશાની સહુને દેખાઈ. પડોશીને ત્યાં બહુ અવરજવર ન કરતો મદન હવે સહુને એક સંતાતો ફરતો ચોર દેખાવા લાગ્યો. તેની અવરજવરની અનિશ્ચિતતા અને કોઈને પણ મળવાની અનિચ્છા હવે સહુને એક ચોરનું લક્ષણ લાગી. હવે પછી આ દોરડું ચોરનાર વધારે મોટી ચોરી કરવા ન પ્રેરાય એ માટે તેને પોલીસને સ્વાધીન કરવાની સહુએ ઇચ્છા પ્રગટ કરી, એટલું જ નહિ પણ દોરડાની ચોરી સાથે આખા જીવનમાં થયેલી સહુની નાની મોટી ચોરી મદનને જ માથે નાખવામાં આવી. ગુમ થયેલી વસ્તુઓ પાછી મેળવવા અથવા પાછી ન મળે તો નવી વસ્તુઓ ગુમ ન થાય એવી સાવધાની તરીકે દોરડાની ચોરી સાથે સહુએ પોતપોતાની ચોરીઓ નોંધાવવાનું કબૂલ પણ કર્યું.

૨

મદન હવે પોલીસને સ્વાધીન થયો. ગુનેગારે પોલીસને સ્વાધીન થવું એટલે મૃત્યુની યાતનાને સ્વાધીન થયા બરાબર ગણી શકાય. મદનની દોરડાની ચોરી તો બહુ ક્ષુલ્લક ચોરી ગણાઈ. તેની તરફ પોલીસવાળા કંઈ ધ્યાન પણ ન આપત; પરંતુ દોરડાની સાથે બીજી ચોરીઓના આરોપ પણ તેની ઉપર મુકાયલા હોવાથી મદનને પોલીસ કબજે રહેવું પડ્યું અને જેમ જેમ પોલીસ તપાસ વધતી ચાલી તેમ તેમ ન પકડાયલી શહેર અને શહેર બહારની અનેકાનેક ચોરીઓનો સંબંધ મદન સાથે જોડાઈ ગયો. એટલું જ નહિ; પરંતુ હજી અનેકાનેક ભાવિ ગુનાઈત કૃત્યોના કેન્દ્રસ્થાન રૂપે મદન પોલીસને દેખાવા લાગ્યો. ગાંજાચરસની દાણચોરી, દારૂની આપલે, પેઢીઓમાં પડેલાં ખાતર અને મળસકે થયેલી કેટલી યે લૂંટમાં મદન જ પ્રેરણામૂર્તિ હોય એમ પોલીસનાં કામ કરવાવાળાને દેખાવા લાગ્યું પોલીસતપાસ

નીચે મદનને ન્યાયાધીશની પરવાનગી લઈ રાખવામાં આવ્યો અને નવાઈની વાત તો એ હતી કે મદન શાંતિપૂર્વક તેને માથે જે આરોપ મૂકવામાં આવે તે આરોપનો સ્વીકાર કર્યે જતો હતો. તપાસ કરનાર અમલદારોને પણ નવાઈ લાગે એવી સરળતાથી તેણે ભલભલા ગુના કર્યા છે એમ કબૂલ કરતાં મદને જરા યે સંકોચ સેવ્યો નહિ. ગુના કબૂલ કરાવવાની પોલીસખાતાની શક્તિનો કદાચ તેને પરિચય થયો પણ હોય. એટલે પોલીસ જે માથે નાખે તેની હા પાડવામાં જ તેને તેની પોતાની સલામતી લાગી.

કેદખાનામાં મદનનું વર્તન આદર્શ હતું. તેની કંઈ માગણી ન હતી; તેને કશો વિરોધ ન હતો. તેની ભાષા સંસ્કારી હતી અને તેની આંખમાં ગુનેગારોને શોભે એવું તેજ કદી પણ ઝબકી જતું નહિ. પોલીસે અંગૂઠાઓની છાપ મેળવી, જૂના ગુનેગારોના ઇતિહાસ તપાસ્યા, શકદારોની યાદીઓ વારંવાર જોઈ નાખી, પરંતુ આટલા આટલા ગુના કબૂલ કરતો મદન અંગૂઠાની છાપમાંથી, સજામાંથી તેમ જ શકદારોની યાદીમાંથી સદંતર મુક્ત હતો એ પરિસ્થિતિ પોલીસના અનુભવી અમલદારોને પણ આશ્ચર્ય પમાડતી હતી. અર્ધ પકડાયલા ગુનાઓ કરનાર ગુનેગારો પણ મદનને ઓળખતા હોય એમ લાગ્યું નહિ. અને મદનની કબૂલાત છતાં મદનને માથે કેટલાક ગુના નાખવામાં આખા ગુનાની સાબિતી ઊડી જાય એવો પણ ભય પોલીસ અમલદારોને લાગવા માંડ્યો.

એથી પણ વધારે નવાઈ જેવી હરકત એ હતી કે મદન સારું ભણેલો માણસ નીકળ્યો. સારું ભણેલો માણસ ગુના ન કરે એવો કોઈ નિયમ નથી; છતાં કોઈ વખત સરકારી નોકરી, કોઈ વખત ખાનગી નોકરી, કોઈ વખત વર્તમાનપત્રના લેખક તરીકેની નોકરી અને કોઈ વાર શિક્ષકની નોકરી, એમ વિવિધ નોકરીઓ કરતા મદનથી આવા આવા ગુના કેમ થઈ શક્યા હશે એવો નવાઈ જેવો પ્રશ્ન તપાસ કરનાર અમલદારની માનસસૃષ્ટિમાં સતત ફરતો રહેતો.

તેણે આટલી બધી નોકરીઓ કેમ કરી અને કેમ મૂકી દીધી એ પરિસ્થિતિ મદનને ગુનાની શક્યતામાં હડસેલતી હતી. જોકે જ્યાં જ્યાં એ નોકર હતો ત્યાં ત્યાં પોલીસે તપાસ કરી, છતાં મદન વિરુદ્ધ ખાસ કંઈ જ ફરિયાદ ન નીકળી; માત્ર મદન અવ્યવહારુ, ધૂની અને એકમાર્ગી હતો અને આ દુનિયામાં સફળ થવાની તેનામાં લાયકાત ન હતી એટલી જ વાત આગળ આવતી.

પોલીસ-તપાસ નીચેનું તેનું વર્તન ઉપદ્રવરહિત હતું એ વાત સાચી; પરંતુ ગુનો કબૂલ કરવાની તેની સરળતા અધિકારીઓને માટે ચોંકાવનારી હતી. તેણે કબૂલ કરેલા ગુનામાં તેના તરફથી રજૂ થતી હકીકતોનો મેળ જરા ય પડતો નહિ એટલે તેના જવાબો, સાક્ષી–પુરાવા અને તેના આરોપ સંબંધીના કાગળો બહુ કાળજીપૂર્વક કરવાની સહુને જરૂર પડી. વર્તમાનપત્રોએ મદનને એક આકર્ષક ગુનેગાર તરીકે ચીતરી બતાવ્યો. એની ઉપર મુકદ્દમો ચાલતાં ઘણી ચોંકાવનારી વિગતો મળી આવશે એવા સંભવમાં મદનનું એક અદ્દ્ભુત રસવીંટ્યા મહાગુનેગાર તરીકેનું ચિત્ર જનતાના હૃદયમાં ચીતરાઈ ગયું અને અંતે એને અદાલત સમક્ષ ઊભો પણ કરવામાં આવ્યો.

૩

મદન અદાલતમાં ઊભો થયો અને લોકો ધારતા હતા તેના કરતાં જુદા જ પ્રકારની સનસનાટી ઊભી થઈ. તેનો જવાબ લેવાનો પ્રસંગ આવતાં તેણે દોરડાની ચોરી કબૂલ કરી; પરંતુ તે સિવાયની એક પણ ચોરીમાં તેનો હાથ હોવાની તેણે ધસીને ના પાડી. તે એક ગ્રેજ્યુએટ હતો એ વાત સાબિત થઈ; પરંતુ આટઆટલી નોકરીઓ છોડી દેવાનાં કારણો આપતાં તેણે અતિશય ચોંકાવનારી હકીકત રજૂ કરી.

મદન મહામુશ્કેલીએ અનેક દુઃખો વેઠી ગ્રેજ્યુએટ થયો. તે એક અતિ સામાન્ય સ્થિતિનો યુવક હતો છતાં ગ્રેજ્યુએટ હતો એટલે તેની

ગરીબી ન ગણકારતાં તેને કન્યા આપનાર તેની જ કોમનો એક માણસ તેને મળી ગયો હતો. કદાચ નાત–જાત ન હોત તો તેને આ રીતે પત્ની ન મળત. પત્ની તો મળી; પરંતુ સિફારસ ન હોવાથી તેમ જ કોઈનો ટેકો ન હોવાથી તેને નોકરી મળતાં ઘણો સમય વીતી ગયો. તેની ઉમેદો તો મોટી મોટી હતી. તેને દેશભક્ત થવું હતું, સમાજસેવક થવું હતું, નામના કાઢવી હતી, શોધખોળ કરવી હતી; પરંતુ બે ટંકના ખોરાકની શોધમાં તેની એકકે ઉમેદ બર આવે તેમ તેને લાગ્યું નહિ. અંતે સરકારી નોકરી મહામુસીબતે મળી; અને ત્યારે તેને લાગ્યું યે નોકરી મેળવતાં અને નોકરી મળ્યા પછી અપમાનના ડુંગર ચારેપાસ ઊંચા અને ઊંચા વધતા જ જાય છે. વગરદોષે તેને માથે ઢોળાતા દોષ અને તેનાં અપમાન અને શિક્ષા ખમતાં ખમતાં તેને એક જ આશ્રયસ્થાન દેખાયું; એ આશ્રયસ્થાન તે તેની પત્ની. એ પત્ની તેના સઘળા દોષને ગણકારતી ન હતી; તેના ઠપકા અને શિક્ષા પ્રસંગે તેને સતત આશ્વાસન આપ્યા કરતી હતી. સતત નિરાશામાં ડૂબતા મદનને સર્વદા પોતાનો હાથ આપી તેનું મસ્તક ઊંચું અને ઊંચું રાખવા મથતી હતી. જીવનમાં મદનને કાંઈ પણ રસ હોય તો તે તેની પત્નીને અંગે હતો. ત્રણચાર વર્ષ વીતી ગયાં અને તેની પત્નીએ કૌટુંબિક જીવનમાં તેને એક બાળક પણ આપ્યું; પરંતુ બાળક આપીને પત્ની માંદી પડી. માંદી પત્નીને જોવા જવા માટે મદને ઉપરી પાસે રજા માગી. રજા આપવાની ઉપરીને સગવડ ન હતી. મદનના કાલાવાલાની અસર પણ ઉપરી ઉપર ન થઈ. ઉપરીની એક જ શરત : નોકરી સાચવવી હોય તો પત્નીની સાચવણી બાજુએ મૂકવી; પત્નીની સાચવણી સાધવી હોય તો નોકરી બાજુએ મૂકવી. મદને રાજીનામું આપી નોકરીને બાજુએ મૂકી; પરંતુ પત્ની તેના આવવાની રાહ જોતી જીવ સંભાળી રહી હતી; મદનને જોઈ તેણે પોતાનો દેહ છોડી દીધો અને સંભારણામાં નાનું બાળક આપ્યું.

બાળકને મોસાળમાં સોંપી પત્નીના મૃત્યુનો શોક સમાવી તે ફરી પોષણ શોધવાને નીકળી પડચો. પત્ની પ્રત્યે તેને કેટલો પ્રેમ હતો અને પત્નીનું મૃત્યુ તેના આત્માને કેટલું શોષી રહ્યું હતું તે જાણવાની દુનિયાને દરકાર ન હતી. મહામુસીબતે એક ગામમાં શિક્ષક તરીકે તેને નોકરી મળી. વિદ્યાર્થીઓને તે પ્રિય થઈ પડચો; પરંતુ વિદ્યાર્થીઓને પ્રિય થઈ પડનાર શિક્ષક બીજા શિક્ષકોને પ્રિય થઈ પડતો નથી એની તેને ખબર નહિ, એટલે તેના સહશિક્ષકો અને તેના ઉપરીઓ તરફથી તેણે કલ્પેલી નહિ એટલી સતામણી થવા માંડી; અને જ્યારે શાળાઓના મહારાજા ઇન્સ્પેકટરનું રહેવાનું અને જવા-આવવાનું ભાડાખર્ચ તેને માથે નાખવાનો પ્રયત્ન થયો ત્યારે તેને લાગ્યું કે વિદ્યાવર્તુળમાં કલિયુગનું પૂરું ઝેર પ્રસરી ચૂક્યું છે અને શિક્ષકની નોકરી માટે તે લાયક નથી. તેણે શિક્ષકની નોકરી છોડી દીધી.

લખવા-વાંચવાનો તેને શોખ હતો, એટલે તેણે ધાર્યું કે લોકહિતનો મુદ્રાલેખ લઈ બેઠેલાં વર્તમાનપત્રોમાં તેના જેવા સાચા માણસને જરૂર સ્થાન મળશે. ખૂબ રખડપટ્ટી કરી થોડા દિવસ મફત કામ કરી તેણે વર્તમાનપત્રમાં જગા મેળવી. મહિનો, બે મહિના, છ મહિના, વર્તમાનપત્રમાં પોષણ મેળવતાં તેને લાગ્યું કે વર્તમાનપત્રોને પણ ખબરને અંગે, વિચારને અંગે અને રાજનીતિને અંગે ભાગ્યે જ સત્ય જેવી વસ્તુ સ્પર્શી શકે છે. મદનને સત્ય લાગતું હતું એ સત્ય એ આપ્યે જતો હતો; પરંતુ સત્ય આપવાની લઢણ એના કોઈ પણ ઉપરીને માફક આવતી નહિ; અને એ લઢણ એ ચાલુ રાખે તો તેનો વર્તમાનપત્રને જરા ય ખપ નથી એવી તેને સમજ આપી દેવામાં આવી. એ સમજથી ન સુધરેલા મદનને અંતે રજા મળી. તેના સારા અક્ષરોને અંગે તેણે મહામુસીબતે એક વેપારી પેઢીમાં સ્થાન મેળવ્યું. વેપારી પેઢીમાં પ્રવેશ કરતાં બરોબર તેને લાગ્યું કે હૃદયને ગૂંગળાવી નાખ્યા સિવાય, કહો કે મારી નાખ્યા

સિવાય તેનાથી એ પેઢીમાં નોકરી થઈ શકે જ નહિ. તેને હસતા તેના સાથીદારોએ તેને શિખામણ આપી કે એક પેઢી અને બીજી આ પેઢી વચ્ચે કશો જ તફાવત નથી, અને હૃદયને જાળવનાર માટે આ દુનિયામાં સ્થાન જ નથી.

મદને ઇન્સ્યોરન્સ કંપનીઓ શોધી, બેંકો શોધી ધર્મસ્થાનો શોધ્યાં, છતાં કોઈ પણ સ્થળે સત્યનો ખપ હોય એમ તેને લાગ્યું નહિ. ઈશ્વર ઉપર તેને શ્રદ્ધા હતી. છેલ્લી નોકરી છોડી તે પોતાની ઓરડીમાં આવી બેઠો અને ઈશ્વર ઉપર અને ઈશ્વરને ચરણે તેણે પોતાના સત્યને મૂકી દીધું. ઈશ્વર હોય અગર આ દુનિયાને સત્યની જરૂર હોય તો આપોઆપ તેને જીવતાં રહેવાની સગવડ મળશે એમ માની તે ઘરમાં જ બેસી રહ્યો. ઘરમાં કાંઈ પણ ખાવાનું હતું નહિ. એક દિવસ તેને ભૂખ ન લાગી; બીજે દિવસે તેના દેહે પોષણ માગ્યું. પાણીથી તેણે ભૂખને સંતોષવા પ્રયત્ન કર્યો. અર્ધો દિવસ તે પાણીથી ટકી રહ્યો. પણ રાતમાં ઈશ્વર ઉપરની તેની શ્રદ્ધા ઓછી થઈ, સત્ય ઉપરથી તેની આસ્થા ઘટી ગઈ અને તેને ચોરી, લૂંટ, મારફાડ, અને ખૂનના વિચારો આવવા લાગ્યા. આખી રાત આવા વિચારોમાં તેણે વિતાવી અને ઈશ્વરને અને સત્યને તેણે વારંવાર સહાયે આવવા હાકલ કરી. ન ઈશ્વર તેને દેખાયો, ન સત્ય તેને દેખાયું. ભૂખથી વ્યથિત થયેલો મદન પ્રભાતમાં ઓળખીતા વ્યાપારીને ત્યાં ખોરાકની વસ્તુ લેવા ગયો અને તેણે ભૂલથી કહ્યું કે માલની કિંમત તે બીજે દિવસે આપી શકશે. ઓળખીતા વેપારીએ હસીને ઉધાર માલ આપવાની ના પાડી. એક ઓળખીતાને ત્યાં જઈ તેણે પાંચ રૂપિયા ઉછીના માગ્યા; તે જ દિવસે એ ઓળખીતાના બધા પૈસા ખલાસ થયા હતા અને ચારઆઠ આના શોધવાની વેતરણમાં એ ઓળખીતો જાતે જ પડ્યો હતો. આખો દિવસ તેના દેહે તોફાન કર્યું. તોફાન કરી રાત્રે તેનો દેહ થાકી ગયો અને મધરાત પછી મદનને એમ લાગ્યું કે આવા નિરર્થક, નિર્માલ્ય, શબવત્ બની ગયેલા દેહને હવે

તે ક્ષણભર ટકાવી રાખી શકશે નહિ. છતાં દેહ આત્માને છોડતો ન હતો. પ્રભાતની એક ઠંડી લહર આવી. તેના આત્માએ દેહને દૂર કરવા માટે સહજ બળ મેળવ્યું અને તેણે ઘર બહાર પગ મૂક્યો. દસ ડગલાં આગળ વધ્યો નહિ હોય એટલામાં મદને પડોશીના ઓટલા ઉપર એક દોરડું પડેલું જોયું. દેહને દૂર કરવાનો સફળ માર્ગ એમાં તેને દેખાયો. પડોશીના ઓટલા ઉપરથી તેણે દોરડું ઉપાડયું, પોતાની ઓરડીએ આવી ઉપરની ખીંટીએ દોરડું બાંધ્યું અને પોતાના ગળાને માફક આવે એવો ગાળો કરીને દોરડા ઉપર લટકી જવાની તૈયારી કરતો હતો ત્યાં જ તેના પડોશીઓએ આવી તેને ચોર તરીકે જગતમાં જાહેર કર્યો. આ માનવીને દુનિયામાં આપઘાત કરવા માટે પણ દોરડું મળ્યું નહિ–પોષણ મળવાની વાત બાજુએ રહે તોપણ!

'એટલે, સાહેબ! મને જ્યાંથી મળતું હોય ત્યાંથી દોરડું ઊછીનું આપો. મારા મૃત્યુ પછી મારું રુધિર ધોઈને એ દોરડું ફરી ઉપયોગમાં લઈ શકાશે.' મદને ન્યાયાધીશને કહ્યું.

ગંભીર બની ગયેલી અદાલતમાં, ગંભીર બની ગયેલા ન્યાયાધીશે જરા શાંત રહી ગંભીરપૂર્વક કહ્યું:

'મદનલાલ! હું તમારે માટે દિલગીર છું; પરંતુ તમારે માથે હજી એક વધારે આરોપ મૂકવો પડશે એમ મને ભય છે.'

'આપ મૂકી શકો છો. હવે આ દુનિયામાં મને કશી નવાઈ લાગતી નથી. હવે કયા આરોપની શિક્ષા માટે મારે તૈયારી કરવાની છે?' મદને કહ્યું.

'આપઘાતની કોશિશ એ પણ એક ગુનો છે, જેની સજા માટે તમારે તૈયાર રહેવું પડશે.' ન્યાયાધીશે ગંભીરતાપૂર્વક કહ્યું.

'જે દુનિયા પોષણ ન આપે એ દુનિયાને છોડવી એ પણ ગુનો! એમ?' મદને પૂછ્યું.

'તમે દુનિયા છોડી શક્યા હોત તો તમને સજા ન થાત,

પરંતુ દુનિયા છોડવાની કોશિશ એ અમારા કાયદા મુજબ ગુનો છે.' ન્યાયાધીશે કહ્યું.

'તો ન્યાયાધીશ સાહેબ ! હવે મને એવી સજા આપો કે આ દુનિયાથી સંદતર હું દૂર થઈ જાઉં અને આ માનવતાહીન દુનિયા પર મારી દૃષ્ટિ પણ ન પડે.'

'એ તો ગુનાના પ્રમાણમાં શિક્ષા થઈ શકે.'

'ન્યાયાધીશ સાહેબ ! હવે મને જિવાડશો તો તમારા ફોજદારી કાયદામાં લખ્યા હશે એટલા બધા ય અને તે ઉપરાંતના તમારે નવા કાયદા રચવા પડે એવા વધારે ગુના કરનારા એક માનવ દુશ્મન તરીકે હું તમારા શિક્ષાખાનામાંથી બહાર નીકળીશ, એટલું યાદ રાખશો.' મદને તેનામાં કદી ન આવેલો જુસ્સો લાવી કહ્યું.

મદનને અનેક શિક્ષાઓ થઈ અને વર્ષો પછી તે કેદખાનામાંથી છૂટ્યો પણ ખરો. પણ જે ગુના પકડાતા નથી તે મદન જ કરતો હશે તેમ પોલીસના અમલદારો હવે માનવા લાગ્યા.

# પાપનું મૂળ

૧

તુલસીદાસે 'પાપમૂલ અભિમાન' કહ્યું છે. અંશતઃ એ સાચું હશે, સમય સમયનાં પાપ બદલાય છે અને તેની સાથે પાપનાં મૂળ પણ બદલાતાં લાગે છે. રાષ્ટ્રભાવનામાં પ્રાન્ત-ઝનૂન પાપ ગણાય અને જગત-રાષ્ટ્રની ભાવના જ્યારે જીવંત સ્વરૂપ ધારણ કરશે ત્યારે રાષ્ટ્રવાદ પીછેહઠ, પછાતવૃત્તિ, સંરક્ષણપણું જ નહિ; પરંતુ પાપ બની જશે.

મારા એક મિત્રની નાની સરખી વાત છે. આપણે આપણા પોતાના કરતાં આપણા મિત્રની નીતિ સાચવવામાં બહુ જ આગ્રહી હોઈએ છીએ. મારો એક અંગત મિત્ર છે. એનું નામ જુદું છે; પરંતુ હું અહીં એને પ્રફુલ્લચંદ્રને નામે ઓળખાવીશ. એ જાતે ભણેલો, બાહોશ અને નીતિમાન હતો. ભણતર, બાહોશી અને નીતિ સર્વદા માનવીને ધનિક બનાવતી નથી. ખરું જોતાં સદ્‌ગુણને તાવવાની જ કુદરતને આદત પડેલી છે. કેટલીક તાવણી તે સદ્‌ગુણી પુરુષોના મૃત્યુ સુધી ચાલુ જ રહે છે. પ્રફુલ્લે પણ તેના બાલપણમાં, કિશોરાવસ્થામાં અને યૌવનમાં અનેક મુશ્કેલીઓ અનુભવી હતી,

છતાં એ સર્વ મુશ્કેલીઓમાંથી પસાર થઈ તેણે સફળતા અને યશ પ્રાપ્ત કર્યાં હતાં, અને તેના યે કરતાં વધારે ઉપયોગી ધન પણ પ્રાપ્ત કર્યું હતું.

ધનિક પ્રફુલ્લ અનેક સારાં કામ કરતો હતો. સામાન્ય માનવીનાં સારાં કામ એના દેહ સાથે જ જડાયલાં રહે છે. પરંતુ ધનિક માનવીનાં સારાં કામ લોકજીભે ચઢી, વર્તમાનપત્રોમાં આલેખાઈ, ચિત્રોમાં ચીતરાઈ સહુની આંખે ચઢે છે. પ્રફુલ્લ જોતજોતામાં પ્રખ્યાત પુરુષ બની ગયો. એનાં ગુણગાન થવા લાગ્યાં. અરે મિત્ર તરીકે હું બહુ રાજી થાઉં એટલી સ્થાનિક કીર્તિ તેણે મેળવી.

પરંતુ એ કીર્તિ સાથે થોડા જ સમયમાં એના નામને કાળાશ લાગે એવી પણ હકીકત મેં સાંભળી. એના મોટા મકાનની પાસેના એક નાનકડા ગૃહમાં કાન્તા નામની એક રૂપવતી વિધવા તેના એક નાનકડા પુત્ર સાથે રહેતી હતી. એની સાચું નામ બીજું જ હતું; પરંતુ આપણે એને કાન્તાને નામે ઓળખીશું. પ્રફુલ્લને અને કાન્તાને આડો વ્યવહાર છે એવી વાત ધીમે ધીમે, સૂચન રૂપે, કટાક્ષ રૂપે, માહિતી રૂપે અને અંતે નિંદા રૂપે મારે કાને આવવા લાગી. ધનની વિપુલતા અનેક સાહસોને પ્રેરે છે; તેમાં પણ સ્ત્રીસહવાસનાં સાહસો ધનિક જીવનમાં બહુ મોટો ભાગ ભજવે છે. ધનિકોનાં ઘણાં ઘણાં કર્મો ઉપર ધન સરસ પડદો પાડી દે છે; છતાં તેમનાં કેટલાંક કર્મો એ પડદાને ચીરી બહાર પણ નીકળી આવે છે. પ્રફુલ્લનો અને કાન્તાનો સંબંધ છૂપો રહી શક્યો નહિ. લોકોમાં પ્રથમ ચણભણ વાત ચાલી અને પછી તો ખુલ્લેખુલ્લી ટીકાઓ થવા લાગી કે પ્રફુલ્લ અને કાન્તાએ લોકલાજની માઝા પણ મૂકી દીધી છે. પ્રફુલ્લે દુષ્કર્મ ઢાંકવાનું ડહાપણ સુધ્ધાં દૂર મૂક્યું એની મને નવાઈ લાગી, અને નવાઈ સાથે મને ગુસ્સો પણ ચડ્યો. પ્રફુલ્લ સાથે પ્રફુલ્લની પત્ની ઉપર પણ મને ગુસ્સો ચડ્યો. તેના સરખી ચબરાક સ્ત્રી પોતાના પતિને આમ જરા પણ દાબમાં ન રાખી શકે એ મને વધારે

પડતું લાગ્યું.

પ્રફુલ્લની ટીકા અસહ્ય બની જતાં હું તેને ઘેર મુકામ ગયો અને તેને કહ્યું :

'પ્રફુલ્લ ! આજે હું ખાસ તારી સાથે વાત કરવા આવ્યો છું.'

'તને મેં ક્યારે ના પાડી ? હું કેટલા ય દિવસથી તારી આંખમાં કશી ગુપ્ત વાત વાંચી રહ્યો છું. કહે.' પ્રફુલ્લે જરા હસતાં હસતાં મને જણાવ્યું. મને તેનું હાસ્ય ન ગમ્યું.

'ગુપ્ત વાત એકાંતમાં થાય. તમે મોટાં માણસો ધારો નહિ ત્યાં સુધી એકાંત આપો પણ નહિ.'

'કલાકનું એકાંત બસ છે? હું કહી દઉં છું કે કોઈએ એક કલાક સુધી અમારા એકાંતનો ભંગ ન કરવો...મારી પત્નીએ પણ નહિ. પછી કાંઈ ?'

'તારી પત્નીમાં આવડત હોત તો મારે તને એકાંતમાં ઠપકો આપવા આવવું ન પડત.'

'તું ઠપકો આપવા આવ્યો છે? વારુ, કલાકને બદલે બે કલાકનું તને એકાંત આપું.' કહી તેણે બે કલાક સુધી કોઈએ અમારી વાતમાં દખલ ન કરવી એવી આજ્ઞા ચારેપાસ આપી દીધી, ચા-નાસ્તો મંગાવ્યાં અને પોતાને હાથે મને ચા કરી આપતાં કહ્યું :

'કહે, શાનો ઠપકો આપવો છે?'

'તને પોતાને સમજણ નથી પડતી કે હું શી બાબતનો ઠપકો આપવા આવ્યો હોઈશ ?'

'મારી જાતના જ સોગન જો મને કશો પણ ખ્યાલ હોય તો.'

'સહુની માફક મને છેતરવાનો પ્રયત્ન કરીશ...'

'હું સહુને છેતરીશ...માત્ર બે વ્યક્તિ સિવાય : એક તું અને બીજી મારી પત્ની.'

'તું શું એટલો બધો ભોળો છે કે તારા વિરુદ્ધ આખી દુનિયામાં થતી વાતની તને ખબર પણ ન પડે ? જો, પેલી કાંતાનો અને તારો

સંબંધ આખા શહેરની જીભે ચડી ગયો છે એ તું જાણે છે?'

'મને સાચોસાચ ખબર નથી કે મારી સાથે કાન્તાનું નામ જોડાય છે અને અમે બંને વગોવાઈએ છીએ...'

'વગોવાઓ નહિ તો બીજું શું થાય? એ વિધવા છે એ વાત સાચી ને?'

'હા. એને કમનસીબે એ વાત સાચી છે. એ સ્થિતિ દયા-પ્રેરક છે.'

'દયા કરવા માટે ધનિકોએ વિધવાને જ શોધવી પડે એનો કાંઈ અર્થ?'

'હું કેટલી સધવાઓને પણ સહાય આપું છું તેનો હિસાબ તારી પાસે મૂકી દઉં? મધ્યમ અને ગરીબ વર્ગની સ્થિતિ એવી દયાપાત્ર બની ગઈ છે કે...'

'એ હું અને તું બન્ને જાણીએ છીએ; પરંતુ દયા કરવા માટે કાન્તાનો સાથ બહુ સેવવાની જરૂર ખરી?'

'સાથ? મહિનામાં એકાદ વાર પણ અમે ભાગ્યે જ મળીએ છીએ. મારી પડોશમાં રહે છે એટલે કોઈ કોઈ વાર મારી પત્નીને મળવા એ આવે છે...'

'લોકો તો કાંઈ કાંઈ વાતો કરે છે...એના દીકરાને તું ભણાવે છે...'

'એટલે હું ભણવાનો ખર્ચ આપું છું. હું જાતે એના પાઠ કરાવતો નથી.'

'તમે બંને જણ ખુલ્લેખુલ્લાં હસીને વાત કરો છો...લોકો જોતાં હોય તો ય.'

'વાત કરવી જ હોય તો હસીને જ કરવી જોઈએ. કારણ વગર મોં ચડાવવાની કાંઈ જરૂર?...અને લોકો શા માટે અમારા ઉપર ચોકીપહેરો મૂકે છે? હસીને વાત કરવાનો હક્ક મને એકલાને મળ્યો નથી...'

'એ બધી ચબરાકીભરી દલીલો મને નવી નથી લાગતી. તું મુક્તિ મેળવી ચૂકેલો સાધુ હોય તો ય આવા વર્તનની ટીકા થયા વગર રહે નહિ.'

'હું સાધુ જરા ય નથી. લોકો માને એવો નીતિમાન પણ હું નથી...'

'એ જ બતાવી આપે છે તારે કાન્તા સાથેનો પરિચય સદંતર મૂકી દેવો ઘટે.'

'કારણ વગર ?'

'કારણ એટલું જ કે તમે પરાયાં સ્ત્રી-પુરુષ છો.'

'તું જાણે છે, એ કાન્તા મારી ગુરુ છે તે !'

'એ વળી નવી વાત તું લાવ્યો ! બહાનાં રહેવા દઈ એમ જ કહે ને કે તારે તારી નફટાઈ ચાલુ રાખવી છે? આજથી આપણી મૈત્રી બંધ! પરાઈ સ્ત્રીઓને ગુરુ બનાવવા બેઠો છે તે!'

'તું આમ ગુસ્સે ન થા. મને તું નહિ સમજે તો બીજું કોણ સમજી શકશે ? કાન્તા ખરેખર મારી ગુરુ બની છે.'

'એનો ગુરુમંત્ર હશે: રૂપમાં રાચવું !' મેં વધારે તીખાશથી કહ્યું.

'ના, એણે મને બીજો જ ગુરુમંત્ર શીખવ્યો: પાપનું મૂળ ગરીબી !'

૨

અને આશ્ચર્યચકિત થયેલા મને એણે એક એવી વાત કહી કે જે હું જિંદગીભર ભૂલીશ નહિ.

પ્રફુલ્લને મેં નીતિમાન તરીકે પ્રથમ ઓળખાવ્યો હતો, ખરું ? કસોટીએ ચઢે ત્યારે ઘણા નીતિમાનોની નીતિ મુલાયમ બની જતી દેખાય છે. ધનનો લોભ જતો કરનાર બહુ ઓછા માનવીઓ આપણને મળશે. એથી યે ઓછા માનવીઓ કીર્તિલોભથી બચતા હશે, કીર્તિ-લોભથી બચનારામાં વળી સ્ત્રીસૌન્દર્યના આકર્ષણમાંથી ઊગરનારા

કેટલા હોઈ શકે એનો તાગ નીકળી શકે એમ નથી. 'સો લાખનમે' એક' પણ કદાચ નહિ હોય. અને લોકોની વાતનો પાયો છેક ધુમ્મસનો રચાયેલો હોતો નથી. ને ધુમ્મસ પણ એક દ્રવ્ય જ છે ને ? પ્રફુલ્લને કાન્તાનું આકર્ષણ થયું !

ત્યારે એ વાત સાચી !

કાન્તા એક વિધવા હતી. તે એક રૂપવતી વિધવા હતી. એક નાનો બાળક-પુત્ર મૂકી તેનો પતિ ગુજરી ગયો હતો. આશાસ્પદ પતિ જતાં કાન્તા નિરાધાર બની ગઈ. દૂર દૂર વેરાયેલાં સગાંવહાલાં ક્યાંથી અને ક્યાં સુધી આશ્રય આપે ? પતિના મિત્રોની મૈત્રી પણ દિવસો જતાં કટાવા લાગી. હિંદુ વિધવાથી નોકરી થાય નહિ છતાં અંતે કાન્તાએ નાની નાની નોકરીઓ શોધવા માંડી. નોકરીઓ મળતી જાય અને છૂટતી જાય. કોઈ ધનિક સ્ત્રીને સહવાસ આપવાની નોકરી મળે કે સમય પસાર ન થતો હોય એવી તવંગર સ્ત્રીને ધર્મપુસ્તકો વાંચી બતાવવા પૂરતી નોકરી મળે. બાળકોની સારવારનું કામ હોય અથવા વૃદ્ધ બનેલી ધનિક સ્ત્રીની સંભાળ રાખવાનું કામ હોય. એવાં એવાં કામ કરતાં કરતાં તેનો પુત્ર દસેક વર્ષનો થયો ત્યારે તે પ્રફુલ્લના મકાન પાસે આવી એક નાનકડી ઓરડીમાં નિવાસ કરવા લાગી. ઓરડીનું ભાડું ઓછું હતું અને સારાં માણસોનો પડોશ હતો એમ માની કાન્તાએ એ સ્થળ પસંદ કર્યું. તેનો પુત્ર કદી કદી પ્રફુલ્લચંદ્રના કમ્પાઉન્ડમાં આવી અન્ય બાળકો સાથે રમતો અને પ્રફુલ્લચંદ્રના નોકરો તેને પરાયો માની કાઢી મૂકે ત્યારે તે જતો પણ રહેતો.

રૂપ સહુની આંખ ખેંચે છે. પડોશી પુરુષો જ નહિ પણ સ્ત્રીઓ સુદ્ધાં કાન્તા તરફ નજર ફેંકવાનું ચૂકતી નહિ. સ્વભાવે તે હસમુખી હતી, સહુની સાથે આપ્તપણે તે વાતચીત કરતી હતી અને સર્વ પડોશીઓને ઉપયોગી પણ થઈ પડતી હતી. પ્રફુલ્લ પણ પોતાને મહાપુરુષ માનતો ન હતો એટલે એની પણ નજર કદી કદી દેખાતી

કાન્તા ઉપર પડતી ખરી. અને એક કરતાં વધારે વાર નજર પડતાં મનને પણ ખેંચાવું પડે છે એ જગજૂની હકીકત છે. રૂપાળી પત્ની હોવા છતાં અન્ય રૂપવતી સ્ત્રી તરફ પતિ કેમ નજર કરે છે એ પ્રશ્નનો હજી ઉત્તર મળ્યો નથી – જોકે એ સત્ય પત્નીની આંખથી તેમ જ જનતાની આંખથી ઢંકાયેલું રાખવા પુરુષોના થતા પ્રયત્નો ભગીરથના તપને શોભે એવા હોય છે. પ્રફુલ્લે પોતાની કાન્તા પ્રત્યેની કૂણી ભાવના પોતાની પત્નીથી સફળતાપૂર્વક છુપાવી હતી એટલે તેની પત્નીએ જ જ્યારે કાન્તાને સહાય આપવાની ફરજ વિશે પ્રફુલ્લને સમજાવવા માંડ્યો ત્યારે તેને લાગ્યું કે કાન્તા પ્રત્યેનું આકર્ષણ એક ઈશ્વરદત્ત આકર્ષણ જ બની રહ્યું છે! પ્રફુલ્લે સંપૂર્ણ સહાય આપવા માંડી.

એ આકર્ષણમાંથી એક અવનવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ. પ્રફુલ્લની પત્ની પરગામ ગઈ હતી ત્યારે કાન્તાએ પ્રફુલ્લને પોતાને ઘેર આવી ચા પીવાનું આમંત્રણ આપ્યું. એ તેણે સ્વીકાર્યું અને કોઈ ન જાણે એમ બપોરના ત્રણેક વાગ્યે પાસે જ આવેલી કાન્તાની ઓરડીએ તે પહોંચી ગયો. આપણને નવાઈ જેવા લાગે એવા કૈંક પ્રસંગો શક્ય હોય છે. કાન્તા એકલી હશે એમ જ પ્રફુલ્લે ધાર્યું હતું. આકર્ષક આમંત્રણો એકાન્તનાં જ હોય; પરંતુ ઓરડીમાં પ્રવેશ કરતાં જ પ્રફુલ્લે જોયું કે કાન્તાનો પુત્ર એ ઓરડીમાં પુસ્તક વાંચતો બેઠો હતો. તેના મુખ ઉપરનો ઉત્સાહ ઓછો થઈ ગયો. તેની આંખમાંથી અડધી ચમક ઊડી ગઈ અને તે કાન્તાએ સૂચિત કરેલા હીંચકા ઉપર બેસી ગયો. રાગદ્વેષરહિત બની ગયેલા કાન્તાના મુખ પાસે આતુરતાભરી, દયાભરી દૃષ્ટિ પ્રફુલ્લે નાખી અને કાન્તાએ પોતાના પુત્રને આજ્ઞા આપી :

'ભાઈ! જો, જરા ઝડપ કર. થોડું દૂધ બજારમાંથી લઈ આવ...અને...હા...ખાંડ અને ચા બન્ને લાવવાનાં છે તે પણ તું લેતો આવ. બહુ વાર ન કરીશ...રમતમાં ન પડીશ.'

આટલું કહી કાન્તાએ પુત્રના હાથમાં પૈસા મૂકયા, પુત્ર કપડાં પહેરી બહાર નીકળ્યો, માતાએ તેને બારણાં પાસે ઊભા રહી અદૃશ્ય થતો જોયો અને જેવો તે અદૃશ્ય થયો તેવાં જ પોતાની ઓરડીનાં બારણાં કાન્તાએ બંધ કરવા માંડયાં.

'બારણાં બંધ ન કરશો.' કંપભર્યો પ્રફુલ્લનો કંઠ કાન્તાએ સાંભળ્યો અને જરા આશ્ચર્ય પામી કાન્તાએ પાછળ પ્રફુલ્લ તરફ જોયું. પ્રફુલ્લનું મુખ ફિક્કું, રુધિર-રહિત બની ગયું હોય એમ કાન્તાને લાગ્યું. પ્રફુલ્લની આંખમાં ભય અને વિકલતા ક્ષણભર પ્રગટી રહ્યાં હોય એમ કાન્તાને ભાસ થયો. સહજ પાસે આવી કાન્તાએ કહ્યું :

'એને પાછો આવતાં કલાક થશે...અણધારી રજા નિશાળમાં પડી અને એ આવી લાગ્યો...બાકી ઘરમાં ચા, ખાંડ, દૂધ સઘળું છે...કલાક સુધી આપણે બન્ને એકલાં જ...'

'કાન્તાબહેન ! જરા પાસે આવો...'

'ખુલ્લે બારણે ?'

'હા, તમારે પગે પડી મારે તમારી ક્ષમા માગવાની છે.' પ્રફુલ્લે કહ્યું.

'કારણ ! આમંત્રણ મેં જ આપ્યું હતું તમને...અત્યારે આમ આવવા માટે.' કાન્તાએ બહુ જ સ્વાભાવિકપણે કહ્યું. એના મુખ ઉપર એક યોગીની અસ્પૃશ્યતા મને દેખાઈ.

'એ આમંત્રણ મેં માગીને, ખેંચીને લીધું હતું...મારી સહાયની કિંમત રૂપે...' પ્રફુલ્લે શરમથી ઊભરાતા વદને કહ્યું.

'કિંમત તમે માગી શકો છો, લઈ શકો છો અને એક નિરાધાર વિધવા...આપી શકે એમ આપે છે...'

'માફ કરો. મેં તમારી ચકાસણી વધારે પડતી કરી. હું જો કિંમત લઉં તો માનવી મટી જાઉં...તમે જરા બેસો; છોકરાને આવવા દો...'

નાનકડી શેતરંજી ઉપર હીંચકાથી સહજ દૂર કાન્તા બેસી ગઈ અને વસ્ત્રને છેડે મુખ ઢાંકી ચોધાર આંસુએ રોઈ. કેટલી વાર એ રોઈ હશે? પાંચ મિનિટ? દસ મિનિટ? પા કલાક? પ્રફુલ્લના હૃદયમાં ચીરા પડતા હતા. કાન્તાનાં અશ્રુ પ્રફુલ્લને દઝાડતાં હતાં. તે રડી રહી; આંખ લૂછી તેણે પોતાનું મુખ પ્રગટ કર્યું. ઝાકળથી સ્વચ્છ બનેલા ગુલાબ-પુષ્પ સરખા તેના મુખે આછું હસવા પ્રયત્ન કર્યો; પરંતુ તે સફળ ન થયો. પ્રફુલ્લે એ પ્રયત્નના જવાબમાં કહ્યું:

'રડવું મારે જોઈએ...આમ તમારા હૃદય સાથે રમત કરવાને બદલે.'

'હિંદુ વિધવાને હૃદય વળી ક્યાં હોય? એને તો એકલું શરીર જ હોય. જેને અડપલું કરવું હોય તે કરી લે. તમે તમારી કિંમત લઈ પાછા ફર્યા હોત તો હું જરા ય રડત નહિ...પણ આ તો...' કહી ફરી કાન્તાની આંખમાં આંસુ આવ્યાં અને તેનો કંઠ રૂંધાઈ ગયો. ધીમે ધીમે બન્ને સ્વસ્થ થયાં. કાન્તા રડી શકતી હતી; પ્રફુલ્લ રુદનથી યે ઊંડી વેદના ભોગવી રહ્યો હતો. કાન્તાએ આજ સુધી સહાયતાની કિંમત આપવાનો વિચાર સરખો કર્યો ન હતો. તેનો પુત્ર મોટા થાય અને ભણે એ જ એના જીવનનો ઉદ્દેશ હતો. પુત્રો મોટા થાય, ભણે અને સ્વાવલંબી બને, એ લાંબા ગાળામાં માતાને શા શા અનુભવો થતા હશે એ કયી માતા નોંધી રાખતી હશે? કાન્તાને અનેકાનેક અનુભવો થયા. સગાંવહાલાંમાં, મિત્રોમાં, પરોપકારી સજ્જનોમાં, નોકરી આપનાર ધનિકોમાં, અરે સામાન્ય રસ્તો દેખાડનાર ભોમિયામાં પણ એણે એક જ અનુભવ કર્યો: સહુને સહાયની કિંમત તેના દેહ-ઉપભોગ રૂપે લેવી જ હતી. સહુને છોડી તરછોડી દેહને પવિત્ર રાખવામાં અનેક કષ્ટો અનુભવતી કાન્તાને એ જ કારણે અનેક સ્થાનોને તિલાંજલિ આપતાં અંતે પ્રફુલ્લની આંખમાં પણ કિંમતની જ માગણી જોઈ, એટલે તેણે અંતે નિશ્ચય કરી લીધો કે વિધવાને પોતનો પુત્ર ઉછેરવો હોય,

તેને ભણાવવો હોય, તેને ઠેકાણે પાડવો હોય તો તેને માટે એક જ માર્ગ હોઈ શકે : સહાનુભૂતિ દર્શાવનારને, સગવડ કરી આપનારને, આછું-પાતળું ધન આપનારને બીજો બદલો ન ખપે. બીજા સર્વ બદલા સાથે દેહ તો સોંપવો જ પડે; અને તે ન બને તો વિધવાએ અને તેના પુત્રે આ સંસારમાંથી લુપ્ત થઈ જવું પડે. પોતાને લુપ્ત થવું પડે તેની કાન્તાને જરા ય ચિંતા ન હતી; પરંતુ એને તો પુત્ર માટે જીવવું જ હતું. જેને જન્મ આપ્યો તેને જીવતો રાખવો જ જોઈએ. અને પ્રફુલ્લ સરખા સહાયકની આંખમાં એણે વિકાર ભાળ્યો ત્યારે એની ખાતરી થઈ ગઈ કે પુત્રને માટે પોતાના દેહની કિંમત આપ્યા વગર તેનો છૂટકો નથી જ. પ્રફુલ્લનો તેણે સામનો ન કર્યો; એટલું જ નહિ. એકાંતમાં મળવાની પ્રફુલ્લે દરખાસ્ત મૂકતાં કાન્તાએ તેને પોતાને ઘેર ચા પીવા આમંત્રણ પણ આપ્યું, જે પ્રફુલ્લે બહુ રાજીથી સ્વીકારી લીધું.

પતનના પ્રથમ સ્વીકાર સમયે જ પુરુષ સ્ત્રી કરતાં વધારે સારો નીવડ્યો, અને સ્ત્રીના સ્વમાનને ઘા કરી ચૂક્યો ! સ્વમાનને ઘા કરનારે જ તેને એ પાસ દોરી હતી અને હવે તે શ્રેષ્ઠતા દર્શાવી દયાનો ભાવ દેખાડી રહ્યો હતો...છતાં એની સજ્જનતા સામે કાન્તાથી વાંધો લઈ શકાય એમ હતું જ નહિ. ગૂંચવણભર્યા ભાવે તેને એકદમ રડાવી. ન સમજાય એવું પ્રફુલ્લનું ,વર્તન વધારે શ્રેષ્ઠતા ધારણ કરતું ગયું.

‘ તમે હવે સ્વસ્થ બનો. તમારા પુત્રની ચિંતા કરશો નહિ. એનો અભ્યાસખર્ચ મને જરા ય ભારે પડશે નહિ...અને આ ક્ષણથી હું તમને મારી માતાને સ્થાને મૂકું છું...’ પ્રફુલ્લે કહ્યું.

કદી નહિ ધારેલી પુરુષસજ્જનતા આગળ કાન્તાનો ઘાવ કૂણો બન્યો, માનવસાધુતા પ્રત્યે તેને શ્રદ્ધા ઉત્પન્ન થઈ અને આભારની લાગણીમાં કાન્તાએ વધારે અશ્રુ ઢોળ્યાં.

ત્યારથી પ્રફુલ્લ અને કાન્તાના સંબંધની વિશુદ્ધિ પૂર્ણ રીતે

સચવાયે ગઈ એમ મારે માનવું રહ્યું !

આ વાત સાંભળતાં મારી આંખમાં આછી અશ્રદ્ધા પ્રફુલ્લને દેખાઈ હોવી જોઈએ. વાત કરીને તે જરા અટક્યો અને મારી અશ્રદ્ધા પ્રત્યે તે સહજ હસ્યો.

'તારી અશ્રદ્ધા બહુ સાચી છે. કાન્તા ધારે છે એવો હું સજ્જન હતો પણ નહિ અને છું પણ નહિ.' પ્રફુલ્લે મને કહ્યું.

'તો પછી તું મારા મન ઉપર શું ઠસાવવા માગે છે?' મેં પૂછ્યું.

'હું દુષ્ટ દાનતથી જ કાન્તા પાસે ગયો હતો એ પણ મારે કબૂલ કરવું જોઈએ.'

'ત્યારે તું આ અગ્નિસ્નાનમાંથી વગરદાઝયે ચોખ્ખો કેવી રીતે પાછો ફર્યો ?'

'કહું ? એ કહ્યા વગર તારી ખાતરી નહિ થાય...મારી પત્ની સિવાય આ વાત બીજા કોઈને મેં કહી નથી. હવે વધારામાં તને કહું છું.'

'જીવનમાં તને સફળતા મળી; તું બહુ ધનિક બન્યો; તું કહીશ એ સહુએ માનવું જ રહ્યું !' મેં કટાક્ષમાં કહ્યું.

'સફળ માનવી અને ધનિક માનવી જે વાત સંતાડી રાખે તે હું તને કહું છું...નાનપણમાં હું ગરીબ હતો...મારે પણ ખાવાપીવાના વાંધા પડતા હતા એની તને ખબર છે ને ?' પ્રફુલ્લે કહ્યું.

'હા...મારી સ્થિતિ પણ કાંઈ બહુ સારી ન હતી.'

'છતાં તારા ઉપર તારાં માતાપિતાની – બન્નેની છત્રછાયા હતી. અને હું તો પિતાવિહોણો વિધવા માનો ઉછેર પામતો હતો.' પ્રફુલ્લે કહ્યું. એના મુખ ઉપર ગંભીર વિષાદ છવાતો મેં નિહાળ્યો.

'એ તો હવે જૂની વાત થઈ. આજ તું લક્ષાધિપતિઓમાં મોખરે છે. પાછલું બધું ભૂલી જા.'

'ભૂલી જ ગયો હતો; પરંતુ જે ક્ષણે કાન્તાએ એના પુત્રને

દૂધ-ચા લેવા બજારમાં મોકલ્યો ત્યારે એક ભુલાઈ ગયેલો સમય-ટુકડો અંગારાથી ચીતરેલા ચિત્રસમો મારી આંખ સામે આવી ચીતરાઈ રહ્યો.'

'એમ ! એવો શો પ્રસંગ હતો ?'

'એ જ પ્રસંગ...મારી ગરીબ ઓરડીમાં મારી માતાએ પણ ...મને ચાનું દૂધ લેવા મોકલ્યો હતો...હું પણ કાન્તાના પુત્ર જેવડો જ ત્યારે હતો...એ ભુલાઈ ગયેલા છતાં એકાએક આંખ સામે તરી આવેલા મારા બાળપણના પ્રસંગનો અર્થ શો થતો હશે તે હું કાન્તાના પ્રસંગથી સમજી શક્યો...તદ્દન ભુલાયેલો...કદી યાદ ન આવેલો એ પ્રસંગ યાદ આવ્યો...અગ્નિછાપથી છપાયલો...અને હું કંપી ઊઠ્યો...ગરીબી એ બધાં જ પાપની માતા છે...પાપનું મૂળ ગરીબી...અને કાન્તાને મેં તે ક્ષણે મારી માતા માની, અને જીવનભર માતા માનીશ...'

હું દિગ્મૂઢ બની ગયો. મારે પ્રફુલ્લને કશી જ શિખામણ આપવાની હતી નહિ. મારે શું બોલવું તેની પણ મને સમજ પડી નહિ. સ્વસ્થ બની સહજ હસી પ્રફુલ્લે મને કહ્યું :

'આ વાત હું, મારી પત્ની અને તું એમ ત્રણ જણ જાણીએ છીએ. કાન્તા તો મને દેવ માને છે—જે હું જરા ય નથી...એને ક્યાંથી ખબર હોય કે એની પાસે સહાયની કિંમત માગનારના જીવનમાં આમ જ બન્યું હશે...છતાં...તું કોઈને કશું કહેતો નહિ.'

મારાથી રહેવાયું નહિ એટલે નામ બદલી આટલી વાત કહી દઉં છું...પ્રફુલ્લ એ બીજું કોઈ ન હોય...અને કદાચ હું જ હોઉં તો ?...મને ભય લાગે છે...પાપનાં મૂળ હું જોઈ રહ્યો છું...

# હું ફરી કેમ ન પરણ્યો?

૧

હું ફરી કેમ ન પરણ્યો એ પ્રશ્ન વારંવાર મારા મિત્રો પૂછે છે અને મારા દુશ્મનો પણ પૂછે છે—જોકે મારે દુશ્મનો નથી. પરંતુ સહજ પરિચયમાં પણ આ પ્રશ્ન પુછાય ત્યારે પ્રશ્ન પૂછનાર મને દુશ્મન સરખા લાગે છે. જેવો સમય તેવો એ પ્રશ્નનો જવાબ હું આપું છું, ફરી પરણનાર પુરુષની સ્ત્રીઓ મશ્કરી કરે છે, તેને ઉતારી પાડવા મથે છે, તેણે પુનર્લગ્ન કર્યું એમ પણ કહી તેને વગોવે છે. ઉચ્ચ કોમની સ્ત્રીઓમાં પુનર્લગ્નની છૂટ પ્રતિષ્ઠિત નથી એ કારણે ફરી પરણનાર પુરુષ તરફ સ્ત્રીઓની કડક આંખ હોય એ સમજી શકાય એમ છે. હું સ્ત્રીઓના સરખા હક્કમાં માનું છું. જેને જેટલી વાર પરણવું હોય એટલી વાર તે ભલે પરણે—સ્ત્રી અને પુરુષ. ચિત્રપટમાં કામ કરતા તારકતારિકાઓને એ પ્રશ્ન મૂંઝવતો ન હોય તો પછી એ તારકતારિકાને દેવદેવી માની પૂજનાર જનતાએ શા માટે કશી લગ્નમૂંઝવણ અનુભવવી જોઈએ?

હું ફરી નથી પરણ્યો એમાં જાણે મેં કોઈ વીરશોભન કાર્ય કર્યું હોય એમ કદી કદી ભ્રમ સેવવામાં આવે છે. એવું કાંઈ જ

નથી. કેટલી યે વાર ફરી પરણનાર પુરુષની વીરતા માનપત્ર માગી લે એવી હોય છે, એ શું હું નથી જાણતો ? યૌવન ખંડિત થાય ત્યારે તે સ્વાભાવિક રીતે જ અર્ધાંગ માગી લે છે; અને એ અર્ધાંગ મેળવી લેનાર વ્યક્તિ મહા પાપ કરે છે એમ માનવું કે કહેવું એ મોટામાં મોટી ભૂલ છે. અર્ધાંગ મેળવી લેવું એ કુદરતનો ક્રમ છે. વળી યૌવન અડધા-પોણા વાર્ધક્ય સુધી પહોંચે છે એ કોઈ ન ભૂલે. અને યૌવન તૃપ્ત કરનાર સ્ત્રી કે પુરુષ પરણીને–ફરી પરણીને પાપ કરે છે એમ માનવા કરતાં સમાજે કુદરતનું સત્ય સ્વીકારી લઈ પાપની સંખ્યા ઓછી કરવી એ જ વધારે સારો માર્ગ છે. ફરી પરણનાર સ્ત્રી કે પુરુષની હું કદી નિંદા ન કરું.

તો પછી હું ફરી કેમ ન પરણ્યો ? પુનર્લગ્નની સ્ત્રી-પુરુષને હું છૂટ આપું છું એનો અર્થ એવો નથી કે સહુને દ્વિતીય લગ્નની ફરજ પાડવી. મોટે ભાગે તો ફરજ પાડવાની જરૂર રહેતી જ નથી. મને પ્રશ્ન કરનાર મારાં વખાણ કરનારને ક્યાંથી ખબર હોય કે હું પોતે ફરી લગ્ન કરવાની તૈયારીમાં જ હતો ! એક નાનો સરખો અકસ્માત બની ગયો ન હોત તો આજે હું ફરી લગ્ન કરી ચૂક્યો હોત અને આ પ્રસંગની નોંધ કરવા હું પ્રેરાયો પણ ન હોત ! હું સાધુ નથી, યોગી નથી અને સંયમી–જિતેન્દ્રિય પુરુષ પણ નથી. સંભવ ઘટી ગયો છે, છતાં ભવિષ્યમાં હું ફરી પરણી બેસું તો કોઈએ આશ્ચર્ય પામવાની જરૂર નથી. હું એક સામાન્ય માનવી છું–સામાન્ય માનવજાતની નિર્બળતાઓથી ભરેલો !

૨

ત્યારે હું ફરી કેમ ન પરણ્યો ? એ પ્રશ્ન હજી ઊભો જ છે. એ પ્રશ્નનો એકસામટો ઉત્તર આપી દઉં કે ફરીથી કોઈ મને મારી અંગત બાબત ન પૂછે. કોઈની અંગત બાબતમાં રસ લેવો એ સજ્જનતાથી વિરુદ્ધ છે એમ વારંવાર કહેનાર સજ્જનો પણ એ

પછી મારામાં રસ લેતા ઓછા થશે એવી હું આશા રાખું છું.

હું પરણ્યો હતો. મારી પત્નીનું નામ કુસુમ. અમે બંને લગ્નજીવનમાં બહુ સુખી હતાં. કુસુમનું સુખ એ મારું સુખ અને મારું સુખ એ કુસુમનું સુખ. લગ્ન પછીની ચારપાંચ રાત સતત ઉજાગરા કરનાર પતિ-પત્ની ઘણાં હશે; પરંતુ દિવસ, મહિના અને વર્ષો પણ વીતી જાય છતાં પ્રેમ અને ઉજાગરા જેના ખૂટે જ નહિ એવાં અમારા સરખાં પતિ-પત્નિ કેટલાં હશે એની મને ખબર નથી. અમે બંને એવાં પતિ-પત્ની હતાં. પરસ્પર મુખ જોવામાં, પરસ્પર કંઠ સાંભળવામાં, પરસ્પર વાતચીત કરવામાં, પરસ્પર સ્પર્શમાં અમારું જીવન વ્યતીત થતું હતું, અને એકબીજાંનો સહજ પણ વિયોગ અસહ્ય બની જતો હતો. અમે કામી હતાં? વિષયી હતાં? જેને જે કહેવું હોય તે કહી શકે છે! એટલું ચોક્કસ કે હું તો કુસુમ વગર રહી શકતો ન હતો. એ ઘરમાં ફરતી હોય એટલું પણ મારે માટે બસ હતું; પરંતુ એ કાંઈ કલબમાં જાય, સભામાં જાય, કોઈ મિત્રને ત્યાં જાય, ત્યારે હું અધીરો બની જતો; એનામાં શંકા ઉપજાવીને નહિ જ, પરંતુ એ મારાથી સહજ પણ અળગી રહે એ વિચાર જ મને વ્યગ્ર બનાવી દેતો. એ એક જાતની ઘેલછા કહેવાય. હું ઇચ્છું છું કે સર્વ પરિણીત સ્ત્રી-પુરુષમાં એ ઘેલછા જાગૃત થાય. કુસુમ મારી આ ઘેલછા ઉપર હસતી પણ ખરી, મારી મશ્કરી પણ કરતી ખરી; પરંતુ એ જે કાંઈ કરે એ મને ગમતું. કલાપીની માફક હું પણ કુસુમને કહી શકું કે:

કર તું કંઈએ, કર તું કંઈએ!
વધુ તેથી બને મધુ શું કંઈએ!

આમ કુસુમનો સાથ મને—મારા જીવનને—મારા આનંદને ઉચ્ચ કક્ષાએ લઈ જતો હતો. આ સ્થિતિ કરતાં વધારે આનંદમય સૃષ્ટિ સ્વર્ગ ભાગ્યે જ રચી શકે.

કુસુમને એક મારો શોખ, અને બીજો પશુપક્ષીનો શોખ.

મને તે જેમ સંભળાતી અને શણગારતી તેમ તે કોઈ માંદી ચકલી, તડકે તરફડતી ખિસકોલી, બાજથી ગભરાયેલું કબૂતર કે બિલાડીની તરાપમાંથી બચેલા પોપટને સંભાળતી અને શણગારતી. પોપટ તો અમારા ઘરનું એક કાયમી અંગ બની ગયો. બિલાડીની તરાપથી થરથરી ઊઠેલો સંકોચાઈ શૂન્ય બની ગયેલો પોપટ કુસુમે પકડી લીધો. તેને માટે પાંજરું મંગાવ્યું અને તેને મીજ તથા મરચાંનો ખોરાક પણ આપ્યો. અમારા પ્રિય સૂવાના ખંડમાં એ પાંજરું લટકાવવામાં આવ્યું, અને કુસુમે પક્ષીસૃષ્ટિમાં માનવવાણીનો પ્રવેશ કરાવવા પોપટને બોલતાં શીખવવા માંડયું. પોપટની મગજશક્તિ ઊંચા પ્રકારની હોય એમ લાગ્યું નહિ. સહેલા સહેલા શબ્દો શીખવવાનો કુસુમનો પ્રયોગ સફળ થયો લાગ્યો નહિ એટલે મેં કુસુમને કહ્યું :

'આ તારો શિષ્ય તને કાંઈ યશ અપાવે એમ લાગતું નથી.'

'એ જ સારું છે. એક પાસ તું બોલ બોલ કર્યા કરે અને બીજી પાસ આ પક્ષી. તો પછી મારી સ્થિતિ શી થાય ?' કુસુમે મને જવાબ આપ્યો.

'તું કાંઈ બોલતી જ નહિ હોય જાણે !' મેં કહ્યું. કુસુમ જરા ય ઓછું બોલતી નહિ, અને એ ઓછું બોલે તો મને ગમતું પણ નહિ. એનો શબ્દટહુકો મારી ભણકારમૂર્તિ બની ગયો હતો – જેમ એનો દેહ મારી સ્મરણમૂર્તિ બની ગયો હતો તેમ. ઘણી વાર મને વિચાર આવતો કે હું જીવું છું જ કુસુમમાં ! એ મારી પાસે ન હોય ત્યારે આખું વિશ્વ મને ખાલી ખાલી લાગતું. એ હોય ત્યારે મારા વિશ્વમાં મારે બીજું કશું મેળવવાનું જાણે કાંઈ રહેતું જ નહિ. મારી ઘેલછા પણ દિવસે દિવસે વધતી જતી હતી. કદી રાત્રે વાતોએ ચડયાં હોઈએ અને પ્રભાત વીતી ગયા છતાં કુસુમ જાગૃત થઈ ન હોય તોપણ મને ફાવે નહિ. એના વગર હું ચા પણ કેમ પી શકું ? મન પાછું પડે છતાં હું સૂતેલી કુસુમ પાસે જઈને તેને જગાડતો. સૌન્દર્ય સૂતું હોય એને કર્કશતાથી કેમ જગાડાય ?

સાક્ષાત કોમળતા પોઢી હોય તેને કઠિન સ્પર્શથી કેમ જગાડી શકાય? મૃદુમાં મૃદુ સ્પર્શ કરી, મૃદુમાં મૃદુ વાણીઉચ્ચાર શોધી કાઢી હું તેને કહેતો :

'કુસુમ! સવાર થયું. જાગવું નથી?'

તેના રેશમી વાળને, કુસુમિત લલાટને નહિ જેવો સ્પર્શ કરતો, જગાડતાં બીતો અને છતાં એ જાગી જાય એમ ઇચ્છતો હું જ્યારે તેની હીરા સરખી આંખ ખૂલતી ત્યારે મારો રિદ્ધિસિદ્ધિનો ભંડાર ખૂલી ગયો હોય એમ રાજી થતો! એની આંખ ખૂલતી, મારું મુખ સ્મિત કરતું અને કુસુમ પણ હસીને બોલતી :

'કોઈક દિવસ તો જંપીને સૂવા દે!'

'તો પછી હું ચા ક્યારે પીઉં?'

'પી લેવી હતી.'

'તને મૂકીને? એ કેમ બને?'

કોઈ વાર પ્રભાતની ઠંડીમાં હું પણ સૂર્યોદયને ન ગણકારતાં સૂઈ રહેતો. કુસુમ વહેલી ઊઠતી ત્યારે એ પણ મને આમ જ જાગૃત કરતી. એનો સ્પર્શ તો કુમળો હોય જ. કુમળાશમાં વિદ્યુત હોય એ હું કુસુમના કુમળા સ્પર્શથી જ સમજી શક્યો હતો. એ પણ મને જગાડતાં કહેતી :

'અરુણ! સવાર થયું. જાગવું નથી?'

હું તેની સાથે જરા ય દલીલ કર્યા વગર જાગી જતો.

એક પ્રભાતે કુસુમ જાગી નહિ, અને હું તેને જગાડવા માટે ગયો. ખંડમાં હું પગ મૂકું છું અને વગરબોલ્યે મારા જ સરખો ઉદ્‌ગાર થતો મેં સાંભળ્યો :

'કુસુમ! કુસુમ!'

મેં ચમકીને જોયું તો પીંજરામાં રહ્યો રહ્યો પોપટ મારા ઉચ્ચારણના ચાળા પાડી રહ્યો હતો :

'કુસુમ! કુસુમ! સવાર થયું...'

હું પોપટની સામે જોઈ રહ્યો. મને આ બુદ્ધિહીન પક્ષીની અનુકરણશક્તિ માટે માન ઉત્પન્ન થયું. આવાં પક્ષીઓ પાસે પ્રેમની વાત કરવામાં જોખમ રહેલું મને દેખાયું; એની હાજરીમાં પ્રેમબોલ બોલવા એ આપણી મશ્કરી નોતરવા સરખું લાગ્યું.

'કુસુમ ! સવાર થયું, જાગવું નથી ?' પોપટ બોલ્યો.

'હું કેમ જાગું ? તું મને અડકીને તો જગાડતો નથી...' કુસુમે મીંચેલી આંખ અર્ધ ખુલ્લી કરી કહ્યું.

'પણ હું તને જગાડતો જ નથી. તારો પોપટ ક્યારનો તને જગાડી રહ્યો છે.' મેં સહજ હસતાં કહ્યું.

હસતાં હસતાં કુસુમ પણ બેઠી થઈ, અને તેણે કહ્યું :

'જો, આ મારો શિષ્ય કેટલું બધું ભણ્યો ?...તને ખબર નથી. પણ કેટલા યે દિવસથી એ તારું નામ ઉચ્ચારે છે...બોલો શુકદેવ ! ...અરુણ ? સવાર થયું. જાગવું નથી ?'

'અરુણ ! અરુણ !...સવાર થયું. જાગવું નથી ?' પોપટ બોલી ઊઠ્યો અને મને ખૂબ હસવું આવ્યું.

૩

કેટલાંક વર્ષો વીત્યાં. દુઃખનું મને જરા ય ભાન થતું નહિ. દુઃખ માનવીને જ હોય એમ તો બને નહિ; પરંતુ જે નાનાંમોટાં દુઃખ આર્થિક—અનાર્થિક માથે પડ્યાં એ સઘળાં કુસુમના મુખ સામે નિહાળતાં અલોપ થઈ જતાં અને હું સુખી જીવન અનુભવી રહ્યો. મને જીવવું બહુ ગમતું. આ રીતે જીવન વહ્યું જતું હોય તો જીવનને દુઃખમય ગણતી—ગણાવતી ફિલસૂફી અધૂરી જ ગણાય.

પરંતુ અધૂરા માનવીનું જીવન, એની ફિલસૂફી અને એનું સુખ અધૂરાં જ છે એમાં સંશય પણ ન ઊપજે એવું વજ્રપાત સરખું દુઃખ મારે માથે આવી પડ્યું. વિધાતા કોઈ પણ માનવીના લલાટે પૂર્ણ સુખ ક્યારે લખે છે ? માનવદુઃખમાં આનંદતા અગસ્ત્યે કુસુમને

મારી પાસેથી છીનવી લીધી અને તે સાથે મારું સુખ સમેટાઈ ગયું. કુસુમનો કદી સ્વર્ગવાસ થાય એવી કલ્પના પણ મેં કરેલી નહિ; પરંતુ મને એકલો છોડી એ સ્વર્ગે ગઈ—સ્વર્ગ કરતાં પણ વધારે મીઠા, વધારે કુમળા વધારે સૌંદર્યભર્યા જગતમાં એ જવી જોઈએ! જ્યાં ગઈ હોય ત્યાં, મારી પાસેથી તો એ ગઈ જ! મેં માથું ફૂટયું કે હૈયું ફૂટયું એની વિગતમાં હું આજ નહિ ઊતરું. એ પાછી આ જગતમાં આવે તો સામે પલ્લે હું મારો પ્રાણ પણ મૂકવા તત્પર હતો; પરંતુ આત્મઘાત કરવાથી કુસુમ પાછી મળે એવો સંભવ હતો નહિ એમ મારું ગણતરીબાજ હૃદય કહી રહ્યું અને કુસુમને જતી કરી હું જીવતો રહ્યો. ધીમે ધીમે મારાં આંસુ અને રુદન પણ ઘટી ગયાં. દિવસો વીતે છે તેમ દુઃખના ઘાવ પણ જડ અને સહ્ય બનતા જાય છે. નહિ તો કુસુમ વગર હું જીવતો પણ કેમ રહું?

મિત્રો, સગાંસંબંધીઓ, શુભેચ્છકો સહુએ મારું દુઃખ હળવું કરવા બનતા પ્રયાસો કર્યા અને એક મિત્રે તો ઉષા નામની એક સૌંદર્યભરી યુવતી સાથે મારો પરિચય પણ કરાવ્યો. એ પરિચય વધારવાના પ્રસંગો પણ ઊભા કર્યા. ઉષા મને ગમે એવી યુવતી હતી. પરંતુ એના પરિચયમાં મિત્રો એને કુસુમને સ્થાને લાવવા પ્રયત્ન કરતા હશે એવી કલ્પના પણ મને આવી ન હતી. કુસુમ હતી ત્યારે પણ સુંદર સ્ત્રીઓ મને ગમતી; એ ન હતી ત્યારે પણ સુંદર સ્ત્રીઓ પ્રત્યે મને અણગમો લાવવાનું કારણ ન હતું.

એક દિવસ પ્રભાતમાં હું ઊઠ્યો. કુસુમ વગરનું જીવન ખાલી તો હતું જ; પરંતુ કુસુમના સ્વર્ગવાસ પછી કુસુમના જ શબ્દોમાં રોજ મને જાગૃત કરતો પોપટ પણ આજ બોલતો સંભળાયો નહિ. પોપટ રોજ સવારમાં બોલતો:

'કુસુમ...કુસુમ...બોલો શુકદેવ!...અરુણ!...સવાર થયું. જાગવું નથી?' કુસુમનું નામ સાંભળી અને એના જ સંબોધન ઉદ્ગાર

સાંભળી હું નિત્ય જાગતો. આખી દુનિયા હવે પ્રયત્ન કરી રહી હતી કે હું કુસુમને – કુસુમના નામને વીસરી જાઉં. કુસુમની વાત પણ હવે કોઈ ભાગ્યે જ કરતું. એમાં મારું દુઃખ હળવું કરવાની સહુની પરોપકારી ભાવના હું ન સમજું એમ તો કેમ કહેવાય ? પરંતુ કુસુમને ભૂલવી એ મારાથી કેમ બને ? જેના સહવાસમાં મેં પૂર્ણ સુખનો અનુભવ લીધો એની ગેરહાજરીમાં એને મારે યાદ પણ ન કરવી એ કેટલી ક્રૂરતા કહેવાય ? અને પોપટ તો રોજ મને કુસુમની યાદ પ્રભાતમાં જ આપ્યે જતો હતો. એની યાદમાં જાગૃત થવું એ પણ મને હવે ગમતું. મને એ સાંભળી ઊઠવાની ટેવ જ પડી ગઈ.

પરંતુ એ પ્રભાતે પોપટે મને ઉઠાડ્યો નહિ અને હું એમ ને એમ જાગી ગયો. બિચારો પોપટ માંદો તો નહિ પડ્યો હોય ? મેં ઊઠી પાંજરા તરફ નજર કરી. પાંજરાનું બારણું ઊઘડી ગયું હતું અને પાંજરામાં પોપટ પણ હતો નહિ.

મેં આખા ઘરમાં તપાસ કરી; માણસોને ધમકાવ્યા; પણ કોઈએ કહ્યું નહિ કે પાંજરાનું બારણું ઊઘડી કેમ ગયું, અને પોપટ ઊડી શી રીતે ગયો. પાસેના ઘરમાં ઊડીને એ ભરાઈ ગયો હોય કે કોઈ ઝાડની ડાળ ઉપર તે હજી બેઠો હોય તો તેને પાછો બોલાવવાનો પ્રયત્ન કરવા હું ઘરની અગાશીએ ચડ્યો. અગાશીમાં પોપટનાં બેત્રણ પીછાં પડેલાં મેં જોયાં અને મારા હૃદયે ધબકારા સાથે મને કહ્યું કે જે બિલાડીથી કુસુમે તેને બચાવ્યો હતો તે જ બિલાડી કુસુમ જતાં પોપટને ઉપાડી ગઈ ! કુસુમ સાથે મને જોડી રાખતો એ તાર હવે તૂટી ગયો. મારા કરતાં એ પોપટ કુસુમને વધારે ચાહતો હશે ! મારા કરતાં કુસુમ પાસે એ વધારે વહેલો પહોંચી ગયો ! માનવીની માફક પશુપક્ષીના પણ આત્મા હોય તો...આ અમારો શુકદેવ કુસુમના આત્માને આજ નીરખી રહ્યો હોય ! અને હું તો હવે માત્ર કુસુમની છબી જોતો બની ગયો...અને છબી ન જોતો હોઉં ત્યારે કુસુમની યાદ કુસુમને ઝાંખી અને ઝાંખી બનાવતી ચાલી.

માનવહૃદય સરખું ક્રૂર યંત્ર બીજું એકે નથી; માનવદેહ સરખો કૃતઘ્ની બીજો દેહ નથી. હું નિત્ય વ્યવહારમાં પડતો, મારું કામકાજ કરતો, વર્તમાનપત્રો અને પુસ્તકો વાંચતો, મિત્રોને મળતો, હસતો, આનંદ કરતો અને ઉષાનો પરિચય મેળવતો પણ ખરો. હું કુસુમને ભૂલી ગયો હતો એમ તો હું ન જ કહું. એ મને યાદ આવ્યા જ કરતી હતી. પરંતુ એ યાદ કેમ ઝાંખી અને ઝાંખી બનતી જતી હતી? અને ઉષાને મળવામાં મારો ઉત્સાહ કેમ વધારે અને વધારે તેજ બન્યે જતો હતો? ઘણી વાર તો કુસુમ યાદ આવતી ત્યારે હું ઉષાને ખોળી મારા મનના જખમને મલમ ચોપડતો હોઉં એમ મને લગતું. સ્મશાન સરખું ખાવા ધાતું મારું ઘર મને એકલાંને કોઈ અગમ્ય ભારથી કચરી નાખવા મથતું હોય એમ મને લાગતું. હું મિત્રોને બોલાવતો ત્યારે ઘરનો ભાર ઓછો થઈ જતો; તેમાં પણ જ્યારે ઉષા આવતી ત્યારે ઘર ફૂલ સરખું હળવું. અને મઘમઘતું બની જતું. હું બહુ કંટાળતો ત્યારે સિનેમાચિત્રો જોવા જતો અને બને ત્યાં સુધી ચિત્રો જોવા ઉષાને હું ખેંચી જતો.

કદી કદી ઉષા એકલી આવીને મારા ખબર પૂછી જતી. મારા ઘરની અવ્યવસ્થા નિહાળી તે કદી હસતી, કદી નિઃશ્વાસ નાખતી અને અવ્યવસ્થાને પલટી નાખી પ્રમાણભરી સુંદર રચના કરતી. કુસુમની છબી ઘણુંખરું મારી સામે જ પડી હોય; પરંતુ ઉષા મારા હૃદયનું દુઃખ વિચારી કુસુમની આછી સરખી પણ વાત ઉચ્ચારતી નહિ. ઉષામાં ડહાપણ હતું, વિવેક હતો, સહાનુભૂતિ હતી અને મને સુખી કરવાની તમન્ના પણ હતી. એનામાં ભણતર હતું, ચબરાકી હતી, સ્ફૂર્તિ હતી અને......અને...રૂપ પણ હતું એની મને ક્યાંથી સમજણ પડી? કુસુમ જેવું રૂપ તેનું નહિ હોય...પણ બધાં રૂપ કાંઈ એકસરખાં બીબાં તો ન જ હોય ને ઉષાના વાળ તો કુસુમ સરખા જ વાંકડિયા હતા, અને કદી કદી એના કંઠમાં કુસુમનો કંઠ જીવતો જાણે ન થતો હોય એમ મને ભણકાર વાગતો.

મહિને એક વાર ઉષાને મળી શરૂઆતમાં હું મારું મન હળવું કરતો. એમાંથી અમારાં મિલન પખવાડિક, અઠવાડિક અને અંતે રોજિંદાં બની ગયાં. પછી તો કદી કદી એ મારી છબી પાડતી, હું ઉષાની છબી પાડતો, અને એકબે વાર તો અમે હસતાં, શરમાતાં સાથે સાથે જ નકામી છબી પડાવી! કુસુમ યાદ આવ્યા કરતી હતી; પરંતુ ઉષામાં એ જ કુસુમ આવીને ઊપડતી ન હોય એમ વારંવાર મને ભાસ થતો. ઘણી વાર ઉષાનું સંબોધન જાણે કુસુમના સંબોધનનો પડઘો જ બની જતું, અને મારા મને તો માનવા જ માંડયું કે કુસુમ ઉષાનું અંગ ધારણ કરી સ્વર્ગમાંથી મારું દુઃખ હળવું કરવા ફરી પૃથ્વી ઉપર આવી હતી! સૃષ્ટિની આખી રચના જ મન ઉપર થાય છે ને? મન કહેતું હોય કે ઉષા એ કુસુમનું જ સ્વરૂપ છે તો પછી એમાં વાંધો ક્યાં આવે?

ઉષાના પરિચયમાં મને મૂકનાર મારા મિત્રે એક દિવસ મને કહ્યું :

'હવે ક્યાં સુધી આ વેષ ભજવવો છે! સીધેસીધો પરણી જા ને!'

'મને કહે છે તું? હું પરણી જાઉં? કોની સાથે?' મેં જરા ચમકવાનો દેખાવ કરી સામો પ્રશ્ન કર્યો.

'રહેવા દે તારી કાલાશ! લોકોએ માની જ લીધું છે કે તમે બંને પરણી ચૂક્યાં છો. હવે જાહેર કરવામાં અડચણ શી છે?'

'પણ તું કોની વાત કરે છે? મારે કોની સાથે પરણવું? શા માટે?' મેં જરા ઉગ્રતાથી કહ્યું. ફરી પરણનાર પરણવાની નિર્બળતાથી પર રહેવાનો સ્વાંગ લાંબા સમય સુધી ભજવે છે, અને પોતાને પુનર્લગ્નમાં બીજાઓના આગ્રહ અને અન્ય ઉપરના પરોપકારની ભાવનાને જ જવાબદાર ગણાવવામાં મથે છે.

'હું તારી વાત કરું છું. તારે ઉષા સાથે પરણવું...અને કુદરતે દુઃખ તારા ઉપર નાખ્યું એ હું સમજી શકું છું. પરંતુ એ દુઃખને

પંપાળવાને બદલે હળવું બનાવી શકાતું હોય તો પરણવામાં હરકત શી છે? તારી તે ઉંમર કેટલી?'

લગ્ન માટે કોઈ પણ વય મોટું ગણાવું ન જોઈએ – ખાસ કરીને પુરુષનું વય! ઉષાનું મને આકર્ષણ હતું એ હું કબૂલ કરું છું; પરંતુ આમ લગ્નનો મને કદી સ્પષ્ટ વિચાર આવેલો નહિ. પરોપકારી મિત્રો અને શુભેચ્છક સ્વજનો વગર અસ્પષ્ટ રહેતાં માનસસંચલનોને બીજું કોણ વધારે સ્પષ્ટ કરી આપે?

'તું મારો અને કુસુમનો પ્રેમ...' હું મારા પ્રામાણિક પ્રેમની છાપ મિત્રના હૃદય ઉપર પાડવા ગયો પરંતુ એણે તો મને વચમાંથી જ અટકાવીને કહ્યું :

'તારો અને કુસુમનો પરસ્પર પ્રેમ હું નહિ સમજી શકું તો બીજું કોણ સમજી શકશે? પણ યાદ રાખ, કુસુમ પોતે જ આ સંજોગોમાં અકસ્માત હાજર થાય તો તને ઉષા સાથે પરણાવ્યા વગર ન જ રહે.'

મને શું એની વાત ગમતી હતી માટે હું એ લંબાવતો હતો? અંતે મેં કહ્યું :

'હું વિચાર કરી જોઈશ.'

લગ્ન માટે હું હજી નિર્લેપ છું એમ ઠસાવવા હું મથતો હતો. મારા કરતાં મારો મિત્ર વધારે મજબૂત મનનો લાગ્યો. એણે તો કહ્યું જ :

'હવે વિચાર કરવા રહીશ નહિ. કાલે જ ઉષાને લઈ ફરવા જા...અને ચોખ્ખી વાત કરી લે. ઉષા તારી સાથે લગ્ન કરવાની કદી ના ન પાડે એની હું ખાતરી આપું છું.'

'એ જ રાત્રે મને આહ્લાદક સ્વપ્ન આવ્યું; આમ તો કુસુમ વારંવાર મારા સ્વપ્નમાં આવ્યા કરતી હતી...જોકે હમણાં હમણાં એણે મારી સ્વપ્નસૃષ્ટિમાં આવવું ઓછું કરી નાખ્યું હતું. પરંતુ આજની રાત્રે તો મેં સ્પષ્ટ રીતે એ જ કુસુમને મારી પાસે

બેઠેલી નિહાળી. મેં સ્વપ્નમાં તેને પૂછ્યું :

‘આજ બહુ દિવસે તું મારી પાસે આવી.

‘જાણી જોઈને હું નહોતી આવતી. પરંતુ તારા જેવી પ્રેમહઠ બીજા કોની હોય? તારા જેવો પ્રેમી ભાગ્યે જ બીજો હશે.’ કુસુમે કહ્યું. મને સાચા પ્રેમી તરીકેનું આવું ભારે પ્રમાણપત્ર મળવાથી હું બહુ રાજી થયો.

‘તો બોલ! હવે તું રોજ રાત્રે મારા સ્વપ્નમાં આવીશ ને?’ મેં પૂછ્યું.

‘ના, સ્વપ્નમાં નહિ. જાગૃતમાં હું સતત તારી પાસે રહીશ...’

‘એમ? તું ફરી સ્વદેહે...’

‘સ્વદેહે નહિ, ઉષાદેહે! કેવો મૂર્ખ છે તું? હજી એવો ને એવો જ...બાળક જેવો જ રહ્યો! જોતો નથી હું ક્યારની ઉષાના દેહમાં તને મળ્યા કરું છું તે? સમજતો કેમ નથી?’ કુસુમે મને ધમકાવીને કહ્યું,

‘ત્યારે...મારી ધારણા ખરી પડી, એમ? તું જ મને ઉષામાં દેખાયા કરે છે એ સાચું, નહિ?’ મેં આનંદપૂર્વક પ્રશ્ન કર્યો.

‘એ જ સાચું. પકડી લે ઉષાનો હાથ...રખે વાર કરતો...’ કહી કુસુમ ઊડી ગઈ અને મારું સ્વપ્ન પણ ઊડી ગયું. હું જાગી ઊઠ્યો. કુસુમને નિહાળવા મેં મારી આંખને ખેંચી; પણ એ સ્વપ્ન-સુંદરી જાગ્રતમાં ક્યાંથી આવે?

એ શું કહી ગઈ મને? સ્વપ્નમાં ઘણાં સત્યો પ્રગટ થાય છે! સ્વપ્ન એ સાચા જીવનનો પડછાયો અને પડઘો બની રહે છે! મૃત આત્માઓ ઘણી વાર સ્વપ્નમાં જ સાચા સંદેશ આપી જાય છે! આત્મા હશે ખરો? ન હોય તો સ્વપ્નમાં પણ મૃતદેહ જીવંત સરખો કેમ દેખાય? કુસુમ સરખી પરમ પ્રેમાળ પત્નીનું કથન સ્વીકારવામાં આનાકાની કરનાર હું કોણ?

એકાએક પલંગ ઉપરથી ઊઠી મેં ફોન હાથમાં લીધો અને

એક ગમતા અંક સાથે જોડયો. થોડી વાર ઘંટડી વાગ્યા કરી. અંતે સામેથી અણદીઠ છેડેથી ટહુકો આવ્યો :

'હલો!'

'હલો! હલો! ઉષા છે ને? એ તો હું અરુણ!' મેં કહ્યું.

'અરુણ? અત્યારે? આ પાછલી રાતે ફોન શો? તબિયત તો સારી છે ને?'

'હા, ઉષા! મારાથી રહેવાયું નહિ; કાંઈક કહેવું છે.'

'કાલે ન કહેવાત?'

'કહીશ તો કાલે જ; પણ જો...સવારમાં મારી સાથે ચા લેજે, પછી આપણે બન્ને બગીચામાં જઈશું...'

'જ્યાં તું મને તારે કહેવાનું જે છે તે કાંઈ કહીશ! ખરું?'

'હા.'

'બગીચા વગર કહેવાય એમ નથી?' ઉષા બોલી.

'ના. બગીચો પણ જોઈએ...અને બગીચામાં એકાંત પણ જોઈએ.'

'સમજી ગઈ તારે શું કહેવાનું છે તે! હવે શાંતિથી જરા સૂઈ જા.' કહી સહજ છણકાતું હસી ઉષાએ ફોન બંધ કર્યો. મારે વધારે લાંબી વાત કરવી હતી, પરંતુ તે મેં મુલતવી રાખી.

સવારમાં વખતસર ઉષા આવી પહોંચી. એના અને મારા બન્નેનાં હૃદયમાં ત્યારે ઉત્સાહ ભર્યો હતો એમ અમને પરસ્પર લાગ્યું પણ ખરું. ચા પીતાં પીતાં અમે ખૂબ વાતો કરી. બાગમાં જતી વખતે ચૂપકીથી એક સુંદર વીંટી મેં મારા ખિસ્સામાં નાખી લીધી. બાગમાં પહોંચી અમે એક શીતળ, શાંત, એકાંત સ્થળ શોધી કાઢયું, અને અમે બન્ને બહુ જ પાસે...લગભગ એકબીજાને અડીને બેઠાં. થોડી વાર સુધી અમારામાંથી કોઈ કાંઈ બોલ્યું નહિ. કેટલીક ક્ષણો એવી હોય છે જે વાણીથી કલુષિત ન કરવી જોઈએ.

'હવે કેમ બોલતો નથી, અરુણ? મને રાત્રે ભરઊંઘમાંથી

જગાડવા જેવું શું તારે મને કહેવાનું છે?' કેટલાક વારે ઉષાએ બોલવાની પહેલ કરી.

મારું હૃદય પણ ગંભીર બની ગયું હતું. ભારે નિશ્ચયો સુખદ હોય તો ય તે માનવીને ગંભીર બનાવી દે છે.

'તું વગરબોલ્યે ઘણું ઘણું સમજી શકે એમ છે...' મેં કહ્યું.

'હું તો ઘણું યે સમજું છું પણ તને ક્યાં સમજાવતાં આવડે છે! આવડતું હોત તો આજ સુધી આમ...' વાક્ય અધૂરું રાખી જરા શરમાઈ ઉષાએ ઉઘડી ગયેલા મસ્તક ઉપર સાડીનો છેડો ઢાંક્યો.

'વગરબોલ્યે સમજી જવાય એવી વાતને બોલવામાં સમજાવવી પડશે ?' મેં વાતાવરણને પ્રિય બનાવતા શબ્દો ઉચ્ચાર્યા.

'બોલ્યા વગર સમજાવવાની ઘણી યે તક હતી...ફોન ઉપર ...રૂબરૂ નહિ તો...' ઉષા બોલી.

ફોન ઉપર ચુંબન થઈ શકે એ હું જાણતો હતો. છતાં મેં એ તક જતી કરી હતી એ વાત પણ સાચી. મેં કહ્યું :

'બોલ્યા વગર સમજાવવાની એક સર્જનજૂની રીત છે, ઉષા !'

—કહી મેં વીંટી કાઢવા ખિસ્સામાં મારો હાથ નાખ્યો અને મારો હાથ, મારો દેહ અને મારું હૃદય એકાએક જડ–જુઠ્ઠાં પડી ગયાં ! જાણે પક્ષઘાતનો વજ્રપાત મારા દેહને ચીરી રહ્યો ન હોય ! મારા મુખ ઉપર તેમ જ મારી આંખમાં પણ કશી ઓળખાઈ આવે એવી જડતા ઉષાને દેખાઈ હશે એટલે એણે જરા મારી સામે જોઈ મને ખભેથી સહજ હલાવી પૂછ્યું :

'અરુણ ! શું થયું તને એકાએક ? કેમ આમ શૂન્ય સરખો બની રહ્યો છે ?'

'બોલ્યા વગર મારું હૃદય તને સમજાવવા મથું છું...'

'મથીશ નહિ. સમજી ગઈ.' કહી તેણે મારે ખભે હાથ મૂક્યો.

'ઉષા ! તું નથી સમજી હજી...તું જે કાંઈ સમજે છે એના

કરતાં મારે તને જુદું જ સમજાવવાનું છે.'

'તો સમજાવ; વાર કેમ કરે છે?'

'મારું હૃદય ચાલતું ન હતું. મારી વાણી બંધ થઈ જતી હતી. મારું જીવન સુખી કરવા તું મથી રહી છે છતાં હું સુખી થવા સર્જાયલો પુરુષ નથી.'

'એટલે?'

'હું અને તું પરણી નહિ શકીએ.'

'કારણ! એટલે પહોંચ્યા પછી?'

'કારણ એટલું જ કે...કુસુમનો આત્મા હજી મારી આસપાસ ...નહિ, મારા હૃદયમાં જીવંત રહ્યો છે...હું તને જીવંત સપત્નીની સ્થિતિએ ન જ મૂકું.'

'કુસુમ પ્રત્યેનો તારો ભાવ શું હું પરખી શકી નહિ હોઉં?'

'ના. મારે મન હજી કુસુમ જીવંત છે.'

'શા ઉપરથી એમ લાગે છે?'

'જો સાંભળ. તને તો એ પરિચય ન હોય...છતાં ધ્યાન દે ...આપણને છાયો આપતા વૃક્ષ ઉપર એક પક્ષી શું બોલી રહ્યું છે?' મેં ઉષાને કહ્યું. ઉષાને માટે હું વીંટી કાઢવા જતો હતો તે જ ક્ષણે મેં મારા ઊડી ગયેલા પોપટના શબ્દો સાંભળ્યા :

'કુસુમ!...કુસુમ...બોલો શુકદેવ!...અરુણ! જાગવું નથી? ...સવાર થયું...' એ શબ્દોએ જ મને ચમકાવ્યો હતો અને જડ બનાવ્યો હતો.

ફરી એના એ જ શબ્દો મેં સાંભળ્યા...અને વધારામાં હવે ઉષાએ પણ એ શબ્દો સાંભળ્યા...અને એ શબ્દો સમજી પણ ખરી! જરા ક્રુદ્ધ થઈ તેણે મને કહ્યું :

'કુસુમના ભૂતને હજી વળગવું હોય તો ભલે! તારી મરજી! તું જાણે!'

'પણ એ કુસુમનું ભૂત કદાચ તને જ વળગે તો?...જૂના

યુગમાં ઘણી દ્વિતીય પત્નીઓને પ્રથમ પત્નીનાં ભૂત વળગતાં હતાં ...તને આવા જોખમમાં ન ઉતારાય!' મેં કહ્યું અને વૃક્ષ ઉપરથી એ પક્ષી ઊડી અદૃશ્ય થઈ ગયું.

ઉષા ક્યારની મારી પાસેથી ખસી ગઈ હતી. એ સમજાણી યુવતી મારાથી છૂટી પડી અને પછી તો બહુ સારા યુવકની સાથે પરણી પણ ગઈ. કદી કદી એકલી મળે છે ત્યારે પોપટના શબ્દો યાદ કરી એ હસે છે.

'પછી એ પોપટ ફરી કાંઈ બોલ્યો કે નહિ?'

'ના. તે દિવસે બાગમાં સાંભળ્યા પછી એ દેખાયો જ નથી!' હું કહેતો.

'નાહક જીવનને ખંડેર બનાવી દીધું!' જરા દયા ખાઈને ઉષા બોલતી.

જીવન હજી ખંડેર જ રહ્યું છે. એ ખંડેરમાં કુસુમનો દેહ અને કુસુમનો કંઠ કદી કદી ફરકી જાય છે.

હું ફરી પરણ્યો નહિ...પછી મને ફરી પરણવાનો કોઈએ આગ્રહ પણ કર્યો નહિ...અને હવે કોઈનો કે મારો આગ્રહ હોય તો ય ફરી પરણવા જેવી મારી ઉંમર રહી નથી...એમ યુવતીઓને તો લાગે જ ને?

• •